ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-135
# સમાવેશક શાળા
# Inclusive School

વિભાગ

# 1

## સમાવેશક શાળા અને અક્ષમતાના પ્રકાર (Inclusive School and Types of Disability)

એકમ-1 સમાવેશક શિક્ષણ અને શાળા-પરિચય (Inclusive Education and School - An Introduction)

એકમ-2 સમાવેશક, સંકલિત અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચે તુલના (Comparison between Inclusive, Integrated and Special Education)

એકમ-3 અક્ષમતા (Disability)

એકમ-4 માનસિક અક્ષમતા (Mental Disability)

**ES-135, સમાવેશક શાળા (વિભાગ-1)**


**લેખક**

**ડૉ. સતીશપ્રકાશ એસ. શુક્લ** — ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**પરામર્શક (વિષય)**

**ડૉ. મૌનસ જી. ઠાકર** — ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ.

**પરામર્શક (ભાષા)**

**ડૉ. અમૃતભાઈ જે. ભરવાડ** — ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**સંપાદન અને સંયોજન**

**પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** — નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ.

**સંયોજન સહાય**

**ડૉ. મીના આઈ. રાજપૂત** — ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ.



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-198-1**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

**વિભાગ-1 સમાવેશક શાળા અને અક્ષમતાના પ્રકાર**

એકમ-1 સમાવેશક શિક્ષણ અને શાળા-પરિચય

એકમ-2 સમાવેશક, સંકલિત અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચે તુલના

એકમ-3 અક્ષમતા

એકમ-4 માનસિક અક્ષમતા

**વિભાગ-2 વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં અન્ય બાળકો**

એકમ-1 શ્રવણ, વાણી અને ભાષાની અક્ષમતા

એકમ-2 દૃષ્ટિની અક્ષમતા

એકમ-3 અધ્યયનની અક્ષમતા

એકમ-4 પ્રતિભાશાળી બાળકો

**વિભાગ-3 અક્ષમ બાળકોનું મૂલ્યાંકન અને સહાય**

એકમ-1 અક્ષમ બાળકોનું મૂલ્યાંકન

એકમ-2 અક્ષમ બાળકોનું પરામર્શન

એકમ-3 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં સહયોગ

એકમ-4 સમાવેશક શિક્ષણમાં બિન સરકારી સંગઠનો

**વિભાગ-4 અક્ષમ બાળકોનાં સંદર્ભમાં કેટલીક નીતિઓ**

એકમ-1 સમાવેશક શિક્ષણ માટેની કેટલીક નીતિઓ

એકમ-2 સમાવેશક સૂચિ

એકમ-3 શિક્ષણમાં સમાવેશન માટેની નીતિ વિષયક માર્ગદર્શિકા

એકમ-4 વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

## સમાવેશક શાળા અને અક્ષમતાના પ્રકાર (Inclusive School and Types of Disability)

**વિભાગીય પ્રસ્તાવના :**

ભારતમાં પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવા માટે બંધારણમાં જોગવાઇ કરવામાં આવી છે. તે માટે સરકાર પ્રયત્નો પણ કરે છે. આજ સુધી શિક્ષણનું સાર્વત્રિકરણ કરવાનું લક્ષ સંપૂર્ણ રીતે પૂરું નહીં થઇ શકવાનાં અનેક કારણો છે. મા-બાપની નિરક્ષરતા, ગરીબાઇ, ભટકતું જીવન વગેરે જેવાં કારણો સહિત અંધશ્રદ્ધા, રૂઢિચુસ્તતા જેવાં અનેક કારણો આજેપણ અનેક બાળકો કુટુંબનાં બાળકો પ્રાથમિક શિક્ષણથી વંચિત રહી જાય છે. ઉપરાંત શારીરિક કે માનસિક અક્ષમતાને કારણે પણ કેટલાંક બાળકો મુખ્ય પ્રવાહની શાળાઓમાં શિક્ષણ મેળવવાથી વંચિત રહી જાય છે. આવાં બાળકોને અન્ય બાળકોની સાથે જ સમાન વાતાવરણમાં સરખું શિક્ષણ પૂરું પાડવાના પ્રયત્ન રૂપે સમાવેશક શિક્ષણ વ્યવસ્થાનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો. આજે આખા વિશ્વમાં સમાવેશક અને સંકલિત શિક્ષણ વ્યવસ્થાને સફળ બનાવવા માટેના પ્રયત્નો થઇ રહ્યા છે. જેથી કોઇ પણ કારણે શિક્ષણથી વંચિત રહી ગયેલાં બાળકોને દરેક કક્ષાનું શિક્ષણ પૂરું પાડી શકાય. સમાવેશક શાળાના આ પુસ્તકના પ્રથમ વિભાગમાં આપણે તેના વિશે ચર્ચા કરીશું.

આ વિભાગમાં કુલ ચાર એકમો છે.

એકમ-1માં સમાવેશક શિક્ષણ અને શાળાનો અર્થ અને તેની જરૂરિયાત વિશે ચર્ચા કરવામાં આવી છે. ઉપરાંત તેનાં લક્ષણો, ફાયદા, મર્યાદાઓ અને તેની આવશ્યકતાઓ વિશે પણ ચર્ચા કરવામાં આવી છે. સમાવેશક શાળાને સફળ બનાવવામાં શિક્ષકની શી ભૂમિકા હોઇ શકે છે તેની સ્પષ્ટતા પણ આ એકમમાં કરવામાં આવી છે.

એકમ-2માં સંકલિત અને વિશિષ્ટ શિક્ષણનો અર્થ સ્પષ્ટ કરીને બન્ને પ્રકારનાં શિક્ષણની સમાવેશક શિક્ષણ સાથે તુલના કરવામાં આવી છે. જેથી તાલીમાર્થીઓ ત્રણેય પ્રકારનાં શિક્ષણ અંગે વિશ્લેષણાત્મક રીતે વિચાર કરી શકે અને સમાવેશક શિક્ષણને સફળ બનાવવામાં પોતાનો ફાળો આપી શકે.

એકમ-3માં અક્ષમતાના મુખ્ય પ્રકાર જણાવવામાં આવ્યા છે અને શારીરિક અક્ષમતા વિશે પ્રાથમિક ચર્ચા કરવામાં આવી છે. શારીરિક અક્ષમતા ધરાવતાં બાળકોનાં શિક્ષણમાં સમાવેશક શિક્ષણ વ્યવસ્થા, શાળા, વાલીઓ, શિક્ષકો અને સહઅધ્યાયીઓ કઇ રીતે મદદરૂપ થઇ શકે છે તેના વિશેની સામાન્ય ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે.

એકમ-4માં માનસિક અક્ષમતાનો અર્થ સ્પષ્ટ કરીને માનસિક અક્ષમતા ધરાવતાં બાળકોનાં શિક્ષણમાં સમાવેશક શિક્ષણ વ્યવસ્થાની ઉપયોગિતા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

આ વિભાગનાં અભ્યાસને અંતે તમે ....

- સમાવેશક શિક્ષણ અને શાળાની સંકલ્પના સ્પષ્ટ કરી શકશો અને તેની ઉપયોગિતા, મર્યાદાઓ અને આવશ્યકતાઓ જણાવી શકશો.
- સમાવેશક, સંકલિત અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચે તુલના કરી શકશો.
- અક્ષમતાના અર્થ અને તેના પ્રકાર વિશે સ્પષ્ટતા કરી શકશો.
- માનસિક અક્ષમતા ધરાવતાં બાળકોની જરૂરિયાતો જણાવી શકશો.

# એકમ 1 સમાવેશક શિક્ષણ અને શાળા - પરિચય

## : રૂપરેખા :


1.0 પ્રસ્તાવના

1.1 ઉદ્દેશો

1.2 સમાવેશક શિક્ષણનો અર્થ

1.3 સમાવેશક શાળાનો અર્થ

1.4 સમાવેશક શિક્ષણના લક્ષણો

1.5 સમાવેશક શાળાની જરૂરિયાત

1.5.1 શિક્ષણની સમાન તક

1.5.2 સામાજિક સમાનતાને દઢ કરવી

1.5.3 નાગરિકત્વની તંદુરસ્ત ભાવનાનો વિકાસ કરવો

1.5.4 બંધારણીય જવાબદારી પૂરી કરવી

1.5.5 સ્વમાન જાળવવા

1.5.6 આત્મવિશ્વાસનો વિકાસ કરવો

1.5.7 હકારાત્મક વલણોનો વિકાસ કરવો

1.5.8 જૂથ સંચાલનનો અસરકારક અમલ કરવો

1.5.9 આધુનિક શૈક્ષણિક તકૂનિકીનો વ્યાપક ઉપયોગ કરવા

1.5.10 વૈવિધ્યસભર અધ્યયન અનુભવો પૂરાં પાડવા

1.6 સમાવેશક શાળાના ફાયદા

1.7 સમાવેશક શાળાની આવશ્યકતાઓ

1.8 સમાવેશક શાળાની મર્યાદાઓ

1.9 સમાવેશક શાળામાં શિક્ષકની ભૂમિકા

1.10 સારાંશ

1.11 તમારી પ્રગતિ ચકાસો

1.12 સંદર્ભો


---

### 1.1 પ્રસ્તાવના :

2011માં થયેલી વસ્તી ગણતરીનાં આંકડાઓ જણાવે છે કે તે સમયે ભારતમાં કુલ 2,68,14,994 લોકો કોઈને કોઈ પ્રકારે અક્ષમતા (Disability) ધરાવતાં હતા. જ્યારે તે સમયે શ્રીલંકાની વસ્તી 2,08,69,000 અને નેપાળની કુલ વસ્તી 2,66,20,809 અને હતી. એટલે કે પાડોશી દેશોની કુલ વસ્તી કરતા આપણા દેશમાં અક્ષમતા ધરાવતાં લોકોની સંખ્યા વધારે હતી. કોઈ પણ દેશ માટે, ખાસ કરીને લોકશાહી ધરાવતાં દેશ માટે, આટલી મોટી સંખ્યામાં અક્ષમ લોકોને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવીને તેમનો વિકાસ કરવાનું કામ ખૂબ જ પડકારજનક બની જાય છે. દરેક દેશમાં શારીરિક કે માનસિક અક્ષમતા ધરાવતાં લોકોનું થોડું ઘણું પ્રમાણ તો હોય જ છે. જો કે લોકહિતને વરેલી શાસન પ્રણાલીમાં આવા લોકોની વિશેષ કાળજી લેવામાં આવે છે. તેમના ઉછેર અને શિક્ષણ માટે વિવિધ

દેશોમાં વિશિષ્ટ કાયદાઓ ઘડાતા હોય છે. ભારતમાં પણ અક્ષમ લોકો માટે, ખાસ કરીને અક્ષમ બાળકોનાં શિક્ષણ માટે, વિશિષ્ટ નીતિઓ અને કાયદાઓ ઘડવામાં આવ્યા છે.

સ્વતંત્રતા પછી ભારતમાં લોકો શિક્ષણ પ્રત્યે વધુ જાગૃત બન્યા. બીજી બાજુ સ્વતંત્રતા બાદ ભારતમાં વસ્તી પણ ઝડપથી વધી. પરિણામે શાળા કૉલેજની માંગ વધી. આ સમયગાળા દરમિયાન ભારતમાં આર્થિક વિકાસ પણ થયો. અમુક લોકો આર્થિક રીતે વધુમાં વધુ સક્ષમ થવા લાગ્યા. જેથી સરકારી શાળાઓ કરતા ખાનગી શાળાઓનું પ્રમાણ વધવા લાગ્યું. શહેરીકરણ વધ્યું. પરિણામે શહેરોમાં શાળાઓનું પ્રમાણ વધ્યું. પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં શાળાઓની અછત સર્જાવા લાગી. લોકો ધંધા રોજગાર માટે શહેરો તરફ આવવા લાગ્યા. શહેરોમાં વસ્તીનું ભારણ વધ્યું. તેથી શહેરોમાં સરકારી શાળાઓની ઉણપ વર્તાવા લાગી. જેના કારણે શહેરોમાં ખાનગી શાળાઓનું જોર વધવા લાગ્યું. પરંતુ ખાનગી શાળાઓમાં ફીનું ધોરણ સામાન્ય લોકોને પોષાય તેવું ન રહ્યું. તેમ છતાં ખાનગી શાળાઓમાં શિક્ષણ પ્રત્યે ખાસ કાળજી લેવાય છે તેવી લોકોની માન્યતાને કારણે ખાનગી શાળાઓ તરફ લોકોની દોડ વધી. આવી શાળાઓ ઊંચી ફી વસુલવા લાગી. સરકાર, જરૂરિયાત મુજબ પૂરતાં પ્રમાણમાં શાળાઓ શરૂ કરવામાં અને સરકારી શાળાઓમાં ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ આપવામાં નિષ્ફળ રહી. બીજી બાજુએ શિક્ષણના સંદર્ભમાં ભારતીય સમાજ ચાર વર્ગોમાં વહેંચાઇ ગયો. એક વર્ગે ખૂબ સારી ભૌતિક સુવિધા ધરાવતી એવી શાળાઓ પસંદ કરી કે જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા સીમિત હોય અને દરેક વિદ્યાર્થીનું વ્યક્તિગત ધોરણે ધ્યાન રાખવામાં આવે. આવી શાળાઓ ઉચ્ચ આર્થિક સ્થિતિ ધરાવતાં લોકોને પોષાય તેવી બનીને રહી ગઇ. બીજા વર્ગમાં એવા લોકોનો સમાવેશ થાય છે કે જેઓ ગમે તે ભોગે પોતાના બાળકોને ખાનગી શાળામાં જ અભ્યાસ કરાવવા માંગે છે. જેમાં ઉચ્ચ મધ્યમવર્ગ અને મધ્યમ વર્ગના લોકોનો સમાવેશ થાય છે. ત્રીજા વર્ગમાં એવા લોકો આવે છે કે જેઓ શિક્ષણ પ્રત્યે થોડા ઘણા અથવા ખૂબે જાગૃત છે પરંતુ ખાનગી શાળાઓનો ખર્ચ ઉઠાવી શકતા નથી. તેઓ પોતાના બાળકોને સરકારી શાળાઓમાં ભણાવે છે. છેલ્લા વર્ગમાં એવા લોકોનો સમાવેશ થાય છે કે જેઓ અત્યંત ગરીબ છે, અભણ છે, બાળકોનાં શિક્ષણ પ્રત્યે બેદરકાર છે, વિચરતું જીવન જીવે છે અથવા તેમના રહેણાંક વિસ્તારથી ઘણી દૂરના વિસ્તારમાં સરકારી શાળાઓની સગવડ મળે છે. આવા લોકોના બાળકો કાં તો શાળામાં જતાં જ નથી અથવા તો અધવચ્ચેથી જ અભ્યાસ છોડી દે છે. આવા લોકોનું હજી પણ ખૂબ મોટું પ્રમાણ જોવા મળે છે. અભણ લોકો કોઈપણ દેશ માટે મોટી જવાબદારી બને છે. આવું ભારતમાં ન બને તે માટે ભારતીય બંધારણની કલ 45માં પણ જોગવાઇ કરવામાં આવી છે કે 6 થી 14 વર્ષના બાળકોને મફત, ફરજિયાત અને સાર્વત્રિક ધોરણે શિક્ષણ પૂરું પાડવું. એટલે કે આ વયમર્યાદામાં આવતું એક પણ બાળક અભણ ન રહે. પરંતુ સ્વતંત્રતાના લગભગ સાત દાયકા પછી પણ આ લક્ષ પૂર્ણ થયું નથી.

સરકાર આ પરિસ્થિતિ દૂર કરવા માગે છે. તેથી ભારતની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ બાળકોને શિક્ષિત કરવા માટે સર્વ શિક્ષા અભિયાન, શિક્ષણનો અધિકાર, પ્રવેશોત્સવ, ગુણોત્સવ જેવાં અનેક કાર્યક્રમો જાહેર કર્યા અને તેમનો અમલ કરવાનો પ્રયત્ન કર્યો. આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ સાર્વત્રિક શિક્ષણ માટેના અનેક કાર્યક્રમો જાહેર થયા છે. આવો જ એક કાર્યક્રમ છે - સમાવેશક શિક્ષણ. પ્રસ્તુત પુસ્તકના વિવિધ વિભાગોમાં આપણે તેના વિશે વિસ્તૃત ચર્ચા કરીશું. જેની શરૂઆત આપણે સમાવેશક શિક્ષણના અર્થથી કરીશું.

## 1.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે :-

- સમાવેશક શિક્ષણ અને સમાવેશક શાળાના અર્થ સમાજાવી શકશો.
- સમાવેશક શિક્ષણના લક્ષણો જણાવી શકશો.
- સમાવેશક શાળાની જરૂરિયાત / હેતુઓ દર્શાવી શકશો.
- સમાવેશક શાળાના ફાયદા, આવશ્યકતાઓ અને મર્યાદાઓનું વર્ણન કરી શકશો.

– સમાવેશક શાળામાં શિક્ષકની ભૂમિકા સમજાવી શકશો.

## 1.2 સમાવેશક શિક્ષણનો અર્થ

સમાવેશક શિક્ષણના સર્વગ્રાહી અર્થ અંગે વિદ્વાનો વચ્ચે મતભેદ પ્રવર્તે છે. વિવિધ શિક્ષણશાસ્ત્રીઓ, સંશોધકો અને વિદ્વાનોએ પોતાના અનુભવો, અભ્યાસ અને પ્રત્યક્ષીકરણને આધારે સમાવેશક શિક્ષણ વ્યવસ્થાને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આવા તમામ વિદ્વાનોના મંતવ્યોને આધારે સમાવેશક શિક્ષણનો અર્થ આપવો હોય તો કહી શકાય કે :-

– શારીરિક, માનસિક, વાર્તનિક કે અન્ય કોઇ પણ પ્રકારની ક્ષમતા કે અક્ષમતાને ધ્યાનમાં લીધા સિવાય તમામ પ્રકારનાં બાળકોને નજીકની શાળામાં એક સાથે અને એક છત નીચે તેમની ઉંમર અને જરૂરિયાત મુજબનું શિક્ષણ આપવાની વ્યવસ્થાને સમાવેશક શિક્ષણ કહે છે. જેમાં સમાન શિક્ષણ જરૂરિયાત ધરાવતાં ચોક્કસ વયજૂથનાં બાળકોને, તેમની ક્ષમતા, કે અક્ષમતા અથવા તેમના લિંગને આધારે કોઇ પણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વગર, સમાન શૈક્ષણિક વાતાવરણમાં શિક્ષણ આપવામાં આવે છે. આ પ્રકારની શિક્ષણ વ્યવસ્થામાં તમામ બાળકોની અધ્યયન પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી હોય છે તથા તેઓ સહકારી રીતે અધ્યયન કરે છે, જેથી તમામની વચ્ચે આત્મીય સંબંધ પ્રસ્થાપિત થાય છે.

એક બીજા મત મુજબ :

– સમાવેશક શિક્ષણ એ ફક્ત શારીરિક કે માનસિક રીતે અક્ષમ બાળકોને મુખ્ય પ્રવાહ (Main Stream)માં લાવવા માટેનું અભિયાન નથી, પરંતુ આવાં બાળકોની સાથે-સાથે કોઇ પણ કારણે મુખ્ય પ્રવાહમાં શિક્ષણ મેળવવાથી વંચિત રહેતાં બાળકોને કોઇ પણ જાતના જાતીય કે અન્ય પ્રકારના ભેદભાવ વગર સુસંવાદી અને સંપૂર્ણ સામાજિક વાતાવરણમાં શિક્ષણ આપવા માટેનું અભિયાન છે. જેમાં અક્ષમતા ધરાવતાં અને નહીં ધરાવતાં બાળકોની સાથે તમામ પ્રકારનાં બાળકોને, તેમની સક્રિય ભાગીદારી સાથે, શિક્ષણ આપવામાં આવે છે. જેમાં સક્ષમ અને અક્ષમ બાળકો સહકારી ધોરણે અધ્યયન કરે છે અને તમામ બાળકો એક બીજાનું માન જાળવે છે. તેથી તેમની વચ્ચે સાયુજ્ય અને સંવાદિતાનું વાતાવરણ સર્જાય છે. આવી શિક્ષણ વ્યવસ્થામાં બાળકોનાં શિક્ષણમાં માતા-પિતાની સક્રિય ભાગીદારી હોય છે.

## 1.3 સમાવેશક શાળાનો અર્થ

વાર્તનિક, શારીરિક, માનસકિ કે અન્ય કોઇ પણ પ્રકારની ક્ષમતા કે અક્ષમતાને ધ્યાનમાં લીધા સિવાય તમામ પ્રકારનાં બાળકોને નજીકની શાળામાં એક સાથે અને એક છત નીચે તેમની ઉંમર અને જરૂરિયાત મુજબનું શિક્ષણ આપવાની વ્યવસ્થાને સમાવેશક શિક્ષણ કહે છે. જેમાં સમાન શિક્ષણ જરૂરિયાત ધરાવતાં ચોક્કસ વયજૂથનાં બાળકોને, તેમની ક્ષમતા, કે અક્ષમતા અથવા તેમના લિંગને આધારે કોઇ પણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વગર, સમાન શૈક્ષણિક વાતાવરણમાં શિક્ષણ આપવામાં આવે છે. આવી શાળામાં તમામ બાળકો સક્રિય ભાગીદારી સાથે તથા સહકારી રીતે અધ્યયન કરે છે, જેથી તમામની વચ્ચે આત્મીય સંબંધ પ્રસ્થાપિત થાય છે. અક્ષમતા ધરાવતાં બાળકોને આવશ્યકતા મુજબ વિશિષ્ટ શિક્ષણ આપવાની વ્યવસ્થા પણ સમાવેશક શાળામાં હોય છે. તે માટે આવાં બાળકોએ શાળાના નિયમિત વર્ગખંડોનો ત્યાગ કરવો પડતો નથી. બાળકનાં શિક્ષણમાં તેના માતા-પિતાની પણ સક્રિય ભૂમિકા હોય છે.

સમાવેશક શિક્ષણનાં લક્ષણોનો અભ્યાસ કરવાથી તેની અગત્યતા સ્પષ્ટ કરી શકાશે.

## 1.4 સમાવેશક શિક્ષણના લક્ષણો

સમાવેશક શિક્ષણ અને શાળાના લક્ષણો નીચે જણાવ્યા મુજબ વર્ણવી શકાય :

– કોઇ પણ કારણે શિક્ષણનાં મુખ્ય પ્રવાહથી વિમુખ રહેલ બાળકોને મુખ્ય પ્રવાહની નિયમિત શાળાઓમાં શિક્ષણ આપવાનું આયોજન અને વ્યવસ્થાપન સમાવેશક શિક્ષણમાં કરવામાં આવે છે.

- અક્ષમતા વગરના બાળકો માટેની મુખ્યપ્રવાહ (Main Stream)ની શાળામાં અક્ષમતા ધરાવતાં બાળકોને શિક્ષણ આપવામાં આવે છે.
- શાળાનું વાતાવરણ અક્ષમતા ધરાવતાં બાળકોને અનુકૂળ આવે તેવા પ્રયત્નો સમાવેશક શિક્ષણમાં કરવામાં આવે છે. એટલે કે આ પ્રકારના શિક્ષણમાં બાળકોએ શાળાને અનુકૂળ થવું પડતું નથી પરંતુ શાળાએ બાળકોને અનુકૂળ થવું પડે છે.
- અક્ષમતા ધરાવતાં બાળકો સહિત શિક્ષણથી વંચિત રહેલ તમામ પ્રકારના બાળકો માટે ઘરની નજીકની મુખ્ય પ્રવાહની નિયમિત શાળામાં શિક્ષણ આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.
- શારીરિક કે માનસિક ક્ષમતા અતવા અક્ષમતા તથા જાતિ, ધર્મ, ભાષા, પ્રદેશ, સંસ્કૃતિ જેવાં પરિબળોને આધારે કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર તમામ બાળકોને એક સાથે શિક્ષણ આપવામાં આવે છે.
- તમામ પ્રકારનાં બાળકોને તેમની વયકક્ષા મુજબ સમાન વાતાવરણમાં અને સમાન ભૌતિક સુવિધાઓ વચ્ચે શિક્ષણ આપવામાં આવે છે.
- શાળામાં પ્રવેશ આપતી વખતે બાળકોની અક્ષમતા અંગે માહિતી મેળવીને તેમના માટેની આવશ્યક વિશિષ્ટ સુવિધાઓ શાળામાં પૂરી પાડવામાં આવે છે.
- સમાવેશક શિક્ષણ માટે સંતુલિત અને બહુસ્તરીય અભ્યાસક્રમની રચના કરવામાં આવે છે. જેમાં શિક્ષણનાં સામાન્ય હેતુની સાથે બાળકોની અક્ષમતાને આધારે તેમની કક્ષા મુજબના હેતુઓ પણ નિશ્ચિત કરવામાં આવે છે.
- તમામ બાળકો તેમની કક્ષા મુજબના હેતુઓ સિદ્ધ કરતાં-કરતાં સામાન્ય હેતુઓ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે.
- સમાવેશક શિક્ષણ વ્યવસ્થામાં દરેક બાળક તેની ક્ષમતા પ્રમાણે ઉચ્ચ કક્ષાએ સિદ્ધિ મેળવે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.
- અક્ષમતાને કારણે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકોને અલગથી વિશિષ્ટ માવજત આપવામાં આવે છે.
- અક્ષમતા ન ધરાવતાં બાળકોને પણ અમુક સંજોગોમાં વિશિષ્ટ માવજત આપવામાં આવે છે, જેથી અધ્યયન દરમિયાન, તેઓ અક્ષમતા ધરાવતાં બાળકો સાથે સફળતાપૂર્વક આંતરક્રિયા કરી શકે. જેમ કે મૂક બધિર બાળકો સાથે વાર્તાલાપ કરવાની આવડત વિકસાવવા માટે સામાન્ય બાળકોને સાંકેતિક ભાષાનું પ્રાથમિક જ્ઞાન આપવામાં આવે.
- સમાવેશક શિક્ષણમાં અક્ષમતા ધરાવતાં અને ન ધરાવતાં બાળકો વચ્ચે અધ્યયન દરમિયાન સતત આંતરક્રિયા થાય છે.
- આ શિક્ષણ વ્યવસ્થામાં તમામ પ્રકારના બાળકો સક્રિય સહભાગીદારી સાથે અધ્યયન કરે છે.
- સામાન્ય બાળકો, અપવાદરૂપ બાળકોને મદદરૂપ થવાની જવાબદારી સમજે છે તથા પૂર્ણ કરે છે તથા તેમની સાથે સહકારની ભાવના સાથે વર્તન કરે છે.
- અપવાદરૂપ બાળકોને તેમના સમવયસ્કો અને સહઅધ્યાયીઓ વચ્ચે સામાજિક સ્વીકૃતિ મળે છે.
- તમામ પ્રકારના અપવાદરૂપ બાળકોને સમાજનાં મુખ્ય પ્રવાહમાં જોડાવાની સંપૂર્ણ તક પૂરી પાડવામાં આવે છે.
- તમામ પ્રકારના બાળકો વચ્ચે જૂથ સંચલનની પ્રક્રિયા થાય છે.
- તમામ પ્રકારના બાળકોને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારની સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

– તમામ પ્રકારની આધુનિક શૈક્ષણિક તક્નિકીનો અસરકારક અને વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે.

– સામાન્ય બાળકો અને અક્ષમતા ધરાવતાં બાળકોને નિયમિત રીતે એક સાથે શિક્ષણ આપવામાં આવે છે. તે માટે શિક્ષકો વિશિષ્ટ અધ્યાપન-અધ્યયન પદ્ધતિઓ અને વ્યૂહરચનાનો ઉપયોગ કરે છે.

– બાળકોનાં અભ્યાસ અને વિકાસનાં સંદર્ભમાં તેમના વાલીઓને સતત જાણ કરવામાં આવે છે અને તેઓ તેમના બાળકોનાં અભ્યાસમાં સક્રિય રસ લે તે માટે તેમનું પરામર્શન કરવામાં આવે છે.

## 1.5 સમાવેશક શાળાની જરૂરિયાત

સમાવેશક શાળાના મુખ્ય હેતુઓ અથવા જરૂરિયાત નીચે જણાવ્યા મુજબની દર્શાવી શકાય.

### 1.5.1 બંધારણીય જવાબદારી પૂરી કરવી

દુનિયાના લગભગ તમામ દેશોમાં શિક્ષણનાં સાર્વત્રિકરણ માટેના પ્રયત્નો કરવામાં આવે છે. તે માટેની શિક્ષણ નીતિઓ ઘડવામાં આવે છે. જેમ કે અગાઉ ચર્ચા કરવામાં આવી છે તેમ ભારતીય બંધારણની કલમ 45 માં 6 થી 14 વર્ષની વયજૂથમાં આવતાં તમામ બાળકોને તેમની વયકક્ષા મુજબ નિઃશુલ્ક ધોરણે શિક્ષણ મેળવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આવા બાળકોને ફરજિયાત, મફત અને સાર્વત્રિક ધોરણે પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાની જવાબદારી જે તે રાજ્ય સરકારની છે. શિક્ષણના અધિકાર અધિનિયમ - 2009 (Right to Education Act - 2009) માં આ બાબત વધુ દૃઢ કરવામાં આવી છે. ભારતની જેમ જ લગભગ તમામ દેશોમાં સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ અને અક્ષમતા ધરાવતાં બાળકોનાં શિક્ષણ અંગે આવી બંધારણીય કે કાયદાકીય જોગવાઇઓ કરવામાં આવી છે. સમાવેશક શાળા વ્યવસ્થા આ નિયમો, કાયદા કે જોગવાઇનો અસરકારક રીતે અમલ કરવામાં મદદરૂપ થાય છે.

### 1.5.2 શિક્ષણની સમાન તક

કોઈપણ પ્રકારની શારીરિક કે માનસિક અક્ષમતા ધરાવતાં બાળકોને શિક્ષણ મેળવવા માટે અક્ષમતા વગરનાં બાળકો જેવી અને જેટલી સુવિધા મળી રહે અને તેઓ સામાન્ય સમાજનો હિસ્સો બનીને સામાન્ય બાળકોની સાથે જ અભ્યાસ કરી શકે તે સમાવેશક શિક્ષણ અને શાળાનો મુખ્ય હેતુ છે. તે માટે સંતુલિત અને વિશિષ્ટ અભ્યાસક્રમની રચવા કરવામાં આવે છે જેથી તમામ પ્રકારના બાળકોનાં શિક્ષણને પૂરતો ન્યાય આપી શકાય. અમુક પ્રકારની અક્ષમતાને કારણે કોઇ પણ બાળક સામાન્ય બાળકો જેવું શિક્ષણ મેળવવાથી વંચિત ન રહી જાય તેને ધ્યાનમાં રાખીને સમાવેશક શાળાનું આયોજન અને અમલીકરણ કરવામાં આવે છે.

### 1.5.3 નાગરિકત્વની તંદુરસ્ત ભાવનાનો વિકાસ કરવો

સમાવેશક શાળા વ્યવસ્થામાં તમામ બાળકો શક્ય હોય ત્યાં સુધી સહકારી અધ્યયન પ્રક્રિયામાંથી પસાર થાય છે અને એક બીજા સાથે સહકારની ભાવના સાથે વ્યવહાર કરે છે. સામાન્ય બાળકો અક્ષમતા ધરાવતાં બાળકોની વિશિષ્ટ જરૂરિયાતો જાણવાનો પ્રયત્ન કરે છે અને તેમને અધ્યયન કાર્યમાં મદદરૂપ થાય છે. અક્ષમતા ધરાવતાં બાળકોની વિશિષ્ટ જરૂરિયાતો સંતોષવા માટેની લાયકાત સામાન્ય બાળકો પણ વિકસાવે છે. જેમ કે શાળામાં મૂકબધિર બાળકને સહકાર આપવા માટે સામાન્ય બાળકો સાંકેતિક ભાષા શીખે છે. આ રીતે તમામ બાળકો તેમની સામાજિક જવાબદારી ઉઠાવતા શીખે છે. આમ કરવાથી બાળકોમાં પરસ્પરાવલંબનની ભાવનાનો વિકાસ થાય છે. આદર્શ નાગરિકતાનાં આ અગત્યનાં લક્ષણો છે. બાળકોમાં આવાં લક્ષણોનો વિકાસ કરવામાં સમાવેશક શાળા મદદરૂપ થાય છે.

### 1.5.4 સામાજિક સમાનતાને દૃઢ કરવી

દરેક બાળક સમાજનો એક અગત્યનો ભાગ છે. અન્ય બાળકની જેમ જ અક્ષમતા ધરાવતું બાળક પણ સામાન્ય અને અક્ષમતા વગરના લોકોના સમાજ વચ્ચે રહીને સામાજિક આંતરક્રિયા કરવાનો હક્કા ધરાવે છે. તેથી સામાન્ય બાળકો અક્ષમતા ધરાવતાં બાળકોનાં અસ્તિત્વ અને સામાજિક અધિકારને સ્વીકારે, તેમને સમકક્ષ ગણે અને તેમની સાથે સહકાર પૂર્વક વ્યવહાર કરે તે માટે તમામ પ્રકારના બાળકો વચ્ચે સામાજિક આંતરક્રિયા થવી જરૂરી છે. સમાજનાં વિવિધ સામાજિક આર્થિક વર્ગમાંથી આવતાં બાળકો વચ્ચે કોઇ પણ પ્રકારના પ્રાદેશિય, જાતીય, ભાષાકીય કે અન્ય કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર તંદુરસ્ત સામાજિક આંતરક્રિયા થાય ત્યારે જ સામાજિક સમાનતાના ખ્યાલનો અસરકારક રીતે અમલ કરી શકાય. સામાવેશક શાળા વ્યવસ્થા આવી તક પૂરી પાડીને તમામ પ્રકાનાં બાળકો વચ્ચે સામાજિક સમાનતાની ભાવનાનો વિકાસ કરવામાં મદદરૂપ થાય છે.

### 1.5.5 સ્વમાન જાળવવા

સમાવેશક શાળામાં અક્ષમતા ધરાવતાં બાળકો સામાન્ય બાળકો સાથે અભ્યાસ કરે છે. તેથી તેમને પણ અન્ય બાળકો જેવી અને જેટલી જ સગવડો સાથે અભ્યાસ કરવાની તક મળે છે. પરિણામે, અક્ષમતાને કારણે તેમની સાથે ભેદભાવ રાખવામાં આવતો નથી એવી લાગણી તેમના મનમાં પેદા થાય છે. તેથી તેમના મનમાંથી લઘુતાગ્રંથિ દૂર થાય છે. બીજું, અક્ષમતા ધરાવતાં બાળકોની વિશિષ્ટ આવડતોને ઓળખવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેમની વિશિષ્ટ આવડતોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. જેના કારણે તેમની આગવી ઓળખ પ્રસ્થાપિત થાય છે. તે ઉપરાંત સામાન્ય બાળકો પણ તેમને પોતાના જૂથના સક્રિય અને મહત્ત્વના સભ્ય તરીકે સ્વીકારીને તેમની સાથે સહકારપૂર્વક વર્તન કરે છે. પરિણામે અક્ષમતા ધરાવતાં બાળકોનું સ્વમાન જળવાય છે. જેથી તેઓ સામાન્ય બાળકોની જેમ વ્યવહાર કરતાં થાય છે.

### 1.5.6 આત્મવિશ્વાસનો વિકાસ કરવો

સમાવેશક શિક્ષણ અને શાળા વ્યવસ્થામાં, અક્ષમતા ધરાવતાં અને ન ધરાવતાં એવાં બન્ને પ્રકારના બાળકોના અભ્યાસને યોગ્ય ન્યાય મળી રહે તેવા સંતુલિત અભ્યાસક્રમની રચના કરવામાં આવે છે. પરિણામે અક્ષમતા ધરાવતાં બાળકો પણ ચોક્કસ કક્ષાએ શૈક્ષણિક સિદ્ધિ મેળવવામાં સફળ રહે છે. તેઓ મુખ્ય પ્રવાહમાં રહીને સહકારી ધોરણે અભ્યાસ કરે છે. જેથી તેમને પોતાની વિશિષ્ટ આવડતો, સામાન્ય બાળકો સામે પ્રગટ કરવાની તક મળે છે. જેના કારણે તેમના આત્મવિશ્વાસનો વિકાસ થાય છે.

### 1.5.7 હકારાત્મક વલણોનો વિકાસ કરવો

સમાવેશક શાળામાં તમામ બાળકો એક સાથે સહકારી ધોરણે અધ્યયન કરે છે, એકબીજાની મર્યાદાઓને સ્વીકારે છે અને સમજે છે, એકબીજાની શક્તિઓને ઓળખે છે અને બિરદાવે છે. પરિણામે તેમની વચ્ચે એકબીજા પ્રત્યે હકારાત્મક વલણોનો વિકાસ થાય છે. અક્ષમતા ધરાવતાં બાળકોને સામાજિક સ્વીકૃતિ મળે છે. પરિણામે તેમનામાં હકારાત્મક સામાજિક વલણોનો વિકાસ થાય છે.

### 1.5.8 જૂથ સંચલનનો અસરકારક અમલ કરવો

જૂથ સંચલન દ્વારા જૂથનાં સભ્યો લોકશાહી રીતે જીવતા શીખે છે, તંદુરસ્ત સામાજિક સમજ કેળવે છે અને લોકશાહી નાગરિકત્વ માટે તૈયાર થાય છે. સમાવેશક શાળામાં તમામ બાળકો એક બીજાને અધ્યયન કરવામાં મદદરૂપ થાય તેવા વાતાવરણનું નિર્માણ કરવામાં આવે છે. પરિણામે તમામ બાળકો એક બીજા પાસેથી કંઇક શીખે છે. આ રીતે સમાવેશક શાળા જૂથ સંચલનની પ્રક્રિયામાં મદદરૂપ થાય છે.

### 1.5.9 આધુનિક શૈક્ષણિક તક્નિકીનો વ્યાપક ઉપયોગ કરવા

વિજ્ઞાન તથા માહિતી અને સંપ્રેષણ પ્રોદ્યોગિકીના વિકાસની સાથે શૈક્ષણિક તક્નિકીનો ખૂબ મોટા પાયે વિકાસ થયો છે અને થઇ રહ્યો છે. જેના કારણે અક્ષમતા ધરાવતાં બાળકોનાં અધ્યાપન-અધ્યયનને

સહાયક સાધનો અને માધ્યમોનો વિકાસ શક્ય બન્યો છે. જેનો ઉપયોગ કરીને આવાં બાળકોને અન્ય સામાન્ય બાળકોની સાથે જ, સરળતા અને સહજતા સાથે શિક્ષણ આપી શકાય છે. જેની સામાન્ય બાળકોનાં શિક્ષણ પર નકારાત્મક અસર થતી નથી. જેમ કે શ્રવણની ખામી ધરાવતાં બાળકો હીયરીંગ હેડસેટ (Hearing Headset) કે હીયરીંગ એઇડ (Hearing Aid)નો ઉપયોગ કરીને શિક્ષકનો અવાજ સરળતાથી સાંભળી શકે છે. અંધ બાળકો માટે બ્રેઇલ લિપિમાં લખાયેલાં પુસ્તકો ઉપલબ્ધ છે. તેમના માટે વિજાણું બ્રેઇલ નોટ ટેકર ઉપલબ્ધ છે કે જેનો ઉપયોગ કરીને તેઓ તેમની નોટ્સ લખી શકે છે અને પોતાનું સ્વાધ્યાય કાર્ય પણ કરી શકે છે. બધિર બાળકો માટે એવાં સોફ્ટવેર ઉપલબ્ધ છે જે સાંકેતિક ભાષામાં વિષયવસ્તુની રજૂઆત કરે છે. આવાં સાધનોનો શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરીને શૈક્ષણિક તક્નિકીનો વ્યાપ વધારી શકાય છે.

### 1.5.10 વૈવિધ્યસભર અધ્યયન અનુભવો પૂરાં પાડવા

જો ફક્ત અક્ષમતા ધરાવતાં બાળકોનાં જૂથને વિશિષ્ટ રીતે શિક્ષણ આપવામાં આવે તો તેઓ સામાન્ય બાળકો સાથે આંતરક્રિયા નહીં કરી શકે અને સામાન્ય બાળકોને અપાતાં અધ્યયન અનુભવો મેળવી શકશે નહીં. તેઓ ફક્ત તેમના માટેના વિશિષ્ટ અધ્યયન અનુભવો જ મેળવી શકશે. બીજું તેમના જૂથમાં ફક્ત અક્ષમતા ધરાવતાં બાળકો હોવાથી તેમને અમુક હદ કરતાં વધુ ઉચ્ચ કક્ષાનું અધ્યયન કરવાની પ્રેરણા નહીં મળે. તેથી તેમનો મર્યાદિત વિકાસ થશે. સંશોધનોનાં પરિણામો જણાવે છે કે બાળકો અનુકરણ દ્વારા ઘણું શીખે છે. તેથી અક્ષમતા ધરાવતાં બાળકોને અન્ય સામાન્ય બાળકો સાથે શિક્ષણ આપવામાં આવે તો વિવિધ પ્રકારના અધ્યયન અનુભવો મેળવવા માટે તેઓ સ્વયં પ્રેરિત થશે અને તેમની સિદ્ધિ પ્રેરણાનો યોગ્ય દિશામાં વિકાસ થશે.

સમાવેશક શાળામાં અક્ષમતા ધરાવતાં બાળકોની સાથે સામાન્ય બાળકોને પણ વિશિષ્ટ અધ્યયન અનુભવો પૂરાં પાડવામાં આવે છે. જેથી તેઓ અક્ષમતા ધરાવતાં બાળકોને સારી રીતે સમજી શકે અને તેમની સાથે વધુ અસરકારક રીતે સહકારી અધ્યયન કરી શકે. આ રીતે સામાન્ય બાળકો પણ વિશિષ્ટ અધ્યયન અનુભવો મેળવે છે.

## 1.6 સમાવેશક શાળાના ફાયદા

સમાવેશક શિક્ષણ અને શાળાના હેતુઓ જ તેના લાભ દર્શાવે છે. તેમ છતાં તેના વિશિષ્ટ લાભ નીચે જણાવ્યા મુજબ વર્ણવી શકાય.

- સમાવેશક શાળામાં સમાન શૈક્ષણિક વાતાવરણમાં તમામ પ્રકારનાં બાળકોને શિક્ષણ આપવામાં આવે છે. તેથી શિક્ષણમાં સમાન તકનો હેતુ પૂર્ણ કરવામાં મદદ મળે છે.
- વિશિષ્ટ અને અપવાદરૂપ બાળકો સાથે સામાન્ય બાળકોની સામાજિક આંતરક્રિયા થાય છે, તેથી વિશિષ્ટ અને અપવાદરૂપ બાળકોને મુખ્ય સામાજિક પ્રવાહમાં લાવવામાં સફળતા મળે છે.
- શિક્ષણનું સાર્વત્રિકરણ કરવાનો હેતુ પૂર્ણ કરવામાં સમાવેશક શાળા મદદરૂપ થાય છે.
- તમામ બાળકોનો શિક્ષણ મેળવવાનો બંધારણીય હક પૂર્ણ કરવામાં સરકારને સફળતા મળે છે.
- સમાવેશક શાળામાં તમામ પ્રકારના બાળકો સક્રિય સહભાગીદારીતા સાથે અધ્યયન કરે છે. પરિણામે તેમની વચ્ચે સહકારની ભાવનાનો વિકાસ થાય છે.
- સામાન્ય બાળકો, વિશિષ્ટ અને અપવાદરૂપ બાળકોને મદદરૂપ થવાની જવાબદારી સમજે છે તથા પૂર્ણ કરે છે. તેથી નાગરિકત્વની તંદુરસ્ત ભાવનાનો વિકાસ થાય છે.
- વિશિષ્ટ અને અપવાદરૂપ બાળકોને સામાજિક સ્વીકૃતિ મળે છે, તેથી તેમનું સ્વમાન જળવાય છે.

– વિશિષ્ટ અને અપવાદરૂપ બાળકોને સમાજનાં મુખ્ય પ્રવાહમાં જોડાવાની સંપૂર્ણ તક પૂરી પાડવામાં આવે છે, તેથી તેમના આત્મવિશ્વાસનો વિકાસ થાય છે.

– તમામ પ્રકારનાં બાળકો એકબીજાની ખૂબીઓ-ખામીઓને સમજે છે તથા સ્વીકારે છે અને એકબીજાંનાં કાર્યોને બિરદાવે છે. તેથી એકબીજાં પ્રત્યેનાં વલણોનો હકારાત્મક વિકાસ થાય છે.

– બાળકો વચ્ચે થતી જૂથ સંચલનની પ્રક્રિયાનો લાભ મેળવવામાં સફળતા મળે છે.

– આધુનિક વિજ્ઞાન અને શૈક્ષણિક તક્નિકીનો અસરકારક અને વ્યાપક ઉપયોગ કરવાની તક મળે છે.

– તમામ પ્રકારનાં બાળકોને વિવિધ પ્રકારનાં અધ્યયન અનુભવો પૂરાં પાડવામાં આવે છે. તેથી બાળકોને વૈવિધ્યસભર અધ્યયન અનુભવો દ્વારા અભ્યાસ કરવાની તક મળે છે.

– શિક્ષકોએ સામાન્ય બાળકો અને અક્ષમતા ધરાવતાં બાળકોને એક સાથે શિક્ષણ આપવા માટે વિશિષ્ટ અધ્યાપન-અધ્યયન પદ્ધતિઓનો ઉપયોગ કરવો પડે છે. તે માટે તેમણે વધુ તૈયારી કરવી પડે છે. જેથી તેમની વ્યાવસાયિક સજ્જતામાં વૃદ્ધિ થાય છે.

– આ શિક્ષણ વ્યવસ્થા વાલીઓને, ખાસ કરીને અપવાદરૂપ બાળકોનાં વાલીઓને, તેમના બાળકોનાં શિક્ષણ પ્રત્યે વધુ જાગૃત બનાવે છે અને તેમને બાળકોનાં શિક્ષણ અને શાળાની પ્રવૃત્તિઓમાં મદદરૂપ થવા માટે પ્રેરિત કરે છે.

## 1.7 સમાવેશક શાળાની આવશ્યકતાઓ

સમાવેશક શિક્ષણનો અસરકારક અમલ કરવા માટે સંપૂર્ણ સુવિધા ધરાવતી શાળાઓના નિર્માણ, વિકાસ અને સંભાળની આવશ્યકતા રહે છે. તે ઉપરાંત સમાવેશક શાળાઓના સફળ સંચાલન માટે અન્ય કેટલીક બાબતોનું ધ્યાન રાખવું આવશ્યક બને છે. આ બાબતો નીચે જણાવ્યા મુજબની છે.

– સમાવેશક શિક્ષણ માટે સંતુલિત (Balanced) અને બહુસ્તરીય (Multilevel) અભ્યાસક્રમનો વિકાસ થવો જોઈએ. જેમાં વિશિષ્ટ બાળકોની ક્ષમતાને ધ્યાનમાં રાખીને શિક્ષણના વિશિષ્ટ હેતુઓ નિશ્ચિત કરવા જોઈએ. ઉપરાંત તમામ બાળકો માટેના સામાન્ય હેતુઓ પણ નિશ્ચિત કરવા જોઈએ. વિશિષ્ટ બાળકો વિશિષ્ટ હેતુઓ સિદ્ધ કરતાં-કરતાં, સામાન્ય હેતુઓ સિદ્ધ કરવા તરફ આગળ વધે તેવી જોગવાઇ અભ્યાસક્રમાં હોવી જોઈએ.

– અક્ષમતા ધરાવતાં અને ન ધરાવતાં બાળકોને એક સાથે અને સંતુલિત રીતે શિક્ષણ આપી શકે તેવા પ્રશિક્ષિત શિક્ષકો સમાવેશક શાળામાં હોવા જોઈએ.

– અભ્યાસક્રમમાં સહકારી અધ્યયન પર વધુ ભાર આપવો જોઈએ.

– અક્ષમતા ધરાવતાં બાળકોને અધ્યયનમાં અને અન્ય સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં મદદરૂપ થાય તે માટે અક્ષમતા વગરના સામાન્ય બાળકોને પ્રોત્સાહિત કરવા જાઇએ. તે માટેની આવશ્યક ક્ષમતાઓ સામાન્ય બાળકો વિકસાવે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

– તમામ પ્રકારના બાળકો અધ્યયન પ્રક્રિયામાં સતત સક્રિય રહે તે રીતે અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાનું આયોજન અને અમલીકરણ થવું જોઈએ.

– શાળા કક્ષાએ એવી વ્યવસ્થા હોવી જોઈએ કે જેથી પ્રવેશ વખતે અક્ષમતા ધરાવતાં બાળકોની શૈક્ષણિક જરૂરિયાતો, ખૂબીઓ, ખામીઓ, સંસ્કૃતિ, ભાષા, સામાજિક પરિસ્થિતિ અને માનસિક કક્ષા અંગેનો અંદાજ મેળવી શકાય. જેના આધારે તેમની શૈક્ષણિક અને વિશિષ્ટ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટેનું યોગ્ય આયોજન કરી શકાય.

– વિવિધ પ્રકારની અક્ષમતા ધરાવતાં બાળકોની વિશિષ્ટ જરૂરિયાતો પૂરી કરવા માટે આવશ્યક હોય તેવાં સાધનો સમાવેશક શાળામાં હોવા જોઈએ.

- આવાં વિશિષ્ટ સાધનોનો અસરકારક રીતે ઉપયોગ કરી શકે તેવા શિક્ષકો ન હોય તો તે માટેના પ્રશિક્ષિત વ્યક્તિઓની શાળામાં નિમણૂક કરવી જોઈએ.
- સામાન્ય શાળાના વર્ગખંડો કરતા સમાવેશક શાળાના વર્ગખંડો પ્રમાણમાં વધુ મોટા હોવા જોઈએ. જેથી શિક્ષણને સહાયક સાધન અને માધ્યમોનો યોગ્ય રીતે ઉપયોગ થઇ શકે.
- બાળકો શાળાના વાતાવરણને અનુકૂળ થાય તેના બદલે શાળાએ, તમામ પ્રકારનાં બાળકોને અનુકૂળ આવે તેવાં શાળાકીય વાતાવરણનો વિકાસ થવો જોઈએ.
- તમામ પ્રકારના બાળકોની અભિયોગ્યતા અને વિશિષ્ટ શક્તિઓને ઓળખીને તેનો વિકાસ કરી શકે તેવી અધ્યાપન-અધ્યયન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ.
- તમામ પ્રકારના બાળકોની વિશિષ્ટ શક્તિઓનો હકારાત્મક અને યોગ્ય દિશામાં વિકાસ કરી શકે તેવી વિવિધ પ્રકારની સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન અને અમલીકરણ શાળામાં થવું જોઈએ.
- સમાવેશક શાળાન વર્ગખંડોમાં ખેલ આધારિત (Game Based) અધ્યાપન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ.
- તમામ પ્રકારના બાળકોને તેમની ક્ષમતા મુજબ ઉપયોગી થાય તેવી બહુસ્તરીય અધ્યયન સામગ્રીનો વિકાસ થવો જોઈએ.
- સમાવેશક શિક્ષણમાં બાળકો અને વાલીઓની ભૂમિકા અંગે વાલીઓને જાગૃત કરવા માટે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ. તે માટે વિશિષ્ટ ચર્ચાસભા, સેમિનાર અને શિક્ષક-વાલી સંમેલનનું ચોક્કસ સમયાંતરે આયોજન કરવું જોઈએ.
- શિક્ષકો અને વાલીઓને સમાવેશક શિક્ષણ અંગેની વ્યૂહાત્મક સમજ આપવા માટે સરકારી અને બિન સરકારી સંસ્થાઓમાં સેવા આપતા હોય તેવા સમાવેશક શિક્ષણ ક્ષેત્રનાં નિષ્ણાંતો સાથે તેમની ચર્ચાસભાનું આયોજન કરવું જોઈએ.
- અક્ષમતા ધરાવતાં બાળકોને તેમના સમાજમાં સ્વીકૃતિ મળે અને તેમના સમાજના મુખ્ય પ્રવાહમાં સાહજિક રીતે સાંકળી શકાય તે માટે સમાજશિક્ષણ અને જનજાગૃતિના કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ થવું જોઈએ.
- સમાવેશક શિક્ષણ ક્ષેત્રે થતાં સંશોધનો અને તેનાં પરિણામોથી શિક્ષકો અને વાલીઓને માહિતગાર કરવા માટેના પ્રયત્નો શાળા કક્ષાએ થવા જોઈએ.
- શિક્ષકો નવપ્રવર્તનશીલ (Innovative) હોવાં જોઈએ. તે માટે શિક્ષકોની સંશોધન ક્ષમતાનો વિકાસ થાય તેવા પ્રયત્નો શાળા કક્ષાએ થવા જોઈએ. જેથી તેઓ અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવા માટે નવા-નવા પ્રયોગો કરી શકે.

### 1.8 સમાવેશક શાળાની મર્યાદાઓ

આજના સાયબર યુગમાં, સમાવેશક શિક્ષણનાં વિકાસ અને સફળ અમલીકરણ માટેની આવશ્યક જરૂરિયાતો ઝડપથી અને સરળતાથી પૂર્ણ કરી શકાય તેમ છે. તેથી પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવામાં અને અક્ષમતા ધરાવતાં બાળકોને મુખ્ય પ્રવાહમાં લાવવામાં સમાવેશક શિક્ષણ અને શાળા ખૂબ સફળ થઇ શકે છે. તેમ છતાં કેટલીક વહીવટી અને વ્યવસ્થાપન સાથે સંકળાયેલી મર્યાદાઓ સમાવેશક શિક્ષણના વ્યાપને સમાવેશક શાળાની ઉપયોગિતાને મર્યાદિત બનાવે છે. આ મર્યાદાઓ નીચે જણાવ્યા મુજબ વર્ણવી શકાય.

- આ પ્રકારનાં શિક્ષણ માટે બહુસ્તરીય અભ્યાસક્રમની રચના કરવાનું કામ ખૂબ ચીવટ માગી લે છે. જો ચોકસાઇ સાથે અભ્યાસક્રમ તૈયાર ન થાય તો સમાવેશક શિક્ષણના હેતુઓ સિદ્ધ કરી શકાતાં નથી.

- સમાવેશક શિક્ષણના હેતુઓને ધ્યાનમાં રાખીને તમામ પ્રકારનાં બાળકોને અનુકૂળ આવે તેવાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવા માટે વિશિષ્ટ સમજ અને કૌશલ્ય ધરાવતાં લેખકોની જરૂર પડે છે. આવા લેખકોની આજે ઉણપ જોવા મળે છે.
- સમાવેશક શિક્ષણ માટે, અક્ષમતા ધરાવતાં અને ન ધરાવતાં બાળકોને એક સાથે શિક્ષણ આપી શકે તેવા, વિશિષ્ટ પ્રશિક્ષણ મેળવેલા શિક્ષકોની જરૂર પડે છે. આવું પ્રશિક્ષણ આપવા માટેની વ્યવવસ્થા હજુ સુધી પ્રશિક્ષણ સંસ્થાઓમાં કરી શકાઇ નથી.
- અમુક વિશિષ્ટ પ્રકારના બાળકો માટે વિશિષ્ટ શિક્ષકો અને પ્રશિક્ષકોની જરૂર પડે છે. ભારતીય શાળાઓમાં તે માટેની જોગવાઇ હજુ સુધી થઇ શકી નથી.
- ભારત જેવા દેશમાં જ્યાં હજુ સુધી સામાન્ય પ્રાથમિક શિક્ષણ પણ સાર્વત્રિક થઇ શક્યું નથી ત્યાં સમાવેશક શાળાના આયોજન, વિકાસ અને અમલીકરણ માટે વિશિષ્ટ ધ્યાન આપવાની જરૂર છે. પણ તેના પ્રત્યે હજુ ઉદાસીનતા જોવા મળે છે.
- સમાવેશક શિક્ષણ માટે શાળાઓમાં વિશિષ્ટ ભૌતિક સગવડો વિકસાવવા માટે વધુ નાણાંકીય ખર્ચ ભોગવવો પડે છે. જે બિનસરકારી અને અનુદાનિત શાળાઓ માટે બોજારૂપ બને છે.
- સમાવેશક શાળાના કુશળ સંચાલન અને વ્યવસ્થાપન માટે વિશિષ્ટ કૌશલ્યો ધરાવતાં સંચાલકો અને વ્યવસ્થાપકોની જરૂર પડે છે. આવા સંચાલકો અને શિક્ષકો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી.
- તમામ પ્રકારના બાળકોના વાલીઓ પણ આ પ્રકારનાં શિક્ષણ અને શાળા પ્રત્યે હજુ સુધી જાગૃત થયા નથી.
- સમાવેશક વર્ગખંડમાં શિક્ષકોએ સામાન્ય બાળકોની સાથે અક્ષમતા ધરાવતાં બાળકોની વિશેષ કાળજી લેવી પડે છે. જેના કારણે તેમનો કાર્યબોજ વધે છે. આવા કાર્યબોજ માટે તેમને કોઇ પ્રોત્સાહક વળતર મળતું નથી. તેથી તેઓ સમાવેશક વર્ગખંડમાં શિક્ષણ આપવાના કાર્ય પ્રત્યે ઉદાસીન બને છે.
- અક્ષમતા ધરાવતાં બાળકો સાથે સાહજિક રીતે આંતરક્રિયા કરી શકે તે માટે સામાન્ય બાળકોને વિશિષ્ટ તાલીમ આપવામાં આવે છે. પરિણામે તેમણે વધારાનું અધ્યયન કરવું પડે છે. તમામ સામાન્ય બાળકો આવા વધારાના અધ્યયન માટે તૈયાર થતા નથી.
- સમાવેશક શિક્ષણ પ્રત્યે તમામ પ્રકારના બાળકો, શિક્ષકો, શાળાઓ અને વાલીઓની જાગૃતિ વધારવા માટે સરકાર તરફથી કોઇ ગંભીર પ્રયત્નો કરવામાં આવતા નથી. તેથી તે લોકો હજુ પણ સમાવેશક શાળા, શિક્ષણ અને વર્ગખંડ પ્રત્યે હજુપણ નકારાત્મક વલણ ધરાવે છે.
- વિશિષ્ટ અને અપવાદરૂપ બાળકો ખૂબ જ સંવેદનશીલ હોય છે, તેમની સાથે યોગ્ય રીતે વ્યવહાર કરવામાં ન આવે તો તેમનામાં લઘુતાગ્રંથિનો વિકાસ થવાની શક્યતા રહે છે.
- સમાવેશક શાળામાં અમુક વખતે, અક્ષમતા ધરાવતાં બાળકોને વિશિષ્ટ તાલીમ પણ આપવી પડે છે. જેના કારણે તેઓ પોતાને એકલવાયા (Isolated) અથવા અન્ય બાળકો કરતા જુદાં (Segregated) માનવા લાગે છે. પરિણામે તેમનામં લઘુતાગ્રંથિનો વિકાસ થાય છે અને તેઓ અન્ય બાળકો સાથે પરિપક્વ સામાજિક આંતરક્રિયા કરી શકતાં નથી.
- સમાવેશક શાળામાં અક્ષમતા ન ધરાવતાં સામાન્ય બાળકોનાં શિક્ષણ પર નકારાત્મક અસર પડવાની સંભાવના રહે છે. કારણ કે તમામ પ્રકારના બાળકોને સમાન અધ્યયન અનુભવો પૂરા પાડવાના હોવાથી હોશિયાર અને મેધાવી બાળકોની અધ્યયન ગતિ ધીમી પડે છે. જે તેમના માટે કંટાળાજનક પરિસ્થિતિ પેદા કરી શકે છે.

## 1.9 સમાવેશક શાળામાં શિક્ષકની ભૂમિકા

શિક્ષકોની કાર્યક્ષમતા, સજ્જતા અને વ્યવસાય પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા પર, કોઇ પણ પ્રકારની શિક્ષણ વ્યવસ્થાની સફળતા આધારિત હોય છે. સમાવેશક શિક્ષણ અને શાળા વ્યવસ્થા વિશિષ્ટ માળખું ધરાવે છે, તેથી તેમાં શિક્ષકની ભૂમિકા વધારે અગત્યની બની જાય છે. આવી શિક્ષણ વ્યવસ્થામાં શિક્ષકો પાસે નીચે જણાવ્યા પ્રમાણેની અપેક્ષા રાખવામાં આવે છે.

– શિક્ષક પાસે અપાર ધીરજ હોવી જોઈએ. જેથી તે સ્વસ્થતાપૂર્વક અધ્યાપન કાર્ય કરી શકે.
– શિક્ષક પાસે શૈક્ષણિક મનોવિજ્ઞાનનું જ્ઞાન અને ઊંડી સમજ હોવી જોઈએ.
– શિક્ષક નવપ્રવર્તનશીલ હોવા જોઈએ.
– તે માટે શિક્ષક પાસે સંશોધનની સૂઝ હોવી જોઈએ.
– શિક્ષકે તમામ પ્રકારના બાળકોને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારની અધ્યાપન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ. જેથી તે તમામ પ્રકારના બાળકોને અધ્યયન કરવા માટે પ્રેરિત કરી શકે.
– વિવિધ પ્રકારની અક્ષમતા ધરાવતાં બાળકો સાથે વાર્તાલાપ કરવા માટેનું સંપ્રેષણ કૌશલ્ય અને ભાષાકીય કુશળતા શિક્ષક પાસે હોવી જોઈએ.
– બાળકોની શક્તિઓ મુજબ તેમને વિવિધ પ્રકારનાં અધ્યયન અનુભવો પૂરાં પાડવા માટેનું યોગ્ય આયોજન કરવાનું કૌશલ્ય અને તેનો અમલ કરવા માટેની ક્ષમતા શિક્ષક પાસે હોવી જોઈએ.
– બાળકોની અભિયોગ્યતા અને છુપી શક્તિઓ ઓળખીને તેનો વિકાસ કરવા માટેની ક્ષમતા શિક્ષક પાસે હોવી જોઈએ.
– વિવિધ પ્રકારના બાળકો માટે ઉપયોગી હોય તેવી વૈવિધ્યસભર અધ્યયન અનુભવો પૂરાં પાડતી અધ્યયન સામગ્રીનો વિકાસ કરવા માટેની ક્ષમતા શિક્ષક પાસે હોવી જોઈએ.
– તમામ પ્રકારના બાળકોની વ્યક્તિગત શૈક્ષણિક જરૂરિયાતો ઓળખવા માટેની ક્ષમતા શિક્ષક પાસે હોવી જોઈએ. જેથી તે બાળકોની વૈયક્તિક ભિન્નતાને સંતોષવા માટેનું અસરકારક શૈક્ષણિક આયોજન અને અમલીકરણ કરી શકે.
– સમાવેશક શિક્ષણ ક્ષેત્રે થતાં સંશોધનો અને વૈશ્વિક વર્તમાન પ્રવાહોથી માહિતગાર રહેવાનો પ્રયત્ન શિક્ષકે સતત કરવો જોઈએ.
– સમાવેશક શિક્ષણનાં સંદર્ભમાં યોજાતા કાર્યક્રમોમાં શિક્ષકોએ સક્રિય ભાગ લેવો જોઈએ. જેથી તેઓ પોતોની વ્યાવસાયિક સજ્જતાનો વિકાસ કરી શકે.
– સામાન્ય બાળકો સમાવેશક શિક્ષણ પ્રત્યે હકારાત્મક વલણ વિકસાવે તે માટેના પ્રયત્નો શિક્ષકે કરવા જોઈએ.
– તમામ પ્રકારના બાળકોનાં વાલીઓને માર્ગદર્શન આપવા, તેમને બાળકોનાં વિકાસની તરાહ જણાવવા અને તેમની સમસ્યાઓના ઉકેલ જણાવવા માટે શિક્ષકે તેમની સાથે નિશ્ચિત સમયાંતરે ચર્ચા કરવી જોઈએ. તે માટે તેમની સાથે મુલાકાત કરવી જોઈએ અથવા સંમેલનનું આયોજન કરવું જોઈએ.

## 1.10 સારાંશ

પ્રસ્તુત એકમમાં આપણે સમાવેશક શિક્ષણના અર્થ, લક્ષણો અને સંકલ્પની સમજ મેળવી છે. ઉપરાંત સમાવેશક શાળાની આવશ્યકતાઓ, તેના હેતુઓ, ફાયદાઓ, મર્યાદાઓ શિક્ષણ પણ સ્પષ્ટતા મેળવી છે. એક શિક્ષક તરીકે આપણી પાસે સમાવેશક શિક્ષણ વ્યવસ્થા અંગે આટલી બાબતો જાણવી જરૂરી છે. આ તમામ માહિતી આપણને સમાવેશક શિક્ષણને સફળ બનાવવામાં મદદરૂપ થઇ શકે છે.

## 1.11 તમારી પ્રગતિ ચકાસો

1. સમાવેશક શિક્ષણનો અર્થ સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

2. સમાવેશક શિક્ષણના લક્ષણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

3. સમાવેશક શાળાની સંકલ્પના સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. સમાવેશક શાળાની જરૂરિયાત / હેતુઓ સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. સમાવેશક શાળાના ફાયદા જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

6. સમાવેશક શાળાની આવશ્યકતાઓ જણાવો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

7. સમાવેશક શાળાની મર્યાદાઓ સમજાવો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

8. સમાવેશક શાળામાં શિક્ષકની ભૂમિકા સમજાવો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

એકમ 2

# ફરજિયાત અને માધ્યમિક શિક્ષણનો વિકાસ

: રૂપરેખા :

**2.0 પ્રસ્તાવના**

**2.1 ઉદ્દેશો**

**2.2 સંકલિત / એકીકૃત શિક્ષણનો અર્થ**

**2.3 સંકલિત શિક્ષણના લક્ષણો**

**2.4 સમાવેશક અને સંકલિત શિક્ષણ વચ્ચેનો તફાવત**

**2.5 વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો**

**2.6 વિશિષ્ટ શિક્ષણનો અર્થ**

**2.7 વિશિષ્ટ શિક્ષણના લક્ષણો**

**2.8 સમાવેશક અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચેનો તફાવત**

**2.9 સંકલિત અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચેનો તફાવત**

**2.10 સારાંશ**

**2.11 તમારી પ્રગતિ ચકાસો**

## 2.0 પ્રસ્તાવના

વિશિષ્ટ બાળકોનાં શિક્ષણના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેક પ્રયત્નો થાય છે. જેમ કે 7 થી 10 જૂન 1994 દરમિયાન સ્પેનના સલામાન્કા શહેરમાં સ્પેનની સરકારે યુનેસ્કો (UNESCO The United Nations Educational, Scientific and Cultural Organization)ના સહયોગથી એક વૈશ્વિક પરિષદ (Conference) નું આયોજન કર્યું હતું. જેમાં 'Special Needs Educatio: Access and Quality' પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. 92 દેશ અને 25 આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના 300 જેટલા પ્રતિનિધિઓએ આ પરિષદમાં ભાગ લીધો હતો. પરિષદમાં થયેલ ચર્ચાને આધારે 'The Salamanca Statement anf Framework for Action on Special Needs Education' નામે એક દસ્તાવેજ (પુસ્તક) પ્રકાશિત કરવામાં આવ્યો હતો. જેમાં સમાવેશક શિક્ષણની જરૂરિયાત, તે માટેની સંભવિત નીતિઓની રચના અને અમલીકરણ માટેનાં માર્ગદર્શક સૂચનો આપવામાં આવ્યા છે. આ પરિષદ પછી વિવિધ દેશોમાં સમાવેશક શિક્ષણ માટે શાળાઓ શરૂ થઇ. સમાવેશક શાળાઓનો વિકાસ કરવાની શરૂઆત પણ ત્યારથી થઇ. અગાઉના પ્રકરણમાં આપણે સમાવેશક શાળા વિશે વિસ્તૃત ચર્ચા કરી છે. આવી શાળાનાં અસરકારક સંચાલન અને વહીવટમાં પડતી મુશ્કેલીઓને કારણે ભારત જેવા દેશમાં સમાવેશક શિક્ષણનો અમલ અસરકારક રીતે થઇ શક્યો નથી. સમાવેશક શાળાઓની શરૂઆતની કેટલીક વ્યાવહારિક સમસ્યાઓને કારણે વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોને નિયમિત અને સામાન્ય (General) અને વિશિષ્ટ શિક્ષણ વ્યવસ્થા બન્નેનો લાભ મળે તે માટે સંકલિત (Integrated) શિક્ષણ વ્યવસ્થાનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો. જો કે કેટલાંક વિદ્વાનોના મતે વિશિષ્ટ બાળકો માટે વિશિષ્ટ શાળાઓ હોવી આવશ્યક છે. વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો માટે કેવી શિક્ષણ વ્યવસ્થા હોવી જોઈએ તેના નિર્ણય કરતાં પહેલાં સંકલિત શિક્ષણ અને વિશિષ્ટ શિક્ષણ એ બન્ને સમાવેશક શિક્ષણથી કઇ રીતે જુદાં પડે છે તેની સ્પષ્ટતા કરવી જરૂરી બને છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે તેના વિશે ચર્ચા કરીશું. તે માટે સૌથી પહેલાં આપણે સંકલિત શિક્ષણનો અર્થ સમજવાનો પ્રયત્ન કરીશું.

## 2.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે :-

- સંકલિત અને વિશિષ્ટ શિક્ષણનાં અર્થ સમજાવી શકશો.
- સંકલિત અને વિશિષ્ટ શિક્ષણનાં લક્ષણોનું વર્ણન કરી શકશો.
- વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોનો અર્થ અંગે સ્પષ્ટતા કરી શકશો.
- સમાવેશક, સંકલિત અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચે તુલના કરી શકશો.

## 2.2 સંકલિત / એકીકૃત શિક્ષણનો અર્થ

અંગ્રેજી શબ્દ 'Integrated' માટે ગુજરાતીમાં 'એકીકૃત' કે 'સંકલિત' જેવાં શબ્દો છે. પ્રસ્તુત પુસ્તકમાં આપણે તેના માટે સંકલિત શબ્દનો ઉપયોગ કરીશું.

વિવિધ શબ્દકોષો અને સાહિત્યનો અભ્યાસ કરતા જણાય છે કે જુદાં-જુદાં સમયે, જુદાં-જુદાં લોકો દ્વારા જુદાં-જુદાં સંદર્ભમાં જુદી-જુદી રીતે સંકલિત શિક્ષણનો અર્થ આપવામાં આવ્યો છે. જેમ કે અમુક દેશોમાં જુદાં-જુદાં સંપ્રદાય અથવા ધર્મના બાળકો, વાલીઓ અને શિક્ષકોને ભેગા કરીને બાળકોને અપાતાં સંતુલિત ધાર્મિક અને સામાન્ય શિક્ષણને સંકલિત શિક્ષણ કહેવાતું. આવાં શિક્ષણ દ્વારા બાળકોને વિવિધ સંસ્કૃતિ, સંપ્રદાય અને ધર્મની સમજ અપાતી હતી તથા બાળકો તમામ ધર્મ, સંપ્રદાય અને સંસ્કૃતિનું માન જાળવે તેવા પ્રયત્ન કરવામાં આવતા હતા.

બીજી એક ફિલસુફી પ્રમાણે સંકલિત શિક્ષણ એટલે એવું શિક્ષણ કે જેમાં જુદાં-જુદાં વિષયોનું શિક્ષણ આપવાની સાથે બાળકોનાં આત્મા, મગજ, સંવેગો, શરીરનો પણ યોગ્ય દિશામાં વિકાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવે.

આજના સમયમાં અક્ષમતા ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં સંકલિત શિક્ષણનો અર્થ જુદી રીતે આપવામાં આવે છે. પ્રસ્તુત પ્રકરણ અને પુસ્તકમાં આપણે સંકલિત શિક્ષણના નીચે જણાવેલ અર્થને ધ્યાનમાં રાખીને જ સમગ્ર ચર્ચા કરીશું.

અમુક લોકો દ્વારા સંકલિત / એકીકૃત શિક્ષણને સમાવેશક શિક્ષણના પર્યાય તરીકે જોવામાં આવે છે. આવા લોકો બન્નેને સમાન અર્થ આપે છે. પરંતુ આ બન્ને પ્રકારનાં શિક્ષણ વચ્ચે વ્યવસ્થાના સંદર્ભમાં તાત્ત્વિક ભેદ છે. સમાવેશક શિક્ષણ અંગે આપણે અગાઉના પ્રકરણમાં ચર્ચા કરી છે. તેથી અહીં આપણે સંકલિત શિક્ષણનો અર્થ સ્પષ્ટ રીતે સમજવાનો પ્રયત્ન કરીશું.

એવી શિક્ષણ વ્યવસ્થાને સંકલિત શિક્ષણ વ્યવસ્થા કહે છે કે જેમાં કોઈપણ પ્રકારની શારીરિક, માનસિક કે અધ્યયન અક્ષમતા ધરાવતાં બાળકો મોટાભાગનું અધ્યયન વિશિષ્ટ શાળાઓમાં કરે છે અને અમુક સમયે સામાન્ય (General) / નિયમિત (Regular) / પરંપરાગત (Traditional) શાળામાં કરે છે. સામાન્ય શાળા સાથે તેમનું જોડાણ (Involvement) ખૂબ ઓછું હોય છે. સામાન્ય શાળાનાં બાળકો સાથે તેમની સામાજિક આંતરક્રિયા થતી નથી અથવા નહીંવત પ્રમાણમાં થાય છે. તે ઉપરાંત આવી શિક્ષણ વ્યવસ્થામાં, અક્ષમતા ધરાવતાં બાળકોને અનુકૂળ આવે તેવું શાળાકીય વાતાવરણ બનાવવામાં આવતું નથી, પરંતુ આવા બાળકોએ જાતે સામાન્ય શાળાનાં વાતાવરણ સાથે અનુકૂળ થવું પડે છે.

## 2.3 સંકલિત શિક્ષણના લક્ષણો

સંકલિત શિક્ષણ અને શાળાના લક્ષણો નીચે જણાવ્યા મુજબ વર્ણવી શકાય :-

- અક્ષમતા ધરાવતાં બાળકોને મોટાભાગનું શિક્ષણ વિશિષ્ટ શાળાઓમાં આપવામાં આવે છે.
- તેમને અમુક વખતે જ મુખ્યપ્રવાહ (Main Stream) ની શાળામાં અક્ષમતા વગરનાં બાળકો સાથે શિક્ષણ આપવામાં આવે છે.
- અક્ષમતા ધરાવતાં બાળકો માટે વિશિષ્ટ અભ્યાસક્રમની રચના કરવામાં આવે છે.

– મુખ્ય પ્રવાહની શાળામાં આવીને શિક્ષણ મેળવવા માટે અક્ષમતા ધરાવતાં બાળકોએ શાળાના વાતાવરણ સાથે અનુકૂલન સાધવું પડે છે.

– મુખ્ય પ્રવાહની શાળામાં સામાન્ય બાળકો સાથે તેમની આંતરક્રિયા ખૂબ ઓછી અથવા નહિવત્ પ્રમાણમાં થાય છે.

– તેમને અનુકૂળ આવે તેવી વિવિધ પ્રકારની સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન વિશિષ્ટ વાતાવરણમાં જ કરવામાં આવે છે.

– તેમના શિક્ષણ માટે અધુનિક શૈક્ષણિક તક્નિકીનો અસરકારક અને વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે.

– તેમના શિક્ષણ માટે  આધુનિક શૈક્ષણિક તક્નિકીનો અસરકારક અને વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે.

– વિશિષ્ટ પ્રશિક્ષણ મેળવેલ શિક્ષકો દ્વારા વિશિષ્ટ શાળાના વિશિષ્ટ વાતાવરણમાં તેમને શિક્ષણ આપવામાં આવે છે. જ્યારે મુખ્ય પ્રવાહની શાળામાં ત્યાંના નિયમિત શિક્ષકો દ્વારા જ તેમને શિક્ષણ આપવામાં આવે છે.

– વાલીઓને તેમના બાળકોના અભ્યાસ અને વિકાસ અંગેની માહિતી સતત આપવામાં આવે છે અને તેઓ તેમના બાળકોનાં અભ્યાસમાં સક્રિય રસ લે તે માટે તેમનું પરામર્શન કરવામાં આવે છે.

સંકલિત શિક્ષણના ઉપરોક્ત લક્ષણોને જોતાં કહી શકાય કે તેમાં શારીરિક, માનસિક કે અધ્યયન અક્ષમતા ધરાવતાં બાળકોને અમુક વિશિષ્ટ સંજોગોમાં જ મુખ્ય પ્રવાહની નિયમિત શાળામાં શિક્ષણ આપવામાં આવે છે, જ્યારે સમાવેશક શિક્ષણમાં આવા બાળકોને સંપૂર્ણ રીતે મુખ્ય પ્રવાહની શાળાઓમાં સમાવી લેવામાં આવે છે. સમાવેશક શિક્ષણ અને સંકલિત શિક્ષણ વચ્ચે તુલના કરવાથી બન્ને પ્રકારના શિક્ષણ અંગેની સંકલ્પના એકબીજાંના સાપેક્ષમાં વધુ સ્પષ્ટ કરી શકાશે.

## 2.4 સમાવેશક અને સંકલિત શિક્ષણ વચ્ચેનો તફાવત

| | સમાવેશક શિક્ષણ | | સંકલિત શિક્ષણ |
|---|---|---|---|
| ૧. | અક્ષમતા ધરાવતાં બાળકોને મુખ્ય પ્રવાહની સામાન્ય અને નિયમિત શાળામાં શિક્ષણ આપવામાં આવે છે. | ૧. | અક્ષમતા ધરાવતાં બાળકોને વિશિષ્ટ શાળામાં શિક્ષણ આપવામાં આવે છે. |
| ૨. | અક્ષમતા ધરાવતાં બાળકોને મુખ્ય પ્રવાહની સામાન્ય શાળામાં શિક્ષણ અપાય છે અને અમુક વખતે તેમને વિશિષ્ટ શિક્ષણ આપવામાં આવે છે. | ૨. | તેમને મુખ્ય પ્રવાહની શાળામાં સામાન્ય બાળકો સાથે અમુક વખતે જ શિક્ષણ આપવામાં આવે છે. |
| ૩. | સમાવેશક શિક્ષણ માટે સંતુલિત અને બહુસ્તરીય અભ્યાસક્રમની રચના કરવામાં આવી છે. તે માટે શિક્ષણના સામાન્ય હેતુની સાથે બાળકોની કક્ષા મુજબના હેતુઓ પણ નિશ્ચિત કરવામાં આવે છે. | ૩. | અક્ષમતા ધરાવતાં અને ન ધરાવતાં બાળકો માટે શિક્ષણના હેતુઓ જુદાં-જુદાં હોય છે. તેથી કોઇ સંતુલિત અભ્યાસક્રમની રચના કરવામાં આવતી નથી. |
| ૪. | તમામ પ્રકારના બાળકોને અનુકૂળ આવે તેવાં વાતાવરણનું નિર્માણ શાળામાં કરવામાં આવે છે. | ૪. | મુખ્ય પ્રવાહની શાળામાં શિક્ષણ મેળવવા માટે અક્ષમતા ધરાવતાં બાળકોએ શાળાના વાતાવરણ સાથે અનુકૂલન સાધવું પડે છે. |
| ૫. | મુખ્ય પ્રવાહની શાળામાં સામાન્ય બાળકો અને અક્ષમતા ધરાવતાં બાળકો વચ્ચે સતત આંતરક્રિયા થાય છે. | ૫. | મુખ્ય પ્રવાહની શાળામાં સામાન્ય બાળકો અને અક્ષમતા ધરાવતાં બાળકો વચ્ચે નહિવત્ પ્રમાણમાં આંતરક્રિયા થાય છે. |
| ૬. | મુખ્ય પ્રવાહની શાળામાં અક્ષમતા ધરાવતાં અને ન ધરાવતાં બાળકો સક્રિય રીતે સહભાગી અધ્યયન કરે છે. | ૬. | અક્ષમતા ધરાવતાં અને ન ધરાવતાં બાળકો સક્રિય રીતે અનુક્રમે વિશિષ્ટ શાળામાં અને મુખ્ય પ્રવાહની શાળામાં સ્વતંત્ર રીતે અધ્યયન કરે છે. |
| ૭. | તમામ પ્રકારના બાળકો વચ્ચે જૂથ સંચલનની પ્રક્રિયા શક્ય બને છે. | ૭. | અક્ષમતા ધરાવતાં અને ન ધરાવતાં બાળકો વચ્ચે જૂથ સંચલનની પ્રક્રિયા શક્ય બનતી નથી. |
| ૮. | અમુક વખતે વિશિષ્ટ તાલીમ આપીને સામાન્ય બાળકોને અક્ષમતા ધરાવતાં બાળકો સાથે આંતરક્રિયા કરવા માટે સક્ષમ બનાવવામાં આવે છે. | ૮. | સામાન્ય બાળકોને આવી કોઇ વિશિષ્ટ તાલીમ આપવામાં આવતી નથી. |

| | |
|---|---|
| ૯. મુખ્ય પ્રવાહની શાળાના શિક્ષકોને સમાવેશક શિક્ષણ માટે વિશિષ્ટ પ્રશિક્ષણ આપવામાં આવે છે. | ૯. સંકલિત શિક્ષણ માટે મુખ્ય પ્રવાહના શિક્ષકોને વિશિષ્ટ પ્રશિક્ષણ આપવાની જરૂર રહેતી નથી. |
| ૧૦. મુખ્ય પ્રવાહની શાળામાં વિશિષ્ટ બાળકોને વિશિષ્ટ ભૌતિક સગવડો આપવામાં આવે છે. | ૧૦. વિશિષ્ટ બાળકોને વિશિષ્ટ શાળામાં ભૌતિક સગવડો આપવામાં આવે છે. |
| ૧૧. મુખ્ય પ્રવાહની શાળાના તમામ શિક્ષકો, વાલીઓ અને બાળકો સતત સક્રિય રહીને સમાવેશક શિક્ષણને સફળ બનાવે છે. | ૧૧. વિશિષ્ટ બાળકો અને તેમના વાલીઓ સંકલિત શિક્ષણની સફળતા માટે વધુ સક્રિય રહે છે. |
| ૧૨. અક્ષમતા ધરાવતાં બાળકોને ઘરની નજીકની મુખ્ય પ્રવાહની સામાન્ય શાળામાં શિક્ષણ આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. | ૧૨. અક્ષમતા ધરાવતાં બાળકો તેમને અનુકૂળ આવે તેવી વિશિષ્ટ અને સંકલિત શાળામાં શિક્ષણ મેળવે છે. |
| ૧૩. જાતિ, ધર્મ, ભાષા, શારીરિક કે માનસિક ક્ષમતા કે અક્ષમતા, પ્રદેશ, સંસ્કૃતિ જેવાં પરિબળોને આધારે કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર તમામ બાળકોને એક સાથે શિક્ષણ આપવામાં આવે છે. | ૧૩. શારીરિક કે માનસિક વિશિષ્ટ ક્ષમતા કે અક્ષમતાને કારણે વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોને સંકલિત શિક્ષણ વ્યવસ્થામાં શિક્ષણ આપવામાં આવે છે. |
| ૧૪. શાળામાં પ્રવેશ આપતી વખતે બાળકોની અક્ષમતા અંગે માહિતી મેળવીને શિક્ષણ માટે આવશ્યક વિશિષ્ટ સુવિધાઓ મુખ્ય પ્રવાહની શાળામાં પૂરી પાડવામાં આવે છે. | ૧૪. સંકલિત શિક્ષણ વ્યવસ્થામાં અક્ષમતા ધરાવતાં બાળકોને વિશિષ્ટ શાળાઓમાં જ વિશિષ્ટ સગવડો પૂરી પાડવામાં આવે છે. |
| ૧૫. બાળકો તેમની કક્ષા મુજબના અધ્યયન હેતુઓ પહેલા સિદ્ધ કરે છે. પછી સામાન્ય હેતુઓ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. | ૧૫. વિશિષ્ટ બાળકોએ સામાન્ય અધ્યયન હેતુઓ સિદ્ધ કરવાના હોતાં નથી. |
| ૧૬. વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને મુખ્ય પ્રવાહની શાળામાં જ અલગથી વિશિષ્ટ માવજત આપવામાં આવે છે. | ૧૬. વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને મુખ્ય પ્રવાહની શાળામાં અલગથી કોઇ વિશિષ્ટ માવજત આપવામાં આવતી નથી. |
| ૧૭. મુખ્ય પ્રવાહની શાળાના સામાન્ય બાળકો વિશિષ્ટ બાળકોને સહકાર આપવાની અને તેમને મદદરૂપ થવાની જવાબદારી સમજે છે તથા પૂર્ણ કરે છે. | ૧૭. વિશિષ્ટ બાળકોની કોઇ પણ પ્રકારની જવાબદારી, મુખ્ય પ્રવાહની શાળાના સામાન્ય બાળકો ઉઠાવતા નથી. |
| ૧૮. સમાજનાં મુખ્ય પ્રવાહમાં જોડાવાની સંપૂર્ણ તક વિશિષ્ટ બાળકોને પૂરી પાડવામાં આવે છે. | ૧૮. સંકલિત શિક્ષણમાં વિશિષ્ટ બાળકોને સમાજનાં મુખ્ય પ્રવાહમાં જોડાવાની પૂરતી તક મળતી નથી. |
| ૧૯. મુખ્ય પ્રવાહના શિક્ષકો સામાન્ય બાળકો અને અક્ષમતા ધરાવતાં બાળકોને એક સાથે શિક્ષણ આપે છે. તેથી તેઓ વિશિષ્ટ અધ્યાપન અધ્યયન પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. | ૧૯. મુખ્ય પ્રવાહના શિક્ષકોએ સામાન્ય બાળકો અને અક્ષમતા ધરાવતાં બાળકોને એક સાથે શિક્ષણ આપવાનું હોતું નથી. તેથી તેઓ રાબેતા મુજબની અધ્યાપન-અધ્યયન પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. |

અનેક આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય, પ્રાદેશિક અને સ્થાનિક તથા સરકારી અને બિનસરકારી સંસ્થાઓ સમાવેશક અને સંકલિત શિક્ષણને અસરકારક બનાવવા માટેના પ્રયત્નો કરે છે. તે માટે વિવિધ દેશોમાં વિશિષ્ટ શૈક્ષણિક નીતિઓ ઘડવામાં આવી છે. વિશ્વના લગભગ તમામ દેશોમાં આ પ્રકારનાં શિક્ષણ અંગે વિશિષ્ટ જોગવાઇઓ કરવામાં આવી છે. તેમ છતાં એ હકીકત છે કે હજુ સુધી લોકો અપેક્ષિત કક્ષાએ આ બન્ને પ્રકારની શિક્ષણ વ્યવસ્થાને સ્વીકારી શક્યા નથી. તેથી આજે પણ વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો માટે વિશિષ્ટ શિક્ષણ વ્યવસ્થાનું આયોજન અને અમલીકરણ કરવામાં આવે છે. આપણે વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોનાં અર્થ સાથે વિશિષ્ટ શિક્ષણ વ્યવસ્થાને સમજવાની શરૂઆત કરીશું.

## 2.5 વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો

વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો એટલે એવાં બાળકો જે કોઇ પણ કારણોસર, શિક્ષણ મેળવવામાં મુખ્ય પ્રવાહની શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોથી પાછળ રહી જાય. આવાં બાળકો તેમની વિશિષ્ટ માનસિક કે શારીરિક અક્ષમતાને કારણે કે અન્ય કોઇ કારણે એવી અધ્યયન અક્ષમતા ધરાવે છે કે જેના કારણે તેમને મુખ્ય પ્રવાહની શાળામાં સંપૂર્ણ કે આંશિક રીતે સમાવી શકાતાં નથી.

## 2.6 વિશિષ્ટ શિક્ષણનો અર્થ

અધ્યયન અક્ષમતા કે વાર્તનિક સમસ્યા ધરાવતાં અથવા કોઇ પણ પ્રકારની શારીરિક કે માનસિક

અક્ષમતા ધરાવતાં બાળકોને વિશિષ્ટ શૈક્ષણિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને વિશિષ્ટ વાતાવરણમાં વ્યક્તિગત ધોરણે શિક્ષણ આપવાની વ્યવસ્થાને વિશિષ્ટ શિક્ષણ કહે છે. આવાં બાળકો સામાન્ય બાળકોથી નોંધપાત્ર રીતે જુદાં પડે છે. તેઓ મુખ્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં તેમના સમકક્ષ અને સમવયસ્ક બાળકોની ગતિએ અધ્યયન કરી શકતાં નથી. ખાસ કરીને ગંભીર શારીરિક ખામી ધરાવતાં અને ડિસલેક્સિયા, માનસિક લકવા જેવી બિમારી ધરાવતાં બાળકો અથવા કોઈ માનસિક ખામીને કારણે અતિ નિમ્ન બુદ્ધિ કક્ષા ધરાવતાં બાળકોનો આમાં સમાવેશ થાય છે.

અમુક વિદ્વાનોને મતે અતિ મેધાવી બાળકોને પણ વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો તરીકે જોવામાં આવે છે. જો કે આપણાં અને વિશ્વનાં અનેક દેશોમાં અંધ અને મૂક બધિર બાળકોને પણ વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો તરીકે સ્વીકારવામાં આવે છે અને તેમને વિશિષ્ટ શાળાઓમાં વિશિષ્ટ રીતે શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

## 2.7 વિશિષ્ટ શિક્ષણનાં લક્ષણો

વિશિષ્ટ શિક્ષણ અને શાળાના લક્ષણો નીચે જણાવ્યા મુજબ વર્ણવી શકાય.

- વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં અને અક્ષમતા ધરાવતાં બાળકોને મુખ્ય પ્રવાહની શાળામાં નહીં પરંતુ વિશિષ્ટ શાળાઓમાં શિક્ષણ આપવામાં આવે છે.
- આવાં બાળકો માટે વિશિષ્ટ અભ્યાસક્રમોની રચના કરવામાં આવે છે.
- તેમના માટેના અધ્યયનનાં હેતુઓ સામાન્ય બાળકો માટેના અધ્યયનનાં હેતુઓ કરતાં જુદાં અને પ્રમાણમાં હળવાં હોય છે. જો કે મેધાવી બાળકો માટે વિશિષ્ટ શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી હોય તો તેમના માટેના અધ્યયનના હેતુઓ સામાન્ય કરતાં ઉચ્ચ કક્ષાનાં હોય છે.
- વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોને અનુકૂળ આવે તેવાં શૈક્ષણિક વાતાવરણની રચના વિશિષ્ટ શાળામાં કરવામાં આવે છે.
- તેમને અનુકૂળ આવે તેવી વિવિધ પ્રકારની સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન વિશિષ્ટ વાતાવરણમાં કરવામાં આવે છે.
- આધુનિક શૈક્ષણિક તક્નિકીનો વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે.
- આવી શિક્ષણ વ્યવસ્થામાં વિશિષ્ટ પ્રશિક્ષણ મેળવેલ શિક્ષકો દ્વારા વિશિષ્ટ વાતાવરણમાં શિક્ષણ આપવામાં આવે છે.
- બાળકોનાં અભ્યાસ અને વિકાસ અંગેની માહિતી તેમના વાલીઓને સતત આપવામાં આવે છે.
- વિશિષ્ટ બાળકોનાં વાલીઓ, તેમના બાળકોનાં અભ્યાસમાં સક્રિય રસ લે તે માટે તેમનું પરામર્શન કરવામાં આવે છે.

વિશિષ્ટ શિક્ષણના ઉપરોક્ત લક્ષણોને જોતાં કહી શકાય કે તેમાં શારીરિક કે માનસિક અક્ષમતા ધરાવતાં બાળકોને મુખ્ય પ્રવાહની નિયમિત શાળામાં શિક્ષણ આપવામાં આવતું નથી, જ્યારે સમાવેશક શિક્ષણમાં આવાં બાળકોને સંપૂર્ણ રીતે મુખ્ય પ્રવાહની શાળાઓમાં સમાવી લેવામાં આવે છે જ્યારે સંકલિત શિક્ષણમાં વિશિષ્ટ બાળકોને અમુક સમયે મુખ્ય પ્રવાહની શાળામાં શિક્ષણ આપવામાં આવે છે. સમાવેશક શિક્ષણ અને સંકલિત શિક્ષણ સાથે વિશિષ્ટ શિક્ષણની તુલના કરવાથી વિશિષ્ટ શિક્ષણ અંગેની સંકલ્પના સાપેક્ષ રીતે વધુ સ્પષ્ટ કરી શકાશે.

## 2.8 સમાવેશક અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચેનો તફાવત

| સમાવેશક શિક્ષણ | સંકલિત શિક્ષણ |
|---|---|
| ૧. અક્ષમતા ધરાવતાં બાળકોને મુખ્ય પ્રવાહની સામાન્ય અને નિયમિત શાળામાં શિક્ષણ આપવામાં આવે છે. | ૧. વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોને વિશિષ્ટ શાળાઓમાં શિક્ષણ આપવામાં આવે છે. |
| ૨. અક્ષમતા ધરાવતાં બાળકોને મુખ્ય પ્રવાહની સામાન્ય શાળામાં શિક્ષણ અપાય છે અને અમુક વખતે તેમને વિશિષ્ટ શિક્ષણ આપવામાં આવે છે. | ૨. તેમને મુખ્યપ્રવાહની શાળામાં શિક્ષણ આપવામાં આવતું નથી. |
| ૩. સમાવેશક શિક્ષણ માટે સંતુલિત અને બહુસ્તરીય અભ્યાસક્રમની રચના કરવામાં આવી છે. તે માટે શિક્ષણના સામાન્ય હેતુની સાથે બાળકોની કક્ષા મુજબના હેતુઓ પણ નિશ્ચિત કરવામાં આવે છે. | ૩. વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો માટે વિશિષ્ટ અભ્યાસક્રમની રચના કરવામાં આવે છે. કારણ કે તેમના માટેના શિક્ષણના હેતુઓ વિશિષ્ટ હોય છે. |
| ૪. તમામ પ્રકારના બાળકોને અનુકૂળ આવે તેવાં વાતાવરણનું નિર્માણ શાળામાં કરવામાં આવે છે. | ૪. વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોને અનુકૂળ આવે તેવાં વાતાવરણનું શાળામાં નિર્માણ કરવામાં આવે છે. |
| ૫. મુખ્ય પ્રવાહની શાળામાં સામાન્ય બાળકો અને અક્ષમતા ધરાવતાં બાળકો વચ્ચે સતત આંતરક્રિયા થાય છે. | ૫. વિશિષ્ટ શાળાનાં શિક્ષકોએ ફક્ત વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોને શિક્ષણ આપવાનું હોય છે. તેથી તેઓ આવાં બાળકોને અનુકૂળ આવે તેવી અધ્યાપન-અધ્યયન પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. |
| ૬. મુખ્ય પ્રવાહની શાળામાં અક્ષમતા ધરાવતાં અને ન ધરાવતાં બાળકો સક્રિય રીતે સહભાગી અધ્યયન કરે છે. | ૬. વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો વિશિષ્ટ શાળામાં મોટાભાગે સ્વતંત્ર રીતે અધ્યયન કરે છે. |
| ૭. તમામ પ્રકારના બાળકો વચ્ચે જૂથ સંચલનની પ્રક્રિયા શક્ય બને છે. | ૭. વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો વચ્ચે જ જૂથ સંચલનની પ્રક્રિયા શક્ય બની શકે છે. |
| ૮. અમુક વખતે વિશિષ્ટ તાલીમ આપીને સામાન્ય બાળકોને અક્ષમતા ધરાવતાં બાળકો સાથે આંતરક્રિયા કરવા માટે સક્ષમ બનાવવામાં આવે છે. | ૮. વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં અને સામાન્ય બાળકો વચ્ચે કોઇ પણ પ્રકારની આંતરક્રિયા થતી નથી. |
| ૯. મુખ્ય પ્રવાહની શાળાના શિક્ષકોને સમાવેશક શિક્ષણ માટે વિશિષ્ટ પ્રશિક્ષણ આપવામાં આવે છે. | ૯. શિક્ષકોને વિશિષ્ટ શિક્ષણ માટે વિશિષ્ટ શિક્ષણ માટે વિશિષ્ટ પ્રશિક્ષણ આપવામાં આવે છે. |
| ૧૦. મુખ્ય પ્રવાહની શાળામાં વિશિષ્ટ બાળકોને વિશિષ્ટ ભૌતિક સગવડો આપવામાં આવે છે. | ૧૦. વિશિષ્ટ બાળકો વિશિષ્ટ શાળામાં જ વિશિષ્ટ ભૌતિક સગવડો આપવામાં આવે છે. |
| ૧૧. મુખ્ય પ્રવાહની શાળાના તમામ શિક્ષકો, વાલીઓ અને બાળકો સતત સક્રિય રહીને સમાવેશક શિક્ષણને સફળ બનાવે છે. | ૧૧. વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો, તેમના શિક્ષકો તથા વાલીઓ વિશિષ્ટ શિક્ષણની સફળતા માટે સક્રિય રહે છે. |
| ૧૨. અક્ષમતા ધરાવતાં બાળકોને ઘરની નજીકની મુખ્ય પ્રવાહની સામાન્ય શાળામાં શિક્ષણ આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. | ૧૨. વિશિષ્ટ બાળકો તેમને અનુકૂળ આવે તેવી વિશિષ્ટ શાળામાં વિશિષ્ટ શિક્ષણ મેળવે છે. |
| ૧૩. જાતિ, ધર્મ, ભાષા, શારીરિક કે માનસિક ક્ષમતા કે અક્ષમતા, પ્રદેશ, સંસ્કૃતિ જેવાં પરિબળોને આધારે કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર તમામ બાળકોને એક સાથે શિક્ષણ આપવામાં આવે છે. | ૧૩. વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોને વિશિષ્ટ શિક્ષણ વ્યવસ્થામાં સાંકળવામાં આવે છે. |
| ૧૪. શાળામાં પ્રવેશ આપતી વખતે બાળકોની અક્ષમતા અંગે માહિતી મેળવીને શિક્ષણ માટે આવશ્યક વિશિષ્ટ સુવિધાઓ મુખ્ય પ્રવાહની શાળામાં પૂરી પાડવામાં આવે છે. | ૧૪. વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોને વિશિષ્ટ શાળામાં આવશ્યક વિશિષ્ટ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. |
| ૧૫. બાળકો તેમની કક્ષા મુજબના અધ્યયન હેતુઓ પહેલા સિદ્ધ કરે છે. પછી સામાન્ય હેતુઓ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. | ૧૫. વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોએ તેમના માટે નિશ્ચિત કરવામાં આવેલાં અધ્યયન હેતુઓ સિદ્ધ કરવાના હોય છે. |
| ૧૬. વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને મુખ્ય પ્રવાહની શાળામાં જ અલગથી વિશિષ્ટ માવજત આપવામાં આવે છે. | ૧૬. બાળકોને વિશિષ્ટ શાળામાં જ વિશિષ્ટ માવજત આપવામાં આવે છે. |
| ૧૭. મુખ્ય પ્રવાહની શાળાના સામાન્ય બાળકો વિશિષ્ટ બાળકોને સહકાર આપવાની અને તેમને મદદરૂપ થવાની જવાબદારી સમજે છે તથા પૂર્ણ કરે છે. | ૧૭. વિશિષ્ટ શાળામાં સામાન્ય બાળકો હોતા નથી તેથી આવી કોઇ પરિસ્થિતિ ઊભી થતી નથી. |
| ૧૮. સમાજનાં મુખ્ય પ્રવાહમાં જોડાવાની સંપૂર્ણ તક વિશિષ્ટ બાળકોને પૂરી પાડવામાં આવે છે. | ૧૮. વિશિષ્ટ શાળામાં વિશિષ્ટ બાળકોને આવી તક મળતી નથી. |

## 2.9 સંકલિત અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચેનો તફાવત

સંકલિત અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચેની તુલના નીચે જણાવ્યા મુજબ કરી શકાય.

| સંકલિત શિક્ષણ | વિશિષ્ટ શિક્ષણ |
|---|---|
| ૧. અક્ષમતા ધરાવતાં બાળકોને અમુક વિશિષ્ટ સંજોગોમાં મુખ્ય પ્રવાહની નિયમિત શાળાઓમાં શિક્ષણ આપવામાં આવે છે. | ૧. અક્ષમતા ધરાવતાં બાળકોને તેમના માટેનિ વિશિષ્ટ શાળાઓમાં સંપૂર્ણ શિક્ષણ આપવામાં આવે છે. |
| ૨. મુખ્ય પ્રવાહની શાળામાં શિક્ષણ મેળવવા માટે અક્ષમતા ધરાવતાં બાળકોએ શાળાના વાતાવરણ સાથે અનુકૂલન સાધવું પડે છે. | ૨. શાળાનું વાતાવરણ વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોને અનુકૂળ આવે તેવું બનાવવામાં આવે છે. |
| ૩. મુખ્ય પ્રવાહના શિક્ષકોએ સામાન્ય બાળકો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનું હોય છે તેથી તેઓ તેમના માટે ઉપયોગી એવી અધ્યાપન-અધ્યયન પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. | ૩. વિશિષ્ટ શાળાનાં શિક્ષકોએ ફક્ત વિશિષ્ટ બાળકોને નિયમિત રીતે શિક્ષણ આપવાનું હોય છે. તેથી તેઓ વિશિષ્ટ બાળકોને અનુકૂળ આવે તેવી અધ્યાપન પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. |
| ૪. અક્ષમતા ધરાવતાં બાળકો મુખ્ય પ્રવાહની શાળામાં સ્વતંત્ર રીતે અધ્યયન કરી શકતાં નથી કારણ કે તેમને ત્યાં અનુકૂળ વાતાવરણ મળતું નથી. | ૪. વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો પોતાનાં વાતાવરણમાં સ્વતંત્ર રીતે અધ્યયન કરે છે. |
| ૫. જાતિ, ધર્મ, ભાષા, શારીરિક કે માનસિક ક્ષમતા અથવા અક્ષમતા, પ્રદેશ, સંસ્કૃતિને આધારે કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર તમામ બાળકોને એક સાથે શિક્ષણ આપવામાં આવે છે. | ૫. શારીરિક કે માનસિક વિશિષ્ટ ક્ષમતા કે અક્ષમતાને કારણે વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોને અન્ય કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર વિશિષ્ટ શાળામાં શિક્ષણ આપવામાં આવે છે. |
| ૬. વિશિષ્ટ બાળકોને સમાજનાં મુખ્ય પ્રવાહમાં જોડાવાની થોડી ઘણી તક મળે છે. | ૬. વિશિષ્ટ બાળકોને સમાજનાં મુખ્ય પ્રવાહમાં જોડાવાની તક મળતી નથી. |
| ૭. સંકલિત શિક્ષણ માટે મુખ્ય પ્રવાહના શિક્ષકોને વિશિષ્ટ પ્રશિક્ષણ આપવાની જરૂર રહેતી નથી. | ૭. વિશિષ્ટ શિક્ષણ માટે શિક્ષકોને વિશિષ્ટ પ્રશિક્ષણ આપવામાં આવે છે. |
| ૮. અક્ષમતા ધરાવતાં બાળકો વચ્ચે જૂથ સંચલનની પ્રક્રિયા શક્ય બનતી નથી. | ૮. અક્ષમતા ધરાવતાં બાળકો વચ્ચે જૂથ સંચલનની પ્રક્રિયા શક્ય બને છે. |
| ૯. વિશિષ્ટ બાળકો અને તેમના વાલીઓ સંકલિત શિક્ષણની સફળતા માટે વધુ સક્રિય રહે છે. | ૯. વિશિષ્ટ બાળકો અને વાલીઓની સાથે શિક્ષકો પણ વિશિષ્ટ શિક્ષણની સફળતા માટે વધુ સક્રિય રહે છે. |

## 2.10 સારાંશ

સમાવેશક શિક્ષણના હાર્દને સમજવા માટે સંકલિત અને વિશિષ્ટ શિક્ષણની સંકલ્પના અંગે સ્પષ્ટતા મેળવવી જરૂરી છે. પ્રસ્તુત એકમમાં આપણે તેના વિશે ચર્ચા કરી છે. ત્રણેય પ્રકારનાં શિક્ષણની એકબીજાં સાથે તુલના કરીને સમાવેશક શિક્ષણની પ્રાસંગિકતા પણ અહીં સ્પષ્ટ કરવામાં આવી છે.

## 2.11 તમારી પ્રગતિ ચકાસો

**1. સંકલિત / એકીકૃત શિક્ષણનો અર્થ સ્પષ્ટ કરો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**2. સંકલિત શિક્ષણના લક્ષણો જણાવો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..................................................................

..................................................................

..................................................................

3. સમાવેશક અને સંકલિત શિક્ષણ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોનો અર્થ સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. વિશિષ્ટ શિક્ષણનો અર્થ સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

6. વિશિષ્ટ શિક્ષણના લક્ષણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

7. સમાવેશક અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

8. સંકલિત અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

# એકમ 3 અક્ષમતા ( Disability )

## : રૂપરેખા :

3.0 પ્રસ્તાવના
3.1 ઉદ્દેશો
3.2 અક્ષમતાનો અર્થ
3.3 પ્રારંભિક કક્ષાએ અક્ષમતાની ઓળખની જરૂરિયાત
3.4 અક્ષમતાના પ્રકાર
3.5 શારીરિક અક્ષમતા
3.5.1 શારીરિક અક્ષમતાને આધારે બાળકોનું વર્ગીકરણ
(a) આંગિક અક્ષમતા
(b) ઇન્દ્રિયજન્ય અક્ષમતા
(c) મિશ્ર અક્ષમતા
3.6 શારીરિક અક્ષમતાના કારણો
3.7 શારીરિક અક્ષમતાની અધ્યયન પર અસરો
3.8 શારીરિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના
3.9 સારાંશ
3.10 તમારી પ્રગતિ ચકાસો

## 3.0 પ્રસ્તાવના

અગાઉનાં પ્રકરણોમાં આપણે સમાવેશક, સંકલિત અને વિશિષ્ટ શિક્ષણ અંગે ચર્ચા કરી ગયા છીએ. આજે, શિક્ષણ અને માનવ અધિકાર માટેની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલી અનેક સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પક્ષપાત રહિત અને શિક્ષણની સમાન તક અંગે મોટા પાયે પ્રચાર કરી રહી છે. તેથી વિશ્વના તમામ દેશોમાં એવી શિક્ષણ વ્યવસ્થા ગોઠવવાના પ્રયત્નો થઇ રહ્યાં છે જેમાં અક્ષમતા ધરાવતાં બાળકોનાં શિક્ષણ માટે ખાસ જોગવાઈઓ કરવામાં આવે. અક્ષમતા ધરાવતાં બાળકો માટે વિશિષ્ટ પ્રકારની વ્યવસ્થા ગોઠવવી પડે છે. તેથી બાળકોને અક્ષમતાને આધારે અનુકૂળ શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવાના પ્રયત્નો પણ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે. આવા પ્રયત્નો ત્યારે જ સફળ થઇ શકે કે જ્યારે શિક્ષકને વિવિધ પ્રકારની અક્ષમતા ધરાવતાં બાળકોની લાક્ષણિકતાઓની સમજ હોય. આ હકીકતને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત પ્રકરણમાં તથા હવે પછીના કેટલાંક પ્રકરણોમાં બાળકોની વિવિધ પ્રકારની અક્ષમતાઓ વિશે ચર્ચા કરવામાં આવી છે.

## 3.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે :-

– અક્ષમતાનો અર્થ અને તેના પ્રકાર જણાવી શકશો.

– શારીરિક અક્ષમતાનો અર્થ અને અધ્યયન પર તેની અસર સમજાવી શકશો.

– શારીરિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના સ્પષ્ટ કરી શકશો.

## 3.2 અક્ષમતાનો અર્થ

એવી કોઇ પણ પ્રકારની શારીરિક કે માનસિક અવસ્થાને અક્ષમતા કહે છે કે જે વ્યક્તિની ઇન્દ્રિયો કે શરીરનાં એક અથવા વધુ અંગોની સામાન્ય કાર્યક્ષમતામાં કાં તો ઘટાડો કરે અથવા તેમને બિનકાર્યક્ષમ બનાવી દે. જેના કારણે વ્યક્તિ તેની વયકક્ષાએ, સામાન્ય સંજોગોમાં કરી શકાતાં કાર્યો માટે આવશ્યક સામર્થ્ય કેળવવામાં અસમર્થ બને. આવી શારીરિક કે માનસિક અક્ષમતા ધરાવતી વ્યક્તિને અક્ષમ વ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે.

અક્ષમ બાળકને અંગ્રેજીમં Disabled Child કહેતા હતાં. પરંતુ હવે આવાં બાળકને આંતરરાષ્ટ્રીય કક્ષાએ Differently Abled Child કહે છે.

આવાં બાળકો માટે, ભારતમાં પહેલાં વિકલાંગ શબ્દનો ઉપયોગ થતો હતો. હાલમાં ભારતમાં અક્ષમતા ધરાવતી વ્યક્તિ માટે દિવ્યાંગ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા આકાશવાણી પર પ્રસારિત થતા 'મન કી બાત' કાર્યક્રમમાં 27મી ડિસેમ્બર 2016ના રોજ અક્ષમતા ધરાવતી વ્યક્તિને 'દિવ્યાંગ' શબ્દ દ્વારા સંબોધવાની અપીલ કરી હતી. ત્યારથી અક્ષમતા ધરાવતી વ્યક્તિઓને નવી ઓળખ મળી છે.

અમુક અક્ષમતા જન્મજાત હોય છે. એટલે કે બાળક, અમુક અક્ષમતા સાથે જ જન્મે છે. અમુક અક્ષમતા, વ્યક્તિના જન્મ પછી, બીમારી, અકસ્માત અથવા આઘાત જનક ઘટનાને કારણે ઉદ્‌ભવતી હોય છે. જે, વ્યક્તિની શારીરિક અથવા માનસિક ક્ષમતાઓને મર્યાદિત કરી દે છે.

અક્ષમતા ધરાવતાં બાળકોની અક્ષમતાની ઓળખ પ્રારંભિક કક્ષાએ થાય તો તેમની અનેક સમસ્યાઓ દૂર કરી શકાય છે અથવા હળવી કરી શકાય છે.

## 3.3 પ્રારંભિક કક્ષાએ અક્ષમતાની ઓળખની જરૂરિયાત

બાળકની અક્ષમતા તેની પ્રારંભિક કક્ષાએ ઓળખાઇ જવાથી નીચે જણાવેલ પગલાં યોગ્ય રીતે લઇ શકાય છે.

- માતા-પિતા બાળકનો ઉપચાર પ્રારંભિક કક્ષાએ કરાવી શકે છે. જેના પરિણામે અક્ષમતા દૂર કરવામાં અથવા અક્ષમતાનો વિકાસ અટકાવવામાં સફળતા મળવાની સંભાવના વધી જાય છે.
- માતા-પિતા પ્રારંભિક કક્ષાએ આવાં બાળકનાં ઉછેર માટે શરૂઆતથી આવશ્યક કાળજી લઇ શકે છે.
- માતા-પિતા અને કુટુંબના અન્ય સભ્યો આવાં બાળકનાં ઉછેર માટે પોતાને સ્વસ્થતાપૂર્વક માનસિક રીતે તૈયાર કરી શકે છે.
- સરકાર અથવા બિનસરકારી સંસ્થાઓ દ્વારા આવાં બાળકોને મળતી સહાયનો યોગ્ય સમયે લાભ મેળવી શકાય છે.
- અક્ષમતાની શરૂઆતમાં નિષ્ણાત વ્યક્તિઓની સલાહ લઇને આવાં બાળકોનાં શિક્ષણ માટેની આવશ્યક વ્યવસ્થા યોગ્ય સમયે કરી શકાય છે.
- અક્ષમતાના પ્રકારને આધારે માતા-પિતા, બાળકનાં શિક્ષણ માટે યોગ્ય શૈક્ષણિક સંસ્થાની પસંદગી કરી શકે છે.
- શાળા કક્ષાએ આવાં બાળકોનાં શિક્ષણ માટેની આવશ્યક વ્યવસ્થા યોગ્ય સમયે કરી શકાય છે.
- શાળામાં, અક્ષમતા ધરાવતાં બાળકો સાથે સહકારભર્યો વ્યવહાર કરવા માટે અન્ય સામાન્ય બાળકોને પહેલાંથી જ માનસિક રીતે તૈયાર કરી શકાય છે.
- અક્ષમતા ધરાવતાં બાળકો અંગેની માહિતી પ્રારંભિક કક્ષાએ જ મળવાથી, સરકાર તેમના કલ્યાણ અને વિકાસ માટેના કાર્યક્રમોનું યોગ્ય સમયે આયોજન અને અમલીકરણ કરી શકે છે.

ઉપર જણાવેલાંમાંથી મોટાભાગનાં પગલાંઓ લેવાં માટે બાળકની અક્ષમતાનો પ્રકાર પ્રારંભિક કક્ષાએ જાણવો ખૂબ જરૂરી છે.

## 3.4 અક્ષમતાના પ્રકાર

જુદાં-જુદાં માપદંડોને આધારે વિવિધ રીતે અક્ષમતાના પ્રકાર દર્શાવી શકાય છે. તમામ પ્રકારની અક્ષમતાને નીચે જણાવ્યા પ્રમાણે મુખ્ય બે વિભાગોમાં વહેંચી શકાય છે.

1. શારીરિક અક્ષમતા (Physical Disability)
2. માનસિક અક્ષમતા (Mental Disability)

અક્ષમતાને કારણે બાળકમાં હલન-ચલન સાથે સંકળાયેલી સમસ્યા અને વાર્તનિક, સાંવેગિક કે મનોવૈજ્ઞાનિક સમસ્યા ઉદ્ભવી શકે છે. કેટલીક અક્ષમતા, બાળકનાં જન્મથી જ જોવા મળે છે તો અમુક અક્ષમતા અકસ્માત, બિમારી અથવા અન્ય પરિબળોને કારણે, જન્મ પછી ઉદ્ભવે છે. આમાંની કેટલીક અક્ષમતાઓ, તેમના કારણો તથા તેમના શૈક્ષણિક ફલિતાર્થો અંગે આપણે પ્રસ્તુત પુસ્તકમાં ચર્ચા કરીશું.

## 3.5 શારીરિક અક્ષમતા (Physical Disability)

એવી અક્ષમતા કે જે શરીરના કોઇ એક અથવા વધુ અંગોમાં ઉદ્ભવતી ક્ષતિને કારણે વ્યક્તિને આંશિક કે સંપૂર્ણ રીતે તે અંગ કે અંગોનો સામાન્ય ઉપયોગ કરવામાં અક્ષમ બનાવે છે તેને શારીરિક અક્ષમતા કહે છે. વ્યક્તિ, આવાં અંગો પરનું નિયંત્રણ ગુમાવી દે છે અથવા તેમને આંશિક રીતે જ નિયંત્રિત કરી શકે છે. જેમ કે હાછ, પગ, આંખ, કાન, જીભ, સ્વરપેટી વગેરે જેવાં અંગોમાં આંશિક કે સંપૂર્ણ ખામી ઉદ્ભવે તો વ્યક્તિ, સંપૂર્ણ ક્ષમતા સાથે તેમનો ઉપયોગ કરી શકતી નથી.

આમ શરીરના કોઇ અંગ કે જ્ઞાનેન્દ્રિયમાં ઊભી થતી ખામીને કારણે શારીરિક અક્ષમતા ઉદ્ભવે છે અથવા વિકસિત થાય છે.

### 3.5.1 શારીરિક અક્ષમતાને આધારે બાળકોનું વર્ગીકરણ (Classification of Children on the Basis of Physical Disability)

વિવિધ પ્રકારની શારીરિક અક્ષમતાને આધારે બાળકોને નીચે જણાવ્યા પ્રમાણેના વર્ગોમાં વહેંતી શકાય છે.

**(a) આંગિક અક્ષમતા ધરાવતાં બાળકો (Children with Organal Disability)**

હાથ, પગ, જીભ અથવા શરીરનું કોઇ અન્ય અંગ ક્ષતિગ્રસ્ત થાય અથવા તેની અપેક્ષિત કક્ષાએ કામ ન કરી શકે તો તેને આંગિક અક્ષમતા કહે છે. આના કારણે બાળકોને ચાલવા, લખવા, બેસવા, ઊઠવા અને બોલવાનાં કાર્યોમાં મુશ્કેલી પડે છે. આવી અક્ષમતા ધરાવતાં બાળકોને આંગિક અક્ષમતા ધરાવતાં બાળકો તરીકે ઓળખવામાં આવે છે.

**(b) ઇન્દ્રિયજન્ય અક્ષમતા ધરાવતાં બાળકો (Children with Sense Related Disability)**

જ્ઞાનેન્દ્રિયોની ખામીને કારણે ઉદ્ભવતી અક્ષમતાને ઇન્દ્રિયજન્ય અક્ષમતા કહે છે. આમાં ખાસ કરીને દૃષ્ટિની ખામી અને સાંભળવાની ખામીનો સમાવેશ થાય છે. આવી અક્ષમતા ધરાવતાં બાળકોને ઇન્દ્રિયજન્ય અક્ષમતા ધરાવતાં બાળકો તરીકે ઓળખવામાં આવે છે.

**(c) મિશ્ર અક્ષમતા ધરાવતાં બાળકો (Children with Multiple Disability)**

જ્યારે બાળક એક કરતાં વધુ પ્રકારની શારીરિક અક્ષમતા ધરાવતું હોય તો તેને મિશ્ર અક્ષમતા તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. બાળક પહેરું અને મૂગું હોય. આવી અક્ષમતા ધરાવતાં બાળકોને મિશ્ર અક્ષમતા ધરાવતાં બાળકો તરીકે ઓળખવામાં આવે છે.

## 3.6 શારીરિક અક્ષમતાના કારણો

શારીરિક અક્ષમતાના મુખ્ય કારણો નીચે મુજબ જણાવી શકાય.

**(1) અકસ્માત (Accident)**

અકસ્માતને કારણે અમુક વખતે વ્યક્તિ અમુક અંગ ગુમાવી દે છે અથવા તેના અમુક અંગોમાં ખામી પેદા થાય છે. જે, તેની શારીરિક અક્ષમતામાં પરિણમે છે, પરિણામે વ્યક્તિ આવાં અંગોનો બિલ્કુલ ઉપયોગ કરી શકતી નથી અથવા આંશિક ઉપયોગ કરી શકે છે. જેમ કે અકસ્માતને કારણે વ્યક્તિના પગમાં ઊભી થતી ખામીને કારણે કાં તો તે સામાન્ય માણસની જેમ ચાલી શકતી નથી, લંગડાતી ચાલે છે અથવા કોઇ વિશિષ્ટ સાધનની મદદથી ચાલે છે.

અમુક કિસ્સાઓમાં, અકસ્માતને કારણે વ્યક્તિ કાયમ માટે પથારીવશ થઇ જાય છે. તેથી સામાન્ય દૈનિક ક્રિયાઓ કરવા માટે તેણે અન્ય વ્યક્તિઓની મદદ લેવી પડે છે.

અકસ્માતને કારણે અમુક વખતે વ્યક્તિની દૃષ્ટિ, શ્રવણ કે વાક શક્તિ પર નકારાત્મક અસર પડે છે. જેના કારણે તે સંપૂર્ણ કે આંશિક અંધત્વ અથવા બહેરાશ ધરાવતી થઇ જાય છે અથવા બોલવાની શક્તિ ગુમાવી દે છે.

માથા પર અથવા કરોડરજ્જુ પર થતાં આકસ્મિક આઘાતને કારણે અમુક વખતે વ્યક્તિના અમુક અંગો કામ કરતાં બંધ થઇ જાય છે અથવા આંશિક રીતે કામ કરતાં થઇ જાય છે.

**(2) ગર્ભમાં બાળકનો અપૂરતો વિકાસ (Insufficient Development of Child in Womb)**

અમુક વખતે માતાનાં ગર્ભમાં બાળકનો અપૂરતો વિકાસ થાય છે. માતા કુપોષણનો શિકાર બની હોય ત્યારે આથી શક્યતા વધી જાય છે. પરિણામે બાળક અમુક શારીરિક ક્ષતિ સાથે જન્મ લે છે તેથી તેના અમુક અંગો સંપૂર્ણ અથવા આંશિક રીતે બિનકાર્યક્ષમ બને છે.

**(3) બીમારી (Disease)**

ગંભીર બીમારીને કારણે બાળક અમુક અંગો પરનો કાબુ ગુમાવી દે છે. જેના કારણે તેનામાં શારીરિક અક્ષમતા ઉદ્ભવે છે. જેમ કે પક્ષાઘાત (Polio), મસ્તિષ્ક પક્ષાઘાત (મગજનો લકવો) (Cerebral Palsy), સ્વલીનતા (Autism) વગેરે જેવી બીમારીને કારણે બાળક અમુક કે તમામ અંગો પરનો કાબુ ગુમાવી દે છે. જેથી તે હલન ચલનની શક્તિ ગુમાવી દે છે. તેથી બાળકમાં શારીરિક અક્ષમતાનો વિકાસ થાય છે.

અમુક કિસ્સામાં ગંભીર બીમારી અથવા રક્તચાપ (Blood Pressure) ની અનિયમિતતાને કારણે બાળક જોવા, સાંભળવા કે બોલવાની શક્તિ ગુમાવી દે છે.

**(4) બીમારી સમયે અયોગ્ય ઉપચાર (Improper Remedies During Illness)**

અમુક વખતે, બીમારીનું ખોટું નિદાન થવાને કારણે બાળકનો અયોગ્ય ઉપચાર થાય છે. જેની અસર તેની ઇન્દ્રિયો કે શારીરિક અંગો પર પડે છે. પરિણામે તે શારીરિક અક્ષમતાનો શિકાર બને છે.

**(5) માનસિક અક્ષમતા (Mental Disability)**

અમુક કિસ્સાઓમાં, ચોક્કસ પ્રકારની માનસિક અક્ષમતા, બાળકોની શારીરિક અક્ષમતાઓના વિકાસનું કારણ બને છે. બાળકનો પૂરતો માનસિક વિકાસ ન થયો હોય કે કોઇ માનસિક બીમારીને કારણે મગજ પર તેનો કાબુ ન રહેતો હોય તો તે અન્ય સામાન્ય બાળકોની જેમ પોતાનાં શારીરિક અંગોનું નિયંત્રણ કરી શકતું નથી. પરિણામે તે તેનાં અંગો સાથે સંકળાયેલી પ્રવૃત્તઓ કરવામાં અક્ષમ બને છે. જેથી તેનામાં શારીરિક અક્ષમતાનો વિકાસ થાય છે. જેમ કે મગજના લકવાના રોગને કારણે બાળક અમુક અંગો પરનું નિયંત્રણ ખોઇ બેસે છે અને તેનામાં શારીરિક અક્ષમતાનો વિકાસ થાય છે.

## 3.7 શારીરિક અક્ષમતાની અધ્યયન પર અસરો

જુદાં-જુદાં પ્રકારની શારીરિક અક્ષમતાઓની બાળકનાં અધ્યયન પર જુદી જુદી અસરો પડે છે. તેથી વિવિધ પ્રકારની શારીરિક અક્ષમતાની બાળકનાં અધ્યયન પર પડતી વિશિષ્ટ અસરો જાણવા માટે અલગ-અલગ અભ્યાસ કરવો પડે. તમામ પ્રકારની શારીરિક અક્ષમતાની બાળકનાં અધ્યયન પર પડતી કેટલીક સામાન્ય અસરો નીચે મુજબ જણાવી શકાય.

- અમુક શારીરિક અક્ષમતાઓને કારણે બાળક, લાંબા ગાળા સુધી એક જગ્યાએ બેસી શકતું નથી. તેથી વર્ગખંડમાં અમુક વખતે તે બેધ્યાન બની જાય છે. જેની, તેની અધ્યયન ક્ષમતા પર નકારાત્મક અસર પડે છે.
- મોટા ભાગની શારીરિક અક્ષમતાને કારણે હલન-ચલન સાથે સંકળાયેલી કેટલીક શૈક્ષણિક પ્રવૃત્તિઓ યોગ્ય રીતે કરી શકતું નથી. પરિણામે તેની અધ્યયન ક્ષમતા ઘટે છે. જેમ કે બાળકનાં હાથ, કામ ન કરતા હોય તો, તે ચિત્રકામ, નકશાપૂર્તિ, લેખનકાર્ય અને અન્ય પ્રાયોગિક કાર્યો કરી શકતું નથી.
- હાથ અને પગમાં ઊભી થતી ખામીને કારણે બાળક, રમત-ગમતની અમુક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકતું નથી. જેની અસર તેનાં સર્વાંગીણ વિકાસ પર પડે છે.
- હાથ કે પગની ખામીને કારણે બાળક, સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકતું નથી અથવા ફક્ત મર્યાદિત સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે છે. પરિણામે તે આવી પ્રવૃત્તિઓ દ્વારા થતું (ગુપ્ત) અધ્યયન કરી શકતું નથી.
- આવી પ્રવૃત્તિઓમાં ભાગ નહીં લેવાને કારણે તેનો સામાજિક વિકાસ અવરોધાય છે.
- અક્ષમતાને કારણે અમુક બાળકો વખતે લઘુતાગ્રંથિ અનુભવે છે. તેથી સામાન્ય બાળકો સાથે તેઓ અનુકૂલન સાધી શકતાં નથી. પરિણામે અન્ય બાળકો સાથે, તેઓ યોગ્ય રીતે સામાજિક આંતરક્રિયા કરી શકતાં નથી. તેથી તેમનો સામાજિક વિકાસ અવરોધાય છે. જેની અસર તેમના સર્વાંગીણ વિકાસ પર પડે છે.
- દૃષ્ટિની ખામીને કારણે બાળકનાં અવલોકન કૌશલ્યનો વિકાસ થતો નથી. તેથી તે, અવલોકન દ્વારા થતું અધ્યયન કરી શકતું નથી.
- દૃષ્ટિની ખામીને કારણે બાળકની લેખન અને વાચન કૌશલ્યનો વિકાસ થઈ શકતો નથી. જેની અસર તેમની અધ્યયન ક્ષમતા પર પડે છે.
- ચિત્રકામ, વિજ્ઞાન કે ભૂગોળ જેવા વિષયો કે જેમાં પ્રયોગો અથવા આકૃતિઓ દ્વારા સમજ વિકસાવવાની હોય તેવા વિષયોમાં અંધ બાળકો પૂરતી સમજ કેળવી શકતાં નથી. પરિણામે તેમની અધ્યયન ક્ષમતા ઘટે છે.
- અંધ બાળકો માટે બ્રેઈલ લિપિમાં તૈયાર થયેલી અધ્યયન સામગ્રી કે સંદર્ભ સામગ્રી મર્યાદિત હોય છે. તેથી આવાં બાળકોએ અધ્યયન માટે ઓડીઓ ટેપ રેકોર્ડર, ઓડીઓ સીડી પ્લેયર જેવાં અન્ય સહાયક સાધનો અથવા અન્ય લોકો પર આધાર રાખવો પડે છે. તેઓ પ્રત્યક્ષ અનુભવ લેવામાં મુશ્કેલી અનુભવે છે. પરિણામે તેમની અધ્યયનની ગતિ મંદ બને છે.
- શ્રવણ કે વાણીની ખામી ધરાવતું બાળક મૌખિક આંતરક્રિયા ન કરી શકવાને કારણે વર્ગખંડમાં થતી ચર્ચામાં ભાગ લઈ શકતું નથી. જેની અસર તેનાં અધ્યયન પર પડે છે.
- શ્રવણ કે વાણીની ખામી ધરાવતું બાળક મૌખિક આંતરક્રિયા ન કરી શકવાને કારણે વર્ગખંડમાં થતી ચર્ચામાં ભાગ લઈ શકતું નથી. જેની અસર તેના અધ્યયન પર પડે છે.
- શ્રવણની કે વાણીની ખામી ધરાવતાં બાળકો સાંકેતિક ભાષામાં આંતરક્રિયા કરીને અધ્યયન કરે છે. જેમાં પ્રમાણમાં વધુ સમય જાય છે. તેથી તેમના અધ્યયનની ગતિ ધીમી થાય છે.

- શ્રવણની ખામી ધરાવતાં મોટાભાગનાં બાળકો વાણીની ખામી પણ ધરાવતાં હોય છે તેથી તેમના વાક્ કૌશલ્યનો વિકાસ થઇ શકતો નથી. પરિણામે તેઓ વર્ગખંડમાં શાબ્દિક આંતરક્રિયા કરી શકતા નથી. જેની અસર તેમના અધ્યયન પર પડે છે.
- અક્ષમતાને કારણે અમુક વખતે બાળક જીવન પ્રત્યે હતાશ થઇ જાય છે અને ધીમે ધીમે અધ્યયનમાંથી રસ ગુમાવતું જાય છે.
- શારીરિક અક્ષમતા ધરાવતાં બાળકોને શિક્ષણ આપવા વિશિષ્ટ તાલીમ ધરાવતાં શિક્ષકોને સમાવેશક, સંકલિત કે મુખ્ય પ્રવાહની શાળાઓમાં અભાવ હોય છે. તેથી આવી શાળાઓમાં શારીરિક અક્ષમતા ધરાવતાં બાળકોનાં શિક્ષણ પર નકારાત્મક અસર પડે છે.

## 3.8 શારીરિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના

શારીરિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની વિશિષ્ટ શાળાઓમાં તેમને શિક્ષણ આપવા માટે વિશિષ્ટ તાલીમ મેળવેલાં શિક્ષકોની નિમણૂક કરવામાં આવે છે અને વિશિષ્ટ પદ્ધતિઓ દ્વારા તેમને શિક્ષણ આપવામાં આવે છે. પરંતુ, જો તેઓ મુખ્ય પ્રવાહની સામાન્ય શાળામાં અભ્યાસ કરતા હોય તો તેમના અધ્યાપન માટે નીચે જણાવ્યા પ્રમાણેનાં પગલાં લેવાં જોઈએ.

- સર્વ પ્રથમ આવાં બાળકોનાં શિક્ષણ માટે વિશિષ્ટ તાલીમ પામેલા વધારાના શિક્ષકોની નિમણૂક શાળામાં થવી જોઈએ. જો એવું શક્ય ન બને તો શાળાનાં વર્તમાન શિક્ષકોને તેમના શિક્ષણ માટે વિશિષ્ટ તાલીમ આપવા માટે સેવાકાલીન તાલીમ કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ.
- શાળામાં સહકારી શિક્ષણ માટેનું વાતાવરણ ઊભું કરવું જોઈએ. જેથી સામાન્ય બાળકો, અક્ષમતા ધરાવતાં બાળકોને અધ્યયનમં મદદરૂપ થઇ શકે.
- આવાં બાળકોને અધ્યયનમાં મદદરૂપ થવા માટેની જવાબદારી જે સામાન્ય બાળકોને સોંપવામાં આવી હોય તેમની સાથે શિક્ષકોએ અમુક સમયાંતરે ચર્ચા કરવી જોઈએ અને તેમને પૂરતું માર્ગદર્શન આપવું જોઈએ.
- આવાં બાળકોને અધ્યયનમાં મદદરૂપ થનારાં સામાન્ય બાળકોને પણ વિશિષ્ટ તાલીમ આપવી જોઈએ. જેથી તેઓ અક્ષમતા ધરાવતાં બાળકો સાથે અસરકારક આંતરક્રિયા કરી શકે. જેમ કે અંધ બાળકોને મદદરૂપ થવા માટે સહાયક બાળકોને બ્રેઇલલિપિ અંગેનું જ્ઞાન આપવું જોઈએ અને બહેરાં બાળકોનાં સહાયક બાળકોને સાંકેતિક ભાષા અંગેનું જ્ઞાન આપવું જોઈએ.
- બાળકોની અક્ષમતાને ધ્યાનમાં રાખીને તેમને વિશિષ્ટ સાધનો અથવા તક્નિકોની મદદથી શિક્ષણ આપવું જોઈએ. જેમ કે અંધ બાળકોને મૌખિક આંતરક્રિયા દ્વારા શિક્ષણ આપવું જોઈએ. જ્યારે દશ્ય સાધનોનો ઉપયોગ કરીને બહેરાં બાળકોને શિક્ષણ આપવું જોઈએ.
- આવાં બાળકોને અનુકૂળ આવે તેવી અધ્યયન સામગ્રી તૈયાર કરીને તેમને પૂરી પાડવી જોઈએ. જેમ કે અંધ બાળકોને બ્રેઇલ લિપિમાં તૈયાર થયેલ અથવા ઓડીઓ સી. ડી. જેવાં સાધનોમાં અધ્યયન સામગ્રી પૂરી પાડવી જોઈએ. બહેરા બાળકોને દશ્ય અધ્યયન સામગ્રી અથવા વિડીયો સી.ડી. જેવા સાધનોમાં અધ્યયન સામગ્રી પૂરી પાડવી જોઈએ. શાળાનાં પુસ્તકાલયમાં, પૂરતાં પ્રમાણમાં આવી અધ્યયન સામગ્રીની વ્યવસ્થા કરવી જોઈએ.
- અમુક સમયાંતરે શિક્ષકે, તેમની સાથે ચર્ચા કરીને તેમની શૈક્ષણિક સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે વ્યક્તિગત ધોરણે પ્રયત્નો કરવા જોઈએ. જરૂર પ્રમાણે, શાળા સમય બાદ કે પહેલાં તેમના માટે વિશિષ્ટ ઉપચારાત્મક શિક્ષણ માટેની વ્યવસ્થા કરવી જોઈએ.
- આવાં બાળકોની અભિયોગ્યતા ઓળખીને તેનો વિકાસ કરવા માટે વિશેષ પ્રયત્ન કરવો જોઈએ. તેમની અભિયોગ્યતાને અનુકૂળ આવે તેવાં વિષયો શીખવવા પર વધુ ભાર મૂકવો જોઈએ. તે માટે તેમના અધ્યયનનાં હેતુઓ અન્ય બાળકો માટેનાં અધ્યયન હેતુઓ કરતાં જુદાં

હોવા જોઈએ. અભ્યાસક્રમમાં તે અંગેની વિશિષ્ટ જોગવાઇ કરવી જોઈએ. શિક્ષણની નીચિઓ ઘડતી વખતે આ બાબત વિશેષ ધ્યાનમાં રાખવી જોઈએ.

– શિક્ષકોએ આવાં બાળકોનાં વાલીઓ સાથે સતત્ સંપર્કમાં રહીને તેમની પ્રગતિ અંગે તેમને સતત વાકેફ રાખવા જોઈએ. વાલીઓને તેમના બાળકોનાં શિક્ષણ અંગે વિશિષ્ટ માર્ગદર્શન આપવું જોઈએ. જેથી તેઓ ઘરે, અભ્યાસમાં બાળકને મદદરૂપ થઇ શકે.

– વર્ગખંડમાં આવાં બાળકોને તેમના અક્ષમતાને આધારે વિશિષ્ટ સગવડો પૂરી પાડવી જોઈએ. દા.ત. પગની ખામી ધરાવતાં બાળકોને બહુ ચાલવું ન પડે તેવી જગ્યાએ વર્ગખંડમાં બેસાડવાં જોઈએ. બેસવા ઉઠવાની મુશ્કેલી ધરાવતાં બાળકોને વિશિષ્ટ બેઠકો ફાળવવી જોઈએ.

– ઓછું જોતાં અથવા ઓછું સાંભળતાં બાળકોને વર્ગખંડમાં આગલી પાટલીએ બેસાડવાં જોઈએ.

– આવાં બાળકોને દયામણાં બનાવવાને બદલે તેમને સ્વાવલંબી બનાવવાનો અને તેમના આત્મવિશ્વાસને વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ.

અહીં શારીરિક અક્ષમતાં ધરાવતાં તમામ પ્રકારનાં બાળકોના શિક્ષણ માટેની વ્યૂહરચના અંગે સામાન્ય ચર્ચા કરવામાં આવી છે. તે અંગે વિશેષ ચર્ચા જે તે પ્રકારનાં બાળકો અંગેનાં પ્રકરણોમાં પ્રસ્તુત પુસ્તકમાં જ કરવામાં આવી છે.

## 3.9 સારાંશ

પ્રસ્તુત એકમમાં આપણે અક્ષમતાના અર્થ તેના પ્રકાર વિશે સામાન્ય માહિતી મેળવી છે. ઉપરાંત શારીરિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના અંગે ચર્ચા કરી છે. સમાવેશક શાળાની રચના અને વિકાસમાં આ સમગ્ર ચર્ચા ઉપયોગી થઇ શકે છે. ખાસ કરીને શારીરિક અક્ષમતા ધરાવતાં બાળકોનું અસરકારક રીતે સમાવેશન કરવામાં આ માહિતી ઉપયોગી થઇ શકે છે.

## 3.10 તમારી પ્રગતિ ચકાસો

**1. અક્ષમતાનો અર્થ સમજાવો.**

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

**2. પ્રારંભિક કક્ષાએ અક્ષમતાની ઓળખની જરૂરિયાત જણાવો.**

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

**3. અક્ષમતાના પ્રકાર સમજાવો.**

.................................................................................
.................................................................................
.................................................................................

.................................................................

.................................................................

.................................................................

4. શારીરિક અક્ષમતાનો અર્થ સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

5. શારીરિક અક્ષમતાના કારણો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

6. શારીરિક અક્ષમતાની અધ્યયન પર થતી અસરો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

7. શારીરિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

# એકમ 4

# માનસિક અક્ષમતા (Mental Desability)

## : રૂપરેખા :

4.0 પ્રસ્તાવના

4.1 ઉદ્દેશો

4.2 માનસિક અક્ષમતાનો અર્થ

4.3 માનસિક અક્ષમતા ધરાવતાં બાળકોનાં લક્ષણો

4.4 માનસિક અક્ષમતાનાં કારણો

4.5 માનસિક અક્ષમતાની કક્ષા

4.6 માનસિક અક્ષમતાની અધ્યયન પર અસરો

4.7 માનસિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના

4.8 સ્વલીનતા

 4.8.1 સ્વલીનતાનાં કારણો

 4.8.2 સ્વલીનતાનાં લક્ષણો

 4.8.3 સ્વલીનતાની બાળકોનાં અધ્યયન પર થતી અસરો

 4.8.4 સ્વલીનતા ધરાવતાં બાળકોનું શિક્ષણ

4.9 મસ્તિષ્ક પક્ષાઘાત / મગજનો લકવો

 4.9.1 મસ્તિષ્ક પક્ષાઘાત / મગજના લકવાનાં કારણો

 4.9.2 મસ્તિષ્ક પક્ષાઘાત / મગજના લકવાની અધ્યયન પર થતી અસરો

 4.9.3 મસ્તિષ્ક પક્ષાઘાત / મગજનો લકવો નિવારવાના ઉપાયો

 4.9.4 મસ્તિષ્ક પક્ષાઘાત ધરાવતાં બાળકોનું શિક્ષણ

4.10 સારાંશ

4.11 તમારી પ્રગતિ ચકાસો

## 4.0 પ્રસ્તાવના

અગાઉનાં પ્રકરણમાં આપણે અક્ષમતાના પ્રકાર અને શારીરિક અક્ષમતાના અર્થ અને ધ્યયન પર તેની અસરો અંગે અભ્યાસ કર્યો. જો કે અધ્યયનનાં સંદર્ભમાં વિચારવામાં આવે તો શારીરિક કરતાં માનસિક અક્ષમતા ધરાવતી વ્યક્તિ પણ તેની અક્ષમતાના અસ્તિત્ત્વથી અજાણ હોય છે. આવા કિસ્સામાં માનસિક અક્ષમતા ધીમે ધીમે વધતી જાય છે. જ્યારે તેની જાણ થાય ત્યારે ઘણું મોડું થઇ જાય છે. તેથી જો બાળપણથી જ આવી અક્ષમતા પકડાઇ જાય તો તેને દૂર કરવાની સફળતા મળવાની સંભાવના વધી જાય છે. ઘરમાં માતા-પિતા અને શાળામાં શિક્ષકો બાળકની માનસિક અક્ષમતા ઓળખવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે. સમાવેશક શિક્ષણને સફળ બનાવવું હોય તો શિક્ષકે અને વાલીએ બાળકોની માનસિક અક્ષમતા પ્રારંભકાળે ઓળખવી ખૂબ જરૂરી બની જાય છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને કેટલીક મુખ્ય પ્રકારની માનસિક અક્ષમતા અંગે ચર્ચા કરવામાં આવી છે.

## 4.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે :-

- માનસિક અક્ષમતાનો અર્થ, તેના લક્ષણો, કારણો અને તેની કક્ષા અંગે સ્પષ્ટતા કરી શકશો.
- માનસિક અક્ષમતાની અધ્યયયન પર પડતી અસરો સમજાવી શકશો.
- માનસિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના અંગે વર્ણન કરી શકશો.
- સ્વલીનતાનો અર્થ, તેના લક્ષણો અને કારણો અંગે સ્પષ્ટતા કરી શકશો.
- સ્વલીનતાની અધ્યયન પર પડતી અસરો સમજાવી શકશો.
- સ્વલીનતાની બીમારી ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના અંગે વર્ણન કરી શકશો.
- મસ્તિષ્ક પક્ષાઘાતનો અર્થ, તેના લક્ષણો અને કારણો અંગે સ્પષ્ટતા કરી શકશો.
- મસ્તિષ્ક પક્ષાઘાતની અધ્યયન પર પડતી અસરો સમજાવી શકશો.
- મસ્તિષ્ક પક્ષાઘાતની બીમારી ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના અંગે વર્ણન કરી શકશો.

## 4.2 માનસિક અક્ષમતાનો અર્થ

એવી અક્ષમતા જે બાળકને તેના વયજૂથનાં અન્ય બાળકો દ્વારા સામાન્ય સંજોગોમાં કરી શકાતી સામાન્ય માનસિક પ્રક્રિયાઓ કરવાને અસમર્થ બનાવે તેને માનસિક અક્ષમતા કહે છે. માનસિક અક્ષમતા ધરાવતાં બાળકોનો બૌદ્ધિક વિકાસ યોગ્ય રીતે થતો નથી અને તેઓ અમુક મનોવૈજ્ઞાનિક, વાર્તનિક અને શારીરિક સમસ્યાઓ અથવા બીમારીનો ભોગ બને છે. પરિણામે તેઓ તેમની વયકક્ષાનાં સરેરાશ બાળકો કરતાં સાર્થક રીતે ઓછું સામાજિક, વાર્તનિક કે માનસિક અનુકૂલન ધરાવે છે અને તેમનો બુદ્ધિઆંક 25 થી 70ની વચ્ચે હોય.

## 4.3 માનસિક અક્ષમતા ધરાવતાં બાળકોનાં લક્ષણો

માનસિક અક્ષમતા ધરાવતાં બાળકોનાં લક્ષણો નીચે જણાવ્યા મુજબનાં છે :-

- સામાન્ય રીતે લગભગ 18 વર્ષ સુધીનાં વિકાસાત્મક સમયગાળામાં માનસિક અક્ષમતાનાં લક્ષણો જોવા મળે છે.
- અમુક કિસ્સામાં બાળક જન્મથી જ માનસિક અક્ષમતા ધરાવતું હોય છે.
- આવાં બાળકો તેમના દૈનિક કાર્યો કરવામાં મુશ્કેલી અનુભવે છે અને ધીમી ગતિએ તેમના કાર્યો કરે છે.
- તેમનો બુદ્ધિ આંક 25 થી 70 ની વચ્ચે હોય છે.
- તેમનામાં આત્મવિશ્વાસનો અભાવ જોવા મળે છે.
- આવાં બાળકોની અધ્યયન ક્ષમતા તેમની વયજૂથનાં બાળકો કરતાં ખૂબ જ ઓછી હોય છે.
- સામાન્ય બાળકો કરતાં તેમનો ભાષા વિકાસ ઓછો થયેલો હોય છે.
- તેમની સ્મૃતિ મર્યાદિત હોય છે.
- તેઓ સાર્થક રીતે તર્ક, ચિંતન અને કલ્પના કરવામાં મુશ્કેલી અનુભવે છે.
- આવાં બાળકો તેમના જ્ઞાનનો નવી પરિસ્થિતિમાં ઉપયોગી કરવામાં નિષ્ફળ જતાં હોય છે.
- તેઓ તેમની વયકક્ષાનાં સરેરાશ બાળકો કરતાં સાર્થક રીતે ઓછું સામાજિક, વાર્તનિક કે માનસિક અનુકૂલન ધરાવે છે.

## 4.4 માનસિક અક્ષમતાનાં કારણો

સામાન્ય રીતે નીચે જણાવેલ કારણોસર વ્યક્તિમાં માનસિક અક્ષમતા જોવા મળે છે.

1. **અકસ્માત**

અકસ્માતને કારણે માથા પર કે મગજ પર આઘાત લાગવાથી બાળકના મગજ પર અસર થાય છે. જેના કારણે તે આંશિક અથવા સંપૂર્ણ રીતે મગજ પરનું નિયંત્રણ ગુમાવી દે છે. પરિણામે તે અમુક અથવા તમામ પ્રકારની માનસિક ક્રિયાઓ કરવાને અસમર્થ બને છે. આમ અકસ્માને કારણે માનસિક અક્ષમતાનો વિકાસ થાય છે.

2. **ગર્ભમાં બાળકનો અપૂરતો વિકાસ**

માતાનાં ગર્ભમાં બાળકનો અપૂરતો વિકાસ થાય તો બાળક અમુક માનસિક ક્ષતિ સાથે જન્મ લે છે. પરિણામે તે અમુક અથવા તમામ પ્રકારની માનસિક ક્રિયાઓ કરવાને અસમર્થ બને છે. ગર્ભાવસ્થા દરમિયાન માતા માદક દ્રવ્યોનું સેવન કરે તો ગર્ભમાં બાળકનાં વિકાસ પર તેની અસર પડી શકે છે. જે અમુક કિસ્સામાં બાળકની માનસિક અક્ષમતામાં પરિણમે છે. ગર્ભાવસ્થા દરમિયાન માતાને અકસ્માત નડે અને તેના કારણે ગર્ભમાંના બાળકના મસ્તિષ્ક પર ઈજા થાય તો બાળકમાં માનસિક અક્ષમતાનો વિકાસ થવાની શક્યતા રહે છે.

3. **બીમારી**

ગંભીર બીમારી, લાંબી બીમારી થવા મનોવૈજ્ઞાનિક બીમારીને કારણે, અમુક કિસ્સામાં, બાળકનાં મગજનો પૂરતો વિકાસ થતો નથી. જેના કારણે તે અમુક અથવા તમામ પ્રકારની માનસિક ક્રિયાઓ કરવાને અસમર્થ બને છે. સ્વલીનતા અને મગજનો લકવો આવી જ બીમારી છે.

4. **બીમારી સમયે અયોગ્ય ઉપચાર**

બાળકોની બીમારીનું ખોટું નિદાન થવાને કારણે તેમનો અયોગ્ય ઉપચાર થાય છે. જેના કારણે, અમુક કિસ્સાઓમાં, તેમના મગજ પર નકારાત્મક અસર પડે છે અને માનસિક અક્ષમતાનો વિકાસ થાય છે.

5. **શારીરિક અક્ષમતા**

શારીરિક અક્ષમતા, અમુક બાળકોનાં આત્મવિશ્વાસ પર ગંભીર અસર કરે છે. પરિણામે તેમનામાં નકારાત્મક વલણોનો વિકાસ થાય થે અને તેમનો માનસિક વિકાસ અટકી જતો હોય છે. જે માનસિક અક્ષમતામાં પરિણમે છે.

6. **ગંભીર આકસ્મિક ઘટનાઓ**

અમુક વખતે બાળક ગંભીર આકસ્મિક ઘટનાઓ જોઇને અવાક્ બની જાય છે જે તેના મગજ પર અસર કરે છે. પરિણામે તે આંશિક અથવા સંપૂર્ણ રીતે માનસિક પ્રક્રિયાઓ પરનો કાબુ ગુમાવી દે છે. ગંભીર અકસ્માત, ખૂન, ગંભીર મારામારી જેવી ઘટનાઓ બાળકના મગજ પર આવી અસર જન્માવે છે. ઉપરાંત જો કાર્બન મોનોક્સાઇડ, લીડ અથવા પારા જેવા પદાર્થો આકસ્મિક રીતે બાળકના શરીરમાં પ્રવેશે તો પણ તે માનસિક રીતે મંદ થઇ શકે છે.

7. **અયોગ્ય ઉછેર**

કેટલાંક માતા-પિતા તેમના બાળક પર વધુ પડતું નિયંત્રણ રાખે છે. અમુક માતા-પિતા બાળકને હંમેશા ડરાવીને રાખે છે. આવી બન્ને પરિસ્થિતિમાં તેમનો માનસિક વિકાસ યોગ્ય રીતે થતો નથી અને તેઓ માનસિક બીમારીનો ભોગ બને છે, જે છેવટે માનસિક અક્ષમતામાં પરિણમે છે.

## 4.5 માનસિક અક્ષમતાની કક્ષા

મનોવૈજ્ઞાનિકોએ માનસિક અક્ષમતાની તીવ્રતાને આધારે બાળકોનું વર્ગીકરણ કર્યું છે. અમુક મનોવૈજ્ઞાનિકોએ આવાં બાળકોને ત્રણ સ્તરોમાં તો, અમુકે ચારમાં તો અમુકે તેમને પાંચ સ્તરોમાં વહેંચ્યા છે. આવાં વર્ગીકરણોમાં તુલનાત્મક અભ્યાસને આધારે કહી શકાય કે માનસિક અક્ષમતા

ધરાવતાં બાળકોને નીચે જણાવેલાં ચાર સ્તરોમાં વહેંચી શકાય છે. અહીં બુદ્ધિ આંકને આધારે બાળકોની માનસિક અક્ષમતાની તીવ્રતા નિશ્ચિત કરવામાં આવી છે.

**માનસિક મંદતાનાં સ્તર**

| ક્રમ | સ્તર | બુદ્ધિ આંક |
|---|---|---|
| 1 | અતિ ગંભીર માનસિક અક્ષમતા (Profound Mental Disability) | 20 થી નીચો |
| 2 | ગંભીર માનસિક અક્ષમતા (Severe Mental Disability) | 21 થી 35 |
| 3 | સામાન્ય માનસિક અક્ષમતા (Moderate Mental Disability) | 36 થી 51 |
| 4 | અલ્પ માનસિક અક્ષમતા (Mild Mental Disability) | 52 થી 67 |

એકવાર બાળકોની માનસિક મંદતાનું સ્તર જાણી લીધાં પછી તેમના શિક્ષણ માટેની વ્યવસ્થા કરવામાં સરળતા રહે છે.

### 4.6 માનસિક અક્ષમતાની અધ્યયન પર અસરો

- આવાં બાળકોની ગ્રહણશક્તિ અને સમજશક્તિ અન્ય બાળકો કરતાં ઓછી હોય છે. પરિણામે તેમની અધ્યયનની ગતિ ધીમી બને છે. તેથી તેઓ સામાન્ય બાળકોની તુલનામાં અધ્યયનમાં પાછળ રહી જાય છે.
- આવાં બાળકો ઉચ્ચ કક્ષાની માનસિક પ્રક્રિયાઓ યોગ્ય રીતે કરી શકતાં નથી. જેમ કે તેઓ તાર્કિક રીતે વિચારી શકતાં નથી, તેમનાં અવલોકન કૌશલ્યનો પૂરતો વિકાસ થતો નથી અને તેઓ સર્જનાત્મક ચિંતન કરી શકતાં નથી.
- આવાં બાળકો તેમની અક્ષમતાને કારણે અમુક વખતે લઘુતાગ્રંથિ અનુભવે છે. તેથી સામાન્ય બાળકો સાથે તેઓ અનુકૂલન સાધી શકતાં નથી અને અન્ય બાળકો સાથે યોગ્ય રીતે સામાજિક આંતરક્રિયા કરી શકતાં નથી. જેની અસર તેમના સર્વાંગીણ વિકાસ પર પડે છે.
- અમુક માનસિક અક્ષમતાઓને કારણે બાળક તેના શારીરિક હલન-ચલન પર નિયંત્રણ રાખી શકતું નથી. તેથી તે લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી શકતું નથી. તે એક જગ્યાએ બેસવાને કારણે અકળાઇ જાય છે. પરિણામે વર્ગખંડમાં અમુક વખતે તે બેધ્યાન બની જાય છે. જેના કારણે તેના અધ્યયન પર નકારાત્મક અસર પડે છે.
- આવાં બાળકો હલન-ચલન સાથે સંકળાયેલી શૈક્ષણિક પ્રવૃત્તઓ યોગ્ય રીતે કરી શકતાં નથી. જેમ કે તે ચિત્રકામ, નકશાપૂર્તિનું કામ, લેખન કાર્ય અને અન્ય પ્રાયોગિક કાર્યો કરી શકતું નથી. તેની અસર તેમના અધ્યયન પર પડે છે.
- શરીર પર નિયંત્રણના અભાવને કારણે બાળક, રમત-ગમતની પ્રવૃત્તિઓમાં ભાગ લઇ શકતું નથી. પરિણામે તેનો સર્વાંગીણ વિકાસ થઇ શકતો નથી.
- શરીર પર નિયંત્રણના અભાવને કારણે તે સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં પણ ભાગ લઇ શકતું નથી. જેના કારણે તે આવી પ્રવૃત્તિઓ દ્વારા થતું (ગુપ્ત) અધ્યયન કરી શકતું નથી. ઉપરાંત આવી પ્રવૃત્તિઓમાં ભાગ નહીં લેવાને કારણે તેનો સામાજિક વિકાસ અવરોધાય છે.
- માનસિક અક્ષમતાને કારણે બાળકનાં લેખન, વાચન, કથન, સંપ્રેષણ અને અવલોકન કૌશલ્યનો યોગ્ય રીતે વિકાસ થઇ શકતો નથી.
- ચિત્રકામ, વિજ્ઞાન કે ભૂગોળ જેવાં વિષયોમાં પ્રયોગો અથવા આકૃતિઓ દ્વારા સમજ વિકસાવવાની હોય. માનસિક રીતે અક્ષમતા ધરાવતાં બાળકો આવા વિષયોમાં સમજ કેળવી શકતાં નથી.
- આવાં બાળકો તેમની વાતો તાર્કિક રીતે અને ભારપૂર્વક મૂકી શકતાં નથી. તેથી વર્ગખંડમાં થતી ચર્ચામાં સક્રિય રીતે ભાગ લઇ શકતાં નથી. જેની અસર તેમનાં અધ્યયન પર પડે છે.

- માનસિક અક્ષમતાને કારણે અમુક વખતે બાળક તેના જીવન પ્રત્યે હતાશ પણ થઇ જતું હોય છે અને ધીમે ધીમે અધ્યયનમાંથી રસ ગુમાવતું જાય છે.
- માનસિક અક્ષમતા ધરાવતાં બાળકોને શિક્ષણ આપવા માટે વિશિષ્ટ તાલીમ ધરાવતાં શિક્ષકોનો સમાવેશક શાળાઓમાં અભાવ જોવા મળે છે. તેથી આવી શાળાઓમાં માનસિક અક્ષમતા ધરાવતાં બાળકોનાં શિક્ષણ પર નકારાત્મક અસર પડે છે.

## 4.7 માનસિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના

માનસિક અક્ષમતા ધરાવતાં બાળકોને શિક્ષણ આપવા માટે વિશિષ્ટ શાળાઓમાં વિશિષ્ટ તાલીમ મેળવેલાં શિક્ષકોની નિમણૂક કરવામાં આવે છે. આવી શાળામાં વિશિષ્ટ પદ્ધતિઓ દ્વારા તેમને શિક્ષણ આપવામાં આવે છે. મુખ્ય પ્રવાહની સામાન્ય શાળામાં અને સમાવેશક શાળામાં તેમના શિક્ષણ માટે નીચે જણાવ્યા પ્રમાણેનાં પગલાં લેવાં જોઈએ.

- તેમના શિક્ષણ માટે વિશિષ્ટ તાલીમ પામેલાં શિક્ષકોની નિમણૂક શાળામાં થવી જોઈએ. જો એ શક્ય ન બને તો શાળાનાં શિક્ષકોને આવાં બાળકોનાં શિક્ષણ આપવા માટેની વિશિષ્ટ તાલીમ આપવી જોઈએ.
- શાળામાં સહકારી શિક્ષણ માટેનું વાતાવરણ ઊભું કરવું જોઈએ. જેથી સામાન્ય બાળકો, માનસિક અક્ષમતા ધરાવતાં બાળકોને શિક્ષણમાં મદદરૂપ થઇ શકે.
- આવાં બાળકોનાં શિક્ષણમાં મદદરૂપ થતાં સામાન્ય બાળકો સાથે શિક્ષકોએ અમુક સમયાંતરે ચર્ચા કરવી જોઈએ અને તેમને આવાં બાળકોમાં વધુ સારી રીતે મદદરૂપ થવા માટેનું પૂરતું માર્ગદર્શન આપવું જોઈએ.
- શિક્ષકે નિશ્ચિત સમયાંતરે, વ્યક્તિગત ધોરણે અક્ષમ બાળકો સાથે ચર્ચા કરીને તેમની શૈક્ષણિક સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે વ્યક્તિગત ધોરણે પ્રયત્નો કરવો જોઈએ. જરૂર જણાય તો શાળા સમય બાદ કે પહેલાં તેમને વિશિષ્ટ ઉપચારાત્મક શિક્ષણ આપવું જોઈએ.
- શિક્ષકોએ વાલીઓ સાથે સતત સંપર્કમાં રહીને તેમને બાળકોની પ્રગતિ અંગે સતત વાકેફ રાખવા જોઈએ. વાલીઓને તેમના બાળકોનાં શિક્ષણ અંગે વિશિષ્ટ માર્ગદર્શન આપવું જોઈએ. જેથી તેઓ ઘરે તેમનાં અભ્યાસમાં તેમને મદદરૂપ થઇ શકે.
- આવાં બાળકોને શિક્ષણ આપવા માટે ખેલ આધારિત અધ્યાપન પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.
- આવાં બાળકોની અભિયોગ્યતા ઓળખવી જોઈએ અને તેમની અભિયોગ્યતાને અનુકૂળ આવે તેવાં વિષયો શીખવવા પર વધુ ભાર મૂકવો જોઈએ. તેમની અભિયોગ્યતાનો વિકાસ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.
- આવાં બાળકો માટેના અધ્યયનનાં હેતુઓ અન્ય બાળકો માટેનાં અધ્યયન હેતુઓ કરતાં જુદાં હોવા જોઈએ. અભ્યાસક્રમમાં તે અંગેની વિશિષ્ટ જોગવાઇ કરવી જોઈએ. ઉપરાંત શિક્ષણની નીતિઓ ઘડતી વખતે આ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ.
- આવાં બાળકો ખૂબ ઝડપથી ખીજાઇ જાય છે અથવા સામેવાળી વ્યક્તિની વાતો ઝડપથી સ્વીકારતાં નથી. તેથી શિક્ષકે ખૂબ જ ધીરજ સાથે તેમની સાથે મૌખિક આંતરક્રિયા કરવી જોઈએ.

માનસિક અને શારીરિક અક્ષમતાને કારણે બાળકોમાં વિવિધ પ્રકારની અધ્યયન અક્ષમતા પેદા થાય છે. જેના કારણે તેઓ શિક્ષણથી વંચિત થઇ જાય છે અથવા શિક્ષણ મેળવવામાં નબળાં સાબિત થાય છે. અમુક અક્ષમતાને કારણે આવાં બાળકો તેમની વયજૂથનાં સામાન્ય બાળકો સાથે હળી મળી શકતાં નથી. પરિણામે તેમનો સામાજિક વિકાસ રૂંધાય છે. જો કે વિજ્ઞાન અને ટેકનોલોજીના આધુનિક યુગમાં, આવાં બાળકોની અધ્યયન અક્ષમતા ઓછી કરી શકાય તેવી અનેક તક્નિકોનો વિકાસ થયો છે તેનો ઉપયોગ કરીને આવાં બાળકોને શિક્ષણ આપવું જોઈએ.

હવે આપણે બાળકોની કેટલીક એવી શારીરિક કે માનસિક અક્ષમતાઓ અંગે અભ્યાસ કરીશું જેના કારણે અધ્યયન અક્ષમતા પેદા થાય છે.

## 4.8 સ્વલીનતા

જ્ઞાનતંતુના વિકાસની ખામી ધરાવતી એવી બીમારી (Neurodevelopmental Disorder)ને સ્વલીનતા કહે છે જેમાં બાળક શાબ્દિક કે અશાબ્દિક વાર્તાલાપ કરવામાં મુશ્કેલી અનુભવે છે અને તે સામાજિક આંતરક્રિયા કરી શકતું નથી. આવી બીમારીમાં અમુક વખતે બાળક વારંવાર એક જ વર્તનનું પુનરાવર્તન કરે છે અથવા તેનાં વર્તનોનો વ્યાપ મર્યાદિત થઇ જાય છે. તે અમુક જ પ્રકારનાં વર્તનો કરે છે. સામાન્ય બાળકોનાં વર્તનોમાં જોવા મળતી વિવિધતા તેના વર્તનોમાં જોવા મળતી નથી.

### 4.8.1 સ્વલીનતાનાં કારણો

સ્વલીનતાનાં કારણો અંગે હજુ પણ સંશોધનો થઇ રહ્યા છે. સ્વલીનતા ધરાવતાં બાળકોનાં આજ દિન સુધીમાં થયેલાં અભ્યાસોને આધારે તેના, નીચે જણાવ્યા મુજબનાં કેટલાંક કારણો તારવવામાં આવ્યા છે.

- ગર્ભાવસ્થા દરમિયાન માતાને થયેલ ગંભીર બીમારીને કારણે, બાળક સ્વલીનતાની બીમારી સાથે જન્મે છે.
- ગર્ભાવસ્થા દરમિયાન માતા કેફી દ્રવ્યોનું સેવન કરે તો, બાળક સ્વલીનતાની બીમારી સાથે જન્મે છે.
- ગર્ભાવસ્થા દરમિયાન માતાએ ઝેરી પદાર્થનું સેવન કરે તો, બાળક સ્વલીનતાની બીમારી સાથે જન્મે છે.
- ગંભીર ચેપ લાગવાને કારણે બાળકનાં મગજ પર અસર થાય તો, બાળક સ્વલીનતાનો ભોગ બને છે.
- અમુક કિસ્સાઓમાં જોવા મળ્યું છે ગંભીર બીમારીને કારણે ચેતાકોષોને નુકસાન થાય છે. જે સ્વલીનતાના રોગમાં પરિણમે છે.

### 4.8.2 સ્વલીનતાનાં લક્ષણો

સ્વલીનતાનાં સામાન્ય લક્ષણો નીચે જણાવ્યા મુજબના છે.

- બાળક, શાબ્દિક કે અશાબ્દિક વાર્તાલાપ કરવામાં મુશ્કેલી અનુભવે છે.
- તેથી તે સામાજિક આંતરક્રિયા કરી શકતું નથી.
- બાળકની ભાષાનો અપેક્ષિત વિકાસ થતો નથી.
- બાળક અમુક નિશ્ચિત પ્રકારનો ખોરાક જ લે છે.
- સ્વલીનતા ધરાવતાં કેટલાંક બાળકો અમુક વર્તનનું વારંવાર પુનરાવર્તન કરે છે.
- આવાં બાળકોનાં વર્તનો મર્યાદિત થઇ જાય છે. એટલે કે સામાન્ય બાળકો કરી શકે તેવાં તમામ વર્તનો સ્વલીનતા ધરાવતાં બાળકો કરી શકતાં નથી.

### 4.8.3 સ્વલીનતાની બાળકોનાં અધ્યયન પર થતી અસરો

અધ્યયનના સંદર્ભમાં બાળકો પર સ્વલીનતાની નીચે જણાવેલ અસરો પડતી હોય છે.

- ભાષાનો અપૂરતો વિકાસ થવાને કારણે બાળકોને વિષયવસ્તુનાં મુદ્દાઓ સમજવામાં મુશ્કેલી પડે છે.
- બાળકનાં લેખન, વાંચન અને કથન કૌશલ્યોનો વિકાસ થતો નથી.
- બાળક વર્ગખંડમાં બેધ્યાન રહે છે.
- બાળકની અધ્યયન માટેની અને નવું જાણવા માટેની જિજ્ઞાસા પર નકારાત્મક અસર પડે છે.

- સ્વલીનતાનો રોગ ધરાવતું બાળક, સામાન્ય બાળકો અને શિક્ષકો સાથે આંતરક્રિયા કરી શકતું નથી. તેથી તેની શૈક્ષણિક સમસ્યાઓનો ઉકેલ મેળવવા માટે તે પ્રયત્ન કરતું નથી. પરિણામે તે અભ્યાસમાં, અન્ય બાળકો કરતાં પાછળ રહે છે.

### 4.8.4 સ્વલીનતા ધરાવતાં બાળકોનું શિક્ષણ

સ્વલીનતા ધરાવતાં બાળકોની અધ્યયન અક્ષમતા દૂર કરવા માટે નીચે જણાવેલ કાર્યો કરવા જોઈએ.

- આવાં બાળકોની ભાષાનો વિકાસ કરવા માટે અતિ ધીરજ સાથે અને વ્યક્તિગત ધોરણો તેમને આપવું જોઈએ.
- તેમને સમાવેશક શાળામાં શિક્ષણ આપવું જોઈએ. જેથી તેઓ અન્ય સામાન્ય બાળકો સાથે વધુમાં વધુ સામાજિક આંતરક્રિયા કરી શકે.
- શિક્ષકો અને સામાન્ય બાળકોએ તેમની સાથે સતત વાર્તાલાપ કરતા રહેવું જોઈએ.
- તેમને સામૂહિક પ્રવૃત્તિઓમાં સામેલ કરવા જોઈએ.
- શાળામાં, સામાન્ય બાળકોએ તેમની સાથે સહકારપૂર્વક વર્તન કરવું જોઈએ.
- ઘરનાં સભ્યોએ આવાં બાળકો સાથે ધીરજપૂર્વક વર્તાલાપ કરવો જોઈએ.
- શિક્ષકે તેમની સાથે અતિ સરળ અને ખૂબ ટૂંકાં વાક્યોમાં વિષયવસ્તુની રજૂઆત કરવી જોઈએ.
- તેમની ઉંમરના સામાન્ય બાળકો કરતાં, તેમના માટે અધ્યયનના હેતુઓ પ્રમાણમાં નીચલા સ્તરે રાખવા જોઈએ. તે માટે શાળામાં બહુસ્તરીય અભ્યાસક્રમની રચના કરવી જોઈએ.
- તેઓ ટૂંકાં વાક્યો બોલે તેવાં પ્રયત્નો શિક્ષકે કરવા જોઈએ. ધીમે ધીમે તેમને લાંબા વાક્યો બોલવા માટે પ્રેરિત કરવા જોઈએ.
- શક્ય હોય ત્યાં ચિત્ર, ચાર્ટ વગેરે જેવાં દૃશ્ય માધ્યમો દ્વારા, તેમની સામે વિષયવસ્તુની રજૂઆત કરવી જોઈએ.

## 4.9 મસ્તિષ્ક પક્ષાઘાત / મગજનો લકવો

આ એક ન્યુરોલોજિકલ (Neurological) વિકાર છે. મગજ પર ઈજા થવાને કારણે અથવા મગજના અપૂરતા વિકાસને કારણે મગજનો લકવો થાય છે. તે શારીરિક હલન ચલન અને સ્નાયુઓનાં સંકલનમાં મુશ્કેલી પેદા કરે છે. પરિણામે, બાળક તેનાં સ્નાયુઓ પર નિયંત્રણ રાખી શકતું નથી. બચપણમાં અથવા પૂર્વ બાલ્યાવસ્થામાં આ વિકાર પેદા થાય છે. પછી તે કાયમી બની જાય છે. અમુક કિસ્સામાં આ રોગ સાથે જ બાળક જન્મે છે.

### 4.9.1 મસ્તિષ્ક પક્ષાઘાત / મગજના લકવાનાં કારણો

સામાન્ય રીતે નીચે જણાવેલ કારણોમાંથી એક કરતાં વધુ કારણોની સંયુક્ત અસરને કારણે બાળકોને મગજનો લકવો થાય છે.

- નિયત સમય પહેલાં બાળકનો જન્મ થવાને કારણે તે મગજના લકવાનો શિકાર બની શકે છે.
- ગર્ભમાં બાળકને અપૂરતું પોષણ કે અપૂરતો પ્રાણવાયુ મળવાને કારણે.
- ગર્ભમાં બાળકને અપૂરતાં પ્રમાણમાં રક્ત મળવાને કારણે.
- ગર્ભાવસ્થા દરમિયાન માતાને લાગેલા એવા ચેપી રોગને કારણે જે બાળકના સ્નાયુ તંત્રને સીધી અસર કરે.
- જન્મ પછી તરત બાળકને ગંભીર બીમારી થાય તો પણ મગજનો લકવો થવાનો ભય રહે છે.
- ગર્ભાવસ્થા દરમિયાન માતાને લોહી ગંઠાઇ જવાનો રોગ થયો હોય તો બાળકને જન્મ સમયે મગજનો લકવો થવાની સંભાવના રહે છે.

### 4.9.2 મસ્તિષ્ક પક્ષાઘાત / મગજના લકવાની અધ્યયન પર થતી અસરો

મગજના લકવાને કારણે બાળકમાં નીચે જણાવેલી અધ્યયન અક્ષમતા પેદા થાય છે.

– બાળક યોગ્ય રીતે લેખન અને વાચન કાર્ય કરી શકતું નથી.
– જો વાક્શક્તિ પર અસર થઇ હોય તો બાળક વાર્તાલાપ કરી શકતું નથી. પરિણામે તે અન્ય બાળકો અને શિક્ષક સાથે આંતરક્રિયા કરવામાં મુશ્કેલી અનુભવે છે.
– તેની સમજશક્તિનો વિકાસ થતો નથી. તેથી તે ખૂબ જ ધીમી ગતિએ અધ્યયન કરે છે.

### 4.9.3 મસ્તિષ્ક પક્ષાઘાત / મગજનો લકવો નિવારવાના ઉપાયો

મગજના લકવાનું નિદાન થાય કે તરત જ તેને વિકસતો અટકાવવા માટે નીચે જણાવેલાં પગલાં લઇ શકાય.

– બાળક જોડે વધુમાં વધુ હલન-ચલન કરાવવું જોઈએ.
– બાળકને સ્વતંત્ર રીતે હલન-ચલન કરવા માટે પ્રેરિત કરવું જોઈએ.
– જો બાળકની વાક શક્તિ પર અસર થઇ હોય તો તેને બોલવાનો મહાવરો કરાવવો જોઈએ.

યોગ્ય સમયે આવા ઉપચાર કરવાને કારણે મગજના લકવાનો વિકાસ થતો અટકી જાય છે અને ઉપચાર માટે સર્જરી કરાવવી પડતી નથી. આ રોગનો છેલ્લો ઉપચાર સર્જરી છે.

### 4.9.4 મસ્તિષ્ક પક્ષાઘાત ધરાવતાં બાળકોનું શિક્ષણ

મગજનો લકવો ધરાવતાં બાળકોનાં શિક્ષણ માટે નીચે જણાવેલ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

– આવાં બાળકો માટે અધ્યયન હેતુઓ પ્રમાણમાં હળવા હોવાં જોઈએ.
– શિક્ષકે, રમત આધારિત પદ્ધતિઓનો ઉપયોગ કરીને તેમની સામે અધ્યાપન કરવું જોઈએ.
– તેમને ક્રિયા દ્વારા શિક્ષણ આપવું જોઈએ.
– તેમની જોડે, સરળતાથી થઇ શકે તેવી પ્રવૃત્તિઓ વધુ પ્રમાણમાં કરાવવી જોઈએ.
– શિક્ષકે લાંબા લાંબા વાક્યો બોલીને અધ્યાપન કાર્ય કરવું નહીં.
– તેમની સામે ઝડપથી બોલવું જોઈએ નહીં.
– જરૂર જણાય તો શિક્ષકે, મોટા અવાજે બોલીને અધ્યાપન કાર્ય કરવું જોઈએ.
– તેઓ અનુકરણ દ્વારા શીખે તે માટેના પ્રયત્નો શિક્ષકે કરવા જોઈએ.
– ચિત્રો, આકૃતિઓ, ચિત્ર વાર્તાઓ જેવા માધ્યમોનો ઉપયોગ કરીને તેમને શિક્ષણ આપવું જોઈએ.
– ચર્ચા કરતી વખતે શિક્ષકે બાળકની સામે જોઈએ જ અને તેમનું ધ્યાન કેન્દ્રિત કરીને જ બોલવું જોઈએ.
– શિક્ષકે હંમેશા તેને હકારાત્મક પ્રતિસાદ આપવો.
– બાળકનાં માતા-પિતાનો સંપર્ક કરીને તેની વિશિષ્ટ ટેવો, તેના ઈલાજ અને તેના વર્તનો અંગેની માહિતી, શિક્ષકે મેળવવી જોઈએ. બાળક કઇ પરિસ્થિતિમાં વધુ આરામદાયક રીતે કાર્ય કરી શકે છે તે જાણીને તેવી પરિસ્થિતિ વર્ગખંડમાં ઊભી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.
– દિવસ દરમિયાન બાળકની બેઠક વ્યવસ્થામાં બદલાવ લાવવો જોઈએ કારણ કે એક જ પરિસ્થિતિમાં બેસી રહેવાથી તેના સ્નાયુઓ સ્થિર થઇ જાય છે.
– અમુક વખતે તેના સ્નાયુઓ તેના નિયંત્રણમાં રહેતા નથી. તેથી તે પેન પેન્સિલ પકડવામાં મુશ્કેલી અનુભવે છે. માટે, તેની જોડે લેખિત કાર્ય પ્રમાણમાં ઓછું કરાવવું જોઈએ. આવી પરિસ્થિતિમાં તેનું લેખનકાર્ય કરવા માટે તેને સહાયક પૂરો પાડવો જોઈએ.

– શાળામાં અને ઘરે Voice to text Converter જેવાં કમ્પ્યૂટર સોફ્ટવેરની વ્યવસ્થા કરવી જોઈએ, જે બોલેલા શબ્દોને લેખિત સ્વરૂપમાં બદલી શકે અને કમ્પ્યૂટરમાં સંગ્રહિત કરી શકે. આમ કરવાથી બાળક પોતાનું સ્વાધ્યાય કાર્ય જાતે પૂર્ણ કરી શકશે અને તેના આત્મવિશ્વાસમાં વધારો થશે.

## 4.10 સારાંશ

પ્રસ્તુત એકમમાં માનસિક અક્ષમતા, સ્વલીનતા અને મષ્તિષ્ક પક્ષાઘાતના અર્થ, તેમના લક્ષણો અને કારણો અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે. ઉપરાંત, આ ત્રણેયની બાળકોનાં અધ્યયન પર પડતી અસરો તથા અસરકારક અધ્યાપન માટેની વ્યૂહરચના વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. સમાવેશક શિક્ષણ વ્યવસ્થામાં આવી અક્ષમતા ધરાવતાં બાળકોનું સફળ સમાવેશન કરવાનાં કામમાં આ માહિતી ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

## 4.11 તમારી પ્રગતિ ચકાસો

**1. માનસિક અક્ષમતાનો અર્થ સમજાવો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**2. માનસિક અક્ષમતાની અધ્યયન પર થતી અસરો જણાવો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**3. માનસિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના સમજાવો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**4. સ્વલીનતાનો અર્થ સમજાવો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

5. **સ્વલીનતાનાં કારણો જણાવો.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

6. **સ્વલીનતાનાં લક્ષણો જણાવો.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

7. **સ્વલીનતાની બાળકોનાં અધ્યયન પર થતી અસરો જણાવો.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

8. **સ્વલીનતા ધરાવતાં બાળકોનાં શિક્ષણ માટે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ? સમજાવો.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

9. **મસ્તિષ્ક પક્ષાઘાત / મગજનો લકવો એટલે શું ? સમજાવો.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

10. મસ્તિષ્ક પક્ષાઘાત / મગજનો લકવાનાં કારણો જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

11. મસ્તિષ્ક પક્ષાઘાત / મગજનો લકવાની અધ્યયન પર થતી અસરો જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

12. મસ્તિષ્ક પક્ષાઘાત / મગજનો લકવો નિવારવાના ઉપાયો જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

13. શારીરિક અક્ષમતાને આધારે બાળકોનું વર્ગીકરણ જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

14. આંગિક અક્ષમતાનો અર્થ જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

15. ઈન્દ્રિયજન્ય અક્ષમતાનો અર્થ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

16. મિશ્ર અક્ષમતાનો અર્થ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

17. માનસિક અક્ષમતાની કક્ષાઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

18. મસ્તિષ્ક પક્ષાઘાત ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## સંદર્ભ ગ્રંથ


- Alston, Philip & Robinson, Mary (2009). **Human Rights & Development: Towards Mutul Reinforcement.** Oxford: Oxford University Press.
- Baglieri, S., & Shapiro, A. (2012). **Disability Studies and the Inclusive Classroom.** New York, NY: Routledge.
- Davis, L. J. (2010). **Constructing normalcy. In L. J. Davis (Ed.), The Disability Studies Reader. (3rd ed.).** New York: Routledge.
- Friere, Paulo (1985) **An Invitation to Conscientization and Deschooling,** The Politics of Education. Massachusetts: Bergin & Garvery Publishers Inc.
- Ministry of Law and Justice, (2009). **The Right of Children to Free and Compulsory Education Act, 2009, No. 35 of 2009,** New Delhi: Government of India.
- Mondal, A. & Mete, J. (2012). **Inclusive Education: Paradigm Shift in Education for Children with Special Needs in India. In Kumar. T. Pradeep (Eds.), Innovative Trends in Education.** New Delhi : APH Publishing Corporation.
- Porter, L., & Smith, D. (Eds.) (2011). **Exploring inclusive educational practices through professional inquiry.** Boston, MA: Sense Publishers.
- Putnam, J. W. (1993). **Cooperative Learning and Strategies for Inclusion: Celebrating Diversity in the Classroom.** Baltimore, MD: Paul H. Brookes.
- Shukla, Satishprakash, (2011) **સમાવેશક શિક્ષણ** Ahmedabad: Kshiti Publications.
- Stainback, S. & Stainback, W. (1996). **Inclusion: Guide for Educators.** Baltimore, MD: Paul H. Brookes.
- UNESCO (2014). **Teaching and Learning: Achieving quality for all. EFA Global Monitoring Report 2013-2014.** Paris, UNESCO.
- UNESCO (1994). **The Salamanca Statement and Framework for Action – 1994,** Geneva: UNESCO Special Education, Division of Basic Education

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-135
# સમાવેશક શાળા
# Inclusive School

વિભાગ

# 2

## વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં અન્ય બાળકો (Inclusive School and Types of Disability)

એકમ-5 શ્રવણ, વાણી અને ભાષાની અક્ષમતા (Hearing, Speech and Language Disabilities / Impairments)

એકમ-6 દૃષ્ટિની અક્ષમતા (Visual Disabilities / Impairments)

એકમ-7 અધ્યયનની અક્ષમતા (Learning Disability)

એકમ-8 પ્રતિભાશાળી બાળકો (Gifted Children)

**ES-135, સમાવેશક શાળા (વિભાગ-2)**


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. સતીશપ્રકાશ એસ. શુક્લ** | ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. અમૃતભાઈ જે. ભરવાડ** | ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. મૌનસ જી. ઠાકર** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-199-8**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

**વિભાગ-1 સમાવેશક શાળા અને અક્ષમતાના પ્રકાર**

એકમ-1 સમાવેશક શિક્ષણ અને શાળા-પરિચય

એકમ-2 સમાવેશક, સંકલિત અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચે તુલના

એકમ-3 અક્ષમતા

એકમ-4 માનસિક અક્ષમતા

**વિભાગ-2 વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં અન્ય બાળકો**

એકમ-1 શ્રવણ, વાણી અને ભાષાની અક્ષમતા

એકમ-2 દૃષ્ટિની અક્ષમતા

એકમ-3 અધ્યયનની અક્ષમતા

એકમ-4 પ્રતિભાશાળી બાળકો

**વિભાગ-3 અક્ષમ બાળકોનું મૂલ્યાંકન અને સહાય**

એકમ-1 અક્ષમ બાળકોનું મૂલ્યાંકન

એકમ-2 અક્ષમ બાળકોનું પરામર્શન

એકમ-3 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં સહયોગ

એકમ-4 સમાવેશક શિક્ષણમાં બિન સરકારી સંગઠનો

**વિભાગ-4 અક્ષમ બાળકોનાં સંદર્ભમાં કેટલીક નીતિઓ**

એકમ-1 સમાવેશક શિક્ષણ માટેની કેટલીક નીતિઓ

એકમ-2 સમાવેશક સૂચિ

એકમ-3 શિક્ષણમાં સમાવેશન માટેની નીતિ વિષયક માર્ગદર્શિકા

એકમ-4 વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

## વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં અન્ય બાળકો (Inclusive School and Types of Disability)

### વિભાગીય પ્રસ્તાવના :

પ્રથમ વિભાગમાં સમાવેશક શિક્ષણ અને અક્ષમતાના પ્રકાર વિશે ચર્ચા કરવામાં આવી છે. શારીરિક અને માનસિક અક્ષમતાની અધ્યયન પર પડતી અસરો સાથે આવી અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના વિશે પણ આપણે વિસ્તૃત ચર્ચા કરી છે. કેટલીક વિશિષ્ટ અક્ષમતાઓ જેવી કે દૃષ્ટિ, શ્રવણ વાણી અને ભાષાની અક્ષમતાઓ પણ બાળકોનાં અધ્યયન પર અસર કરે છે. ઉપરાંત પ્રતિભાશાળી બાળકોની પણ પોતાની વિશિષ્ટ સમસ્યાઓ હોય છે. અમુક બાળકોમાં કોઈ પણ પ્રકારની શારીરિક કે માનસિક અક્ષમતા ન હોવા છતાં તેઓ અધ્યયનની અક્ષમતા ધરાવતાં હોય છે. અમુક બાળકો મંદ ગતિનાં અધ્યેતા હોય છે. આવાં તમામ પ્રકારનાં બાળકોનો સમાવેશ વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોમાં થાય છે. સમાવેશક શાળામાં તેમનું સમાવેશન કરવા માટે શાળા કક્ષાએ વિશિષ્ટ પગલાં લેવા આવશ્યક છે.

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને દૃષ્ટિ, શ્રવણ, વાણીની અક્ષમતા ધરાવતાં બાળકો સહિત પ્રતિભાશાળી બાળકોનાં સમાવેશનના સંદર્ભમાં આ વિભાગમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

આ વિભાગમાં એકમ-5 થી 8 સુધી કુલ ચાર એકમો છે.

એકમ-5 માં શ્રવણની અક્ષમતાનો અર્થ અને તેનાં કારણો બાળકોનાં અધ્યયન પર સંપૂર્ણ અને આંશિક બહેરાશની અસર તથા આવી અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના વિશે ચર્ચા કરવામાં આવી છે. ઉપરાંત વાણી અને ભાષાની અક્ષમતાના અર્થ સહિત તેની અધ્યયન પર પડતી અસરો અને આવાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના સ્પષ્ટ કરવામાં આવી છે.

એકમ-6માં દૃષ્ટિની સંપૂર્ણ અને આંશિક ખામીનો અર્થ અને તેનાં કારણો સહિત તેમની અધ્યયન પર પડતી અસરો વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. ઉપરાંત દૃષ્ટિની સંપૂર્ણ અને આંશિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના તથા તેમના શિક્ષણનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની વધારાની ભૂમિકા સૂચવવામાં આવી છે.

એકમ-7માં આપણે અધ્યયનની અક્ષમતાની વ્યાખ્યા અને અર્થની સ્પષ્ટતા કરી છે. ઉપરાંત શૈક્ષણિક પછાત અને બાળકો મંદ ગતિનાં અધ્યેતાના અર્થ તથા લક્ષણો વિશે વિસ્તૃત ચર્ચા કરી છે. બાળકોની અધ્યયન ક્ષમતાને અસર કરે તેવા ડિસલેક્સિયા અને ધ્યાન ન્યૂનતા સહિતના અતિક્રિયાશીલતાનાં રોગનાં લક્ષણો, કારણો અને આવાં બાળકોનાં શિક્ષણ માટેના માર્ગોનું વર્ણન પણ આ પ્રકરણમાં કરવામાં આવ્યું છે.

એકમ-8માં પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યા, અર્થ અને લક્ષણો વિશે ચર્ચા કરવામાં આવી છે. તેમની સમસ્યાઓ અને તેમના શિક્ષણ માટેના માર્ગદર્શક સૂચનો આપવામાં આવ્યા છે. આવાં બાળકોનાં વિકાસમાં મા-બાપની ભૂમિકા અંગેની સ્પષ્ટતા પણ આ પ્રકરણમાં કરવામાં આવી છે.

આ વિભાગનાં અભ્યાસને અંતે તમે :-

- શ્રવણની અક્ષમતાના અર્થ, તેનાં કારણો, બાળકોનાં અધ્યયન પર તેની અસર તથા આવી અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના સમજાવી શકશો. ઉપરાંત વાણી અને ભાષાની અક્ષમતાના અર્થ સહિત તેની અધ્યયન પર પડતી અસરો અને આવાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના સ્પષ્ટ કરી શકશો.
- દૃષ્ટિની સંપૂર્ણ અને આંશિક ખામીનો અર્થ, તેનાં કારણો અને અધ્યયન પર તેની અસરો જણાવી શકશો. આવી અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના તથા તેમના વિકાસમાં શાળા અને શિક્ષકની ભૂમિકા સૂચવી શકશો.
- અધ્યયનની અક્ષમતા, શૈક્ષણિક પછાત બાળકો, મંદ ગતિનાં અધ્યેતા અને ડિસલેક્સિયા તથા ધ્યાન ન્યૂનતા સહિતના અતિક્રિયાશીલતાનાં અર્થ, લક્ષણો, કારણો અને આવાં બાળકોનાં શિક્ષણ માટેનાં માર્ગોનું વર્ણન કરી શકશો.
- પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યા, અર્થ, લક્ષણો, તેમની સમસ્યાઓ, તેમના શિક્ષણ માટેના માર્ગદર્શક સૂચનો અને તેમના વિકાસમાં મા-બાપની ભૂમિકા અંગેની સ્પષ્ટતા કરી શકશો.

એકમ 5

# શ્રવણ, વાણી અને ભાષાની અક્ષમતા

## : રૂપરેખા :

**5.0 પ્રસ્તાવના**

**5.1 ઉદ્દેશો**

**5.2 શ્રવણની અક્ષમતા**

**5.3 બહેરાશનાં કારણો**

**5.4 બાળકોનાં અધ્યયન પર બહેરાશની અસર**

**5.4.1 સંપૂર્ણ બહેરાશ ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના**

**5.4.2 સંપૂર્ણ બહેરાશ ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની વધારાની ભૂમિકા**

**5.4.3 આંશિક શ્રવણ અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના**

**5.4.4 આંશિક શ્રવણ અક્ષમતા ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની વધારાની ભૂમિકા**

**5.5 વાણી અને ભાષાની અક્ષમતા**

**5.5.1 વાણી અને ભાષાની અક્ષમતાનાં કારણો**

**5.6 વાણી અને ભાષાની અક્ષમતાની અધ્યયન પર અસરો**

**5.6.1 વાણી અને ભાષાની અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના**

**5.7 સારાંશ**

**5.8 તમારી પ્રગતિ ચકાસો**

## 5.0 પ્રસ્તાવના

વાતચીત કરવામાં વ્યક્તિને શ્રવણેન્દ્રીય મદદરૂપ થાય છે. વર્ગખંડમાં તમામ પ્રકારની અધ્યાપન પ્રક્રિયામાં શિક્ષક, શાબ્દિક રીતે વિષયવસ્તુની રજૂઆત કરે છે. આવી રજૂઆત મોટાભાગે મૌખિક રીતે થાય છે. જન્મ પછી બાળક સાથે તેનાં કુટુંબના લોકો આંતરક્રિયા કરવા માટે ઈશારાઓ પછી ભાષાનો જ સૌથી વધુ ઉપયોગ કરે છે. તેમની વાતો સાંભળતા સાંભળતા બાળક મોટું થાય છે. કુટુંબીઓ સાથે મૌખિક સંવાદ કરીને તે ઘણું શીખે છે અને પોતાની જરૂરિયાતનો જાણ તેનાં પાલકોને કરે છે. પછી જ્યારે તે સમાજમાં આવે છે ત્યારે પણ તેના દૈનિક જીવનની લગભગ તમામ આંતરક્રિયાત્મક પ્રવૃત્તઓમાં તેણે વાણી અને શ્રવણેન્દ્રીયનો ઉપયોગ કરવો પડે છે. આ પ્રક્રિયા આજીવન ચાલે છે. તે અભ્યાસ કરે, વ્યવસાય કરે, નોકરી કરે કે કોઇ અન્ય પ્રવૃત્તિ કરે, દરેક કાર્યમાં મૌખિક સંવાદ ખૂબ મોટો ભાગ ભજવે છે. હવે જો બાળકની શ્રવણેન્દ્રિય જ કામ ન કરે તો તેનો વિકાસ અપેક્ષિત રીતે ન થાય તે સ્વાભાવિક બાબત છે. તે યોગ્ય રીતે સામાજિક આંતરક્રિયા નહીં કરી શકે. અભ્યાસમાં પણ તે મુશ્કેલી અનુભવશે. તેમ છતાં તેણે શિક્ષણ તો મેળવવું જ પડશે, જેથી તે પોતાને જીવન જીવવા માટે તૈયાર કરી શકે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત પ્રકરણમાં આપણે બાળકોનાં શિક્ષણનાં સંદર્ભમાં તેમની શ્રવણ-અક્ષમતાની અસર અંગે ચર્ચા કરીશું.

## 5.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંત તમે :-

– શ્રવણની અક્ષમતાનો અર્થ અને તેનાં કારણો જણાવી શકશો.

– બાળકોનાં અધ્યયન પર સંપૂર્ણ અને આંશિક બહેરાશની અસર સમજાવી શકશો.
– સંપૂર્ણ અને આંશિક બહેરાશ ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચનાનું વર્ણન કરી શકશો.
– સંપૂર્ણ અને આંશિક શ્રવણ અક્ષમતા ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની વધારાની ભૂમિકા સૂચવી શકશો.
– વાણી અને ભાષાની અક્ષમતાના અર્થ સમજાવી શકશો.
– વાણી અને ભાષાની અક્ષમતાની અધ્યયન પર પડતી અસરો સમજાવી શકશો.
– વાણી અને ભાષાની અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના સૂચવી શકશો.

## 5.2 શ્રવણની અક્ષમતા

વ્યક્તિ સંપૂર્ણ અથવાં આંશિક રીતે સાંભળવાની ક્ષમતા ગુમાવી દે તો તે શ્રવણની અક્ષમતા ધરાવે છે એમ કહેવાય. કોઇ બાહ્ય સાધન વડે પણ વ્યક્તિ સાંભળી ન શકે તો તે સંપૂર્ણ બહેરાશ એટલે કે શ્રવણની સંપૂર્ણ અક્ષમતા ધરાવે છે એમ કહેવાય. ફક્ત બાહ્ય શ્રવણ સહાયક સાધનની મદદથી સાંભળી શકવાની ક્ષમતાને આંશિક બહેરાશ તરીકે ઓળખવામાં આવે છે.

સામાન્ય સંજોગોમાં શ્રવણની સંપૂર્ણ અક્ષમતાને આપણે બહેરાશ તરીકે ઓળખીએ છીએ. તેથી હવે પછી, પ્રસ્તુત પ્રકરણમાં આપણે તેના માટે બહેરાશ શબ્દનો ઉપયોગ કરીશું.

## 5.3 બહેરાશનાં કારણો

બહેરાશનું કોઇ એક નહીં પણ અનેક કારણો છે. તેમાંથી એક અથવાં વધુ કારણે વ્યક્તિમાં બહેરાશની સમસ્યા જોવા મળી શકે છે. આ કારણો નીચે જણાવ્યા મુજબનાં છે.

– અમુક કિસ્સાઓમાં જનીનની ખામીને કારણે જન્મથી બાળકો બહેરાશ ધરાવતાં હોય છે.
– કેટલાંક કિસ્સાઓમાં જનીનની ખામીને કારણે જન્મના અમુક સમય પછી બાળકમાં બહેરાશ આવે છે.
– મગજ અથવાં માથા પર ઈજા થવાંને કારણે બાળક બહેરું થઇ શકે છે.
– કાન પર ગંભીર ઈજા થવાંથી બહેરાશ આવી શકે છે.
– કાનના આંતરિક ભાગમાં, ગાલપચોળિયાં અને ઓરી જેવા રોગોનો ચેપ લાગવાથી બાળક બહેરું થઇ શકે છે.
– શ્રાવ્ય ચેતાકોષોને ચેપ લાગવાને કારણે બાળકમાં બહેરાશ આવી શકે છે.
– શ્રાવ્ય ચેતાકોષો પર અથવાં તેમની પાસે સોજો આવવાથી વ્યક્તિ બહેરી થઇ શકે છે.
– મગજનો તાવ (Meningitis) આવવાને કારણે બહેરાશ આવી શકે છે.
– મગજ પર સોજો આવવાથી બહેરાશ આવી શકે છે.
– કોઇ આઘાતને કારણે મગજ સુધી જતું લોહી અટકી જાય તો બહેરાશ આવી શકે છે.
– અસહ્ય તીવ્રતા ધરાવતો અવાજ એકદમથી સાંભળવામાં આવે તો બહેરાશ આવી શકે છે.
– વધુ તીવ્રતા વાળા અવાજની વચ્ચે સતત રહેવાથી બહેરાશ આવી શકે છે.
– અમુક વખતે અન્ય કોઇ બીમારીને દૂર કરવા માટે ખૂબ તીવ્રતા ધરાવતી દવાઓ લેવામાં આવે છે. તેની આડ અસરને કારણે બહેરાશ આવી શકે છે.
– મોટી વયે લગભગ તમામ વ્યક્તિઓને ઓછાવત્તા પ્રમાણમાં બહેરાશની સમસ્યા નડે છે. આ એક કુદરતી પ્રક્રિયા છે.

શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતા પર બહેરાશની અસર પડે છે. કઇ રીતે ? તેના વિશે હવે આપણે ચર્ચા કરીશું.

## 5.4 બાળકોનાં અધ્યયન પર બહેરાશની અસર

**(a) બાળકોનાં અધ્યયન પર સંપૂર્ણ બહેરાશની નીચે જણાવ્યા પ્રમાણે અસર પડી શકે છે.**

– મુખ્ય પ્રવાહની અને સમાવેશક શાળાના વર્ગખંડમાં શિક્ષક દ્વારા મૌખિક રીતે રજૂ કરવામાં આવેલી માહિતી સંપૂર્ણ બહેરાશ ધરાવતું બાળક સાંભળી શકતું નથી. તેથી તે અન્ય બાળકોની તુલનામાં અધ્યયનનાં સંદર્ભમાં પાછળ રહી જાય છે.

– આવાં બાળકો વર્ગખંડમાં મૌખિક ચર્ચા કરી શકતાં નથી. તેથી વિષયવસ્તુના સંદર્ભમાં ઊભી થયેલા સમસ્યા અંગે તેઓ શિક્ષક સામે તાત્કાલિક રજૂઆત કરી શકતાં નથી. પરિણામે તેમના અધ્યયન પર નકારાત્મક અસર પડે છે.

– સમાવેશક શાળામાં સામાન્ય બાળકો પણ હોવાથી શિક્ષક મર્યાદિત પ્રમાણમાં સાંકેતિક ભાષાનો ઉપયોગ કરી શકે છે. તેથી બહેરાશ ધરાવતાં બાળકો વિષયવસ્તુને સમગ્ર રીતે સમજવામાં મુશ્કેલી અનુભવે છે.

– વિશિષ્ટ શાળામાં અભ્યાસ કરતાં બાળકોની સામે સાંકેતિક ભાષામાં વિષયવસ્તુની રજૂઆત કરવામં સમય વધુ જાય છે. તેથી આવાં બાળકોની અધ્યયન ગતિ ધીમી રહે છે.

– શ્રવણની ખામી ધરાવતાં બાળકોનાં સંપ્રેષણ કૌશલ્યનો વિકાસ થતો નથી.

– જન્મથી જ બહેરાં બાળકે કદીએ મૌખિક આંતરક્રિયા કરી હોતી નથી. તેથી આસપાસનાં વાતાવરણના સંદર્ભમાં શબ્દોને સમજવાની તેની આવડતનો વિકાસ થતો નથી. પરિણામે સાંકેતિક ભાષામાં તેની સામે રજૂ કરવામાં આવેલી માહિતીનું તે યોગ્ય સંદર્ભમાં અર્થઘટન કરી શકતું નથી. આવા સંજોગોમાં વિષયવસ્તુનાં સંદર્ભમાં તેની સમજ સુસ્પષ્ટ બનતી નથી.

– બહેરાશ ન ધરાવતાં સામાન્ય બાળકો, આસપાસના વાતાવરણમાં અનેક પ્રકારનાં અવાજ સાંભળે છે. તેમના સંપર્કમાં આવતાં અનેક લોકો સાથે વાર્તાલાપ કરે છે. તે સિવાય અન્ય લોકો વચ્ચે થતી વાતચીત પણ તે જાણે અજાણે સાંભળે છે. જેના કારણે તેઓ અનૌપચારિક રીતે ઘણી વાતો શીખે છે. જે તેમને અધ્યયનમાં મદદરૂપ થાય છે. આવી તક સંપૂર્ણ બહેરાશ ધરાવતાં બાળકોને મળતી નથી. પરિણામે તેઓ અધ્યયનનાં સંદર્ભમાં અન્ય બાળકો કરતાં પાછળ રહી જાય છે.

– મૌખિક આંતરક્રિયા કરવાની અક્ષમતાને કારણે સમાવેશક શાળામાં અન્ય બાળકો બહેરાં બાળકોને મદદરૂપ થવાંમાં મુશ્કેલી અનુભવે છે. તેથી તેમણે અધ્યયન માટે શિક્ષક પર જ આધાર રાખવો પડે છે. પરંતુ સામાન્ય બાળકોની વર્ગખંડમાં હાજરી હોવાને કારણે બહેરાં બાળકો પર શિક્ષક વ્યક્તિગત રીતે ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી. પરિણામે બહેરાં બાળકો અધ્યયન ગતિની બાબતે અન્ય લોકોની તુલનામાં ધીમા સાબિત થાય છે.

– બહેરા બાળકનું અધ્યયન પ્રમાણમાં ખૂબ ધીમું થાય છે. તેથી તેઓ હતાશ થાય છે અને ધીમે ધીમે અધ્યયનમાંથી રસ ગુમાવતા જાય છે.

**(b) આંશિક બહેરાશ ધરાવતાં બાળકોનાં અધ્યયન પર તેમની અક્ષમતાની નીચે જણાવ્યા પ્રમાણે અસર પડી શકે છે.**

– તીવ્ર બહેરાશ ધરાવતાં બાળકોની ભાષા અને વાણીનો વિકાસ ધીમો થાય છે. તેઓ પોતાની વાતો અસરકારક રીતે રજૂ કરી શકતાં નથી અને પોતાની શૈક્ષણિક સમસ્યાઓ શિક્ષકોને સમજાવી શકતાં નથી. જેના કારણે આવાં બાળકો વિષયવસ્તુને સ્પષ્ટ રીતે સમજવામાં મુશ્કેલી અનુભવે છે.

– આંશિક બહેરાશ ધરાવતાં બાળકો, શ્રવણ સહાયક સાધનો વગર, વર્ગખંડમાં શિક્ષક દ્વારા રજૂ કરવામાં આવતી માહિતી સ્પષ્ટ રીતે સાંભળી અને સમજી શકતાં નથી. જે તેમનાં અધ્યયન પર નકારાત્મક અસર કરે છે.

- બહેરાશને કારણે આવાં બાળકો હતાશ થઇ જાય છે. જેના કારણે ધીમે ધીમે તેઓ અધ્યયનમાંથી રસ ગુમાવતા જાય છે.
- જો તેમને વર્ગખંડમાં યોગ્ય જગ્યાએ બેસાડવામાં ન આવે તો શિક્ષક દ્વારા રજૂ કરવામાં આવતી માહિતી સ્પષ્ટ રીતે સાંભળી અને સમજી શકતાં નથી.
- તેઓ અન્ય બાળકોની જેમ સરળતાથી અને સાહજિક રીતે શિક્ષક સાથે ચર્ચા કરી શકતા નથી. તેથી વિષયવસ્તુ સંબંધિત સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ મેળવી શકતાં નથી.
- આવાં બાળકો તેમના વાલીઓ અને શિક્ષકોને તેમની સમસ્યા અંગેની જાણ ન કરે તો તેમની અધ્યયન સમસ્યાઓના સંદર્ભમાં ઉપચારાત્મક કાર્ય કરી શકાતું નથી. પરિણામે અન્ય બાળકોની તુલનામાં તેઓ અધ્યયનમાં પાછળ રહી જાય છે.
- આવાં બાળકો વર્ગખંડમાં થતી ચર્ચાઓની નોંધ કરવામાં ધીમા રહે છે. પરિણામે તેઓ માનસિક તાણ અનુભવે છે. જેના કારણે તેઓ વર્ગખંડમાં બેધ્યાન રહે છે.
- તેઓ શિક્ષકની વાણી સ્પષ્ટ રીતે સાંભળી શકતાં નથી. તેથી વર્ગખંડમાં સામાન્ય બાળકો જેટલાં સક્રિય રહી શકતાં નથી. જે તેમની અધ્યયન ઝડપને અવરોધે છે.

### 5.4.1 સંપૂર્ણ બહેરાશ ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના

- આવાં બાળકોને સાંકેતિક ભાષાની તાલીમ આપવી જોઈએ. આવી તાલીમ આપ્યા બાદ જ શિક્ષણ આપવું જોઈએ.
- આવાં બાળકો સામે ચાર્ટ, ચિત્રો અને અન્ય દૃશ્ય સાધનોની મદદથી વિષયવસ્તુની રજૂઆત કરવી જોઈએ.
- શક્ય હોય ત્યાં સુધી તેમની સામે, લેખિત સ્વરૂપે વિષયવસ્તુની રજૂઆત કરવી જોઈએ.
- આવાં બાળકોને સામાન્ય બાળકો માટેની મુખ્ય પ્રવાહની શાળામાં શિક્ષણ આપવું જોઈએ. જેથી તેમને સામાજિક સ્વીકૃતિ મળે અને તેમના આત્મવિશ્વાસમાં વૃદ્ધિ કરી શકાય.
- આવાં બાળકો સામે શિક્ષકે કથનની સાથે સાથે સાંકેતિક ભાષામાં વિષયવસ્તુની રજૂઆત કરવી જોઈએ અથવાં
- આવાં બાળકો સામે સાંકેતિક ભાષામાં તૈયાર કરવામાં આવેલી ફિલ્મ કે વિડીયો દ્વારા વિષયવસ્તુની રજૂઆત કરવી જોઈએ.
- આવાં બાળકોને વાણી વાચન (Lip Reading)ની તાલીમ આપવી જોઈએ. જેથી શિક્ષકના હોઠના હલન-ચલનને આધારે તેઓ શિક્ષકની વાતને સમજી શકે.
- શિક્ષકનો ચહેરો અને હોઠ બાળકને સ્પષ્ટ રીતે દેખાય તે રીતે વર્ગખંડમાં ઊભા રહીને શિક્ષકે કથન કરવું જોઈએ. જેથી બાળકો સરળતાથી વાણી વાચન કરી શકે.
- આવા બાળકોને મૂક વાચનની તાલીમ આપવી જોઈએ. જેથી તેઓ લેખિત કે મુદ્રિત અધ્યયન સામગ્રીની મદદથી અધ્યયન કરી શકે.
- સમાવેશક વર્ગખંડમાં સહકારી અધ્યયન માટેનું વાતાવરણ ઊભું કરવા માટેનું સૂક્ષ્મ આયોજન કરવું જોઈએ અને તેનો અસરકારક અમલ કરવો જોઈએ. તે માટે વર્ગખંડના અમુક સામાન્ય બાળકોને સાંકેતિક ભાષા અંગેની તાલીમ આપવી જોઈએ. આવી તાલીમ મેળવેલ દરેક બાળકને એક બહેરાં બાળકના અધ્યયનમાં મદદ કરવા અંગેની જવાબદારી સોંપવી જોઈએ.
- સહાયક બાળકો સાથે શિક્ષકે નિયમિત અંતરે ચર્ચા કરીને તેમને સોંપવામાં આવેલ બાળકની પ્રગતિ અંગે માહિતી મેળવવી જોઈએ. જરૂર જણાય તો સહાયક બાળકને વિશેષ માર્ગદર્શન અને સલાહ આપવી જોઈએ, જેથી તેને સોંપવામાં આવેલ બાળકને અધ્યયનમાં યોગ્ય રીતે મદદરૂપ થઇ શકે.

### 5.4.2 સંપૂર્ણ બહેરાશ ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની વધારાની ભૂમિકા

સંપૂર્ણ બહેરાશ ધરાવતાં બાળકો માટેની વિશિષ્ટ અધ્યાપન વ્યૂહરચના સિવાય પણ આવાં બાળકો માટે શાળા અને શિક્ષકે નીચે જણાવેલ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- શાળા સમય સિવાયના સમયમાં આવાં બાળકોને વાણી વાચન (Lip Reading)ની સઘન તાલીમ આપવી જોઈએ.
- તેમના માટે વધુ પ્રમાણમાં દશ્ય અધ્યયન સામગ્રી તૈયાર કરવી જોઈએ.
- તેમને આવશ્યક સૂચનાઓ લેખિત સ્વરૂપે જ આપવી જોઈએ.
- સાંકેતિક ભાષાની નિષ્ણાત વ્યક્તિઓ દ્વારા આવાં બાળકોને વિશિષ્ટ માર્ગદર્શન અપાવવું જોઈએ.
- આવાં બાળકો સાંવેગિક રીતે મજબૂત બને તે માટેનાં પ્રયત્નો શાળામાં થવાં જોઈએ.
- તેમનો અહમ્ ઘવાય તેવો કોઇપણ વ્યવહાર શાળામાં તેમની સાથે ન થવો જોઈએ.
- આવાં બાળકોનું નિયમિત અંતરે પરામર્શન કરવું જોઈએ.
- તેમના વાલીઓ માટે પણ નિયમિત સમયાંતરે માર્ગદર્શન અને પરામર્શનના કાર્યક્રમોનું આયોજન શાળામાં થવું જોઈએ.
- તેમની વિશિષ્ટ શક્તિઓ અને અભિયોગ્યતાની ઓળખ કરીને તેનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓમાં તેમને સાંકળવા જોઈએ.
- આવાં બાળકોને સામૂહિક સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં સાંકળીને તેમને અનુકૂળ આવે તેવાં કાર્યો સોંપવા જોઈએ. જેથી તેમના વિશિષ્ટ કૌશલ્યોનો વિકાસ કરી શકાય.
- સામૂહિક પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક આંતરક્રિયા કરવા માટેની તક તેમને પૂરી પાડવી જોઈએ. જેથી તેમને સામાજિક સ્વીકૃતિ મળે અને તેમનો સામાજિક વિકાસ યોગ્ય દિશામાં કરી શકાય.
- તેમને મદદરૂપ થવાં માટે શાળાના અન્ય બાળકોને તૈયાર કરવા જોઈએ.

### 5.4.3 આંશિક શ્રવણ અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના

- આવાં બાળકો સામે સ્પષ્ટ અને સરળ ભાષામાં, યોગ્ય તીવ્રતા વાળા અવાજ સાથે અને મૌખિક રીતે વિષયવસ્તુની રજૂઆત કરવી જોઈએ.
- વર્ગખંડમાં વિષયવસ્તુની રજૂઆત કરતાં પહેલાં તેમનું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.
- શક્ય હોય ત્યાં સુધી વર્ગખંડમાં લેખિત સ્વરૂપે અથવાં દશ્ય સાધનોની મદદથી માહિતીની રજૂઆત કરવી જોઈએ.
- વર્ગખંડમાં સહકારી અધ્યયન માટેનું વાતાવરણ ઊભું કરવા માટેનું સૂક્ષ્મ આયોજન કરવું જોઈએ અને તેનો અસરકારક અમલ કરવો જોઈએ.
- આવાં દરેક બાળકનાં અભ્યાસની જવાબદારી ઓછામાં ઓછા એક સામાન્ય બાળકને સોંપવી જોઈએ.
- તેમને સહાયક બાળક સાથે શિક્ષકે નિયમિત સમયાંતરે ચર્ચા કરતાં રહેવું જોઈએ. જેથી સહાયક બાળકને યોગ્ય માર્ગદર્શન આપી શકાય. જરૂર જણાય તો સહાયક બાળકને વિશિષ્ટ તાલીમ પણ આપવી જોઈએ.
- વર્ગખંડમાં આવાં બાળકોને અનુકૂળ જગ્યાએ બેઠક વ્યવસ્થા ફાળવવી જોઈએ. શિક્ષકે આ બાબતે ખાસ કાળજી લેવી જોઈએ.

### 5.4.4 આંશિક શ્રવણ અક્ષમતા ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની વધારાની ભૂમિકા

આંશિક બહેરાશ ધરાવતાં બાળકો માટેની વિશિષ્ટ અધ્યાપન વ્યૂહરચના સિવાય પણ શાળા અને શિક્ષકે નીચે જણાવેલ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

– આવાં બાળકોની નિયમિત સમયાંતરે દાક્તરી તપાસ થવી જોઈએ. જેથી પ્રારંભિક કક્ષાએ બાળકોનો ઈલાજ કરીને અક્ષમતાનો વિકાસ અટકાવી શકાય.

– શક્ય હોય તો શાળાએ બાળકોને શ્રવણ સહાયક સાધનો ફાળવવા જોઈએ.

– આવાં બાળકો જરૂરી શ્રવણ સાધનોનો ઉપયોગ કરે તેવો આગ્રહ શાળા કક્ષાએ જવો જોઈએ.

– નિયમિત દાક્તરી તપાસ દ્વારા તેમની અક્ષમતા અંગેની માહિતીનો સંચય કરીને તેનું વિશ્લેષણ કરતાં રહેવું જોઈએ. તેના આધારે તેમના ઉછેર માટે વાલીઓને માર્ગદર્શન આપવું જોઈએ.

– તે સિવાય આવાં બાળકોનાં વાલીઓ માટે પણ શાળામાં, માર્ગદર્શન અને પરામર્શનના કાર્યક્રમોનું નિયમિત સમયાંતરે આયોજન થવું જોઈએ.

– નિયમિત અંતરે આવાં બાળકોનું પરામર્શન કરવું જોઈએ.

– આવાં બાળકો સાંવેગિક રીતે મજબૂત બને તે માટેના પ્રયત્નો શાળામાં થવાં જોઈએ.

– તેમનો અહમ્ ઘવાય તેવો કોઇ પણ વ્યવહાર શાળામાં ન થવો જોઈએ.

– શિક્ષકોએ આવાં બાળકોનું વ્યક્તિગત ધોરણે ધ્યાન રાખવું જોઈએ.

– તેમને, સામૂહિક પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક આંતરક્રિયા કરવા માટેની તક શાળામાં પૂરી પાડવી જોઈએ. જેથી તેમને સામાજિક સ્વીકૃતિ મળે અને તેમનો સામાજિક વિકાસ યોગ્ય દિશામાં કરી શકાય.

જન્મથી બહેરાં બાળકો મોટા ભાગે આ વાણીની અક્ષમતાનો ભોગ બનતાં હોય છે. વાણીની અક્ષમતા પણ એક પ્રકારની આંગિક અને શારીરિક અક્ષમતા છે. જેની અસર બાળકનાં અધ્યયન પર પડે છે. શ્રવણની અક્ષમતાને કારણે ભાષાની ખામી પેદા થાય છે અને ભાષાની નબળાઇને કારણે વાણીની અક્ષમતા પેદા થાય છે. આવાં બાળકોનાં અસરકારક સમાવેશન માટે એક શિક્ષક પાસે તેમની નબળાઇઓ અંગેની સમજ હોવી ખૂબ જરૂરી છે.

## 5.5 વાણી અને ભાષાની અક્ષમતા

વાણી અને ભાષાની અક્ષમતા એ બાળકની સંપ્રેષણ ક્ષમતા સાથે સંકળાયેલી બાબત છે.

વ્યક્તિ સ્પષ્ટ ઉચ્ચારણ સાથે પ્રવાહી રીતે બોલી ન શકે તો તે વાણીની અક્ષમતા ધરાવે છે એમ કહેવાય. આવી ખામીને કારણે કાં તો વ્યક્તિ પોતાની વાતો સ્પષ્ટ રીતે અભિવ્યક્ત નથી કરી શકતી અથવાં બિલકુલ મૂંગી હોય છે.

જો વ્યક્તિ, કોઇએ કહેલી વાતો સ્પષ્ટ રીતે સમજી ન શકે અને પોતાના વિચારો, લાગણી અને વાતો સામે વાળી વ્યક્તિને સ્પષ્ટ રીતે સમજાય તે રીતે રજૂ કરી શકે તો તે ભાષાની અક્ષમતા ધરાવે છે એમ કહેવાય.

ઉપરોક્ત બન્ને પ્રકારની ખામી ધરાવતી વ્યક્તિને વાણી અને ભાષાની અક્ષમતા ધરાવતી વ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે.

વ્યક્તિ બોબડી હોય, તોતળી હોય, અટકી અટકીને બોલતી હોય કે તેના ઉચ્ચારણમાં કોઇ પણ પ્રકારની ખામી હોય તો તેણે વાણીની ખામી ધરાવતી વ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે. તેની આ ખામી ભાષાની ખામી પણ ઊભી કરે છે. જન્મથી બહેરી વ્યક્તિમાં પણ ભાષાની ખામી જોવા મળે છે, પછી ભલેને તે વામીની ખામી ધરાવતી હોય કે ન હોય.

જો વ્યક્તિ, સાંભળેલી વાતોને યોગ્ય સંદર્ભમાં અને સ્પષ્ટ રીતે સમજી ન શકતી હોય તો તે ભાષા અર્થગ્રહણ ક્ષમતા ધરાવતી નથી એમ કહેવાય. જો તે પોતાની વાતો, સ્પષ્ટ રીતે રજૂ ન કરી શકે તો તે અભિવ્યક્તિની અક્ષમતા ધરાવે છે તેમ કહેવાય. આ બન્ને પ્રકારની ખામીને ભાષાની અક્ષમતા તરીકે ઓળખવામાં આવે છે.

### 5.5.1 વાણી અને ભાષાની અક્ષમતાનાં કારણો

ભાષા અને વાણીની અક્ષમતા અમુક વખતે કોઇ અગમ્ય કારણોસર પેદા થાય છે, તેમ છતાં તેનાં કેટલાંક સામાન્ય કારણો નીચે મુજબ જણાવી શકાય. આમાંથી કોઇ એક અથવાં વધુ કારણે આ બન્ને પ્રકારની અક્ષમતા પેદા થવાંની સંભાવના રહે છે.

- અમુક બાળકો કોઇ અગમ્ય કારણોસર જન્મથી જ બોબડાં હોય છે.
- જન્મથી બહેરાં બાળકની ભાષાનો વિકાસ થતો નથી. તેથી તે પોતાની વાતો સ્પષ્ટ રીતે રજૂ કરી શકતું નથી.
- મગજના લકવાને કારણે વાણી પર બાળકનું નિયંત્રણ રહેતું નથી. તેથી તેની વાણી અને ભાષાનો વિકાસ થતો નથી.
- મગજ, સ્વર પેટી, માથા કે ગળા પર ગંભીર ઈજા થવાંને કારણે અમુક વખતે વાણી પર અસર થાય છે. આવી ઈજાને કારણે બાળક બોબડું બને છે અથવાં પોતાની વાતો સ્પષ્ટ શબ્દોમાં અભિવ્યક્ત કરી શકતું નથી.
- મંદ બુદ્ધિ કે માનસિક અક્ષમતાને કારણે બાળકની વાણી અને અભિવ્યક્તિનો યોગ્ય વિકાસ થતો નથી.
- જબરદસ્ત મનસિક આઘાત લાગવાને કારણે અમુક વખતે વ્યક્તિનો અવાજ જતો રહે છે અથવાં તે મૌખિક અભિવ્યક્તિની ક્ષમતા ગુમાવી દે છે. આવા સંજોગોમાં તે વાણી અને ભાષાની અક્ષમતાનો શિકાર બને છે.
- જીભ પર છિદ્ર અથવાં ચીરા થવાંને કારણે બાળક સ્પષ્ટ ઉચ્ચારણ કરી શકતું નથી. જેના કારણે તેનામાં વાણી અને ભાષાની અક્ષમતા જોવા મળે છે.
- દૃષ્ટિની ખામીને કારણે અનેક શબ્દો યોગ્ય સંદર્ભમાં સમજી શકાતા નથી. તેથી જન્મથી અંધ બાળકની અભિવ્યક્તિનો વિકાસ યોગ્ય રીતે થઇ શકતો નથી.
- નશાકારક પદાર્થોના સતત સેવનને કારણે વાણી અને ભાષાની અક્ષમતાનો વિકાસ થઇ શકે છે.
- બાળકનાં ઘર અને સમાજમાં સ્થાનિક લોકબોલીનું પ્રભુત્વ હોય તો શિક્ષણમાં સહાયક સામાન્ય ભાષાનો યોગ્ય રીતે વિકાસ થતો નથી.

## 5.6 વાણી અને ભાષાની અક્ષમતાની અધ્યયન પર અસરો

શિક્ષણનો મુખ્ય આધાર, શિક્ષક અને બાળકનું સંપ્રેષણ કૌશલ્ય છે. સંપ્રેષણ વિના કોઇ પણ પ્રકારની શૈક્ષણિક પ્રક્રિયા થઇ શકે નહીં. વાણી અને / અથવાં ભાષાની અક્ષમતાને કારણે બાળકનાં સંપ્રેષણ કૌશલ્યનો વિકાસ થતો નથી. જેના કારણે તેના અધ્યયન પર નીચે જણાવ્યા પ્રમાણેની અસરો પડી શકે છે.

- બોબડું બાળક વર્ગખંડમાં મૌખિક આંતરક્રિયા કરી શકતું નથી. તેથી તે પોતાની શૈક્ષણિક સમસ્યાઓ શિક્ષક સામે રજૂ કરી શકતું નથી. જેના કારણે તે અધ્યયનમાં પાછળ રહી જાય છે.
- વાણીની આંશિક ખામી ધરાવતું બાળક પણ પોતાની સમસ્યાઓ સ્પષ્ટ રીતે રજૂ કરી શકતું નથી. તેની અસર તેના અધ્યયન પર પડે છે.
- તોતળા બાળકની ભાષા અસ્પષ્ટ બને છે. પરિણામે તે પોતાની વાતો સ્પષ્ટ રીતે વ્યક્ત કરી

શકતું નથી. આવાં સંજોગોમાં તે મૌખિક ચર્ચામાં ભાગ લઇ શકતું નથી. જેની અસર તેનાં શિક્ષણ પર પડે છે.

– અટકી અટકીને બોલતાં બાળકની રજૂઆત અને વાણીમાં સાતત્ય જળવાતું નથી. પરિણામે તે પોતાની વાતો સ્પષ્ટ રીતે વ્યક્ત કરી શકતું નથી. તે મૌખિક ચર્ચામાં ભાગ લઇ શકતું નથી. જેની અસર તેનાં શિક્ષણ પર પડે છે.

– આવાં બાળકોની મૌખિક અને મૌલિક અભિવ્યક્તિનો વિકાસ થતો નથી.

– વાણીની આંશિક અક્ષમતા ધરાવતાં બાળકોની ભાષાનો યોગ્ય રીતે વિકાસ થતો નથી. તેથી તેઓ અસરકારક રીતે ચર્ચા કરી શકતાં નથી અને અભ્યાસમાં નબળા સાબિત થાય છે.

– ભાષાની અક્ષમતા ધરાવતાં બાળકો તેમના વિચારોને યોગ્ય રીતે સંગઠિત કરી શકતાં નથી, શબ્દોને વાક્યમાં સાચી રીતે ગોઠવી શકતાં નથી અને વાક્ય બનાવવા માટે યોગ્ય શબ્દો ઝડપથી વિચારી શકતાં નથી. તેઓ સ્પષ્ટ વાક્યો બોલે છે અથવાં તેમના કથનમાં સાતત્યનો અભાવ જોવા મળે છે. જેનાં કારણે તેઓ પોતાની વાત યોગ્ય સંદર્ભમાં રજૂ કરી શકતાં નથી. તેમના લેખન અને કથન કૌશલ્યનો વિકાસ થતો નથી. તેઓ સ્વ-અધ્યયન કરવામાં મુશ્કેલી અનુભવે છે. તેથી અભ્યાસમાં નબળા સાબિત થાય છે.

– તેમની લેખિત અભિવ્યક્તિનો યોગ્ય વિકાસ થતો નથી. તેથી પરીક્ષામાં તેઓ સારો દેખાવ કરી શકતાં નથી. જેનાં કારણે તેઓ હતાશ થાય છે અને તેમનો આત્મવિશ્વાસ ઘટે છે. તેની અસર તેમના શિક્ષણ પર પડે છે.

– આવાં બાળકોની વાત અન્ય લોકોને, શિક્ષકોને અને અન્ય બાળકોને યોગ્ય રીતે સમજાતી નથી. તેથી તેઓ વર્ગખંડમાં થતી ચર્ચામાં ભાગ લઇ શકતાં નથી. તેથી તેઓ યોગ્ય રીતે અધ્યયન કરી શકતાં નથી.

– આવાં બાળકો તાર્કિક રીતે પોતાની વાતો રજૂ કરી શકતાં નથી. તેમની ઈચ્છાઓ અને વિચારોને યોગ્ય વાચા આપી શકતાં નથી. પરિણામે શિક્ષકો અને વાલીઓ તેમની શક્તિઓ અને આવડતો ઓળખી શકતાં નથી. જેથી તેમને સાચું અને ઉપયોગી માર્ગદર્શન આપી શકાતું નથી. જેની અસર તેમના સર્વાંગીણ વિકાસ પર પડે છે.

– ભાષાની અક્ષમતા ધરાવતું બાળક શિક્ષકની વાતો યોગ્ય સંદર્ભમાં સમજી શકતું નથી. તેથી કોઇ પણ વિષયમાં આવતી પાયાની સંકલ્પનાઓ સમજવામાં તે મુશ્કેલી અનુભવે છે. પરિણામે તે અભ્યાસમાં નબળું સાબિત થાય છે.

– શાળામાં શીખવાતી ભાષાઓ અને જે વિષયોમાં વર્ણનાત્મક અભિવ્યક્તિ કરવાની થાય તેવા વિષયોમાં આવું બાળક સફળતા મેળવી શકતું નથી.

### 5.6.1 વાણી અને ભાષાની અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના

વાણી અને ભાષાની અક્ષમતા ધરાવતાં બાળકોનાં અધ્યાપન માટે, ખાસ કરીને સમાવેશક શાળા અને વર્ગખંડમાં નીચે જણાવ્યા પ્રમાણેનાં પગલાં લઈ શકાય.

– શિક્ષકે આવાં બાળકોની નોટ્સની સતત તપાસ કરવી જોઈએ. નોટ્સ લખવામાં તેને પડતી મુશ્કેલીઓ જાણીને તે દૂર કરવા માટે તેને વિશિષ્ટ માર્ગદર્શન આપવું જોઈએ.

– આવાં બાળકોને વિશિષ્ટ તાલીમ આપીને સાંકેતિક ભાષાનો ઉપયોગ કરવાનું શીખવવું જોઈએ. શિક્ષકે પણ આવી ભાષાની સમજ વિકસાવવી જોઈએ. જેથી તે તેમની સાથે અસરકારક રીતે શૈક્ષણિક ચર્ચા કરી શકે અને તેમની સમસ્યાઓને તાત્કાલિક ઉકેલી શકે.

– સમાવેશક શાળામાં સામાન્ય બાળકોને પણ સાંકેતિક ભાષાની તાલીમ આપવી જોઈએ. જેથી તેઓ આવાં બાળકો સાથે સહકારી અધ્યયન કરી શકે.

– વર્ગખંડનાં અક્ષમતા ન ધરાવતાં બાળકને આવાં બાળકનાં અભ્યાસમાં મદદ કરવા માટેની જવાબદારી સોંપવી જોઈએ.

– સહાયક બાળક સાથે શિક્ષકે સતત સંપર્કમાં રહી આવાં બાળકની પ્રગતિ અંગેની માહિતી મેળવવી જોઈએ. જરૂર પ્રમાણએ મદદનીશ બાળકને પણ યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.

– વાણીની ખામી ધરાવતાં બાળક પોતાની સમસ્યાઓ લેખિત રીતે રજૂ કરે તે માટેનું પ્રોત્સાહન શિક્ષકે આપવું જોઈએ. આવાં બાળકોની સમસ્યાઓ તાત્કાલિક ઉકેલ લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

– વાણીની આંશિક ખામી ધરાવતાં બાળકને મૌખિક ચર્ચામાં સાંકળવા જોઈએ. તે જ્યારે બોલતું હોય ત્યારે શિક્ષકે અને અન્ય બાળકોએ ધીરજપૂર્વક તેની વાત સાંભળવી જોઈએ. જેથી તેનો આત્મવિશ્વાસ વધે અને તે વધુમાં વધુ બોલવાનો પ્રયત્ન કરે.

– વાણીની અમુક ખામી, બોલવાના મહાવરાને કારણે દૂર થઇ જાય છે. જેમ કે તોતળાપણું કે અટકી અટકીને બોલવું જેવી ખામી. તેથી શિક્ષકે બાળકની ખામીની તીવ્રતા જાણવી જોઈએ. જો તેની ખામી ખૂબ જ સામાન્ય કક્ષાની હોય તો વર્ગખંડમાં તેને બોલવાની વધુમાં વધુ તક આપવી જોઈએ.

– બાળક તોતળું હોય અથવાં અમુક અક્ષરો બોલી શકતું ન હોય તો તેને વધુ બોલવાની તક આપીને તેની આ નબળાઇ દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ કાર્ય કરવા માટે શિક્ષકે વિશિષ્ટ સમય ફાળવવો જોઈએ અથવાં આવી તાલીમ આપી શકે તેવાં સહાયક કર્મચારીની શાળામાં નિમણૂક થવી જોઈએ.

– ભાષાની અક્ષમતા ધરાવતાં બાળકને પણ મૌખિક ચર્ચામાં સાંકળવા જોઈએ. તે બોલતું હોય ત્યારે શિક્ષકે અને અન્ય બાળકોએ ધીરજપૂર્વક તેની વાત સાંભળવી જોઈએ. જેથી તેમનો આત્મવિશ્વાસ વધે અને તેઓ વધુમાં વધુ બોલવાનો પ્રયત્ન કરે.

– આવાં બાળકો સામે શક્ય હોય તેટલું નિદર્શન પદ્ધતિથી અધ્યાપન કરવું જોઈએ. જેથી તેઓ યોગ્ય સંદર્ભમાં વિષયવસ્તુને સમજી શકે.

– શિક્ષકે બહુમાધ્યમ સંપૂટ, ચિત્ર અને ચાર્ટ જેવાં દશ્ય સાધનોનો ઉપયોગ કરીને અધ્યાપન કાર્ય કરવું જોઈએ. જેથી ભાષાની અક્ષમતા ધરાવતું બાળક દરેક શબ્દને યોગ્ય સંદર્ભમાં સમજીને યાદ રાખી શકે.

– ખૂબ કઠિન અને લાંબા શબ્દોનું તેમની પાસે પુનરાવર્તન કરાવવું જોઈએ. જેથી બાળકો સ્પષ્ટ રીતે તેનો ઉચ્ચાર કરી શકે.

– વાણી અને ભાષાની અક્ષમતાં ધરાવતાં બાળકો લેખિત રીતે તેમની વાતો વ્યક્ત કરે તે માટેનાં પૂરતાં પ્રયત્નો કરવા જોઈએ.

– વાણી અને ભાષાની અક્ષમતા ધરાવતાં બાળકોને લેખિત ગૃહકાર્ય વધુ પ્રમાણમાં આપવું જોઈએ.

– આવાં બાળકોની અભિયોગ્યતા ઓળખીને તેનો વિકાસ કરવા માટેના પ્રયત્નો કરવા જોઈએ.

– શક્ય હોય ત્યાં સુધી આવાં બાળકો જોડે પ્રાયોગિક કાર્ય વધુ પ્રમાણમાં કરાવવું જોઈએ.

## 5.7 સારાંશ

પ્રસ્તુત એકમમાં વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોની સમસ્યાઓ અને તેમના સમાવેશન માટે ઉપયોગી અધ્યાપન વ્યૂહરચના વિશે ચર્ચા કરવામાં આવી છે. તેમાં શ્રવણ, વાણી અને ભાષાની અક્ષમતા ધરાવતાં બાળકોને ધ્યાનમાં રાખીને તમામ સ્પષ્ટતા કરવામાં આવી છે.

## 5.8 તમારી પ્રગતિ ચકાસો

1. શ્રવણની અક્ષમતા એટલે શું ? સમજાવો.

2. બહેરાશનાં કારણો જણાવો.

3. બાળકોનાં અધ્યયન પર બહેરાશની અસર જણાવો.

4. સંપૂર્ણ બહેરાશ ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના અંગે ચર્ચા કરો.

5. સંપૂર્ણ બહેરાશ ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની વધારાની ભૂમિકા જણાવો.

6. આંશિક શ્રવણ અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના અંગે ચર્ચા કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

7. આંશિક શ્રવણ અક્ષમતા ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની વધારાની ભૂમિકા જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

8. વાણી અને ભાષાની અક્ષમતા એટલે શું ? સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

9. વાણી અને ભાષાની અક્ષમતાનાં કારણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

10. વાણી અને ભાષાની અક્ષમતાની અધ્યયન પર થતી અસરો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

11. વાણી અને ભાષાની અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

# એકમ 6

# દૃષ્ટિની અક્ષમતા

## : રૂપરેખા :


6.0 પ્રસ્તાવના

6.1 ઉદ્દેશો

6.2 દૃષ્ટિની અક્ષમતા

6.2.1 સંપૂર્ણ અંધત્વ / દૃષ્ટિની સંપૂર્ણ ક્ષતિ

6.2.2 દૃષ્ટિની આંશિક ખામી

6.3 દૃષ્ટિની અક્ષમતાનાં કારણો

6.4 દૃષ્ટિની અક્ષમતાની અધ્યયન પર અસર

6.4.1 દૃષ્ટિની સંપૂર્ણ અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના

6.4.2 દૃષ્ટિની સંપૂર્ણ અક્ષમતા ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની વધારાની ભૂમિકા

6.5 દૃષ્ટિની આંશિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના

6.5.1 દૃષ્ટિની આંશિક અક્ષમતા ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની વધારાની ભૂમિકા

6.6 સારાંશ

6.7 તમારી પ્રગતિ ચકાસો


## 6.0 પ્રસ્તાવના

અગાઉનાં પ્રકરણોમાં આપણે કેટલીક શારીરિક અને માનસિક અક્ષમતાઓ વિશે ચર્ચા કરી ગયા છીએ. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (World Health Organisation - WHO) એ 2011માં જાહેર કરેલા એક અહેવાલ મુજબ તે સમયે વિશ્વમાં કુલ 3,90,00,000 જેટલા લોકો સંપૂર્ણ દૃષ્ટિહીન અને 24,60,00,000 જેટલાં લોકો દૃષ્ટિની આંશિક અક્ષમતા ધરાવતાં હતા. તેમાંથી 90 ટકા લોકો નિમ્ન આર્થિક સ્થિતિ ધરાવતાં હતા. એપ્રિલ 2006માં દિલ્હીની અશોકા હોટલમાં આયોજિત એક કોન્ફરન્સમાં જાહેર કરવામાં આવેલ આંકડાઓ મુજબ તે સમયે ભારતમાં 78,00,000 લાખ જેટલી વ્યક્તિઓ અંધ હતી. આમ દુનિયાની તમામ અંધ વ્યક્તિઓમાંથી 20 ટકા વ્યક્તિઓ ભારતમાં હતી. જે દર્શાવે છે કે અન્ય દેશો કરતાં ભારતે આવી વ્યક્તિઓનાં શિક્ષણ, રોજગાર અને રહેઠાણ માટે સૌથી વધુ જવાબદારી ઉઠાવવાની થાય છે. ભારતની કેન્દ્ર સરકાર અને તમામ રાજ્ય સરકારો તેમના શિક્ષણ માટે યોગ્ય પગલાં લે છે અને તેમને વધુ સારી વ્યવસ્થા પૂરી પાડવાના પ્રયત્નો કરે છે. હવે સમાવેશક શિક્ષણ વ્યવવસ્થાના વિકાસ માટે અનેક પ્રયત્નો થઇ રહ્યા છે. તેથી સમાવેશક શિક્ષણ વ્યવસ્થાના સંદર્ભમાં આંશિક કે સંપૂર્ણ દૃષ્ટિહીનતા ધરાવતાં બાળકોની સમસ્યાઓ અને તેને દૂર કરવાના ઉપાયો, તમામ શિક્ષકોએ જાણવા ખૂબ જરૂરી છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે તેના વિશે ચર્ચા કરીશું અને તેની શરૂઆત કરીશું દૃષ્ટિની અક્ષમતાના અર્થ સાથે.

## 6.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે :-

– દૃષ્ટિની અક્ષમતાનો અર્થ અને તેનાં કારણો જણાવી શકશો.

– દૃષ્ટિની સંપૂર્ણ અને આંશિક ખામીના અર્થ અને તેના કારણોનું વર્ણન કરી શકશો.

– દૃષ્ટિની સંપૂર્ણ અને આંશિક અક્ષમતાની અધ્યયન પર પડતી અસર સમજાવી શકશો.

– દૃષ્ટિની સંપૂર્ણ અને આંશિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના સ્પષ્ટ કરી શકશો.

– દૃષ્ટિની સંપૂર્ણ અને આંશિક અક્ષમતા ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની વધારાની ભૂમિકા સૂચવી શકશો.

## 6.2 દૃષ્ટિની અક્ષમતા

આંખોની કાર્યક્ષમતામાં ઘટાડો થવાંને કારણે અથવાં આંખો બિનકાર્યક્ષમ થવાંને કારણે પેદા થતી અક્ષમતાને દૃષ્ટિની અક્ષમતા કહે છે. ખામીની તીવ્રતાને આધારે દૃષ્ટિની અક્ષમતાના પ્રકાર નીચે મુજબ જણાવી શકાય છે.

### 6.2.1 સંપૂર્ણ અંધત્વ / દૃષ્ટિની સંપૂર્ણ ક્ષતિ

વ્યક્તિ તેની બન્ને આંખોમાંથી એક પણ આંખ વડે નરી આંખે અથવાં કોઇ સાધનની મદદથી બિલકુલ જોઇ ન શકે તો, તે સંપૂર્ણ અંધત્વ અથવાં દૃષ્ટિની સંપૂર્ણ ક્ષતિ ધરાવે છે એમ કહેવાય.

### 6.2.2 દૃષ્ટિની આંશિક ખામી

વ્યક્તિ કોઇ બાહ્ય સાધન વગર સ્પષ્ટ રીતે ન જોઇ શકે તો, તેને દૃષ્ટિની આંશિક ખામી તરીકે ઓળખવામાં આવે છે. આમાં નીચે જણાવ્યા પ્રમાણેની ખામીઓનો સમાવેશ કરી શકાય છે.

**(1) લઘુદૃષ્ટિની ખામી**

દૃષ્ટિની એવી ખામી કે જેમાં વ્યક્તિ, ફક્ત તેની આંખોની નજીકની વસ્તુ સ્પષ્ટ રીતે જોઇ શકે તેને લઘુદૃષ્ટિની ખામી કહે છે. આવી ખામી ધરાવતી વ્યક્તિને દૂરની વસ્તુ ઝાંખી અથવાં અસ્પષ્ટ દેખાય છે. ચશ્મા અથવાં કોન્ટેક્ટ લેન્સ પહેરીને આ ખામી ધરાવતી વ્યક્તિ દૂરની વસ્તુ પણ સ્પષ્ટ રીતે જોઇ શકે છે.

**(2) દીર્ઘદૃષ્ટિની ખામી**

દૃષ્ટિની એવી ખામી કે જેમાં વ્યક્તિ તેની આંખોથી દૂરની વસ્તુ સ્પષ્ટ રીતે જોઇ શકે પરંતુ નજીકની વસ્તુ તેને ઝાંખી અથવાં અસ્પષ્ટ દેખાય તેને દીર્ઘદૃષ્ટિની ખામી કહે છે. ચશ્મા અથવાં કોન્ટેક્ટ લેન્સનો ઉપયોગ કરીને વ્યક્તિ નજીકની વસ્તુ સ્પષ્ટ રીતે જોઇ શકે છે.

**(3) રંગ દૃષ્ટિહીનતા**

દૃષ્ટિની એવી ખામી કે જેમાં વ્યક્તિ અમુક રંગો વચ્ચે ભેદ પાડી શકતી નથી તેને રંગ દૃષ્ટિહીનતા કહે છે. આવી ખામી ધરાવતી વ્યક્તિને ખાસ કરીને લીલા અને લાલ રંગ અને અમુક સંજોગોમાં વાદળી રંગ ઓળખવામાં તકલીફ પડે છે. સ્ત્રીઓ કરતાં પુરુષોમાં આ ખામી વધારે પ્રમાણમાં જોવા મળે છે. વિટામિન 'એ' લેવાથી આ ખામી અટકાવી શકાય છે.

**(4) રતાંધળાપણું**

દૃષ્ટિની એવી ખામી કે જેમાં વ્યક્તિ રાત્રે અથવાં ઝાંખા પ્રકાશમાં કાં તો બિલકુલ જોઇ શકતી નથી અથવાં આંશિક રીતે જોઇ શકે તેને રતાંધળાપણું કહે છે.

## 6.3 દૃષ્ટિની અક્ષમતાનાં કારણો

દૃષ્ટિની અક્ષમતાનું કોઇ એક નહીં પરંતુ અનેક કારણો છે. તેમાંથી એક અથવાં વધુ કારણે દૃષ્ટિની ખામી પેદા થાય છે. તેના સંભવિત કારણો નીચે જણાવ્યા મુજબનાં છે.

– માથા કે મજગ પર ઇજા થવાંને કારણે દૃષ્ટિની ખામી ઉદ્‌ભવી શકે છે.

– ઝામર (Glaucoma)નો રોગ થવાંને કારણે દૃષ્ટિની ખામી ઉદ્‌ભવે છે.

– આંખોના રેટિનામાં ક્ષતિ પહોંચે તો દૃષ્ટિની સંપૂર્ણ અથવાં આંશિક ખામી ઊભી થઇ શકે છે.

– અમુક કિસ્સાઓમાં મધુપ્રમેહને કારણે દૃષ્ટિની સંપૂર્ણ અથવાં આંશિક ખામી ઊભી થઇ શકે છે.

– મોતીયા (Cataracts) ને કારણે દૃષ્ટિની સંપૂર્ણ અથવાં આંશિક ખામી ઉદ્‌ભવી શકે છે. જો કે નાનાં બાળકો અને યુવાનોમાં મોતીયાના કિસ્સા નહીંવત પ્રમાણમાં જોવા મળે છે.

– મેક્યુલર ડીજનરેશન (Mecular Degeneration)ને કારણે દૃષ્ટિની સંપૂર્ણ અથવાં આંશિક ખામી ઉદ્‌ભવી શકે છે. આ એક અસાધ્ય રોગ છે. જે આંખોના નેત્રપટલ (Retina) પર અસર કરે છે.

– શ્વાસ દ્વારા કે અન્ય કોઇ રીતે શરીરમાં, વધુ પ્રમાણમાં ક્લૉરિન પ્રવેશ કરે તો આંખો પર અસર થવાંની સંભાવના રહે છે.

– સ્ટ્રેબિસ્મસ (Strabismus) નામના વિકારને કારણે આંખો ત્રાંસી થઇ જાય છે. જેના કારણે દૃષ્ટિની ખામી ઉદ્‌ભવે છે.

– શરીરમાંથી કોઇ પણ કારણોસર વધુ પ્રમાણમાં લોહી વહી જાય તો પણ દૃષ્ટિની ખામી ઊભી થવાંનો ડર રહે છે.

– વિટામીન 'એ' ની ઉણપથી આંખોમાં ખામી ઉદ્‌ભવી શકે છે.

– ઝેરી રસાયણો જોડે કામ કરતા લોકોમાં આંખની ખામી ઉદ્‌ભવવાની સંભાવના રહે છે.

– ગંભીર માનસિક આઘાત લાગવાને કારણે પણ દૃષ્ટિની ખામી ઉદ્‌ભવવાનો ડર રહે છે.

– અધૂરાં માસે જન્મેલાં બાળકોમાં આંખોની ખામી સર્જાવાની સંભાવના રહે છે.

શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જો દૃષ્ટિની ખામી હોય તો તેમની અધ્યયન ક્ષમતા પર તેની અસર પડે છે. કઇ રીતે ? હવે આપણે તેના વિશે ચર્ચા કરીશું.

## 6.4 દૃષ્ટિની અક્ષમતાની અધ્યયન પર અસર

**(a) દૃષ્ટિની સંપૂર્ણ અક્ષમતા ધરાવતાં બાળકોનાં અધ્યયન પર નીચે જણાવ્યા પ્રમાણે અસર પડી શકે છે.**

– સંપૂર્ણ-અધત્વ ધરાવતાં બાળકો વર્ગખંડમાં ચૉકફલક પર રજૂ કરવામાં આવેલી માહિતી જોઇ કે વાંચી શકતાં નથી. તેથી તેઓ સામાન્ય બાળકોની ગતિએ અભ્યાસ કરી શકતાં નથી.

– સંપૂર્ણ-અંધત્વ ધરાવતાં બાળકો લેખન કાર્ય કરી શકતાં નથી. તેથી તેમના લેખન કૌશલ્યનો વિકાસ થઇ શકતો નથી.

– આવાં બાળકો વાચન કરી શકતાં નથી. તેથી તેમને સ્વ-અધ્યયન કરવામાં મુશ્કેલી પડે છે.

– ચિત્ર કલા અને નકશા વાચન કૌશલ્યનો વિકાસ થતો નથી.

– વિજ્ઞાન જેવા વિષયોમાં તેઓ પ્રયોગો જોઇ શકતાં નથી અને કરી પણ શકતાં નથી, પરિણામે આવા વિષયોમાં તેઓ અમુક મુદ્દાઓ અંગેની સ્પષ્ટ સમજ વિકસાવી શકતાં નથી. તેથી તેઓ અન્ય બાળકોની તુલનાએ, ખાસ કરીને પ્રાયોગિક કાર્ય ધરાવતાં વિષયોમાં, નિમ્ન સિદ્ધિ ધરાવતાં હોય છે.

– ગણિત જેવાં વિષયમાં તેઓ જાતે લેખિત ગણતરીઓ કરી શકતાં નથી. પરિણામે તેમના ગણન કૌશલ્યનો વિકાસ થતો નથી. તેઓ મૌખિક ગણતરીઓ કરી શકે છે. પરંતુ ગણિત જેવા વિષયમાં લાંબી લાંબી લેખિત ગણતરીઓ કરવી પડે છે. જે તે લોકો કરી શકતા નથી. તેથી ગણિતમાં તેઓ કાચા રહી જાય છે.

– ભૂમિતિ જેવાં વિષયોમાં આકૃતિઓને આધારે સંપૂર્ણ સમજ વિકસાવવાની હોય છે. આવાં બાળકો આકૃતિઓ જોઇ શકતાં નથી. તેથી આવા વિષયો સાથે સંકળાયેલાં કૌશલ્યોનો વિકાસ કરવામાં તેઓ સામાન્ય બાળકો કરતાં ખૂબ પાછળ રહી જાય છે.

– આવાં બાળકો માટે બ્રેઇલ લિપિમાં તૈયાર કરવામાં આવેલ અધ્યયન સામગ્રીનો ઉપયોગ કરવો પડે છે. પરંતુ સામાન્ય બાળકો માટેની અધ્યયન સામગ્રીની તુલનાએ તેનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળે છે. તેથી તેઓ અન્ય  બાળકોની જેમ સ્વ-અધ્યયન કરી શકતાં નથી.

– તમામ વિષયમાં પૂરતાં પ્રમાણમાં બ્રેઇલ લિપિ આધારિત સંદર્ભ અને પૂરક સાહિત્ય મળતું નથી. પરિણામે તેમણે સિમિત સામગ્રી પર આધાર રાખવો પડે છે. જેના કારણે તેમણે વિષયનાં સંદર્ભમાં ઉદ્‌ભવતી સમસ્યાઓના ઉકેલ માટે બીજા પર આધાર રાખવો પડે છે. તેથી સ્વ-અધ્યયન દરમિયાન તેમની સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ જાતે મેળવી શકતાં નથી. જે તેમના અભ્યાસના પ્રવાહને અવરોધે છે.

– તેમના અવલોકન કૌશલ્યનો સ્હેજ પણ વિકાસ થતો નથી.

– જન્મથી અંધ બાળકની ભાષા અન્ય બાળકોનાં પ્રમાણમાં ઓછી વિકસિત થાય છે. કારણ કે તેમને તેમના આસપાસના વાતાવરણ અને વાસ્તવિક પરિસ્થિતિના સંદર્ભમાં શબ્દોના અર્થ સમજવાની તક નથી મળતી. તેથી તેઓ દરેક શબ્દનો અર્થ સ્વકેન્દ્રી રીતે કરે છે. જેથી તેમનું વિશ્વની તમામ વસ્તુઓ પ્રત્યેનું પ્રત્યક્ષીકરણ વાસ્તવિક હોતું નથી. પરિણામે, સંશોધનો કહે છે તે મુજબ, સંપ્રેષણ અને અર્થપૂર્ણ વાર્તાલાપ કરવાની તેમની આવડતનો વિકાસ થતો નથી અને વિવિધ વિષયોમાં સમાવિષ્ટ મુદ્દાઓ યોગ્ય સંદર્ભમાં સમજવાની તેમની આવડતનો વિકાસ થતો નથી.

– મોટા ભાગે તેઓ સ્પર્શ દ્વારા ભૌતિક વસ્તુઓને ઓળખવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેઓ તમામ વસ્તુઓ અને પદાર્થોને સંપૂર્ણ રીતે, દરેક બાજુએથી, સ્પર્શ દ્વારા અનુભવી શકતાં નથી. તેથી તેમણે વસ્તુઓનું કાલ્પનિક રીતે પ્રત્યક્ષીકરણ કરવું પડે છે. જે હંમેશા સાચું હોતું નથી. પરિણામે અમુક બાબતો અંગેની સંકલ્પના તેમના મનમાં સુસ્પષ્ટ થતી નથી. જેનાં કારણે તેમના મનમાં અમુક બાબતો અંગે ખોટાં ખ્યાલો વિકસે છે. તેથી તેમનું અધ્યયન અસર પામે છે.

**(b) દૃષ્ટિની આંશિક અક્ષમતા ધરાવતાં બાળકોનાં અધ્યયન પર નીચે જણાવ્યા પ્રમાણે અસર પડી શકે છે.**

– રંગ દૃષ્ટિ હીનતા ધરાવતાં બાળકો રંગને આધારે કોઇ પણ વસ્તુને ઓળખવામાં મુશ્કેલી અનુભવે છે. તેથી તેઓ વસ્તુઓનું ખોટું પ્રત્યક્ષીકરણ કરે છે.

– આવાં બાળકો ચિત્ર અને નકશા વાચન કે પૂરવણી જેવાં કાર્યોમાં મુશ્કેલી અનુભવે છે.

– સંશોધનો કહે છે કે રંગ દૃષ્ટિ હીનતા ધરાવતાં લગભગ 30 થી 40 ટકા બાળકો, તેમના વાલીઓ અને શિક્ષકોને તેમની ખામી અંગેની જાણ જ નથી હોતી. તેથી આવાં બાળકોની અધ્યયન સમસ્યાઓ સંદર્ભમાં ઉપચારાત્મક કાર્ય કરી શકાતું નથી.

– આવી સમસ્યા ધરાવતાં ઘણાં બાળકો ડર અને શરમને કારણે વાલી કે અન્ય લોકોને તેમની અક્ષમતાની જાણ કરતાં નથી. પરિણામે તેમના અધ્યયનનાં સંદર્ભમાં વિશિષ્ટ પગલાંઓ લઇ શકાતાં નથી.

– રતાંધળાપણાની સમસ્યા ધરાવતાં બાળકોને પૂરતાં પ્રમાણમાં પ્રકાશ ન મળે તો શાળામાં અને ઘરે અધ્યયન કરવામાં મુશ્કેલી પડે છે.

– આ સમસ્યા ધરાવતાં અમુક બાળકો ડર અને શરમને કારણે તેમની અક્ષમતાની જાણ અન્ય લોકોને કરતાં નથી. પરિણામે તેમના અધ્યયનનાં સંદર્ભમાં વિશિષ્ટ પગલાંઓ લઇ શકાતાં નથી.

– સામાન્ય રાત્રિમાં પણ આવાં બાળકો આકાશના તારાઓને જોઇ શકતાં નથી. તેથી આ વિષય સાથે સંકળાયેલાં પ્રાયોગિક કાર્યોમાં તેઓ અન્ય બાળકો કરતાં પાછળ રહી જાય છે.

– લઘુ કે દીર્ઘ દૃષ્ટિની ખામી ધરાવતાં બાળકોની ખામીનું યોગ્ય સમયે નિદાન ન થાય અથવાં બાળક તે અંગેની જાણ શિક્ષકને ન કરે તો વર્ગખંડમાં તેમના માટે વિશિષ્ટ બેઠક વ્યવસ્થા ગોઠવી શકાતી નથી. તેથી બાળક ચૉકફલક પર લખવામાં આવેલ માહિતી સ્પષ્ટ રીતે વાંચી અને સમજી શકતાં નથી. તેની અસર તેમના અધ્યયન પર પડે છે.

**6.4.1 દૃષ્ટિની સંપૂર્ણ અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના**

– આવાં બાળકો સામે સરળ અને સ્પષ્ટ ભાષામાં મૌખિક રીતે વિષયવસ્તુની રજૂઆત કરવી જોઈએ.

– તેમની સામે એક જ મુદ્દાની જુદી જુદી રીતે અને મૌખિક સ્વરૂપે રજૂઆત કરવી જોઈએ.

– તેમની કલ્પના શક્તિનો પૂરતો વિકાસ કરવા માટેના પ્રયત્નો કરવા જોઈએ.

– વર્ગખંડમાં વધુમાં વધુ પ્રમાણમાં મૌખિક આંતરક્રિયા કરવા માટે શિક્ષકે તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ.

– તેમની સામે નવા મુદ્દાની રજૂઆત કરતાં પહેલા અગાઉના મુદ્દાઓનું પુનરાવર્તન કરવું જોઈએ.

– વર્ગખંડમાં રજૂ કરી શકાય તેવી ભૌતિક વસ્તુઓની ઓળખ સ્પર્શ દ્વારા કરાવવી જોઈએ.

– વર્ગખંડમાં થતી ચર્ચા રેકોર્ડ કરીને આવાં બાળકોને આપવી જોઈએ. જેથી તેઓ તેમના અનુકૂળ સમયે તેને સાંભળીને વિષયવસ્તુના મુદ્દાઓનું પુનરાવર્તિત અધ્યયન કરી શકે.

– તેમને લેખિત ગૃહકાર્ય આપવાને બદલે એવું ગૃહકાર્ય આપવું જોઈએ કે જેમાં તેમણે સ્મૃતિકરણ કરવાની અને માનસિક પ્રક્રિયાઓ કરવાની જરૂર પડે.

– તેમના માટે વધુમાં વધુ પ્રમાણમાં બ્રેઇલ લિપિમાં અધ્યયન સામગ્રી તૈયાર કરવી જોઈએ.

– આવાં બાળકોને સામાન્ય બાળકો માટેની મુખ્ય પ્રવાહની શાળામાં સમાવવા જોઇએ. સામાન્ય બાળકો તેમની સાથે આંતરક્રિયા કરે તેવા પ્રયત્નો કરવા જોઈએ. જેથી તેમને સામાજિક સ્વીકૃતિ મળે અને તેમના આત્મવિશ્વાસમાં વૃદ્ધિ કરી શકાય.

– સમાવેશક શાળામાં અભ્યાસ કરતાં આવાં દરેક બાળક સાથે ઓછામાં ઓછા એક સામાન્ય બાળક જોડીને તેને આવાં બાળકના અભ્યાસની જવાબદારી સોંપવી જોઈએ. બ્રેઇલ લિપિમાં ઉપલબ્ધ ન હોય તો તેવી અધ્યયન સામગ્રીની મૌખિક સ્વરૂપે, સામાન્ય બાળકે તેની સામે રજૂઆત કરવી જોઈએ.

– ઉપરાંત વર્ગખંડમાં થયેલ ચર્ચાનું પુનરાવર્તન કરવામાં સામાન્ય બાળકે તેમને મદદરૂપ થવું જોઈએ.

– આવાં બાળકોનાં સહાયક બાળકોએ પણ બ્રેઇલ લિપિનું સામાન્ય જ્ઞાન મેળવી લેવું જોઈએ. જેથી તેમને યોગ્ય રીતે મદદ કરી શકે.

– આવાં બાળકનાં અભ્યાસ અંગેની જવાબદારી સોંપવામાં આવી હોય તે બાળક સાથે શિક્ષકે નિયમિત સમયાંતરે ચર્ચા કરતાં રહેવું જોઈએ. જેથી સહાયક બાળકને યોગ્ય માર્ગદર્શન આપી શકાય.

– વર્ગખંડમાં સહકારી અધ્યયન માટેનું સૂક્ષ્મ આયોજન કરવું જોઈએ, તે માટેનું વાતાવરણ ઊભું કરવું જોઈએ અને આયોજનનો અસરકારક અમલ કરવો જોઈએ.

– ગણિત, વિજ્ઞાન જેવાં વિષયો અને જેમાં આકૃતિઓ દ્વારા સમજ કેળવવાની જરૂર પડે તેવાં વિષયો કરતાં અન્ય વિષયો સાથે સંકળાયેલાં કૌશલ્યોનો વિકાસ કરવાનો પ્રયત્ન વધુ પ્રમાણમાં કરવો જોઈએ.

– સંપૂર્ણ અંધ બાળક પાસે લેખિત કાર્ય ન કરાવવું જોઈએ. તેનું સ્વાધ્યાયકાર્ય લખવા માટે તેને સહાયક પૂરો પાડવો જોઈએ.

– શાળામાં અને ઘરે Voice to Text Converter જેવાં કમ્પ્યૂટર સૉફ્ટવેરની વ્યવસ્થા કરવી જોઈએ કે જે બોલેલા શબ્દોને લેખિત સ્વરૂપમાં બદલી શકે અને કમ્પ્યૂટરમાં સંગ્રહિત કરી શકે. આમ કરવાથી બાળક પોતાનું સ્વાધ્યાય કાર્ય જાતે પૂર્ણ કરી શકશે અને તેના આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થશે.

### 6.4.2 દૃષ્ટિની સંપૂર્ણ અક્ષમતા ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની વધારાની ભૂમિકા

દૃષ્ટિની સંપૂર્ણ ખામી ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના સિવાય પણ શાળા અને શિક્ષકે નીચે જણાવેલ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

– આવાં બાળકોની નિયમિત સમયાંતરે દાક્તરી તપાસ થાય તેવી વ્યવસ્થા શાળામાં થવી જોઈએ.

– આવાં બાળકો સાંવેગિક રીતે મજબૂત બને તે માટેના પ્રયત્નો શિક્ષકે કરવા જોઈએ.

– આવાં બાળકો સરળતાથી અવર-જવર કરી શકે તેવી વ્યવસ્થા શાળામાં ગોઠવવી જોઈએ.

– તેમનો અહમ્ ઘવાય તેવો કોઇ પણ વ્યવહાર શાળામાં તેમની સાથે ન થવો જોઈએ.

– શાળાએ આવાં બાળકોને આર્થિક સહાય પૂરી પાડવી જોઈએ.

– પોતાનાં ક્ષેત્રમાં ખૂબ સફળ થઇ હોય અથવાં સન્માનજનક જીવન જીવવામાં સફળ રહી હોય તેવી અક્ષમતા ધરાવતી વ્યક્તિઓની પ્રેરણાદાયક વાતો આવાં બાળકો સમક્ષ રજૂ કરવી જોઈએ.

– શક્ય હોય તો શાળામાં આવી વ્યક્તિઓની મુલાકાત ગોઠવીને તેમના જીવનના પ્રેરણાદાયી અનુભવો તેમના મુખે જ બાળકો સમક્ષ રજૂ કરાવવા જોઈએ.

– શિક્ષકોએ આવાં બાળકોનું વ્યક્તિગત ધોરણે ધ્યાન રાખવું જોઈએ.

– આવાં બાળકોનું નિયમિત અંતરે પરામર્શન કરવું જોઈએ.

– આવાં બાળકોનાં વાલીઓ માટે પણ નિયમિત સમયાંતરે માર્ગદર્શન અને પરામર્શનના કાર્યક્રમોનું આયોજન શાળામાં થવું જોઈએ.

– આવાં બાળકોને સામૂહિક સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં સાંકળવા જોઈએ. જેમાં તેમને અનુકૂળ આવે તેવાં કાર્યો તેમને સોંપવા જોઈએ. જેથી તેમના વિશિષ્ટ કૌશલ્યોનો વિકાસ કરી શકાય અને તેમની સામાજિકતાનો પણ વિકાસ કરી શકાય.

– સામૂહિક પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક આંતરક્રિયા કરવા માટેની તક તેમને પૂરી પાડવી જોઈએ.

– આવાં બાળકો સરળતાથી વાપરી શકે તેવાં કમ્પ્યૂટર્સ પણ બજારમાં હવે ઉપલબ્ધ થવાં લાગ્યાં છે. શાળામાં આવાં કમ્પ્યૂટર્સ વસાવીને તેમનાં અધ્યયનમાં સહાયક બનવા માટેના પ્રયત્નો કરવા જોઈએ.

– લોકો મૃત્યુ પછી ચક્ષુ દાન કરવાનું પ્રણ લે તે માટે જનજાગૃતિના કાર્યક્રમો દરેક શાળાએ સ્થાનિક સ્તરે કરવાં જોઈએ.

## 6.5 દૃષ્ટિની આંશિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના

– આવાં બાળકો સામે સ્પષ્ટ અને સરળ ભાષામાં મૌખિક રીતે વિષયવસ્તુની રજૂઆત કરવી જોઈએ.

– વર્ગખંડમાં તેમને, વધુમાં વધુ પ્રમાણમાં મૌખિક આંતરક્રિયા કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

- તેમના પૂર્વજ્ઞાનને ચકાસીને તેમની સામે નવા મુદ્દાની રજૂઆત કરવી જોઈએ.
- રંગ દૃષ્ટિહીનતા અને રતાંધળાપણું ધરાવતાં દરેક બાળક સાથે ઓછામાં ઓછા એક સામાન્ય બાળકને જોડીને તેને આવાં બાળકનાં અભ્યાસની જવાબદારી સોંપવી જોઈએ.
- આવાં બાળકનાં સહાયક બાળક સાથે શિક્ષકે નિયમિત સમયાંતરે ચર્ચા કરતાં રહેવું જોઈએ. જેથી સહાયક બાળકને યોગ્ય માર્ગદર્શન આપી શકાય. જરૂર જણાય તો સહાયક બાળકને તેને સોંપવામાં આવેલ વિશિષ્ટ કામગીરી માટે વિશિષ્ટ તાલીમ પણ આપવી જોઈએ.
- વર્ગખંડમાં સહકારી અધ્યયન માટેનું સૂક્ષ્મ આયોજન કરવું જોઈએ, તે માટેનું યોગ્ય વાતાવરણ ઊભું કરવું જોઈએ અને આયોજનનો અસરકારક અમલ કરવો જોઈએ.
- રંગ દૃષ્ટિહીનતા ધરાવતાં બાળકો સામે ચાર્ટ, ચિત્રો કે કોઇ અન્ય પ્રકારની અધ્યયન સામગ્રીમાં લાલ, લીલા અને વાદળી રંગનો ઉપયોગ ન કરવો જોઈએ. તેની જગ્યાએ શક્ય હોય ત્યાં સુધી વૈકલ્પિક રંગોનો ઉપયોગ કરવો જોઈએ.
- આંશિક દૃષ્ટિહીનતા ધરાવતાં બાળકોને વર્ગખંડમાં અનુકૂળ જગ્યાએ બેઠક વ્યવસ્થા ફાળવવી જોઈએ. શિક્ષકે આ બાબતે ખાસ કાળજી લેવી જોઈએ.
- અંધારામાં આપવું પડે તે બાબતો અંગેનું જ્ઞાન રતાંધળાપણું ધરાવતાં બાળકોને આપવા માટે ચિત્ર, ચાર્ટ કે ચલચિત્રનો ઉપયોગ કરવો જોઈએ. જેમ કે તારાઓ અને નક્ષત્ર અંગેનું પ્રત્યક્ષ જ્ઞાન, વિજ્ઞાનમાં 'સીધી રેખામાં ગતિ કરતા પ્રકાશ' અંગેની સમજ દિવસના પ્રકાશમાં આવી શકાય નહીં.

### 6.5.1 દૃષ્ટિની આંશિક અક્ષમતા ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની વધારાની ભૂમિકા

દૃષ્ટિની આંશિક ખામી ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના સિવાય પણ શાળા અને શિક્ષકે નીચે જણાવેલ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- આવાં બાળકોની આંખોની નિયમિત સમયાંતરે દાક્તરી તપાસ થવી જોઈએ. જેથી પ્રારંભિક કક્ષાએ તેમનો ઈલાજ કરીને અક્ષમતાનો વિકાસ અટકાવી શકાય.
- શક્ય હોય તો બાળકોને આંખોની જાળવણી માટે અને અક્ષમતાને વધતી અટકાવવા માટે આવશ્યક દવાઓ અન વિટામિનની ગોળીઓ શાળામાંથી પૂરી પાડવી જોઈએ.
- શક્ય હોય તો શાળાએ બાળકોને યોગ્ય નંબરના ચશ્મા ફાળવવા જોઈએ. જરૂરિયાત ધરાવતાં બાળકો ચશ્મા પહેરે તેવો આગ્રહ શાળા કક્ષાએ થવો જોઈએ.
- નિયમિત દાક્તરી તપાસ દ્વારા તેમની અક્ષમતા અંગેની માહિતીનો સંચય કરવો જોઈએ. જેનું વિશ્લેષણ કરતાં રહેવું જોઈએ. તેના આધારે આવાં બાળકોની સારસંભાળ અને ઉછેર માટે વાલીઓને માર્ગદર્શન આપવું જોઈએ.
- આવાં બાળકોનાં વાલીઓ માટે પણ નિયમિત સમયાંતરે માર્ગદર્શન અને પરામર્શનના કાર્યક્રમોનું આયોજન શાળામાં થવું જોઈએ.
- આવાં બાળકોનાં ઉપચારમાં મદદરૂપ થાય તેવાં ખોરાક વિશેની માહિતી બાળકને અને વાલીઓને પૂરી પાડવી જોઈએ.
- શક્ય હોય તો શાળામાં આવાં બાળકોને, નિઃશુલ્ક ધોરણે અથવાં વાલીઓને પોષાય તેવી કિંમતે દિવસમાં એક વખત પૌષ્ટિક આહાર પૂરો પાડવો જોઈએ.
- આવાં બાળકોની આંખોના ઉપચારમાં મદદરૂપ થાય તેવાં યોગાસનો અને રમત-ગમતની પ્રવૃત્તિઓ શાળામાં નિયમિત ધોરણે થવી જોઈએ.
- આવાં બાળકો સાંવેગિક રીતે મજબૂત બને તે માટેના પ્રયત્નો શિક્ષકે અને શાળાએ કરવા જોઈએ.

- તેમનો અહં ઘવાય તેવો કોઇ પણ વ્યવહાર શાળામાં તેમની સાથે ન થવો જોઈએ.
- શિક્ષકોએ આવાં બાળકોનું વ્યક્તિગત ધોરણે ધ્યાન રાખવું જોઈએ.
- શાળામાં નિયમિત અંતરે આવાં બાળકોનું પરામર્શન કરવું જોઈએ.
- તેમને સામૂહિક પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક આંતરક્રિયા કરવા માટેની તક પૂરી પાડવી જોઈએ. જેથી તેમને સામાજિક સ્વીકૃતિ મળે અને તેમનો સામાજિક વિકાસ યોગ્ય દિશામાં કરી શકાય.
- બાળકોને બેસવા માટે પૂરતી જગ્યા મળી રહે તે રીતે બેઠક વ્યવસ્થા ગોઠવવી જોઈએ. જેથી હવા ઉજાસના પ્રશ્નો ઉભા ન થાય.
- શાળાનાં વર્ગખંડોમાં હવા ઉજાસ માટેની પૂરતી વ્યવસ્થા હોવી જોઈએ.

## 6.6 સારાંશ

આ એકમમાં દૃષ્ટિની સંપૂર્ણ અને આંશિક અક્ષમતાનો અર્થ અને તેનાં કારણો વિશે ચર્ચા કરવામાં આવી છે. ઉપરાંત અધ્યયન પર પડતી તેની અસર અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે. આવી અક્ષમતા ધરાવતાં બાળકોનાં અધ્યાપન માટેની વ્યૂહરચના અને આવાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની વધારાની ભૂમિકા સ્પષ્ટ રીતે સૂચવવામાં આવી છે.

## 6.7 તમારી પ્રગતિ ચકાસો

**1. દૃષ્ટિની અક્ષમતાનો અર્થ અને પ્રકારો સમજાવો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**2. દૃષ્ટિની અક્ષમતાનાં કારણો સમજાવો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**3. દૃષ્ટિની અક્ષમતાની બાળકોનાં અધ્યયન પર પડતી અસરો સમજાવો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**4. દૃષ્ટિની સંપૂર્ણ અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના સમજાવો.**

.....................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

5. **દૃષ્ટિની સંપૂર્ણ અક્ષમતા ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની અધ્યાપન સિવાયની વધારાની ભૂમિકા સમજાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

6. **દૃષ્ટિની આંશિક અક્ષમતા ધરાવતાં બાળકો માટેની અધ્યાપન વ્યૂહરચના સમજાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

7. **દૃષ્ટિની આંશિક અક્ષમતા ધરાવતાં બાળકોનાં સંદર્ભમાં શાળા અને શિક્ષકની અધ્યાપન સિવાયની વધારાની ભૂમિકા સમજાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

# એકમ 7 અધ્યયનની અક્ષમતા

## : રૂપરેખા :

7.0 પ્રસ્તાવના

7.1 ઉદ્દેશો

7.2 અધ્યયનની અક્ષમતાની વ્યાખ્યા

7.3 અધ્યયનની અક્ષમતાનો અર્થ

7.4 શૈક્ષણિક પછાત બાળકો

- 7.4.1 શૈક્ષણિક પછાત બાળકોની વ્યાખ્યા
- 7.4.2 શૈક્ષણિક રીતે પછાત બાળકોનો અર્થ
- 7.4.3 શૈક્ષણિક રીતે પછાત બાળકોનાં લક્ષણો

7.5 મંદ ગતિનાં અધ્યેતા

- 7.5.1 મંદ ગતિનાં અધ્યેતાની વ્યાખ્યા
- 7.5.2 મંદ ગતિનાં અધ્યેતાનો અર્થ

7.6 અધ્યયન અક્ષમતા ધરાવતાં બાળકોનાં લક્ષણો

7.7 અધ્યયન અક્ષમતાનાં કારણો

- 7.7.1 ઓછો શારીરિક વિકાસ
- 7.7.2 શારીરિક ખામીઓ
- 7.7.3 માનસિક રોગ
- 7.7.4 નિમ્ન સામાન્ય બુદ્ધિ
- 7.7.5 આર્થિક સમસ્યા
- 7.7.6 કૌટુંબિક કારણો
- 7.7.7 અશિક્ષિત માતા-પિતા
- 7.7.8 માતા-પિતાનું બિનજવાબદાર વલણ
- 7.7.9 શાળાનું વાતાવરણ
- 7.7.10 અભ્યાસક્રમ
- 7.7.11 બાળકોની ભાષા

7.8 અધ્યયનની અક્ષમતા ધરાવતાં બાળકોનું શિક્ષણ

7.9 ડિસલેક્સિયા

- 7.9.1 ડિસલેક્સિયાના કારણો
- 7.9.2 ડિસલેક્સિયાનાં લક્ષણો
- 7.9.3 ડિસલેક્સિયા રોગગ્રસ્ત બાળકોની અધ્યયન સમસ્યા
- 7.9.4 ડિસલેક્સિયા રોગગ્રસ્ત બાળકોનું શિક્ષણ

7.10 ધ્યાન ન્યૂનતાનો રોગ

**7.10.1 ધ્યાન ન્યૂનતા સહિતના અતિક્રિયાશીલતાનાં રોગનાં લક્ષણો**

**7.10.2 ધ્યાન ન્યૂનતા સહિતના અતિક્રિયાશીલતાનાં રોગનાં કારણો**

**7.10.3 ADD / ADHD રોગગ્રસ્ત બાળકોનું શિક્ષણ**

**7.11 સારાંશ**

**7.12 તમારી પ્રગતિ ચકાસો**

## 7.0 પ્રસ્તાવના

શિક્ષણ, હેતુલક્ષી પ્રક્રિયા છે. અધ્યાપન-અધ્યયન પ્રક્રિયા દ્વારા શિક્ષણના હેતુઓ સિદ્ધ થાય છે. તે માટે શાળામાં બાળકોને વિવિધ પ્રકારના અધ્યયન અનુભવો પૂરા પાડીને તેમનાં વર્તનમાં અપેક્ષિત પરિવર્તનો લાવવાનાં પ્રયત્નો કરવામાં આવે છે. જો કે, આપણે જોઈએ છીએ કે બાળકોમાં રહેલી વ્યક્તિગત ભિન્નતાને કારણે, તમામ પ્રયત્નો કરવા છતાં, એક જ વર્ગખંડનાં તમામ બાળકોને એક સરખા અધ્યયન અનુભવો પૂરા પાડી શકાતાં નથી. એવા ઘણાં પરિબળો છે કે જેમનાં કારણે તમામ બાળકો એક સરખી રીતે અધ્યયન કરી શકતાં નથી. આવાં પરિબળોની બાળકની લેખન, ગણન, વાંચન જેવી ક્રિયાઓ પર અવરોધક અસરો પડે છે. જે તેમની અધ્યયનની ક્ષમતામાં ઘટાડો કરે છે. જેના કારણે બાળક અપેક્ષિત કક્ષાએ અધ્યયન કરી શકતું નથી. અધ્યયનની અક્ષમતા માટેનાં અનેક કારણો છે. શિક્ષક અને વાલી અગમચેતી રાખે અથવાં બાળકની અક્ષમતા દૂર કરવા માટે યોગ્ય સમયે યોગ્ય ઉપચાર કરે તો કેટલાંક કારણો દૂર અથવાં નિયંત્રિત કરી શકાય છે. કઇ રીતે ? તે સમજવા માટે અધ્યયનની અક્ષમતાનો અર્થ સમજવો ખૂબ જરૂરી છે. તેનો અર્થ સમજતાં પહેલાં આપણે તેની કેટલીક વ્યાખ્યાઓ જોઈએ લઈએ.

## 7.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે :-

- અધ્યયનની અક્ષમતાની વ્યાખ્યા અને અર્થ સમજાવી શકશો.
- શૈક્ષણિક પછાત બાળકોની વ્યાખ્યા અને તેમના લક્ષણો જણાવી શકશો.
- મંદ ગતિનાં અધ્યેતાની વ્યાખ્યા અને અર્થ સમજાવી શકશો.
- અધ્યયન અક્ષમતાના કારણો અને આ અક્ષમતા ધરાવતાં બાળકોનાં લક્ષણો વર્ણવી શકશો.
- ડિસલેક્સિયાનાં અર્થ, કારણો અને લક્ષણો જણાવી શકશો.
- ડિસલેક્સિયા રોગગ્રસ્ત બાળકોની અધ્યયન સમસ્યા સમજાવી શકશો અને તેમના શિક્ષણ માટેના ઉપાયો સૂચવી શકશો.
- ધ્યાન ન્યૂનતા સહિતના અતિક્રિયાશીલતાનાં રોગનાં લક્ષણો, કારણો અને આવાં બાળકોનાં શિક્ષણ માટેના માર્ગો જણાવી શકશો.

## 7.2 અધ્યયનની અક્ષમતાની વ્યાખ્યા

અધ્યયનની અક્ષમતા અંગે નિષ્ણાતોએ આપેલી ત્રણ મુખ્ય વ્યાખ્યાઓ અહીં આપવામાં આવી છે.

- અધ્યયનની અક્ષમતા એ વિવિધ પ્રકારની ખામીઓ સાથે સંકળાયેલી બાબત છે જે શાબ્દિક અને / અથવાં અશાબ્દિક માહિતીનાં ગ્રહણ, ધારણ, અર્થઘટન (સમજ) અને ઉપયોગ પર અસર કરે છે.
- અધ્યયનની અક્ષમતા તેની ગંભીરતાના સંદર્ભમાં જુદી જુદી કક્ષાએ જોવા મળે છે જે નીચે જણાવેલાં કૌશલ્યોમાંથી કોઇ એક અથવાં વધુની પ્રાપ્તિ અને ઉપયોગમાં વિક્ષેપ પાડે છે.

  ભાષા (દા.ત. શ્રવણ, કથન, સમજ)

  વાંચન (દા.ત. અર્થઘટન, અર્થગ્રહણ)

લેખન (દા.ત. જોડણી, લેખિત અભિવ્યક્તિ)

ગણિત (દા.ત. ગણતરી, સમસ્યા ઉકેલ)

– અધ્યયનની અક્ષમતા એ વ્યક્તિની માહિતી મેળવવાની, યાદ રાખવાની, સમજવાની અને અભિવ્યક્ત કરવાની રીત પર અસર કરે છે.

## 7.3 અધ્યયનની અક્ષમતાનો અર્થ

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી સ્પષ્ટ થાય છે કે અધ્યયનની અક્ષમતા એ બાળકની શીખવાની એટલે કે અધ્યયન કરવાની પ્રક્રિયામાં આવતી મુશ્કેલીઓ સાથે સંકળાયેલી બાબત છે. બાળક જ્યારે વિષયવસ્તુનું વાંચન, લેખન, સ્મરણ, અર્થગ્રહણ કે ગણન કરવામાં અથવાં સમસ્યા ઉકેલ વગેરેમાંથી કોઇ એક અથવાં વધુ કામમાં મુશ્કેલી અનુભવે ત્યારે તે અધ્યયનની અક્ષમતા ધરાવે છે તેમ કહેવાય.

અધ્યયનની અક્ષમતાને કારણે બાળક શૈક્ષણિક રીતે પછાત બને છે અથવાં તેની અધ્યયનની ગતિ મંદ બને છે.

## 7.4 શૈક્ષણિક પછાત બાળકો

શૈક્ષણિક રીતે પછાત બાળકોનો અર્થ સમજતાં પહેલાં આપણે તેની કેટલીક વ્યાખ્યાઓનો અભ્યાસ કરીશું.

### 7.4.1 શૈક્ષણિક પછાત બાળકોની વ્યાખ્યા

– જે બાળક પોતાના શાળાકીય જીવન દરમિયાન તેની વયકક્ષાના બાળકો માટે સામાન્ય કહેવાય એવું એના ધોરણ કરતાં નીચલાં ધોરણનું કાર્ય પણ ન કરી શકે તેને શૈક્ષણિક રીતે પછાત બાળક તરીકે ઓળખવામાં આવે છે.

– શૈક્ષણિક રીતે પછાત બાળક તેની વયકક્ષાના બાળકની તુલનામાં શૈક્ષણિક ન્યૂનતા દર્શાવતું હોય છે.

– શૈક્ષણિક પછાતપણું સામાન્ય રીતે એવાં બાળકોને લાગુ પડે છે કે જેમની શૈક્ષણિક ઉપલબ્ધિ તેમની સ્વાભાવિક ક્ષમતાઓ કરતાં ઓછી હોય છે.

### 7.4.2 શૈક્ષણિક રીતે પછાત બાળકોનો અર્થ

જે બાળકો તેમની વયકક્ષાના બાળકોની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિની તુલનામાં અતિ નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવે છે તેમને શૈક્ષણિક રીતે પછાત બાળક તરીકે ઓળખવામાં આવે છે.

શૈક્ષણિક રીતે પછાત બાળકોની વ્યાખ્યાઓ અને અર્થને આધારે તેમના કેટલાંક વિશિષ્ટ લક્ષણો તારવી શકાય છે.

### 7.4.3 શૈક્ષણિક રીતે પછાત બાળકોનાં લક્ષણો

શૈક્ષણિક રીતે પછાત બાળકોની વિશિષ્ટતા નીચે જણાવ્યા પ્રમાણે છે :-

– તેમની અધ્યયનની ગતિ મંદ હોય છે. એટલે કે તેઓ મંદ ગતિના અધ્યેતા (Slow Learner) હોય છે.

– તેઓ સાંવેગિક રીતે અસ્થિરતા ધરાવતાં હોય છે.

– તેમની શૈક્ષણિક સિદ્ધિ, સરેરાશ બાળકો કરતાં નિમ્ન હોય છે.

– આવાં બાળકોમાં સ્થગિતતાનું ખૂબ ઊંચુ પ્રમાણ જોવા મળે છે. એટલે કે તેઓ એક કરતાં વધુ વર્ષ સુધી એક જ ધોરણમાં અભ્યાસ કરે છે.

– સામાન્ય શિક્ષણ પદ્ધતિઓ દ્વારા આવા બાળકોને અધ્યયન અનુભવો પૂરાં પાડવામાં સફળતા મળતી નથી.

– તેઓ મંદ બુદ્ધિવાળાં હોય તે જરૂરી નથી. પરંતુ દરેક મંદબુદ્ધિવાળું બાળક શૈક્ષણિક રીતે પછાત તો હોય જ છે.

– અમુક કિસ્સામાં અતિ ઉચ્ચ બુદ્ધિક્ષમતા ધરાવતાં બાળકોમાં પણ શૈક્ષણિક પછાતપણું જોવા મળે છે.

અગાઉ આપણે ચર્ચા કરી ગયા છીએ કે અધ્યયનની અક્ષમતાને કારણે બાળક શૈક્ષણિક રીતે પછાત બને છે અથવાં તેની અધ્યયનની ગતિ મંદ બને છે. આ બન્ને સંજોગોમાં તે સરેરાશ બાળકો જેટલી શૈક્ષણિક સિદ્ધિ મેળવવામાં નિષ્ફળ રહે છે. શૈક્ષણિક રીતે પછાત બાળકો અંગે આપણે ચર્ચા કરી.

## 7.5 મંદ ગતિનાં અધ્યેતા

ઘણી વખત મંદ ગતિનાં અધ્યેતાને શૈક્ષણિક પછાત બાળક તરીકે જોવામાં આવે છે. પરંતુ આ બે પ્રકારનાં બાળકો વચ્ચે તાત્ત્વિક ભેદ છે. શૈક્ષણિક રીતે પછાત બાળકો તેમના ધોરણથી નીચલા ધોરણનાં બાળકો જેટલું પણ જ્ઞાન નથી ધરાવતાં હોતા જ્યારે મંદ ગતિનાં અધ્યેતાની અધ્યયન કરવાની ઝડપ સરેરાશ બાળકો કરતાં ઓછી હોય છે.

### 7.5.1 મંદ ગતિનાં અધ્યેતાની વ્યાખ્યા

મંદ ગતિના અધ્યેતાની કેટલીક વ્યાખ્યાઓ નીચે જણાવ્યા પ્રમાણેની છે.

– જે બાળકો શાળામાં નબળી (મંદ ગતિએ) રીતે અધ્યયન કરતા હોય, પરંતુ વિશિષ્ટ શિક્ષણની જરૂરિયાત ન ધરાવતાં હોય તેવાં બાળકોને મંદ ગતિના અધ્યેતા તરીકે ઓળખવામાં આવે છે. બુદ્ધિ કસોટી પરના તેમના પ્રાપ્તાંકો એટલા ઊંચા હોય છે કે તેમને મંદ બુદ્ધિનાં બાળકો અથવાં માનસિક અક્ષમતા ધરાવતાં બાળકો તરીકે સ્વીકારી શકાતાં નથી.

– મંદ ગતિના અધ્યેતાને વિશિષ્ટ શિક્ષણની જરૂર પડે છે તેમ છતાં તેઓ વિશિષ્ટ શિક્ષણ વ્યવસ્થા માટે સ્પષ્ટ રીતે બંધ બેસતાં નથી.

– જે બાળક કોઇ મુદ્દો સમજવામાં સરેરાશ બાળક કરતાં વધુ સમય લે અથવાં જેને કોઇ સંકલ્પના સમજવા માટે અનેક વખત સમજૂતીની જરૂર પડે તેને મંદ ગતિનો અધ્યેતા કહે છે. આવા બાળકને પ્રસંગોપાત, ખોટી રીતે, વિષયનું ઓછું જ્ઞાન ધરાવનાર તરીકે દોષિત ઠરાવવામાં આવે છે.

### 7.5.2 મંદ ગતિનાં અધ્યેતાનો અર્થ

ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે કહી શકાય કે મંદ ગતિના બાળકો અધ્યયન કરવાની બાબતમાં, તેમની વયકક્ષાનાં સરેરાશ બાળકો કરતાં ધીમા હોય છે. કોઇપણ બાબત સમજવા માટે તેમને, તેમના જૂથના બાળકોને લાગતાં સરેરાશ સમય કરતાં થોડો વધુ સમય લાગે છે. તેઓ લાંબા સમય સુધી ધ્યાન કેન્દ્રિત કરી શકતાં નથી. તેમના માટે, મંદબુદ્ધિનાં બાળકો અને શૈક્ષણિક રીતે પછાત બાળકોની જેમ અલગ શિક્ષણ વ્યવસ્થાની જરૂર પડતી નથી. તેમ છતાં આવાં બાળકોને વિશિષ્ટ રીતે શિક્ષણ આપવાની જરૂર પડે છે. તેમનો બુદ્ધિ આંક મંદ બુદ્ધિનાં બાળકો અને શૈક્ષણિક રીતે પછાત બાળકો કરતાં ઘણો ઊંચો જોવા મળે છે.

મંદ ગતિનાં બાળકો અને અધ્યયનની અક્ષમતા ધરાવતાં બાળકોનાં લક્ષણો સમાન જ હોય છે.

## 7.6 અધ્યયન અક્ષમતા ધરાવતાં બાળકોનાં લક્ષણો

અધ્યયન અક્ષમતા ધરાવતાં બાળકોનાં સામાન્ય લક્ષણો નીચે મુજબ છે. આવાં બાળકોમાં આમાંનાં અમુક કે અનેક લક્ષણો જોવા મળે છે.

– અધ્યયન અક્ષમતા ધરાવતાં બાળકો ઝડપથી સળંગ વાક્યો બોલી શકતાં નથી.

– તેમનો શબ્દભંડોળ પ્રમાણમાં ઓછો હોય છે.

– આવાં બાળકો બોલવામાં મુશ્કેલી અનુભવે છે.

- તેઓ યોગ્ય સંદર્ભમાં કોઇ વાત રજૂ કરવામાં તેમને મુશ્કેલી અનુભવે છે.
- ખાસ કરીને લેખન કરતી વખતે તેઓ તેમની આંખ અને હાથની ક્રિયાઓ વચ્ચે સંકલન સાધી શકતાં નથી.
- તેથી તેઓ લેખનકાર્યમં સરેરાશ બાળકો કરતાં પ્રમાણમાં ધીમા હોય છે.
- તેમને એક જ મુદ્દો કે વાત સમજાવવા માટે એકથી વધુ વખત સમજૂતી આપવી પડે છે.
- તેઓ વર્ણન કરતી વખતે અથવાં કોઇ વાત સમજાવતી વખતે ઘટનાઓને યોગ્ય ક્રમમાં ગોઠવી શકતાં નથી.
- તેઓ ધીમી ગતિએ માનસિક પ્રક્રિયા કરે છે.
- વર્ગખંડમાં આવાં બાળકો, શિક્ષકોનાં પ્રશ્નોને ઓછો પ્રતિચાર આપે છે.
- શિક્ષક દ્વારા અપાતી સૂચનાઓ સમજવામાં પણ તેઓ મુશ્કેલી અનુભવે છે.
- તેઓ અભ્યાસના વિષયોથી સાવ અજાણ નથી હોતા.
- પૂરતું ધ્યાન રાખવામાં ન આવે તો તેઓ શૈક્ષણિક પછાત બાળકોની હરોળમાં આવી શકે છે.
- વ્યક્તિગત ધ્યાન રાખવામાં આવે તો તેઓ સામાન્ય બાળકોની હરોળમાં આવી શકે છે.
- તેમની શીખવાની ઝડપ સરેરાશ બાળકોની ઝડપનાં વધુમાં વધુ 85 ટકા જેટલી હોય છે. (સંશોધનો કહે છે)
- તેમના માટે વિશિષ્ટ શિક્ષણ વ્યવસ્થાની જરૂર નથી હોતી.

આવાં બાળકો તેમનાં વિશિષ્ટ લક્ષણોને કારણે શાળામાં સમસ્યારૂપ પણ બને છે. જો તેમની અધ્યયન અક્ષમતાનાં કારણો સમજી લેવામાં આવે તો આ સમસ્યાને સરળતાથી ઉકેલી શકાય છે.

## 7.7 અધ્યયન અક્ષમતાનાં કારણો

નીચે જણાવેલ કારણોમાંથી કોઇ એક અથવાં અનેક કારણે બાળકમાં અધ્યયન અક્ષમતા જોવા મળે છે.

### 7.7.1 ઓછો શારીરિક વિકાસ

અમુક બાળકોનો શારીરિક વિકાસ તેમની ઉંમરનાં સંદર્ભમાં ઓછો થાય છે. જેના કારણે તેમની અમુક જ્ઞાનેન્દ્રિયો સંપૂર્ણ ક્ષમતા સાથે કામ નથી કરી શકતી. તેથી ઉંમરના પ્રમાણમાં તેમની માનસિક પ્રક્રિયાઓ ધીમી થતી હોય છે અને તેમની અધ્યયન ક્ષમતા ઘટી જાય છે. પરિણામે તેઓ મંદ ગતિએ અભ્યાસ કરે છે.

### 7.7.2 શારીરિક ખામીઓ

મહ્દઅંશે સારી રીતે શારીરિક વિકાસ થવાં છતાં અમુક બાળકોમાં એકાદી ખામી રહી જતી હોય છે. દા.ત. આંશિક બહેરાશ, દૃષ્ટિની આંશિક ખામી, બોલવામાં મુશ્કેલી વગેરે. આ બધી ખામીઓ તેમના અધ્યયન પર અસર કરતી હોય છે. પરિણામે તેઓ તેમના સાથી મિત્રોની તુલનામાં અભ્યાસમાં પાછળ રહી જાય છે. તે સિવાય ડિસલેક્સિયા (Dyslexia), ધ્યાન-ન્યૂનતાનો રોગ (Attention Deficiency / Deficit Disorder - ADD), ધ્યાન ન્યૂનતા સાથે અતિ ક્રિયાશીલતા (Attention Deficiency Hyperactive Disorder - ADHD)નો રોગ વગેરે જેવાં કારણોસર પણ બાળક અભ્યાસમાં પાછળ રહી જાય છે.

### 7.7.3 માનસિક રોગ

ઉધરસ, નબળી પાચનશક્તિ, આંતરડાની સમસ્યાઓ, પેટમાં કૃમિનું હોવું, ગ્રંથિઓ (Glands)નું યોગ્ય રીતે કામ ન કરવું વગેરે જેવા રોગોને કારણે બાળક સામાન્ય માનસિક કે શારીરિક પરિશ્રમ કરીને થાકી જાય છે. આવા રોગોને કારણે અમુક વખતે તેના માથામાં દુઃખાવો થાય છે, તે ધ્યાન કેન્દ્રિત કરી શકતું નથી અથવાં તે અન્ય કોઇ પ્રકારની શારીરિક તકલીફો અનુભવે છે. આવા રોગો

ઉપરાંત અમુક અસાધ્ય રોગોને કારણે તે નિયમિત શાળામાં જઇ શકતું નથી. શાળામાં જાય તો, ધ્યાન કેન્દ્રિત કરી શકતું નથી. પરિણામે તે અભ્યાસમાં પાછળ રહી જાય છે.

### 7.7.4 નિમ્ન સામાન્ય બુદ્ધિ

કેટલાંક મનોવૈજ્ઞાનિક સંશોધનો કહે છે કે દરેક વ્યક્તિ સામાન્ય અને વિશિષ્ટ એમ બે પ્રકારની બુદ્ધિ ધરાવે છે. તેમનું પ્રમાણ વ્યક્તિએ વ્યક્તિએ જુદું હોય છે. વ્યક્તિના વિકાસમાં જેટલો તેની વિશિષ્ટ બુદ્ધિનો ફાળો હોય છે તેટલો જ તેની સામાન્ય બુદ્ધિનો હોય છે. વિશિષ્ટ કાર્યો કરવા માટે વિશિષ્ટ બુદ્ધિની જરૂર પડે છે. સામાન્ય બુદ્ધિ સારી હોય તો જ વ્યક્તિ વિશિષ્ટ બુદ્ધિનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકે છે અને વિશિષ્ટ કાર્યો સરળતાથી કરી શકે છે. અધ્યયન એક વિશિષ્ટ કાર્ય છે. બાળકની સામાન્ય બુદ્ધિ સરેરાશ કરતાં નિમ્ન કક્ષાની હોય તો સામાન્ય બાબતો સમજવામાં પણ તેને મુશ્કેલી પડે અને તેની વિશિષ્ટ બુદ્ધિનો વિકાસ અપેક્ષિત કક્ષાએ ન થાય. આવા સંજોગોમાં નિમ્ન સામાન્ય બુદ્ધિ ધરાવતાં બાળકો સામાન્ય ઝડપે અભ્યાસ કરી શકતાં નથી.

### 7.7.5 આર્થિક સમસ્યા

આર્થિક પછાતપણું ધરાવતાં કુટુંબના બાળકોનાં શૈક્ષણિક વિકાસમાં અવરોધો આવી શકે છે. ખાસ કરીને જ્યારે બાળક પાસે શૈક્ષણિક સામગ્રી ખરીદવા માટે પૂરતાં પ્રમાણમાં પૈસા ન હોય ત્યારે તે સારી રીતે અભ્યાસ કરી શકતું નથી. નબળી આર્થિક પરિસ્થિતિને કારણે તે ફી ન ભરી શકે તો લઘુતાગ્રંથિ અનુભવે છે. તેથી તે અધ્યયનમાં ધ્યાન કેન્દ્રિત કરી શકતું નથી અને અભ્યાસમાં પાછળ રહી જાય છે. બીજું, આવા બાળકને ઘરમાં આર્થિક મદદ કરવા માટે ઘણીવાર નાનું મોટું કામ કરવું પડે છે. આવા સંજોગોમાં અભ્યાસમાં તેમનું ધ્યાન કેન્દ્રિત થઇ શકતું નથી. જે તેના નબળા અભ્યાસનું કારણ બને છે. પરિણામે તે અન્ય બાળકોની સાથે તાલ મિલાવીને અધ્યયન કરી શકતું નથી.

### 7.7.6 કૌટુંબિક કારણો

કુટુંબ મોટું હોય અને ઘરમાં સંકળાશ હોય તો બાળકને અધ્યયન કરવા માટે પૂરતી સગવડો મળતી નથી. તેથી બાળક ઘરે અનુકાર્ય અને ગૃહકાર્ય કરી શકતું નથી. તેથી તે અભ્યાસમાં પાછળ રહી જાય છે. જો કુટુંબનાં સભ્યો એક બીજા સાથે વારંવાર ઝગડતા હોય અથવાં તેમની વચ્ચે એકરાગ ન હોય તો બાળક મૂંઝવણ અનુભવે છે અને અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરી શકતું નથી. પરિણામે તે તેની અધ્યયનની ગતિ જાળવી શકતું નથી અને તે અધ્યયનની અક્ષમતાનો શિકાર બને છે.

### 7.7.7 અશિક્ષિત માતા-પિતા

અશિક્ષિત માતા-પિતા પોતાના બાળકનાં શિક્ષણ પ્રત્યે ગંભીર નથી હોતા અને તેની શૈક્ષણિક જરૂરિયાતોને સમજી શકતા નથી. તેથી તેઓ બાળકને જોઈએ તેવો સહકાર આપતાં નથી. અથવાં આપી શકતા નથી. બીજું, આવાં સંજોગોમાં, ઉપલાં ધોરણોમાં તો ઠીક નીચલાં ધોરણોમાં ભણતાં બાળકે પણ તેના વિષયનાં સંદર્ભમાં ઊભી થયેલી સમસ્યાના ઉકેલ માટે મા-બાપને બદલે બીજા પર આધાર રાખવો પડે છે. બીજા લોકોની મદદ તેને સમયસર ન મળે તો, જે તે વિષયમાં જે તે સમયે સ્પષ્ટતાને અભાવે તે નિરાશ થઇ જાય છે. જેની અવળી અસર પછીના અભ્યાસ પર પણ પડે છે. પરિણામે તે અધ્યયનની ગતિ જાળવી શકતું નથી અને અભ્યાસમાં પાછળ રહી જાય છે.

### 7.7.8 માતા-પિતાનું બિનજવાબદાર વલણ

ઘણા શિક્ષિત મા-બાપ પણ તેમના બાળકનાં અભ્યાસ પ્રત્યે ગંભીર હોતા નથી. તેમનું બાળક શું ભણે છે, તેની શૈક્ષણિક પ્રગતિ કેવી છે, અભ્યાસમાં તેને શું મુશ્કેલી પડે છે વગેરે જેવી બાબતો અંગે તેઓ સ્હેજ પણ ધ્યાન રાખતાં નથી. તેથી બાળક જાતે પોતાની સમસ્યાઓ ઉકેલવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેને દર વખતે આમાં સફળતા મળતી નથી. તેથી તે અભ્યાસમાં પાછળ રહી જાય છે. અમુક મા-બાપ તેમના બાળકને વધુ પડતું લાડ લડાવે છે, તો અમુક મા-બાપ બાળકો સાથે અતિ કઠોર રીતે વર્તન કરે છે. આ બન્ને પ્રકારનાં વર્તનો બાળકને અભ્યાસથી દૂર લઇ જાય છે. જેની અસર તેની શૈક્ષણિક સિદ્ધિ પર પડે છે. આજે પણ આપણા દેશનાં અમુક વિસ્તારોમાં અને ગામડાઓમાં કન્યાઓને

શાળાએ મોકલવામાં આવતી નથી અથવાં તો મા-બાપ કન્યાઓના શિક્ષણ માટે ગંભીર હોતાં નથી. પરિણામે અનિયમિતતાને કારણે અને / અથવાં મા-બાપની ઉદાસીનતાને કારણે કન્યાઓ અભ્યાસમાં પાછળ રહી જાય છે.

### 7.7.9 શાળાનું વાતાવરણ

સામાન્ય રીતે બાળક તેની શાળા, શિક્ષકો અને આચાર્યને સમર્પિત હોય છે. તેને અને મા-બાપને શાળા પાસેથી ખૂબ અપેક્ષાઓ હોય છે. બાળક સતત શાળામાં રહે છે. શાળા પાસેથી તેની અપેક્ષાઓ પૂર્ણ ન થાય તો તે ખૂબ નિરાશ થાય છે. પરિણામે તે અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરી શકતું નથી અને તે અભ્યાસમાં પાછળ રહી જાય છે. સામાન્ય રીતે શાળામાં નીચે જણાવેલી પરિસ્થિતિ જોવા મળે તો બાળક અભ્યાસમાં મુશ્કેલી અનુભવે છે.

- શિક્ષકોનો બાળકો સાથે અયોગ્ય અથવાં સહાનુભૂતિ વિનાનો વ્યવહાર.
- વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સંખ્યા અપેક્ષા કરતા ખૂબ વધારે હોવી.
- શિક્ષકો દ્વારા અધ્યાપન કાર્ય માટે અયોગ્ય પદ્ધતિઓ અને તકનિકોનો ઉપયોગ.
- શિક્ષકો વચ્ચે વિખવાદ અને એકસૂત્રતાનો અભાવ.
- શાળામાં પુસ્તકાલય, પ્રયોગશાળા, રમત-ગમતના અને અન્ય ભૌતિક સાધનોની અછત.
- શાળામાં પ્રશિક્ષિત શિક્ષકોની અછત.
- શાળામાં વિષયો અને પ્રવાહની પસંદગીના સંદર્ભમાં માર્ગદર્શનનો અભાવ.
- પરીક્ષાલક્ષી શિક્ષણ પદ્ધતિ
- પાયાની સંકલ્પનાઓ સ્પષ્ટ કર્યા વગર આગળનું શિક્ષણ આપવું.
- શાળામાં બાળકોની નબળાઈઓ જાણીને દૂર કરવા માટે નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણનો અભાવ.
- યોગ્ય સમય મર્યાદામાં અભ્યાસક્રમ પૂરો ન કરવો. અમુક શિક્ષકો શરૂઆતમાં તો ખૂબ જ ધીમે ધીમે અભ્યાસક્રમ ચલાવે છે અને પરીક્ષા નજીક આવે ત્યારે ખૂબ ઝડપથી બાકીનો અભ્યાસક્રમ પૂરો કરે છે. તેથી નબળાં બાળકો વધુ નબળાં બને છે.
- શાળામાં, ખાસ કરીને બિનસરકારી શાળાઓમાં, વારંવાર શિક્ષકો બદલાવા.
- શિક્ષકો વિશિષ્ટ બાળકોનું વ્યક્તિગત ધ્યાન રા રાખે.
- શાળા કે સરકાર તરફથી મફતમાં મળતાં પુસ્તકો યોગ્ય સમયે પૂરાં ન પાડવા.
- શાળામાં શિક્ષણનું માધ્યમ બાળકની માતૃભાષા કરતાં જુદું હોય તો બાળકોને અધ્યયન કરવામાં મુશ્કેલી ઊભી થાય છે.

### 7.7.10 અભ્યાસક્રમ

સરેરાશ બાળકોને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમની રચના કરવામાં આવે છે. બીજું માધ્યમિક કક્ષા સુધી બાળકોએ તમામ વિષયો ફરજિયાતપણે ભણવા પડે છે. તેમને વિષયો પસંદ કરવા માટેની તક આપવામાં આવતી નથી. તેથી તેમને રૂચિ મુજબના વિષયો પર વધુ ધ્યાન આપવાની તક મળતી નથી. ઉપરાંત જે વિષય શીખવા માટેની કુદરતી આવડત તેમની પાસે ન હોય તેવા વિષયો પણ તેમણે ફરજિયાતપણે ભણવા પડે છે. આવાં વિષયોમાં મળતી નિષ્ફળતાની અસર અન્ય વિષયોના અભ્યાસ પર પણ પડે છે. તેથી બાળકો અભ્યાસમાં નબળા સાબિત થાય છે.

### 7.7.11 બાળકોની ભાષા

ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકો પર તેમની લોક બોલી અને ભાષાનું પ્રભુત્વ હોય છે. બાળક તેમની બોલીમાં બોલાયેલી વાતો ઝડપથી સમજી શકે છે. પરંતુ, શાળામાં જે તે પ્રદેશની

સામાન્ય પ્રાદેશિક ભાષામાં શિક્ષણ અપાય છે. પાઠ્યપુસ્તકોમાં પણ આવી ભાષામાં લખાય છે. પ્રાથમિક કક્ષાથી જ શાળાઓમાં આ પરિસ્થિતિ જોવા મળે છે. પરિણામે પ્રાથમિક કક્ષાએ બાળકને વિષયવસ્તુ સમજવામાં મુશ્કેલી પડે છે. જેના કારણે તેનું પાયાનું જ્ઞાન નબળું રહી જાય છે. તેથી તે અભ્યાસમાં પાછળ રહી જાય છે.

### 7.7.12 વાણી અને ભાષાની અક્ષમતા

વાણીની ખામીને કારણે બાળક યોગ્ય રીતે વાતચીત કરી શકતું નથી. જેના કારણે તેની બોલચાલની ભાષાનો વિકાસ થતો નથી. તેથી તે વર્ગખંડમાં શિક્ષક સાથે આંતરક્રિયા કરી શકતું નથી. તે વિષયવસ્તુ સાથે સંકળાયેલી સમસ્યાઓ તેના વિક્ષક કે તેના મા-બાપ સામે યોગ્ય રીતે રજૂ કરી શકતું નથી. જેની અસર તેની અધ્યયન ક્ષમતા પર પડે છે અને તે અભ્યાસમાં પાછળ રહી જાય છે.

### 7.7.13 માનસિક અક્ષમતા

માનસિક અક્ષમતા ધરાવતું બાળક યોગ્ય રીતે માનસિક પ્રક્રિયાઓ કરી શકતું નથી. તેના ધ્યાન કેન્દ્રીકરણ પર માનસિક અક્ષમતાની અસર પડે છે. તે તર્ક અને વિવેચનાત્મક ચિંતન જેવી ઉચ્ચ કક્ષાની માનસિક ક્રિયાઓ કરી શકતું નથી. તે વિષયવસ્તુના મુદ્દાઓને યોગ્ય સંદર્ભમાં સમજી શકતું નથી. જેની અસર તેની અધ્યયન ક્ષમતા પર પડે છે.

બાળકોની અધ્યયન ગતિ મંદ હોવા માટેનાં આટલાં કારણો ઉપરાંત પણ અન્ય કારણો હોઇ શકે છે. પરંતુ ઉપરોક્ત મુખ્ય કારણોની ચર્ચા કર્યા પછી હવે આપણે વિચારીએ કે આવા બાળકોનાં શિક્ષણને સુધારવા માટે કયા પગલાં લઇ શકાય.

## 7.8 અધ્યયનની અક્ષમતા ધરાવતાં બાળકોનું શિક્ષણ

અધ્યયનની અક્ષમતા ધરાવતાં બાળકોનાં શિક્ષણને સુધારવા માટે શાળા કક્ષાએ નીચે જણાવ્યા મુજબનાં પગલાં લઇ શકાય.

- શિક્ષકોએ આવાં બાળકો સાથે સહાનુભૂતિપૂર્વકનો વ્યવહાર કરવો જોઈએ.
- આવાં બાળકોની મંદગતિ અને અધ્યયન અક્ષમતા માટેનાં કારણો જાણવા માટે નિદાનાત્મક કાર્ય કરવું જોઈએ. તમામ શિક્ષકોએ ભેગા મળીને કારણોનું વિશ્લેષણ કરવું જોઈએ. કારણો દૂર કરવા માટેનાં ઉપાયો શોધવા જોઈએ. જરૂર જણાય તો નિષ્ણાતોની મદદ લેવી જોઈએ. ઉપાયોનો યોગ્ય રીતે અમલ કરવો જોઈએ. અમલીકરણ પછી પણ બાળકોની પ્રગતિનો અહેવાલ મેળવતાં રહેવું જોઈએ. ત્યારબાદ પણ કોઇ કચાશ જણાય તો તેને દૂર કરવા માટે ફરીથી વિશેષ પ્રયત્નો કરવા જોઈએ.
- વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણસર રાખવી જોઈએ. સંશોધનો કહે છે કે વર્ગખંડમાં 20 થી 25 બાળકો હોય તો જ અસરકારક રીતે શિક્ષણ આપી શકાય છે.
- શિક્ષકોએ યોગ્ય પદ્ધતિઓ અને પ્રવિધિઓનો ઉપયોગ કરીને શિક્ષણ આપવું જોઈએ.
- શિક્ષકો વચ્ચે એકસૂત્રતા હોવી જોઈએ અને આવાં બાળકોનાં શિક્ષણમાં તમામ શિક્ષકોએ એક બીજાને પૂરતો સહકાર આપવો જોઈએ.
- શાળામાં પુસ્તકાલય, પ્રયોગશાળા અને અન્ય ભૌતિક સાધનોની પૂરતી વ્યવસ્થા હોવી જોઈએ.
- આ સુવિધાઓનો પૂરતો ઉપયોગ કરી શકાય તે માટે બાળકોમાં સ્વ-અધ્યયનની ટેવનો વિકાસ કરવો જોઈએ.
- શાળામાં પૂરતા પ્રમાણમાં પ્રશિક્ષિત શિક્ષકોની નિમણૂક કરવી જોઈએ.
- વિષયોની પસંદગીના સંદર્ભમાં બાળકોને પૂરતું માર્ગદર્શન આપવું જોઈએ. જેથી તેઓ પોતાના કક્ષા અને રૂચિ મુજબનાં વિષયો પસંદ કરી શકે.
- પાયાની સંકલ્પનાઓ સ્પષ્ટ કર્યા બાદ જ આગળનું શિક્ષણ આપવું જોઈએ.

- શિક્ષકે વિષયવસ્તુનાં કઠિન મુદ્દાઓ શીખવવા માટે પૂરતો સમય ફાળવવો જોઈએ.
- શાળામાં વારંવાર શિક્ષકો બદલવાથી બાળકોના અભ્યાસનું સાતત્ય ખોરવાતું હોય છે. તેથી ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન અધવચ્ચેથી શિક્ષકોની બદલીઓ ન કરવી જોઈએ.
- શિક્ષકોએ મંદ ગતિના બાળકો પર વ્યક્તિગત ધ્યાન આપવું જોઈએ. તેમના માટે ઉપચારાત્મક શિક્ષણની ખાસ વ્યવસ્થા ગોઠવવી જોઈએ.
- વર્ગખંડમાં આવાં બાળકોનું માન જળવાય તેની ખાસ તકેદારી રાખવી જોઈએ.
- તેમની સાથે સહાનુભૂતિ પૂર્વક વર્તન કરીને તેમની સમસ્યાઓને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.
- આવાં બાળકોને પુસ્તકો અને અન્ય અધ્યયન સામગ્રી સમયસર મળી જાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- આવાં બાળકોને સરળ ભાષામાં શિક્ષણ આપવું જોઈએ.
- શારીરિક ક્ષતિ ધરાવતાં બાળકો માટે યોગ્ય બેઠક વ્યવસ્થા ગોઠવવી જોઈએ. દા.ત. દષ્ટિની ખામીવાળા અને શ્રવણની મુશ્કેલી ધરાવતાં બાળકોને આગળની પાટલીએ બેસાડવા જોઈએ.
- મા-બાપે બાળકના અભ્યાસમાં તેની શાળાકીય પ્રવૃત્તિઓમાં પૂરતો રસ લેવો જોઈએ.
- શિક્ષકોએ બિનજવાબદાર મા-બાપને પરામર્શન પૂરું પાડવું જોઈએ.
- ઘરનું વાતાવરણ અભ્યાસ માટે પ્રેરક હોવું જોઈએ.
- બાળકોનાં શારીરિક રોગોનું નિદાન કરીને તેનો ઉપચાર કરવો જોઈએ. તે માટે શાળામાં નિયમિત અંતરે બાળકોની દાક્તરી તપાસ થવી જોઈએ.
- કન્યા શિક્ષણ માટે લોકોને, ખાસ કરીને ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોના લોકો અને અક્ષિશિત મા-બાપને જાગૃત કરવા જોઈએ. તે માટે જનજાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.
- બાળકો નિયમિત રીતે શાળાએ જાય છે કે નહીં તેની તકેદારી મા-બાપે રાખવી જોઈએ.
- આવાં બાળકો સાથે શિક્ષણનાં સંદર્ભમાં મા-બાપે પણ ખૂબ જ સહાનુભૂતિ સાથે વ્યવહાર કરવો જોઈએ.
- શિક્ષકે અને મા-બાપે આવાં બાળકોને એવો અહેસાસ કરાવવો જોઈએ કે તેઓ તેમનાં કામમાં રસ દાખવે છે. તે ઉપરાંત તેમની નાનામાં નાની સિદ્ધિને પણ બિરદાવવી જોઈએ જેથી તેમનો આત્મવિશ્વાસ વધારી શકાય.
- આવાં બાળકોને વિષય પસંદગી માટેના વિકલ્પો શાળા કક્ષાએ પણ પૂરા પાડવા જોઈએ. તેમની અભિયોગ્યતા ઓળખવી જોઈએ. તેના આધારે તેમને વિષયો ફાળવવા જોઈએ. જેથી તેઓ પોતાની શક્તિઓનો પૂરેપૂરો ઉપયોગ કરી શકે. આવા વિષયોમાં મળતી સફળતાને કારણે તેમના આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થશે અને ધીમે ધીમે તેઓ અન્ય વિષયોમાં પણ રસ લેતાં થશે.

અધ્યયનની અક્ષમતાનો વિકાસ કરે તેવો એક રોગ છે ડિસલેક્સિયા. હવે આપણે તેના વિશે ચર્ચા કરીશું.

### 7.9 ડિસલેક્સિયા

ડિસલેક્સિયા, બાળકની વાંચનની અક્ષમતા સાથે સંકળાયેલો રોગ છે. યુ.એસ.નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થનાં જણાવ્યા પ્રમાણે :-

- ડિસ્લેક્સિયા અધ્યયનની અક્ષમતા છે જે બાળકની વાંચન, લેખન, જોડણી લખવાની અને અમુક વખતે બોલવાની ક્ષમતામાં અવરોધ પેદા કરે છે.

ડિસ્લેક્સિયાને Developmental Reading Disorder - DRD તરીકે પણ ઓળખવામાં આવે છે. આ રોગને કારણે વાંચન કરતી વખતે અક્ષરો ઓળખવામાં ભૂલ થાય છે. સામાન્ય રીતે બાળક 'ડ' અને 'ક', 'ટ' અને 'ઠ', 'ય' અને 'મ', 'શ' અને 'રા' જેવાં ભળતાં અક્ષરોને ઓળખી શકતું નથી. અમુક વખતે તો તેને અક્ષરો અને આંકડાઓમાં ચિત્ર વિચિત્ર આકૃતિઓ દેખાય છે. પરિણામે તે યોગ્ય રીતે વાંચન નથી કરી શકતું.

### 7.9.1 ડિસલેક્સિયાના કારણો

મગજમાં થતી માહિતી પ્રક્રિયાની ખામીને કારણે ડિસ્લેક્સિયાનો રોગ થાય છે. મગજના જે ભાગમાં ભાષાનું અર્થઘટન થાય છે અથવાં અક્ષરો અને અંકોની ઓળખ થાય છે તેમાં આવતી ખામીને કારણે આ રોગ થાય છે.

સામાન્ય રીતે બાળકને પહેલી વખત અક્ષરો કે અંકો શીખવતી વખતે તેની સામે અક્ષરો લખીને અને બોલીને રજૂ કરવામાં આવે છે. જેમ કે બોર્ડ પર 'ક' લખવાની સાથે 'ક કમળનો ક' એમ બોલવામાં પણ આવે છે. પરિણામે બાળક અવલોકીને અને સાંભળીને એમ બન્ને રીતે અક્ષરોને ઓળખવાનો પ્રયત્ન કરે છે. બાળકનાં મજગમાં દૃશ્ય (જોયેલા અક્ષરો) અને અવાજ (સાંભળેલા અક્ષરો) એક સાથે જાય છે અને ત્યાં તે બન્નેનું સંકલન અને જોડાણ થાય છે. આ રીતે તેના મગજમાં અક્ષરનું પ્રત્યક્ષીકરણ થાય છે. પછી તેની સામે તે અક્ષર લખીને રજૂ કરાવામાં આવે ત્યારે તેને જે તે અક્ષરનો ઉચ્ચાર યાદ આવે છે અથવાં તેની સામે અક્ષર બોલવામાં આવે ત્યારે તેને અક્ષરોનું લખાણ યાદ આવે છે. આ સામાન્ય પ્રક્રિયા છે. પરંતુ ડિસ્લેક્સિયાવાળાં બાળકોમાં મગજમાં આ બન્નેનું યોગ્ય રીતે જોડાણ નથી થતું. તેથી તેની સામે જ્યારે લેખિત સ્વરૂપે ફરીથી એકનો એક અક્ષર રજૂ કરવામાં આવે ત્યારે તે ભળતા અક્ષરો બોલે છે.

### 7.9.2 ડિસ્લેક્સિયાનાં લક્ષણો

ડિસ્લેક્સિયાનાં મુખ્ય લક્ષણો નીચે જણાવ્યા પ્રમાણે છે :-

– વાંચતી વખતે બાળકને ભળતા અક્ષરો દેખાય છે.
– બાળક અક્ષરો ઓળખી શકતું નથી.
– તેના મગજમાં અક્ષર અને તેના ઉચ્ચાર વચ્ચે જોડાણ થતું નથી.
– તે સાંભળેલાં અક્ષરોને ઉચ્ચારને આધારે ઓળખી શકતું નથી અને વાંચીને અક્ષરનો સાચો ઉચ્ચાર કરી શકતું નથી.
– બાળક, લાંબા વાક્યોનું અર્થઘટન કરી શકતું નથી.
– આ રોગથી ગ્રસ્ત બાળકોનો બુદ્ધિ આંક ઊંચો પણ હોઇ શકે છે તેઓ મંદ બુદ્ધિનાં નથી હોતાં.
– તેમને ફક્ત વાંચન-લેખનની મુશ્કેલી હોય છે બાકી બધી રીતે તે સામાન્ય બાળકો જેવાં જ હોય છે.
– અમુક કિસ્સામાં તેઓ કોઇ ક્ષેત્રમાં પ્રતિભાશાળી પણ હોય છે.

ડિસ્લેક્સિયા રોગગ્રસ્ત બાળકોનાં આવાં વિશિષ્ટ લક્ષણોને કારણે તેમને વિશિષ્ટ સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

### 7.9.3 ડિસ્લેક્સિયા રોગગ્રસ્ત બાળકોની અધ્યયન સમસ્યા

ડિસ્લેક્સિયા રોગગ્રસ્ત બાળકોની સમસ્યા નીચે મુજબ છે :-

– તેઓ સરળતાથી અને સાહજિક રીતે વાંચન કરી શકતાં નથી.
– તેઓ શ્રુતલેખનમાં ઘણી ભૂલો કરે છે. એટલે કે તેઓ સાંભળેલાં વાક્યો લખી શકતાં નથી.
– અનુલેખન કરવામાં પણ તેમને મુશ્કેલી પડે છે. એટલે કે તેઓ નકલ કરીને પણ લખી શકતાં નથી.

– તેઓ લેખિત વાક્યોનું સાચું અર્થઘટન કરી શકતાં નથી. પરિણામે તેમની અધ્યયનની ગતિ મંદ બને છે.

– તેઓ વર્ગખંડમાં લઘુતાગ્રંથિ અનુભવે છે.

– તેઓ કલ્પનામાં રાચે છે અને અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરી શકતાં નથી. પરિણામે તેઓ અભ્યાસ કરવા અંગેનો આત્મવિશ્વાસ ગુમાવી દે છે.

– તેમનું વર્તન પણ અસામાન્ય બની જાય છે અને તેઓ વાર્તનિક સમસ્યા ધરાવતાં થઇ જાય છે.

– તેઓ એકલવાયા બની જતાં હોય છે.

તેમની આ સમસ્યા દૂર કરવા માટે તેને વિશિષ્ટ રીતે શિક્ષણ આપવાની જરૂર પડે છે.

**7.9.4 ડિસલેક્સિયા રોગગ્રસ્ત બાળકોનું શિક્ષણ**

ડિસ્લેક્સિયા રોગગ્રસ્ત બાળકોનાં શિક્ષણ માટે નીચે જણાવ્યા મુજબનાં પગલાં લેવાં જોઈએ.

– શાળામાં તેમની સંપૂર્ણ રીતે દાક્તરી તપાસ થવી જોઈએ.

– તેમની કચાશનું નિદાન કરીને તેને ઉપચારાત્મક શિક્ષણ આપવું જોઈએ.

– તેમના માટે, શાળામાં, વ્યક્તિગત શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ.

– તેમની બુદ્ધિ કક્ષાને આધારે તેમના માટે અલગ અભ્યાસક્રમની રચના કરવી જોઈએ.

– આવાં બાળકોને તેમની પોતાની સંભાળ લેવા માટેનું શિક્ષણ આપવું જોઈએ.

– આવાં બાળકો વધુમાં વધુ પ્રમાણમાં સામાજિક આંતરક્રિયા કરે તે માટેનાં પ્રયત્નો કરવા જોઈએ.

– તેમને સામાજિક પ્રશિક્ષણ આપવું જોઈએ.

– તેમને સામૂહિક રમતો, પ્રવાસ પર્યટનો અને સમૂહ જીવનની પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રેરિત કરવાં જોઈએ.

– તેમને લેખક અને વાંચન વિશિષ્ટ પ્રશિક્ષણ આપવું જોઈએ.

– તેમને અવલોકન અને નિરીક્ષણ માટેનું પ્રશિક્ષણ આપવું જોઈએ.

– તેમની અભિયોગ્યતા ઓળખીને તેને અનુરૂપ ચોક્કસ વિષયો શીખવવા જોઈએ. જેથી તેમને પોતાની શક્તિઓનો પૂરેપૂરો ઉપયોગ કરવાની તક મળે. આવા વિષયોમાં મળતી સફળતાને કારણે તેમના આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થશે અને સરવાળે તેઓ ધીમે ધીમે લેખન, વાચન અને અન્ય વિષયોમાં પણ રસ લેતાં થશે.

– તેમને શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટેનું શિક્ષણ આપવું જોઈએ.

– તેમને માનસિક આરોગ્ય જાળવવા માટેનું પૂરતું માર્ગદર્શન આપવું જોઈએ.

– તેમને સામાન્ય બાળકોની જાળવવા માટે પૂરતું માર્ગદર્શન આપવું જોઈએ.

– વર્ગખંડમાં તેમની સંખ્યા મર્યાદિત હોવી જોઈએ.

– તેમના મા-બાપને તેમના ઉછેર માટેનું માર્ગદર્શન આપવું જોઈએ અને મા-બાપનું પરામર્શન કરવું જોઈએ.

તે ઉપરાંત મંદ ગતિનાં બાળકોનાં શિક્ષણ અગાઉ સૂચવવામાં આવેલાં તમામ પગલાં આવાં બાળકોનાં શિક્ષણ માટે પણ લેવાં જોઈએ. પ્રસ્તુત પ્રકરણમાં જ આ પગલાંઓ સૂચવવામાં આવ્યા હોઇ અહીં તેમનું પુનરાવર્તન કરવામાં આવ્યું નથી.

**ખાસ નોંધ :** પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અને નિર્માતા આમિર ખાનની ફિલ્મ 'તારે જમીં પર' ડિસ્લેક્સિયા રોગગ્રસ્ત બાળકનાં લક્ષણો, સમસ્યાઓ, નિદાન અને ઉપચાર પર આધારિત છે. તમામ શિક્ષકો, શિક્ષક પ્રશિક્ષણાર્થીઓ અને શિક્ષક પ્રશિક્ષકોએ વિવેચનાત્મક દૃષ્ટિ સાથે આ ફિલ્મ જોવી જોઈએ.

બાળકનાં અધ્યયન પર નકારાત્મક અસર કરી શકે તેવો એક માનસિક રોગ છે, ધ્યાન ન્યૂનતાનો રોગ. હવે આપણે તેના વિશે ચર્ચા કરીશું.

### 7.10 ધ્યાન ન્યૂનતાનો રોગ

ધ્યાન ન્યૂનતાનો રોગ, બાળકની ધ્યાન કેન્દ્રિકરણની ખામી સાથે સંકળાયેલો રોગ છે. અમેરિકન હેલ્થ ડિક્શનરીમાં જણાવ્યા પ્રમાણે :-

— ધ્યાન ન્યૂનતાનો રોગ એ તરંગીપણાંની નિશ્ચિત તરાહ દર્શાવતો, ધ્યાન કેન્દ્રિકરણનાં સમયગાળાને ટૂંકો કરતો અને અમુક વખતે અતિ ક્રિયાશીલતા દર્શાવતો અને જેનું નિદાન બચપણમાં થાય છે તેવો વ્યક્તિના શૈક્ષણિક, વ્યાવસાયિક અને સામાજિક દેખાવ પર અસર કરતો રોગ છે.

વ્યાખ્યાને આધારે કહી શકાય કે આ રોગ ધરાવતું બાળક કોઇ એક કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરી શકતું નથી. તે તરંગી સ્વભાવવાળું બની જાય છે. તે સરળતાથી સામાજિક આંતરક્રિયા કરી શકતું નથી. પરિણામે તેની શૈક્ષણિક પ્રક્રિયામાં અવરોધ પેદા થાય છે. અમુક વખતે આ રોગ ધરાવતું બાળક અતિક્રિયાશીલ બની જાય છે. મોટા થયા પછી તેનાં વ્યવસાયમાં પણ તેનું ચિત્ત ચોંટતું નથી.

અતિક્રિયાશીલતા (Hyperactivity) એટલે કોઇ એક કાર્યમાં ધ્યાન કેન્દ્રિત ન થવું અને વારંવાર કામ બદલવું. આ રોગમાં વ્યક્તિ કોઇ પણ કામ પૂર્ણ કરવાનો પ્રયત્ન કરતી નથી. અધવચ્ચેથી એક કામ છોડીને બીજા કામે લાગી જાય છે. ધ્યાન ન્યૂનતાનાં રોગની સાથે અતિ ક્રિયાશીલતા ભળે છે ત્યારે તેને 'ધ્યાન ન્યૂનતા સાથે અતિ ક્રિયાશીલતા (Attention Deficiency / Deficit Hyperactive Disorder - ADHD)'નાં રોગ તરીકે ઓળખવામાં આવે છે.

અમેરિકન સોસાયટી ઑફ ચાઈલ્ડ એડોલિસન્ટ સાઈકીયાટ્રી (American Association of Chil Psychiatry - AACAP)નાં જમાવ્યા મુજબ બાળકને ADHD રોગગ્રસ્ત તરીકે જાહેર કરવા માટેની આવશ્યક શરતો નીચે જણાવ્યા મુજબની છે.

— આ રોગનાં લક્ષણો સાત વર્ષની ઉંમર પહેલાં દેખાય.

— બાળકમાં આ લક્ષણો છ માસથી વધુ સમય માટે રહે.

— આ લક્ષણો નીચે જણાવેલી જગ્યાઓમાંથી ઓછામાં ઓછી બે જગ્યાએ દેખાય.

  - સામાજિક આંતરક્રિયા કરતી વખતે બાળક દ્વારા કરવામાં આવતાં વર્તનોમાં.

  - રમતનાં મેદાન પર બાળક દ્વારા થતાં વર્તનોમાં.

  - બાળકનાં, વર્ગખંડમાંનાં વર્તનોમાં.

  - ઘરમાં તેના વર્તનોમાં.

#### 7.10.1 ધ્યાન ન્યૂનતા સહિતના અતિક્રિયાશીલતાનાં રોગના લક્ષણો

આ રોગનાં લક્ષણો નીચે જણાવ્યા પ્રમાણે છે :-

— આ રોગ ધરાવતું બાળક ઝડપથી બેધ્યાન થઇ જાય છે.

— આ રોગનું સૌથી મોટું લક્ષણ અતિક્રિયાશીલતા છે.

— બાળક વાતો અને વસ્તુઓ ઝડપથી ભૂલી જાય છે.

— કોઇ એક પ્રવૃત્તિ કે કામમાં તેનું ચિત્ત ચોટતું નથી.

— તે કોઇ કામ ધીરજ સાથે કરી શકતું નથી.

— તેની પાસે નવી વાતો શીખવા માટેની ધીરજ પણ હોતી નથી.

— તે પોતાનાં કાર્યો / પ્રવૃત્તિઓ વારંવાર બદલ્યા કરે છે.

— તે મોટાભાગે દિવાસ્વપ્નોમાં રાચે છે.

- તે ઝડપથી મૂંઝાઇ જાય છે.
- તે ખૂબ વાચાળ હોય છે.
- તે વર્ગખંડમાં, શિક્ષકની વાતો અથવાં વિષયવસ્તુની ચર્ચા ધ્યાનથી સાંભળતું નથી.
- તે સામાન્ય બાળકોની જેમ વાતોને સરળતાથી સમજી શકતું નથી.
- તેનાં માનસમાં સાતત્યપૂર્ણ રીતે માહિતી પ્રક્રિયા થતી નથી.
- શિક્ષકે આપેલી સૂચનાઓનો અમલ કરવામાં તે મુશ્કેલી અનુભવે છે.
- તે કોઇ એક જ જગ્યાએ શાંતિથી બેસી શકતું નથી.
- તેના હાથમાં આવતી ગમે તે વસ્તુ સાથે તે રમવા લાગે છે.
- તે ગમે તેના માટે ગમે તેવું બોલી દે છે.

**7.10.2 ધ્યાન ન્યૂનતા સહિતના અતિક્રિયાશીલતાનાં રોગનાં કારણો**

આ રોગના સંદર્ભમાં હમણાં સુધી થયેલાં અભ્યાસોને આધારે કહી શકાય કે નીચે જણાવેલાં કારણોસર આ રોગ થવાંની શક્યતા રહે છે.

- ગર્ભાવસ્થા દરમિયાન માતા તમ્બાકુ, આલ્કોહોલ કે નશાવાળી અન્ય વસ્તુવાળા વાતાવરણમાં રહેતી હોય તો તેની અસર ગર્ભસ્થ શિશુ ઉપર પડે છે અને ગર્ભમાં, બાળકમાં માનસિક ચંચળતાનો વિકાસ થઇ શકે છે.
- ગર્ભાવસ્થા દરમિયાન માતા આલ્કોહોલનું સેવન કરે તો ગર્ભસ્થ બાળકમાં આ રોગના મૂળ પેદા થઇ શકે છે.
- અધૂરાં માસે બાળકનો જન્મ થયો હોય અથવાં જન્મ સમયે કોઇ સમસ્યા થઇ હોય તો આ રોગની શક્યતા વધી જાય છે.
- જન્મ પછી બાળકનો ઉછેર સીસાં (Lead)વાળાં વાતાવરણમાં થાય તો તેની માનસિક ચંચળતા વધી શકે છે.
- ખેતપેદાશોમાં વપરાતાં જંતુનાશકો આ રોગની ઉત્પત્તિનું કારણ બને છે. જંતુનાશક દવાની અસર ધરાવતી ખેતપેદાશોને બરાબર સાફ કરીને ખાવામાં ન આવે ત્યારે આ રોગની શક્યતા વધી જાય છે.
- કૃત્રિમ રસાયણો ધરાવતાં ઠંડા પીણાંઓનું અતિશય સેવન કરવાને કારણે પણ બાળક માનસિક રીતે ચંચળ બની જાય છે.
- અસ્થાયી અને ભટકતું જીવન જીવતાં બાળકોમાં આ રોગનું પ્રમાણ વધુ જોવા મળે છે.
- બાળકને સ્પર્ધાત્મક વાતાવરણમાં સતત રાખવામાં આવે તો આ રોગ થઇ શકે છે.
- બાળકને સાંવેગિક રીતે પજવવામાં આવે, તેના દરેક કામમાં ખામી કાઢવામાં આવે અથવાં તેને કોઇ પણ કામ માટે વધુ પડતું પ્રોત્સાહન આપવામાં આવે ત્યારે તે ધ્યાન કેન્દ્રિકરણ ગુમાવી દે છે.

**7.10.3 ADD / ADHD રોગગ્રસ્ત બાળકોનું શિક્ષણ**

આવાં બાળકનાં શિક્ષણ માટે નીચે જણાવેલાં પગલાં લેવાં જોઈએ.

- શિક્ષકે તેની સાથે સહાનુભૂતિપૂર્વક વ્યવહાર કરવો જોઈએ.
- તેનાં રસનાં ક્ષેત્રો અંગે માહિતી મેળવીને વિષયવસ્તુને તેની સાથે સાંકળવાનો પ્રયત્ન કરવો જોઈએ.
- અધ્યાપન પ્રક્રિયા દરમિયાન શિક્ષકે, તેની માનસિક શક્તિઓને ધ્યાનમાં રાખીને સરળ પ્રશ્નો પૂછીને તેને ચર્ચામાં સતત સાંકળી રાખવો જોઈએ.

- શિક્ષકે રસપ્રદ રીતે વિષયવસ્તુની રજૂઆત કરવી જોઈએ.
- શિક્ષકે નાનાં નાનાં મુદ્દાઓમાં વહેંચીને વિષયવસ્તુની રજૂઆત કરવી જોઈએ.
- દરેક મુદ્દાની રજૂઆત પછી બાળકની માનસિક ક્ષમતાને ધ્યાનમાં રાખીને સરળ પ્રશ્નો પૂછીને તેને ચર્ચામાં સાંકળવો જોઈએ.
- શિક્ષકે વર્ગખંડની બહાર પણ તેની સાથે સતત્ વાતચીત કરતાં રહેવું જોઈએ.
- તેને ઝડપથી પૂરાં થાય તેવાં નાનાં કાર્યોની જવાબદારી સોંપવી જોઈએ. જેથી તે પોતાનું ધ્યાન કોઇ એક કાર્ય પર કેન્દ્રિત કરી શકે. તે કાર્ય પૂરું કરવા માટે તેને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવા જોઈએ.
- આવું બાળક વધુ ગૃહકાર્ય કરી શકતું નથી. તેથી ગૃહકાર્યની ટેવનો વિકાસ કરવા માટે શરૂઆતમાં ઓછું ગૃહકાર્ય આપવું જોઈએ.
- જો બાળક અધૂરું ગૃહકાર્ય કરે તો પણ તેને સજા તો ન જ આપવી જોઈએ, પણ સાથે સાથે તેણે કરેલાં કાર્યમાંથી સારી બાબતો શોધીને તેને બિરદાવવો જોઈએ.
- તેણે કરેલ દરેક પ્રવૃત્તિઓમાંથી વિશિષ્ટતાઓ શોધીને તેની જાણ બાળકને કરવી જોઈએ. જેથી તેના આત્મવિશ્વાસમાં વધારો કરી શકાય. તે વધુ સારી રીતે આવી પ્રવૃત્તિઓ કરી શકે તે માટેનું માર્ગદર્શન અને પ્રોત્સાહન તેને આપવું જોઈએ.
- તેનો અહ્મ ન ઘવાય તે રીતે કદીએ તેને શિક્ષા ન કરવી જોઈએ.
- તેને સ્વતંત્ર રીતે કામ કરવાની તક પૂરી પાડવી જોઈએ.
- તેની ભૂલો અંગે તેને સજા આપવાને બદલે વ્યક્તિગત ધોરણે તેની સાથે ચર્ચા કરીને તે ભૂલો સુધારવા માટેનું માર્ગદર્શન આપવું જોઈએ.
- વર્ગખંડમાં અને શાળામાં થતી તમામ પ્રવૃત્તિઓ અંગે તેની ચર્ચા કરીને તેને ગમતું કામ સોંપવું જોઈએ.

## 7.11 સારાંશ

આ એકમમાં આપણે અધ્યયનની અક્ષમતાની વ્યાખ્યા અને અર્થની સ્પષ્ટતા કરી છે. ઉપરાંત શૈક્ષણિક પછાત બાળકો મંદ ગતિનાં અધ્યેતાના અર્થ તથા લક્ષણો વિશે વિસ્તૃત ચર્ચા કરી છે. સમાવેશક શિક્ષણની સફળતા માટે આવાં બાળકોનાં શિક્ષણ અંગે પણ ગંભીરતા સાથે વિચાર કરવો પડે તે સ્વાભાવિક બાબત છે. બાળકોની અધ્યયન ક્ષમતાને અસર કરે તેવા ડિસ્લેક્સિયા અને ધ્યાન ન્યૂનતા સહિતના અતિક્રિયાશીલતાનાં રોગનાં લક્ષણો, કારણો અને આવાં બાળકોનાં શિક્ષણ માટેના માર્ગોનું વર્ણન પણ આ પ્રકરણમાં કરવામાં આવ્યું છે. શિક્ષણનું સાર્વત્રિકરણ કરવામાં અને સમાવેશ શિક્ષણની અસરકારકતા વધારવામાં આવાં તમામ પ્રકારનાં બાળકોનાં શિક્ષણ માટે લેવાયેલાં પગલાં મદદરૂપ થાય છે.

## 7.12 તમારી પ્રગતિ ચકાસો

**1. અધ્યયનની અક્ષમતાની સંકલ્પના સ્પષ્ટ કરો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. શૈક્ષણિક પછાત બાળકો એટલે શું ? સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

3. શૈક્ષણિક રીતે પછાત બાળકોનાં લક્ષણો જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

4. મંદ ગતિનાં ધ્યેતાનો અર્થ સ્પષ્ટ કરો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

5. અધ્યયન અક્ષમતા ધરાવતાં બાળકોનાં લક્ષણો જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

6. અધ્યયન અક્ષમતાનાં કારણો સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

7. અધ્યયનની અક્ષમતા ધરાવતાં બાળકોનાં શિક્ષણ માટે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

8. ડિસ્લેક્સિયાનો અર્થ સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

9. ડિસ્લેક્સિયાના કારણો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

10. ડિસ્લેક્સિયાનાં લક્ષણો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

11. ડિસ્લેક્સિયા રોગગ્રસ્ત બાળકોની અધ્યયન સમસ્યાઓ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

12. ડિસ્લેક્સિયા રોગગ્રસ્ત બાળકોનાં શિક્ષણ માટે કઇ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

13. ધ્યાન ન્યૂનતાના રોગનો અર્થ સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

14. ધ્યાન ન્યૂનતા સહિતના અતિક્રિયાશીલતાનાં રોગનાં લક્ષણો સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

15. ધ્યાન ન્યૂનતા સહિતના અતિક્રિયાશીલતાનાં રોગનાં કારણો સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

16. ADD / ADHD રોગગ્રસ્ત બાળકોનાં શિક્ષણ માટે કઇ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

# એકમ 8 કુદરતી બક્ષિસ ધરાવતાં / પ્રતિભાશાળી બાળકો

: રૂપરેખા :


8.0 પ્રસ્તાવના

8.1 ઉદ્દેશો

8.2 પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યા

8.3 પ્રતિભાશાળી બાળકોનો અર્થ

8.4 પ્રતિભાશાળી બાળકોના લક્ષણો

8.5 પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓ

- 8.5.1 અશિસ્ત
- 8.5.2 અપાનુકૂલન
- 8.5.3 અભ્યાસમાં અરૂચિ
- 8.5.4 ગુરુતાગ્રંથિનો વિકાસ
- 8.5.5 સાંવેગિક અસ્થિરતા

8.6 પ્રતિભાશાળી બાળકોનું શિક્ષણ

- 8.6.1 સામાન્ય રીતે વર્ગબઢતી
- 8.6.2 વિશિષ્ટ અભ્યાસક્રમ
- 8.6.3 વ્યક્તિગત ધ્યાન
- 8.6.4 સામાજિક અનુકૂલન માટેની તકો
- 8.6.5 સામાન્ય બાળકો સાથે શિક્ષણ
- 8.6.6 અભ્યાસ માટે વિશિષ્ટ સગવડો
- 8.6.7 નેતૃત્વની તકો
- 8.6.8 સંસ્કૃતિનું શિક્ષણ

8.7 પ્રતિભાશાળી બાળકનાં વિકાસમાં મા-બાપની ભૂમિકા

8.8 સારાંશ

8.9 તમારી પ્રગતિ ચકાસો


## 8.0 પ્રસ્તાવના

સમાવેશક શાળાની રચના અંગે વિચારતી વખતે અક્ષમ અને વંચિત બાળકોની સાથે પ્રતિભાશાળી બાળકોનાં યોગ્ય સમાવેશન માટે પણ વિચારવું જોઈએ. સામાન્ય રીતે શાળાઓની પ્રવૃત્તિઓનું આયોજન કરતી વખતે સરેરાશ બાળકોને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. પરંતુ છેલ્લાં દાયકાઓથી અક્ષમ અને વંચિત બાળકોનાં સમાવેશન માટે આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેક પ્રયત્નો થઇ રહ્યાં છે. જેમ આવાં બાળકો સામાન્ય બાળકો સાથે શિક્ષણ મેળવવામાં મુશ્કેલી અનુભવે છે તેમ પ્રતિભાશાળી બાળકો પણ મુશ્કેલી અનુભવે છે. જો કે તેમની મુશ્કેલી જુદાં પ્રકારની હોય છે. સામાન્ય શૈક્ષણિક વાતાવરણમાં આવાં બાળકોનું, શાળા કક્ષાએ, ઉચિત ધ્યાન રાખી શકાતું નથી. તેથી તેમની વિશિષ્ટ ક્ષમતાઓનો મહત્તમ ઉપયોગ કરવા માટે તેમને પણ વિશિષ્ટ માવજત આપવાની જરૂર પડે છે. તેથી

આવાં બાળકોને પણ વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો તરીકે સ્વીકારવામાં આવે છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે આવાં પ્રતિભાશાળી બાળકોનાં શિક્ષણના સંદર્ભમાં ચર્ચા કરીશું.

## 8.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે ....

- પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યા અને અર્થ સમજાવી શકશો.
- પ્રતિભાશાળી બાળકોનાં લક્ષણોનું વર્ણન કરી શકશો.
- પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓ જણાવી શકશો.
- પ્રતિભાશાળી બાળકોનાં શિક્ષણ માટેનું માર્ગદર્શન આપી શકશો.
- પ્રતિભાશાળી બાળકોનાં વિકાસમાં મા-બાપની ભૂમિકા સૂચવી શકશો.

## 8.2 પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યા

પ્રતિભાશાળી બાળકોની કેટલીક વ્યાખ્યાઓ નીચે જણાવ્યા પ્રમાણેની છે :-

- ''પ્રતિભાશાળી શબ્દ એવા બાળક માટે વાપરવામાં આવે છે જે કોઇ ક્ષમતાનાં સંદર્ભમાં તેના જૂથમાં ખૂબ ચઢિયાતું હોય અને તે ક્ષમતા તેને, આપણા સમાજના ઉત્થાન અને જીવનના સ્તરને ઊંચે લઇ જવામાં વિશિષ્ટ ફાળો આપનાર બનાવે.''

*—ડબલ્યુ. બી. કોલેસ્નિક*

- ''પ્રતિભાશાળી બાળકો શાળાકીય સિદ્ધિ, શારીરિક બંધારણ, વ્યક્તિત્વ લક્ષણો, સામાજિક અનુકૂલન, રમત, માહિતી અને રૂચિની બહુરૂપતાને કારણે સરેરાશ બાળકો કરતાં ખૂબ આગળ હોય છે.''

*— ટર્મન અને ઓડન*

- ''પ્રતિભાશાળી બાળકો બે પ્રકારનાં હોય છે. (1) જેમનો બુદ્ધિઆંક 130 થી વધુ હોય અને અસામાન્ય બુદ્ધિ ધરાવતાં હોય. (2) જે બાળકો કલા, ગણિત, સંગીત અથવાં અભિનયમાં વિશેષ યોગ્યતા ધરાવતાં હોય.''

*—ક્રો અને ક્રો*

- ''એવાં એક ટકા બાળકો માટે પ્રતિભાશાળી શબ્દ વાપરવામાં આવે છે જે સૌથી વધુ બુદ્ધિશાળી હોય છે.''

*—સ્કિનર અને હેરીમેન*

## 8.3 પ્રતિભાશાળી બાળકોનો અર્થ

અમુક મનોવૈજ્ઞાનિકોના મતે અસામાન્ય બુદ્ધિક્ષમતા ધરાવતાં બાળકોને પ્રતિભાશાળી બાળકો કહેવાય. અમુક મનોવૈજ્ઞાનિકો તેમને પ્રતિભાશાળી બાળકો કહે છે કે જેઓ તેમના જૂથના સરેરાશ બાળકો કરતાં ખૂબ વધુ બુદ્ધિ ક્ષમતા, તક્નિકી ક્ષમતા, અધ્યયન ક્ષમતા, ધારણ ક્ષમતા, માનસિક ક્ષમતા અથવાં કલા, સંગીત કે રમત ગમતની ક્ષમતા ધરાવતાં હોય. અમુક મનોવૈજ્ઞાનિકો આવાં બાળકોનાં સામાજિક અનુકૂલન, શારીરિક બંધારણ અને માનસિક સ્વાસ્થ્યને પણ મહત્ત્વ આપે છે.

આ દરેક મતોને ધ્યાનમાં લઇએ તો ટૂંકમાં કહી શકાય કે **પ્રતિભાશાળી બાળકો મનોશારીરિક કૌશલ્યો, બુદ્ધિકક્ષા તથા અન્ય હકારાત્મક લક્ષણોનાં સંદર્ભમાં તેમની વયકક્ષાના બાળકો માટે સ્થાપિત ધોરણો કરતાં ખૂબ આગળ હોય છે જેના કારણે તેઓ તેમની વયકક્ષાના અન્ય બાળકો કરતાં જુદાં કરી આવતાં હોય છે.**

પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યાઓ અને અર્થને આધારે તેમના કેટલાંક વિશિષ્ટ લક્ષણો તારવી શકાય છે.

## 8.4 પ્રતિભાશાળી બાળકોના લક્ષણો

બુદ્ધિનાં સંદર્ભમાં પ્રતિભાશાળી બાળકોની વિશિષ્ટતા નીચે જણાવ્યા પ્રમાણે છે :-

- તેમનાં દૈનિક કાર્યોમાં વિવિધતા જોવા મળે છે.
- તેઓ સ્મૃતિ, તર્ક, ચિંતન, વિશ્લેષણ અને સંશ્લેષણ જેવી માનસિક પ્રક્રિયાઓના સંદર્ભમાં, સામાન્ય બાળકોની તુલનામાં, વધુ ચોક્સાઇ અને તીવ્રતા ધરાવતાં હોય છે.
- તેમનો શબ્દભંડોળ પ્રમાણમાં વધુ હોય છે.
- તેમની જ્ઞાનાત્મક ધારણ ક્ષમતા અને યાદશક્તિ પ્રમાણમાં વધુ હોય છે.
- તેઓ સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ અને અવલોકન કૌશલ્ય ધરાવે છે.
- અધ્યયનમાં તેઓ વિશિષ્ટ રૂચિ ધરાવે છે અને તેમની શાળાકીય સિદ્ધિ પ્રમાણમાં ઉચ્ચ કક્ષાની હોય છે.
- તેઓ સારી અને ઉચ્ચ કક્ષાની આંતરસૂઝ ધરાવે છે.
- તેઓ દરેક કાર્ય માટે તાર્કિક રીતે વિચાર કરે છે.
- યોગ્ય પરામર્શન, માર્ગદર્શન તથા યોગ્ય નિયંત્રને અભાવે તેઓ અભિમાની બની જતાં હોય છે.
- સામાજિક અનુકૂલન સાધવામાં તેઓ નબળાં હોય છે.
- આવાં મોટા ભાગના બાળકો, સામાન્ય રીતે સ્વયં અનુશાસિત હોય છે.
- તેમનો બુદ્ધઆંક, સામાન્ય રીતે 130 થી વધુ હોય છે.
- બૌદ્ધિક અને માનસિક કસરત કરાવતી રમતોમાં તેમને વિશેષ રસ પડે છે.
- તેઓ ઉચ્ચ કક્ષાની રૂચિ ધરાવે છે.
- તેઓ દરેક બાબત અને ઘટનાઓ અંગે મૌલિક રીતે વિચારે છે.
- તેમની અમૂર્ત ચિંતન કરવાની ક્ષમતા પ્રમાણમાં સારી હોય છે.
- આવા બાળકો કલા, સંગીત, રમત-ગમત, તક્નિકી અથવાં અભિનયના ક્ષેત્રમાંથી કોઇ એક ક્ષેત્રમાં પણ પ્રતિભાશાળી હોઇ શકે છે. આવી પ્રતિભા ધરાવતાં બાળકોનો બુદ્ધિઆંક 130થી નીચો હોવાની સંભાવના રહે છે.
- આવાં બાળકો તેમની વિશિષ્ટતાઓને કારણે શાળામાં સમસ્યારૂપ પણ બનતાં હોય છે.

## 8.5 પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓ

પ્રતિભાશાળી બાળકોનાં સંદર્ભમાં શાળામાં નીચે જણાવેલી સમસ્યાઓ ઉદ્ભવી શકે છે.

### 8.5.1 અશિસ્ત

આવાં બાળકો અભ્યાસમાં અન્ય બાળકો કરતાં ખૂબ આગળ હોય છે. પરંતુ સામાન્ય સંજોગોમાં શિક્ષકો સામાન્ય બાળકોને ધ્યાનમાં રાખીને અધ્યાપન કાર્ય કરતાં હોય છે. શિક્ષકોની અધ્યાપન ગતિ અને અન્ય બાળકોની અધ્યયન ગતિ આવાં બાળકોની અપેક્ષા કરતાં ધીમી હોય છે. તેથી આવાં બાળકો વર્ગખંડમાં કંટાળો અનુભવે છે. પરિણામે, અમુક વખતે તેઓ અશિષ્ટ વર્તન કરી બેસે છે અથવાં વર્ગમાં બેઠાં-બેઠાં અન્ય પ્રવૃત્તિઓ કરે છે. તેથી અન્ય બાળકોનાં અભ્યાસમાં વિક્ષેપ પડે છે અને વર્ગખંડમાં અશિસ્તનું વાતાવરણ સર્જાય છે.

### 8.5.2 અપાનુકૂલન

આવાં બાળકો વર્ગખંડમાં નબળાં અને સામાન્ય બાળકો સાથે અનુકૂલન સાધી શકતાં નથી. અમુક વખતે તેઓ એકલવાયાં બની જતાં હોય છે. મોટાભાગના કિસ્સાઓમાં અન્ય બાળકો તેમની, અને

તેઓ અન્ય બાળકોની વાતો સ્વીકારવા તૈયાર થતાં નથી. ઘણી વખત જોવા મળે છે કે આવાં બાળકો શિક્ષકો સાથે પણ અનુકૂલન સાધી શકતાં નથી.

### 8.5.3 અભ્યાસમાં અરૂચિ

પ્રતિભાશાળી બાળકોની માનસિક પ્રક્રિયા ખૂબ જ ઝડપી અને તીવ્ર હોય છે. આ બાબતે, તેઓ બીજા બાળકો કરતાં ખૂબ આગળ હોય છે. આ બાળકો વિષયવસ્તુને ઝડપથી સમજી શકે છે અને વધુ સંકુલ બાબતો શીખવાની ઈચ્છા ધરાવતાં હોય છે. જો કે, શિક્ષક સરેરાશ બાળકોને ધ્યાનમાં રાખીને અધ્યાપન કાર્ય કરે છે. તેથી વર્ગખંડમાં પ્રતિભાશાળી બાળકોને અનુકૂળતા મુજબ અભ્યાસ માટેનું વાતાવરણ મળતું નથી. પરિણામે, લાંબાગાળે આવાં બાળકો અભ્યાસમાંથી રસ ગુમાવી દે છે. બીજું, શિક્ષણનાં સૈદ્ધાંતિક વિષયો સિવાયનાં અન્ય ક્ષેત્રમાં પ્રતિભા ધરાવતાં બાળકો પણ અભ્યાસમાં ઓછી રૂચિ દર્શાવે છે, કારણ કે તેઓ સતત પોતાનાં પ્રભુત્વવાળાં ક્ષેત્રમાં વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમને પોતાનાં ક્ષેત્રની પ્રવૃત્તિઓમાં વધુ રસ પડે છે. આમ, શાળામાં અનુકૂળ વાતાવરણ નહીં મળવાને કારણે આવાં બાળકો શાળાકીય વિષયોમાંથી રસ ગુમાવતા જાય છે. પરિણામે, શિક્ષણ અને અભ્યાસના સંદર્ભમાં, આવાં બાળકો અમુક કિસ્સાઓમાં સરેરાશ બાળકો કરતાં પણ પાછળ રહે છે.

### 8.5.4 ગુરુતાગ્રંથિનો વિકાસ

અમુક વખતે આવાં બાળકો પોતોની વિશિષ્ટ આવડતોને કારણે અન્ય બાળકોને ઉતરતી કક્ષાનાં ગણવા લાગે છે અને પોતાને શ્રેષ્ઠ માનવા લાગે છે, જેથી તેમનામાં ગુરુતાગ્રંથિનો વિકાસ થાય છે. જો કે તેમને યોગ્ય માર્ગદર્શન આપવામાં ન આવે અને તેમનો યોગ્ય રીતે ઉછેર કરવામાં ન આવે ત્યારે જ આવી પરિસ્થિતિ પેદા થાય છે.

### 8.5.5 સાંવેગિક અસ્થિરતા

આવાં બાળકો તેમનાં સંવેગોને ઝડપથી નિયંત્રિત નથી કરી શકતાં. ન ગમતી વાતોની સામે તરત જ તેઓ, પોતોની પ્રતિક્રિયા આપી દે છે. અમુક કિસ્સામાં તેઓ એટલાં બધાં એકલવાયાં બની જાય છે કે પોતાનાં સિવાયની કોઈપણ વાત અંગે કોઇ પણ પ્રતિક્રિયા નથી આપતાં. તેમના આવાં સ્વભાવને કારણે તેઓ અમુક વખતે આપણને લાગણીહીન લાગે છે.

પ્રતિભાશાળી બાળકોની આવી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને જ તેમના માટે શિક્ષણની વિશિષ્ટ વ્યવસ્થા અંગે વિચારવું જરૂરી છે.

## 8.6 પ્રતિભાશાળી બાળકોનું શિક્ષણ

પ્રતિભાશાળી બાળકોનાં શિક્ષણ માટે નીચે જણાવ્યા મુજબનાં પગલાં લઈ શકાય :-

### 8.6.1 સામાન્ય રીતે વર્ગબઢતી

ઉચ્ચ બોદ્ધિકક્ષમતા ધરાવતાં બાળકો વર્ગખંડનાં અન્ય બાળકો કરતાં અભ્યાસમાં ઘણાં આગળ હોય છે. તેમની બૌદ્ધિકક્ષમતા એટલી ઉચ્ચ હોય છે કે તેઓ એક જ ધોરણમાં બે ધોરણનો અભ્યાસ સરળતાથી કરી શકે છે. તેથી આવાં બાળકો માટે બે ધોરણની પરીક્ષા એક સાથે આપવાની વ્યવસ્થા કરવામાં આવે છે. આપણા રાજ્યમાં અને દેશમાં આવી વ્યવસ્થા છે. જેના કારણે અમુલ વાલીઓ તેમના બાળકને એક સાથે બે ધોરણની પરીક્ષા અપાવે છે. પરંતુ આવું કરવામાં મુશ્કેલી એ છે કે આવાં બાળકો પાછળથી ઉપલા ધોરણોમાં અભ્યાસમાં મુશ્કેલી અનુભવતાં હોય છે. તેઓ પાછળથી સામાન્ય બાળકોની જેમ જ વર્ગ બઢતી આપવી જોઈએ અને તેમની કક્ષાએ તેમના માટે વિશિષ્ટ અભ્યાસની સગવડો પૂરી પાડવી જોઈએ. જેથી વયકક્ષા મુજબ તેમની પ્રતિભા જળવાઈ રહે.

### 8.6.2 વિશિષ્ટ અભ્યાસક્રમ

અમુક મનોવૈજ્ઞાનિકો મતે, વિશિષ્ટ બૌદ્ધિક પ્રતિભા ધરાવતાં બાળકો માટે વિશિષ્ટ અભ્યાસક્રમની રચના થવી જોઈએ. જેમાં વિશિષ્ટ અને કઠિન મુદ્દાઓ સામેલ કરવા જોઈએ. સામાન્ય વિષયોની સાથે તેમને આવા વિષયોનું શિક્ષણ આપવું જોઈએ. જેથી તેમની વિશિષ્ટ પ્રતિભાનો ઉપયોગ કરી શકાય.

તેમને જાહેર, સ્પર્ધાત્મક અને પ્રતિભાખોજ માટેની પરીક્ષાઓ માટે તૈયાર કરવા જોઈએ. જેથી તેમની પ્રતિભાનો યોગ્ય ઉપયોગ કરી શકાય. આપણા દેશમાં આવી પ્રખરતાં શોધ પરીક્ષાઓ લેવાતી હોય છે. આજે ઘણી ટેલિવિઝન ચેનલ્સ અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા વિવિધ કક્ષાનાં બાળકો માટે જાહેર ક્વિઝ કાર્યક્રમોનું આયોજન થતું હોય છે. આવા કાર્યક્રમો માટે પ્રતિભાશાળી બાળકોને તૈયાર કરવા માટે વિશિષ્ટ અભ્યાસક્રમો ઉપયોગી થઇ શકે છે. શાળાકીય વિષયો સિવાયનાં ક્ષેત્રમાં પ્રતિભા ધરાવતાં બાળકો માટે જે તે ક્ષેત્રનાં સંદર્ભમાં વિશિષ્ટ શૈક્ષણિક વ્યવસ્થા કરવી જોઈએ. જેથી બાળક, તેમાં પોતાનાં કૌશલ્યો વિકસાવી શકે અને પોતાની પ્રતિભાનો પૂરતો ઉપયોગ કરી શકે. જેમ કે અમુક બાળકો કલા, સંગીત રમત-ગમતનાં ક્ષેત્રમાં કુદરતી પ્રતિભા ધરાવે છે. આવાં બાળકોને તેમનાં ક્ષેત્રમાં આગળ વધવા માટેની તકો આપવા અંગેની જોગવાઇ અભ્યાસક્રમમાં હોવી જોઈએ.

### 8.6.3 વ્યક્તિગત ધ્યાન

શિક્ષકે વર્ગખંડમાં આવાં બાળકોનું વ્યક્તિગત ધોરણે ધ્યાન રાખવું જોઈએ. તેમની સાથે સતત પરામર્શન કરતાં રહેવું જોઈએ. તેમના દૈનિક આયોજનમાં તેમને મદદ કરવી જોઈએ. તેમને સર્જનાત્મક કાર્યો કરવા માટે પ્રેરિત કરવા જોઈએ અને તે માટેનું માર્ગદર્શન આપવું જોઈએ. વિશિષ્ટ પ્રતિભા ધરાવતાં બાળકોને વિવિધ વિષયોનાં ઊંડાણપૂર્વકનાં અભ્યાસ માટે તેમની કક્ષા મુજબનાં પુસ્તકોનું સૂચન કરવું જોઈએ. શક્ય હોય તો આવાં પુસ્તકો મેળવવામાં શિક્ષકે તેમને મદદ કરવી જોઈએ. આવાં બાળકો ઇન્ટરનેટની મદદથી જુદા જુદા વિષયોને લગતી વિશિષ્ટ માહિતી શોધી લાવે તે માટેનું માર્ગદર્શન આપવું જોઈએ. તે માટે, તેમને શાળામાં ઇન્ટરનેટની સુવિધા પૂરી પાડવી જોઈએ. જુદા જુદા વિષયનાં પ્રોજેક્ટ કાર્યમાં તેમને સામેલ કરવાં જોઈએ. જેમાં તેમની પ્રતિભા મુજબની પ્રવૃત્તિઓ તેમને સોંપવી જોઈએ. તેમના વિશિષ્ટ કાર્યોની યોગ્ય રીતે કદર પણ કરવી જોઈએ.

### 8.6.4 સામાજિક અનુકૂલન માટેની તકો

આવાં બાળકો અન્ય બાળકો સાથે સારી રીતે આંતરક્રિયા કરી શકે તે માટેની તકો પૂરી પાડવી જોઈએ. સામૂહિક કાર્યક્રમોમાં તેમની ભાગીદારિતા વધારવા માટેનાં પ્રયત્નો કરવા જોઈએ. સમૂહ જીવનની પ્રવૃત્તિઓમાં આવાં બાળકોને વિશિષ્ટ જવાબદારી સોંપવી જોઈએ. જૂથ ચર્ચા, સેમિનાર, પ્રોજેક્ટ જેવી અધ્યાપન પદ્ધતિઓ અને વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને આવાં બાળકોને સતત અન્ય બાળકોનાં સંપર્કમાં રાખવા જોઈએ. શાળામાં યોજાતા વિવિધ કાર્યક્રમોમાં, આવાં બાળકોને એવી જવાબદારી સોંપવી જોઈએ કે જેમાં તેમને વધુમાં વધુ સામાજિક આંતરક્રિયા કરવાની તક મળે.

### 8.6.5 સામાન્ય બાળકો સાથે શિક્ષણ

આવાં બાળકોને શાળામાં સામાન્ય બાળકો સાથે જ શિક્ષણ આપવું જોઈએ. આ વાત અહીં સ્પષ્ટ કરવા માટેનું કારણ એ છે કે ઘણાં મનોવૈજ્ઞાનિકોનો એવો મત છે કે પ્રતિભાશાળી બાળકો માટે વિશિષ્ટ શાળાઓની વ્યવસ્થા કરવી જોઈએ. જો આવું કરવામાં આવે તો તેઓ, તેમની વયકક્ષાનાં બહુમતી ધરાવતાં સામાન્ય બાળકોથી જુદાં પડી જશે. તેમનામાં ગુરુતાગ્રંથિનો વિકાસ થશે અને તેમનાં સામાજિક અનુકૂલનની પ્રક્રિયામાં અવરોધ પેદા કરશે. આવું ન બને તે માટે, તેમને સામાન્ય બાળકો સાથે શિક્ષણ આપવું જોઈએ અને તેમનું વ્યક્તિગત ધોરણે ધ્યાન રાખીને તેમની પ્રતિભાને પોષે તેવા કાર્યો સોંપવા જોઈએ.

### 8.6.6 અભ્યાસ માટે વિશિષ્ટ સગવડો

પ્રતિભાશાળી બાળકો તેમના વર્ગનાં બાળકો કરતાં અભ્યાસનાં સંદર્ભમાં ખૂબ આગળ હોય છે. સરેરાશ બાળકોને ધ્યાનમાં રાખીને, શિક્ષક દ્વારા ઉપયોગમાં લેવાતી અધ્યાપન પદ્ધતિ તેમને અકળાવી મૂકે છે. તેથી આવાં બાળકો કાંઇક સર્જનાત્મક કાર્ય કરી શકે અને વિષયનો વધુ ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરી શકે તે માટેની વિશિષ્ટ સગવડો શાળામાં પૂરી પાડવી જોઈએ. જેમ કે આવાં બાળકો માટે શાળામાં વિશિષ્ટ સંદર્ભ પુસ્તકો અને ઇતર વાચન માટેના પુસ્તકોની વ્યવસ્થા કરવી જોઈએ. શાળાની વિજ્ઞાન અને કમ્પ્યૂટર પ્રયોગશાળામાં તેમને વિશિષ્ટ પ્રાયોગિક કાર્યો કરવા માટેની સગવડ

પૂરી પાડવી જોઈએ. શાળામાં ઇન્ટરનેટ, કમ્પ્યૂટર, સ્કેનર અને પ્રિન્ટર જેવી સુવિધા પૂરી પાડીને આવાં બાળકોને તેનો વિશિષ્ટ શૈક્ષણિક ઉપયોગ કરવાની છૂટ આપવી જોઈએ.

### 8.6.7 નેતૃત્વની તકો

શાળાનાં અને વર્ગખંડનાં અન્ય સામાન્ય બાળકોને આવાં બાળકો શૈક્ષણિક તથા અન્ય નેતૃત્વ પૂરું પાડે તેવી તકોનું નિર્માણ કરવું જોઈએ. આવું નેતૃત્વ પૂરું પાડવા માટે તેમને સ્પષ્ટ સમજ, માર્ગદર્શન અને પ્રશિક્ષણ પણ આપવું જોઈએ. આમ કરવાથી તેઓ પોતાને પ્રવૃત્તિશીલ રાખી શકશે અને સામાજિક અનુકૂલન સાધવાની દિશામાં આગળ વધી શકશે.

### 8.6.8 સંસ્કૃતિનું શિક્ષણ

શાળામાં બાળકોને વિવિધ સંસ્કૃતિ વિશે શિક્ષણ આપવું જોઈએ. વિવિધ સંસ્કૃતિઓના વિકાસમાં વિશિષ્ટ ફાળો આપનારાં મહાનુભાવોના જીવનચરિત્રની માહિતી આવા બાળકોને આપવી જોઈએ. જેથી સંસ્કૃતિની જાળવણી અને વિકાસનાં સંદર્ભમાં તેઓ, પોતાનું સ્થાન અને જવાબદારી નક્કી કરી શકે અને પોતાની પ્રતિભાનો જાહેર હિત માટે ઉપયોગ કરવા માટે પ્રેરિત થાય.

## 8.7 પ્રતિભાશાળી બાળકનાં વિકાસમાં મા-બાપની ભૂમિકા

- મા-બાપે તેના દૈનિક કાર્યમાં રૂચિ લેવી જોઈએ.
- તેની સાથે સતત સંવાદ કરતાં રહેવું જોઈએ.
- તેને સતત માર્ગદર્શન આપવું જોઈએ.
- તેની રૂચિ મુજબની પ્રવૃત્તિઓમાં જોડાવા માટેની તક પૂરી પાડવી જોઈએ.
- નવરાશની પળોમાં તેને જવાબદારીવાળાં કાર્યો સોંપવા જોઈએ.
- તેના અભ્યાસ માટે ઘરમાં અનુકૂળ વાતાવરણ રહે તેનું ધ્યાન રાખવું જોઈએ.
- તે ઈતર વાચન કરી શકે તે માટેની વ્યવસ્થા ઘરમાં ઊભી કરવી જોઈએ.
- તેની લાગણી દુભાય તેવા કોઇ કાર્યો કરવા જોઈએ નહીં.
- તે ગુરુતાગ્રંથિનો શિકાર બને તે રીતે લોકોની સામે તેના વખાણ કરવા જોઈએ નહીં.
- તેના સારા કાર્યોને નિયંત્રિત રીતે બિરદાવવા જોઈએ.
- તેના શિક્ષકો સાથે સતત સંપર્કમાં રહીને તેના અભ્યાસ અને અન્ય પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવતા રહેવું જોઈએ.
- તેની ઉપર પ્રમાણસરનું નિયંત્રણ રાખવું જોઈએ.
- કુટુંબના સભ્યો સાથે તે આંતરક્રિયા કરે તેવાં વાતાવરણનું નિર્માણ કરવું જોઈએ.
- તે તેની ઉંમરના અન્ય બાળકો સાથે હળી મળીને રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- શક્ય હોય ત્યાં સુધી તેની સામે અતાર્કિક વાતો રજૂ કરવી જોઈએ નહીં.
- તેની વાતો ધીરજપૂર્વક સાંભળવી જોઈએ.
- શક્ય હોય તો ઘરમાં તેને બૌદ્ધિક રમતો રમવા માટેની સુવિધા પૂરી પાડવી જોઈએ.

## 8.8 સારાંશ

આ એકમમાં આપણે પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યા, અર્થ અને તેમનાં લક્ષણો વિશે ચર્ચા કરી છે. ઉપરાંત આવાં બાળકોની સમસ્યા અને તેમને માર્ગદર્શન આપવાનાં સંદર્ભમાં ચર્ચા કરી છે. આવાં બાળકોના ઉચિત વિકાસમાં તેમના મા-બાપની પણ મોટી ભૂમિકા હોય છે, તેનો ઉલ્લેખ પણ આ એકમમાં કરવામાં આવ્યો છે.

## 8.9 તમારી પ્રગતિ ચકાસો

**1. પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યા આપો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**2. પ્રતિભાશાળી બાળકોનો અર્થ સમજાવો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**3. પ્રતિભાશાળી બાળકોનાં લક્ષણો સમજાવો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**4. પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓ સમજાવો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**5. પ્રતિભાશાળી બાળકોનાં શિક્ષણ માટે ધ્યાનમાં રાખવાની બાબતો સમજાવો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-135

# સમાવેશક શાળા

# Inclusive School

વિભાગ

# 3

## અક્ષમ બાળકોનું મૂલ્યાંકન અને સહાય (Evaluation of Disabled Children and Support)


એકમ-9 અક્ષમ બાળકોનું મૂલ્યાંકન (Evaluation of Children with Disabilities)

એકમ-10 અક્ષમ બાળકોનું પરામર્શન (Counselling of Disabled Children)

એકમ-11 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં સહયોગ (Support in Education of Children with Disabilities)

એકમ-12 સમાવેશક શિક્ષણમાં બિન-સરકારી સંગઠનો (Non-Government Organisations in Inclusive Education)

# ES-135, સમાવેશક શાળા (વિભાગ-3)


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. સતીશપ્રકાશ એસ. શુક્લ** | ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. અમૃતભાઈ જે. ભરવાડ** | ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. મૌનસ જી. ઠાકર** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર)<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-200-1**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

**વિભાગ-1 સમાવેશક શાળા અને અક્ષમતાના પ્રકાર**

એકમ-1 સમાવેશક શિક્ષણ અને શાળા-પરિચય

એકમ-2 સમાવેશક, સંકલિત અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચે તુલના

એકમ-3 અક્ષમતા

એકમ-4 માનસિક અક્ષમતા

**વિભાગ-2 વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં અન્ય બાળકો**

એકમ-1 શ્રવણ, વાણી અને ભાષાની અક્ષમતા

એકમ-2 દૃષ્ટિની અક્ષમતા

એકમ-3 અધ્યયનની અક્ષમતા

એકમ-4 પ્રતિભાશાળી બાળકો

**વિભાગ-3 અક્ષમ બાળકોનું મૂલ્યાંકન અને સહાય**

એકમ-1 અક્ષમ બાળકોનું મૂલ્યાંકન

એકમ-2 અક્ષમ બાળકોનું પરામર્શન

એકમ-3 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં સહયોગ

એકમ-4 સમાવેશક શિક્ષણમાં બિન સરકારી સંગઠનો

**વિભાગ-4 અક્ષમ બાળકોનાં સંદર્ભમાં કેટલીક નીતિઓ**

એકમ-1 સમાવેશક શિક્ષણ માટેની કેટલીક નીતિઓ

એકમ-2 સમાવેશક સૂચિ

એકમ-3 શિક્ષણમાં સમાવેશન માટેની નીતિ વિષયક માર્ગદર્શિકા

એકમ-4 વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

## અક્ષમ બાળકોનું મૂલ્યાંકન અને સહાય (Evaluation of Children with Disability and Support)

### વિભાગીય પ્રસ્તાવના :

વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોનાં શિક્ષણ માટે અને મુખ્ય પ્રવાહની શાળાઓમાં તેમના સમાવેશન માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેક પ્રયત્નો થઇ રહ્યાં છે. આ પ્રયત્નોની સફળતા ચકાસવા માટે બાળકોનું શૈક્ષણિક મૂલ્યાંકન કરવું જરૂરી બની જાય છે. તેના આધારે બાળકોને માર્ગદર્શન આપવાની અને તેમનું પરામર્શન કરવાની સૂઝનો વિકાસ થાય છે અને તેમને વિકાસની દિશા તરફ લઇ જવા માટેના માર્ગ નિશ્ચિત કરવામાં સરળતા રહે છે. ઉપરાંત મૂલ્યાંકનને આધારે તેમના વિકાસમાં તેમના શિક્ષકો, વાલીઓ, સમુદાય, સહાધ્યાયીઓ અને સરકારનો સહયોગ મેળવવા માટેના માર્ગો સૂચવી શકાય છે. જો કે નિશ્ચિત સમયાંતરે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ આવાં બાળકોની પરિસ્થિતિ અંહેના અહેવાલ પ્રગટ થતાં રહે છે. જેના આધારે અનેક સરકારી અને બિનસરકારી સંસ્થાઓ આવાં બાળકોનાં વિકાસ માટે સહયોગ કરવા માટે આગળ આવે છે.

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને આ વિભાગમાં વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોનાં મૂલ્યાંકન, તેમના માર્ગદર્શન અને પરામર્શન, તેમના વિકાસમાં સહયોગ આપતાં અને આપી કે તેવા લોકો અને સંસ્થાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

આ વિભાગમાં એકમ-9 થી 12 સુધી કુલ ચાર એકમો છે.

એકમ-9માં મૂલ્યાંકન અને શૈક્ષણિક મૂલ્યાંકનની વ્યાખ્યા અને અર્થની સાથે અક્ષમતા ધરાવતાં બાળકોનાં મૂલ્યાંકન માટેની રીતો અંગે ચર્ચા કરવામાં આવી છે. ઉપરાંત આવાં બાળકોના પરામર્શનમાં તેમનાં મા-બાપની મુલાકાતની ઉપયોગિતા અંગે ચર્ચા કરીને અક્ષમ બાળકોનાં પરામર્શનનાં સોપાનોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ સમગ્ર માહિતી અક્ષમ બાળકોનાં પરામર્શનમાં ઉપયોગી સાહિત થશે.

એકમ-11માં અક્ષમ બાળકોનાં શિક્ષણમાં શિક્ષક, માતા-પિતા, સહઅધ્યાયી, શાળા, સમુદાય અને સરકારની ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવી છે.

એકમ-12માં સમાવેશક શિક્ષણ ક્ષેત્રે કામ કરતાં કેટલાંક અગત્યનાં બિન-સરકારી સંગઠનોનો સામાન્ય પરિચય આપવામાં આવ્યો છે અને સમાવેશક શિક્ષણ ક્ષેત્રે કામ કરતાં સંગઠનો જેવાં કે પ્રથમ, મેક અ ડિફરન્સ, ચાઇલ્ડ રાઇટ્સ એન્ડ યુ - ક્રાય, બેરફૂટ કૉલેજ - ઇન્ડિયા અને ટીચ ફોર ઇન્ડિયાના ફાળા અંગે ચર્ચા કરવામાં આવી છે.

આ વિભાગનાં અભ્યાસને અંતે તમે :-

- મૂલ્યાંકન અને શૈક્ષણિક મૂલ્યાંકનની વ્યાખ્યા, અર્થ અને અક્ષમતા ધરાવતાં બાળકોનાં મૂલ્યાંકન માટેની રીતો તથા સોપાનોનું વર્ણન કરી શકશો અને મૂલ્યાંકનનાં વિવિધ ઉપકરણો અંગે સ્પષ્ટ કરી શકશો.
- પરામર્શનનો અર્થ, તેનાં લક્ષણો અને અક્ષમ બાળકોનાં પરામર્શનનાં હેતુઓની સ્પષ્ટતા કરી શકશો અને આવાં બાળકોના પરામર્શનમાં તેમનાં મા-બાપની મુલાકાતની ઉપયોગિતા અને પરામર્શનનાં સોપાનોનું વર્ણન કરી શકશો.
- અક્ષમ બાળકોનાં શિક્ષણમાં શિક્ષક, માતા-પિતા, સહઅધ્યાયી, શાળા, સમુદાય અને સરકારની ભૂમિકા સૂચવી શકશો.
- સમાવેશક શિક્ષણ ક્ષેત્રે કામ કરતાં કેટલાંક અગત્યનાં બિનસરકારી સંગઠનો જેવાં કે પ્રથમ, મેક અ ડિફરન્સ, ચાઇલ્ડ રાઇટ્સ એન્ડ યુ - ક્રાય, બેરફૂટ કૉલેજ - ઇન્ડિયા અને ટીચ ફોર ઈન્ડિયાના ફાળા અંગે વર્ણન કરી શકશો.

એકમ 9

# અક્ષમ બાળકોનું મૂલ્યાંકન

## : રૂપરેખા :

9.0 પ્રસ્તાવના

9.1 ઉદ્દેશો

9.2 મૂલ્યાંકનની વ્યાખ્યા

9.3 મૂલ્યાંકનનો અર્થ

9.3.1 શૈક્ષણિક મૂલ્યાંકનની વ્યાખ્યા

9.3.2 શૈક્ષણિક મૂલ્યાંકનનો અર્થ

9.4 અક્ષમતા ધરાવતાં બાળકોનું મૂલ્યાંકન

9.4.1 ઔપચારિક મૂલ્યાંકન

9.4.2 અનૌપચારિક મૂલ્યાંકન

9.5 અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટેનાં સોપાનો

9.5.1 અક્ષમતાનો પ્રકાર અને તીવ્રતા નિશ્ચિત કરવી

9.5.2 અધ્યયન હેતુઓ જાણવા

9.5.3 અધ્યયન અનુભવો જાણવા

9.5.4 મૂલ્યાંકન ઉપકરણ નિશ્ચિત કરવું

9.5.5 મૂલ્યાંકન ઉપકરણનો વિકાસ

9.5.6 મૂલ્યાંકન ઉપકરણનું સંચાલન

9.5.7 પરિણામોનું વિશ્લેષણ

9.5.8 અનુકાર્ય

9.6 અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટેનાં ઉપકરણ

9.6.1 નિદાન કસોટી

9.6.2 સિદ્ધિ કસોટી

9.6.3 મનોવૈજ્ઞાનિક કસોટી

9.6.4 લેખિત કસોટી

9.6.5 મૌખિક કસોટી

9.6.6 ક્રિયાત્મક કસોટી

9.6.7 શિક્ષક રચિત કસોટી

9.6.8 પ્રમાણિત કસોટી

9.6.9 પ્રશ્નાવલિ

9.6.10 પત્રક

9.6.11 સંશોધની

**9.6.12 મુલાકાત**

**9.6.13 ક્રમ માપદંડ**

**9.6.14 ઓળખયાદી**

**9.6.15 સામાજિકતા મિતિ**

**9.6.16 સામાજિકતા આલેખ**

**9.6.17 અભિયોગ્યતા કસોટી**

**9.6.18 અવલોકન**

**9.6.19 વ્યક્તિ અભ્યાસ**

**9.10 સારાંશ**

**9.11 તમારી પ્રગતિ ચકાસો**

## 9.0 પ્રસ્તાવના

સમાવેશક શિક્ષણને સફળ બનાવવા માટે શાળાની ભૌતિક સુવિધાઓ, અધ્યાપન-અધ્યયન પદ્ધતિઓ, શિક્ષણ પ્રશિક્ષણ કાર્યક્રમો અને સરકારી નીતિઓમાં આમૂલ પરિવર્તન લાવવું જોઈએ. આના સંદર્ભમાં અગાઉનાં પ્રકરણોમાં આપણે વિસ્તૃત ચર્ચા કરી છે. ટેકનોલોજીના વિકાસ અને તેની સરળ પ્રાપ્યતાને કારણે સમાવેશક શિક્ષણની અસરકારકતા વધારવા માટેની તકોનું નિર્માણ થયું છે. શિક્ષણમાં ટેકનોલોજીનાં મોટા પાયે વિનિયોગને કારણે હવે શિક્ષણના હેતુઓના નિર્ધારણથી શરૂ કરીને વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સુધીની, શિક્ષણ સાથે સંકળાયેલી તમામ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન અને અમલીકરણ કરવાનું કામ પહેલાં કરતાં વધુ સરળ બન્યું છે. વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને સર્વાંગીણ મૂલ્યાંકન માટેની વધુ અસરકાર પ્રયુક્તિઓ અને પદ્ધતિઓનો વિકાસ કરવા માટેના પ્રયત્નો થઇ રહ્યા છે. કારણ કે વિદ્યાર્થીઓના મૂલ્યાંકનને આધારે જ કોઇ પણ શૈક્ષણિક નીતિ કે યોજના, અધ્યાપન-અધ્યયન પદ્ધતિ કે પ્રયુક્તિઓ, શૈક્ષણિક સાધનો કે ટેકનોલોજી અને સમગ્ર શિક્ષણ પ્રણાલીની અસરકારકતાનો અંદાજ મેળવી શકાય છે. શિક્ષણના હેતુઓ કેટલી હદે સિદ્ધ થાય છે તેની તપાસ પણ વિદ્યાર્થીઓના મૂલ્યાંકનને આધારે મેળવેલા પ્રદત્તનું વિશ્લેષણ કરવાથી જ થઇ શકે છે. આ તથ્યને ધ્યાનમાં રાખીને કહી શકાય કે સમાવેશક શિક્ષણ વ્યવસ્થાની સફળતાનો સાચો અંદાજ મેળવવો હોય તો મૂલ્યાંકન પ્રક્રિયાને વધુ ચોક્કસ અને હેતુલક્ષી બનાવવી પડે. તેમાં પણ સામાન્ય બાળકોની સાથે સાથે અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટે એક સંપૂર્ણ પ્રમાણિત પ્રણાલીનો વિકાસ કરવો પડે. તે કઇ રીતે શક્ય બને ? તેના વિશે આપણે, પ્રસ્તુત પ્રકરણમાં વિસ્તૃત ચર્ચા કરીશું. તેની શરૂઆત આપણે મૂલ્યાંકનની વ્યાખ્યા સાથે કરીશું.

## 9.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે .....

– મૂલ્યાંકન અને શૈક્ષણિક મૂલ્યાંકનની વ્યાખ્યા અને અર્થ સમજાવી શકશો.

– અક્ષમતા ધરાવતાં બાળકોનાં મૂલ્યાંકન માટેની રીતો જણાવી શકશો.

– અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટેનાં સોપાનોનું વર્ણન કરી શકશો.

– અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટેનાં ઉપકરણની સ્પષ્ટતા કરી શકશો.

## 9.2 મૂલ્યાંકનની વ્યાખ્યા

મૂલ્યાંકનની કેટલીક વ્યાખ્યાઓ નીચે જણાવ્યા મુજબની છે :-

''વ્યક્તિ, સમાજ અથવાં બન્નેની દૃષ્ટિએ શું 'સારું' અથવાં 'અપેક્ષિત' છે તેનો ખ્યાલ અથવાં તર્કનો વિચાર મૂલ્યાંકન દ્વારા થાય છે.''

*– રેમર્સ અને ગેજ*

''મૂલ્યાંકન એ કોઇ વસ્તુની ધ્યાનપૂર્વક સમીક્ષા કરીને તેનું મૂલ્ય અથવાં પ્રમાણ નક્કી કરવાની અથવાં નિર્ણય આપવાની પ્રક્રિયા છે.''

*– ડિક્શનરી ઑફ એજ્યુકેશન*

''મૂલ્યાંકન એક પ્રક્રિયા છે જેનો ઉપયોગ આયોજન માટેના આધારભૂત એવા નિર્ણયો લેવા માટે થાય છે. તે ઉત્પાદ કે પ્રક્રિયા અને ધ્યેયોમાં ઊર્ધ્વગામી સુધારા લાવવા માટેની વિધિ છે.''

*– કે. વાઈલ્સ*

## 9.3 મૂલ્યાંકનનો અર્થ

ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે કહી શકાય કે મૂલ્યાંકન એટલે કોઈપણ વસ્તુનું મૂલ્ય આંકવું. અહીં જે મૂલ્ય આંકવાની વાત કરવામાં આવી છે તે કોઈપણ વસ્તુના ભૌતિક માપન કરતાં વિશેષ છે. કોઇ વસ્તુ કેટલી સારી છે તેનો ખ્યાલ મેળવવા માટે, તેના તમામ પાસાંઓ અને ગુણધર્મો અંગે, મૂલ્યાંકન પ્રક્રિયામાં વિચાર કરવામાં આવે છે. વ્યક્તિ અથવાં સમાજની દૃષ્ટિએ શું સારું છે અથવાં શું અપેક્ષિત છે તે નિશ્ચિત કરવામાં આવે છે. વ્યક્તિ કે વસ્તુ અપેક્ષિત ધોરણોની કેટલી નજીક કે દૂર છે તે નિશ્ચિત કરવા માટે જે તે વસ્તુ કે વ્યક્તિ સાથે સંકળાયેલાં તમામ પાસાંઓની ચકાસણી કરવી એટલે મૂલ્યાંકન. બીજાં શબ્દોમાં કહી શકાય કે કોઇપણ વસ્તુની શુદ્ધ અને ખામી રહિત, સમગ્ર રીતે તપાસ કરવી એટલે મૂલ્યાંકન. જો કે આ કાર્ય કરવા માટે માપનનો ઉપયોગ કરી શકાય છે.

મૂલ્યાંકનની સામાન્ય સંકલ્પના આપણે સ્પષ્ટ કરી લીધી છે તેથી હવે આપણે જોઇશું તે શિક્ષણમાં મૂલ્યાંકન એટલે શું?

### 9.3.1 શૈક્ષણિક મૂલ્યાંકનની વ્યાખ્યા

શૈક્ષણિક દૃષ્ટિએ મૂલ્યાંકનની વ્યાખ્યા નીચે મુજબ આપી શકાય.

''વિદ્યાર્થીઓએ કયા હેતુઓ કેટલી હદે સિદ્ધ કર્યા છે તે નિશ્ચિત કરવાની વ્યવસ્થિત પ્રક્રિયા એટલે મૂલ્યાંકન''

*– ગ્રાઉડલેન્ડ*

''મૂલ્યાંકન એક પ્રક્રિયા છે જે (શિક્ષણનો) હેતુ કેટલી હદે સિદ્ધ થઇ રહ્યો છે, વર્ગખંડમાં પૂરા પાડવામાં આવતાં અધ્યયન અનુભવોની અસરકારકતા કેટલી છે અને શિક્ષણના ધ્યેયો કેટલી સારી રીતે પૂરા થયા છે તે નિશ્ચિત કરે છે.''

***– NCERT***

''મૂલ્યાંકન એ વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક હેતુઓ કેટલા પ્રમાણમાં સિદ્ધ થયા છે તે નિશ્ચિત કરવા માટેની એક સુવ્યવસ્થિત પ્રક્રિયા છે.''

*– ટાયલર*

### 9.3.2 શૈક્ષણિક મૂલ્યાંકનનો અર્થ

શિક્ષણના હેતુઓ અને ધ્યેયો કેટલી હદે સિદ્ધ થયા છે તે અંગે વ્યવસ્થિત તપાસ એટલે શિક્ષણમાં મૂલ્યાંકન. કોઇપણ શિક્ષણ પ્રણાલીમાં સર્વપ્રથમ શિક્ષણના હેતુઓનું નિર્ધારણ કરવામાં આવે છે. આ હેતુઓ પૂર્ણ કરવા માટે યોગ્ય પ્રવૃત્તિઓનું આયોજન કરીને વિદ્યાર્થીઓને અધ્યયન અનુભવો પૂરા પાડવામાં આવે છે. આવી પ્રવૃત્તિઓ અને અધ્યયન અનુભવો દ્વારા, વિદ્યાર્થીઓના વર્તનોમાં આવેલાં

પરિવર્તનોનાં સંદર્ભમાં પરિણામોનું અર્થઘટન કરવામાં આવે છે. પૂર્વનિર્ધારિત હેતુઓને ધ્યાનમાં રાખીને આવું અર્થઘટન કરવામાં આવે છે, કારણ કે પૂર્વનિર્ધારિત હેતુઓ જ અપેક્ષિત ધોરણોનું નિર્માણ કરવામાં આવે છે. જો પૂર્વનિર્ધારિત હેતુઓ સિદ્ધ થતાં હોય તો, ઉપલી કક્ષાના હેતુઓ માટે કાર્ય કરવામાં આવે છે. જો હેતુઓ સિદ્ધ ન થયા હોય તો અધ્યાપન-અધ્યયન પ્રક્રિયા, બાળકોની ક્ષમતા અને કક્ષા, અભ્યાસક્રમ, શિક્ષણ વ્યવસ્થા વગેરેનો તલસ્પર્શી અભ્યાસ કરીને ફરીથી પૂર્વનિર્ધારિત હેતુઓ સિદ્ધ કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. જરૂર જણાય તો, અહીં હેતુઓમાં ફેરફાર પણ કરવામાં આવે છે.

આ સમગ્ર ચર્ચાને આધારે કહી શકાય કે શિક્ષણમાં મૂલ્યાંકન એટલે શિક્ષણના ધ્યેયો અને હેતુઓ કેટલી હદે સિદ્ધ થયાં છે તે નક્કી કરવું.

## 9.4 અક્ષમતા ધરાવતાં બાળકોનું મૂલ્યાંકન

સામાન્ય સંજોગોમાં અન્ય બાળકોની જેમ જ અક્ષમ બાળકોનું પણ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવે છે. તેમ છતાં અક્ષમ બાળકોનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવા માટે કેટલીક વધારાની ચોક્સાઇ રાખવી પડે છે. જેમ કે તેમની અક્ષમતાના પ્રકાર અને તીવ્રતાને આધારે મૂલ્યાંકન ઉપકરણની પસંદગી કરવી. અક્ષમતા ધરાવતાં બાળકો વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવે છે. તેથી તેમના માટે સમાવેશક શિક્ષણ વ્યવસ્થામાં વિશિષ્ટ સુવિધાઓનો વિકાસ કરવામાં આવે છે. તેમના માટે વિશિષ્ટ હેતુઓનું નિર્ધારણ પણ કરવામાં આવે છે. તેથી તેમના મૂલ્યાંકન માટે ખાસ તકેદારી રાખવામાં આવે છે. તેમનું ઔપચારિક અને અનૌપચારિક એમ બન્ને રીતે મૂલ્યાંકન કરવામાં આવે છે.

### 9.4.1 ઔપચારિક મૂલ્યાંકન

પૂર્વ નિર્ધારિત અને નિશ્ચિત માળખામાં, નિશ્ચિત સમયે, નિશ્ચિત સમય મર્યાદામાં અને ચોક્કસ મૂલ્યાંકન ઉપકરણનો ઉપયોગ કરીને, બાળકોનાં જ્ઞાન, કૌશલ્યો, વલણો, માન્યતાઓ, શૈક્ષણિક સિદ્ધિનું મૂલ્યાંકન કરવામાં આવે તો, તેને ઔપચારિક મૂલ્યાંકન કહે છે. મોટાભાગે અધ્યેતાના સર્વગ્રાહી મૂલ્યાંકન માટે ઔપચારિક મૂલ્યાંકન પ્રક્રિયાનો અમલ કરવામાં આવે છે. તે માટે ચોક્કસ સોપાનો અનુસરવામાં આવે છે.

### 9.4.2 અનૌપચારિક મૂલ્યાંકન

શિક્ષક, કોઇપણ પ્રકારના નિશ્ચિત માળખા વગર અને ગમે તે સમયે અધ્યેતાનાં વર્તનો અને પ્રગતિ અંગેની તપાસ કરવા માટેના પ્રયત્નો કરે તો તેને અનૌપચારિક મૂલ્યાંકન તરીકે ઓળખવામાં આવે છે. બાળકને સોંપવામાં આવેલાં સ્વાધ્યાય કાર્ય, ગૃહકાર્ય, પ્રોજેક્ટ કાર્યમાં તેની સહભાગિતા, આકસ્મિક કસોટીમાંનો તેનો દેખાવ વગેરેને આધારે તથા વર્ગખંડ, શાળા, પુસ્તકાલય અને મેદાન પરનાં તેનાં વર્તનોનું સૂક્ષ્મ અવલોકન કરીને તેનું અનૌપચારિક મૂલ્યાંકન કરવામાં આવે છે. ઉપરાંત અન્ય બાળકો પાસેથી તેનાં વર્તનો, મનોદશા અને ટેવો અંગેની માહિતી મેળવીને પણ તેનું અનૌપચારિક મૂલ્યાંકન કરવામં આવે છે.

## 9.5 અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટેનાં સોપાનો

અક્ષમ બાળકોનું સર્વગ્રાહી શૈક્ષણિક મૂલ્યાંકન કરવી વખતે કેટલીક પાયાની ચોક્સાઈ રાખવી જરૂરી બને છે. ચોક્કસ સોપાનો અનુસરીને તેમનું મૂલ્યાંકન કરવું પડે છે. આ સોપાનોનો અમલ કરતી વખતે અક્ષમ બાળકોનાં નિદાન અને ઉપચાર સાથે સંકળાયેલ નિષ્ણાત તબીબો અથવાં મનોવૈજ્ઞાનિક સલાહકારોની મદદ લેવામાં આવે છે. અક્ષમ બાળકોનું મૂલ્યાંકન કરવા માટેનાં સોપાનો નીચે મુજબ જણાવી શકાય.

### 9.5.1 અક્ષમતાનો પ્રકાર અને તીવ્રતા નિશ્ચિત કરવી

નિશ્ચિત પ્રકારની અક્ષમતાની તીવ્રતા વ્યક્તિએ વ્યક્તિએ બદલાય છે. અક્ષમતાના પ્રકાર અને તીવ્રતાને

આધારે બાળકોનાં અધ્યયનની અક્ષમતા નિશ્ચિત થાય છે. તેના આધારે તેમના માટે અધ્યયન હેતુઓ નિશ્ચિત કરવામાં આવે છે. જેમ કે અંધ અને બહેરાં બાળકો માટેનાં અધ્યયન હેતુઓ જુદાં જુદાં હશે. ડિસ્લેક્સિયા ધરાવતાં બાળકો માટેના અધ્યયન હેતુઓ પણ વિશેષ પ્રકારના હશે. તેથી અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટે તેમની અક્ષમતાનો પ્રકાર અને તેની તીવ્રતા જાણવી આવશ્યક બને છે.

### 9.5.2 અધ્યયન હેતુઓ જાણવા

એક વખત મૂલ્યાંકનકર્તાને અક્ષમતાનો પ્રકાર અને તેની તીવ્રતાનો ખ્યાલ આવી જાય, પછી અક્ષમ બાળોકનાં અધ્યયન હેતુઓ નિશ્ચિત કરવાનું કામ સરળ બની જાય છે. જો કે આવાં બાળકોને શિક્ષણ આપતા પહેલાં જ તેમના અધ્યયન હેતુઓ નિશ્ચિત કરવામાં આવે છે. મૂલ્યાંકનકર્તાએ આ હેતુઓ જાણી લેવા આવશ્યક બને છે. કારણ કે મૂલ્યાંકન પ્રણાલીનો મુખ્ય આધાર અધ્યયન હેતુઓ છે. જેના આધારે જ મૂલ્યાંકન માટેની પ્રયુક્તિ અને ઉપકરણ નિશ્ચિત થાય છે. નિશ્ચિત કરવામાં આવેલાં અધ્યયન હેતુઓ બાળકની અક્ષમતાને અનુકૂળ છે કે નહીં તેની ખાત્રી આ તબક્કે કરવામાં આવે છે.

### 9.5.3 અધ્યયન અનુભવો જાણવા

અધ્યયન હેતુઓને ધ્યાનમાં રાખીને બાળકોને અધ્યયન અનુભવો પૂરા પાડવામાં આવે છે. નિશ્ચિત પ્રકારના અધ્યયન અનુભવો પૂરા પાડવા માટે નિશ્ચિત અધ્યાપન-અધ્યયન પદ્ધતિ કે પ્રયુક્તિનો અમલ કરવામાં આવે છે અને વર્ગખંડમાં ચોક્કસ પ્રકારનું વાતાવરણ નિર્મિત કરવામાં આવે છે. અક્ષમ બાળકોનાં સંદર્ભમાં, અક્ષમતાને આધારે જ અધ્યયન અનુભવો અને તેમની અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિ નિશ્ચિત થાય છે. તેથી, મૂલ્યાંકન કર્તાએ આ તમામ બાબતો અંગેની માહિતી મેળવવી આવશ્યક બને છે.

### 9.5.4 મૂલ્યાંકન ઉપકરણ નિશ્ચિત કરવું

મૂલ્યાંકનના આ તબક્કે અક્ષમતાના પ્રકાર, તેની તીવ્રતા, અધ્યયન હેતુઓ અને અધ્યયન અનુભવોને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન ઉપકરણ નિશ્ચિત કરવામાં આવે છે. અમુક વખતે અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટે એક કરતા વધુ મૂલ્યાંકન ઉપકરણ પસંદ કરવામાં આવે છે. જેમ કે અંધ બાળકો માટે મૌખિક કસોટી અને અવલોકન બન્ને પ્રકારના મૂલ્યાંકન ઉપકરણનો ઉપયોગ કરી શકાય છે. બહેરા બાળકો માટે ક્રિયાત્મક કસોટી અને લેખિત કસોટીનો ઉપયોગી કરી શકાય છે.

### 9.5.5 મૂલ્યાંકન ઉપકરણનો વિકાસ

આ તબક્કે, પસંદ કરવામાં આવેલ મૂલ્યાંકન ઉપકરણનો વિકાસ કરવામાં આવે છે. મૂલ્યાંકન ઉપકરણ તૈયાર કરતી વખતે અધ્યયન હેતુઓ અને બાળકોને પૂરા પાડવામાં આવેલ અધ્યયન અનુભવો ધ્યાનમાં રાખવામાં આવે છે. તમામ અધ્યયન હેતુઓની ચકાસણી કરી શકે તેવાં મૂલ્યાંકન ઉપકરણનો વિકાસ કરવામાં આવે છે. મૂલ્યાંકન કર્તા જાતે મૂલ્યાંકન ઉપકરણ તૈયાર કરે છે અથવાં તૈયાર પ્રમાણિત મૂલ્યાંકન ઉપકરણનો ઉપયોગ કરે છે.

### 9.5.6 મૂલ્યાંકન ઉપકરણનું સંચાલન

મૂલ્યાંકન માટે વિકસાવવામાં આવેલ મૂલ્યાંકન ઉપકરણનું સંચાલન કરવા માટેની આવશ્યક પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવે છે. જેમ કે ક્રિયાત્મક મૂલ્યાંકન કરવા માટે યોગ્ય વાતાવરણનું નિર્ણાણ. મૌખિક મૂલ્યાંકન માટે બેઠક વ્યવસ્થા. દૃશ્ય શ્રાવ્ય સાધનો આધારિત મૂલ્યાંકન માટે આવશ્યક સાધનોની ગોઠવણી. પછી મૂલ્યાંકન ઉપકરણનું સંચાલન કરવામાં આવે છે. અહીં મૂલ્યાંકનને આધારે મળેલાં પરિણામોની નોંધ કરવામાં આવે છે.

### 9.5.7 પરિણામોનું વિશ્લેષણ

મૂલ્યાંકનને આધારે મળેલાં પરિણામોનું વિશ્લેષણ કરીને નિશ્ચિત કરવામાં આવે છે કે કેટલાં હેતુઓ, કેટલાં પ્રમાણમાં સિદ્ધ થયાં છે. બાળકની પ્રગતિનો અહેવાલ આ તબક્કે તૈયાર કરવામાં આવે છે.

તેની જાણ બાળકના વાલી, શિક્ષક, આચાર્ય અને શાળા સંચાલકોને કરવામાં આવે છે. તેમને, સિદ્ધ નહીં થયેલા હેતુઓ અંગેની જાણ પણ કરવામાં આવે છે.

**9.5.8 અનુકાર્ય**

આ તબક્કે, સિદ્ધ નહીં થયેલા હેતુઓનાં કારણોની તપાસ કરવામાં આવે છે. શિક્ષક, આચાર્ય વાલી અને શાળા સંચાલકોને કારણો જણાવવામાં આવે છે. જરૂર જણાય તો નિદાનાત્મક કાર્ય કરીને બાળકોને ઉપચારાત્મક શિક્ષણ પૂરું પાડવામાં આવે છે. બાળકોનું પરામર્શન કરીને તેમને અધ્યયન માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. બાળકોને વધુ અસરકારક શિક્ષણ આપવા માટેના ભાવિ કાર્યક્રમ અંગે અહીં વિચારણા કરવામાં આવે છે. તે માટે શિક્ષક, વાલી, નિષ્ણાતો, આચાર્ય અને શાળા સંચાલકોની અલગ અલગ તેમજ સંયુક્ત ચર્ચાસભાનું આયોજન કરવામાં આવે છે.

જો મૂલ્યાંકન પ્રક્રિયાને અંતે મોટાભાગના અધ્યયન હેતુઓ સંતોષકારક કક્ષાએ સિદ્ધ થયેલા જણાય તો, આ તબક્કે, હવે પછીની અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાનું આયોજન કરવામાં આવે છે. શિક્ષક અને વાલીને ભાવિ આયોજન કરવા માટેનું માર્ગદર્શન આપવામાં આવે છે. અક્ષમ બાળકોને ભાવિ અધ્યયન માટે તૈયાર કરવામાં આવે છે.

આપણે અગાઉ ચર્ચા કરી છે કે અક્ષમ બાળકોનું મૂલ્યાંકન કરવા માટે અક્ષમતાને આધારે નિશ્ચિત પ્રકારનાં મૂલ્યાંકન સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. તે માટે અમુક વખતે એક કરતાં વધુ મૂલ્યાંકન પ્રયક્તિઓ અને સાધનનો ઉપયોગ કરવામાં આવે છે. તેથી મૂલ્યાંકનના વિવિધ ઉપકરણો વિશે ખ્યાલ મેળવવો આવશ્યક છે.

## 9.6 અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટેનાં ઉપકરણ

અક્ષમ બાળકોની વિવિધ શક્તિઓ, આવડતો અને અધ્યયન અનુભવોને ધ્યાનમાં રાખીને, તેમનું મૂલ્યાંકન કરવા માટે સામાન્ય રીતે નીચે જણાવેલાં ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવી છે.

1. કસોટી (Test)

   હેતુની દૃષ્ટિએ કસોટીના મુખ્ય ત્રણ પ્રકાર દર્શાવી શકાય :-

   (A) નિદાન કસોટી (Diagnostic Test)

   (B) સિદ્ધિ કસોટી (Achievement Test)

   (C) મનોવૈજ્ઞાનિક કસોટી (Phychological Test)

   સંચાલનની રીતની દૃષ્ટિએ મૂલ્યાંકન કસોટીના મુખ્ય પ્રકારો નીચે મુજબ દર્શાવી શકાય :-

   (A) લેખિત કસોટી (Written Test)

   (B) મૌખિક કસોટી (Oral Test)

   (C) પ્રાયોગિક કે ક્રિયાત્મક કસોટી (Performance / Functional of Practical Test)

   રચનાની દૃષ્ટિએ મૂલ્યાંકન કસોટીના મુખ્ય પ્રકારો નીચે મુજબ દર્શાવી શકાય :-

   (A) શિક્ષક રચિત કસોટી (Teacher Made Test)

   (B) પ્રમાણિત કસોટી (Standardised Test)

2. મૂલ્યાંકનનાં અન્ય ઉપકરણો (Other Tools for Evaluation)

   - પ્રશ્નાવલિ (Questionnaire)
   - પત્રક (Schedule)
   - સંશોધની (Inventories)

- મુલાકાત (Interview)
- ક્રમ માપદંડ (Rating Scale)
- ઓળખયાદી (Check List)
- સામાજિકતા મિતિ (Sociaometry)
- સામાજિકતા આલેખ (Sociogram)
- અભિપ્રાયાવલિ (Opinionnaire)
- વલણ માપદંડ (Attitude Scale)
- અભિયોગ્યતા કસોટી (Aptitude Test)
- સ્વ-મૂલ્યાંકન (Self-Evaluation)

આ તમામ સાધનોમાંથી કેટલાંક મુખ્ય સાધનો વિશે આપણે પ્રસ્તુત પ્રકરણમાં ચર્ચા કરીશું.

### 9.6.1 નિદાન કસોટી

વિદ્યાર્થીઓની, અધ્યયનમાં રહેલી, કચાશની તપાસ કરવી એટલે નિદાન કરવું. આવી તપાસ કરવા માટે વાપરવામાં આવતી કસોટીને નિદાન કસોટી કહે છે.

આમ, નિશ્ચિત વિષયમાં વિદ્યાર્થીઓની નબળાઇ જાણવા માટે રચાતી કસોટીને નિદાન કસોટી કહે છે. તે લેખિત, મૌખિક કે ક્રિયાત્મક સ્વરૂપની હોઇ શકે છે. અક્ષમ બાળકોની અધ્યયન અક્ષમતા જાણવા માટે આવી કસોટીનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે. આ કસોટીના પરિણામો ઉપચારાત્મક શિક્ષણ માટેની દિશા દર્શાવે છે. ઉપરાંત તેનાં આધારે અક્ષમ બાળકો માટેનાં અધ્યયન હેતુઓ અને અધ્યયન અનુભવો નિશ્ચિત કરવામાં સરળતા રહે છે.

### 9.6.2 સિદ્ધિ કસોટી

અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાને અંતે સિદ્ધ થયેલાં હેતુઓની તપાસ કરવા માટે સિદ્ધિ કસોટીનો ઉપયોગ કરવામાં આવે છે. તેના આધારે બાળકોની અધ્યયન નિષ્પત્તિ જાણી શકાય છે અને ભાવિ અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાનું આયોજન કરી શકાય છે. સિદ્ધિ કસોટી લેખિત, મૌખિક કે ક્રિયાત્મક પ્રકારની હોઇ શકે છે. અમુક વખતે આમાંથી એક કરતાં વધુ કસોટીનો ઉપયોગ કરીને બાળકની અધ્યયન નિષ્પત્તિ જાણવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સિદ્ધિ કસોટીની રચના કરતી વખતે અધ્યયના હેતુઓ, વિષયવસ્તુના મુદ્દાઓ અને પ્રશ્નોના પ્રકારને ધ્યાનમાં રાખીને ત્રિ-પરિમાણદર્શક સારણીનો ઉપયોગ કરવામાં આવે છે.

### 9.6.3 મનોવૈજ્ઞાનિક કસોટી

બાળકોનાં કોઇ મનોવૈજ્ઞાનિક લક્ષણ કે પાસાંનું માપન કરવા માટે જે કસોટીની રચના કરવામાં આવે છે, તેને મનોવૈજ્ઞાનિક કસોટી કહે છે.

બુદ્ધિ આંક, વ્યક્તિત્વ લક્ષણો, વર્તન દોષો, સાંવેગિક પરિપક્વતા, સર્જનાત્મકતા, અભિયોગ્યતા, અનુકૂલન વગેરે જેવાં અનેક લક્ષણોને મનોવૈજ્ઞાનિક લક્ષણો કહે છે. આવાં લક્ષણોની ઓળખ અને માપન માટે મનૌવૈજ્ઞાનિક કસોટીનો ઉપયોગ કરવામાં આવે છે. તે લેખિત, મૌખિક કે ક્રિયાત્મક પ્રકારની હોઇ શકે છે. ખાસ કરીને અક્ષમ બાળકોની વિશિષ્ટ લાક્ષણિકતાઓ જાણવા માટે આવી કસોટીનો ઉપયોગ કરવામાં આવે છે.

સામાન્ય સંજોગોમાં, દરેક મનોવૈજ્ઞાનિક કસોટી પ્રમાણિત કરવામાં આવે છે. એટલે કે લગભગ તમામ મનોવૈજ્ઞાનિક કસોટીઓ પ્રમાણિત હોય છે.

### 9.6.4 લેખિત કસોટી

જે કસોટીમાં વિદ્યાર્થીઓએ તેમના પ્રતિભાવો લેખિત સ્વરૂપે આપવાના હોય છે, તેને લેખિત કસોટી કહે છે. વિદ્યાર્થીઓ સામે લેખિત કે મૌખિક સ્વરૂપે પ્રશ્નો મૂકવામાં આવે છે. જેના જવાબો, વિદ્યાર્થીએ લખીને આપવાના હોય છે. લેખિત કસોટીની અમુક વિશિષ્ટતાઓને કારણે દરેક પ્રકારની શિક્ષણ વ્યવસ્થામાં વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે, મોટા પાયે તેનો ઉપયોગ કરવામાં આવે છે. વાણી કે ચાલવા ફરવાની અક્ષમતા ધરાવતાં અને બહેરાશ કે મંદ અધ્યયન-ગતિ ધરાવતાં બાળકોનાં મૂલ્યાંકન માટે લેખિત કસોટીનો ઉપયોગ કરી શકાય છે.

### 9.6.5 મૌખિક કસોટી

આ પ્રકારની કસોટીમાં વિદ્યાર્થીઓએ લેખિત પ્રશ્નો આપવાને બદલે મૌખિક પ્રશ્નો પૂછવામાં આવે છે. વિદ્યાર્થી શિક્ષકની સામે ઉપસ્થિત થઈને તેને પૂછેલાં પ્રશ્નોના ઉત્તર આપે છે. શિક્ષક મૌખિક રીતે પ્રશ્નો પૂછે છે અને બાળકો મૌખિક રીતે ઉત્તર આપે છે. સામાન્ય માનસિક અક્ષમતા ધરાવતાં, લેખનની અક્ષમતા ધરાવતાં, ડિસ્લેક્સિયા ધરાવતાં બાળકો અને અંધ બાળકોનાં મૂલ્યાંકન માટે આ પ્રકારની કસોટીનો ઉપયોગ કરવામાં આવે છે.

### 9.6.6 ક્રિયાત્મક કસોટી

આ પ્રકારની કસોટીમાં વિદ્યાર્થીઓ જોડે કોઈ ક્રિયા કે પ્રવૃત્તિ કરાવવામાં આવે છે અને તેમનું ઝીણવટથી અવલોકન કરીને તેમનું મૂલ્યાંકન કરવામાં આવે છે. લેખનની અક્ષમતા ધરાવતાં બાળકો, વાણીની અક્ષમતા ધરાવતાં બાળકો, ડિસ્લેક્સિયા વાળા બાળકો, સ્વલીનતા ધરાવતાં બાળકો અને સામાન્ય માનસિક અક્ષમતા ધરાવતાં બાળકોનાં મૂલ્યાંકન માટે આ પ્રકારની કસોટીનો ઉપયોગ કરવામાં આવે છે. વિજ્ઞાન, કમ્પ્યૂટર, શારીરિક શિક્ષણ અને ચિત્ર જેવાં વિષયમાં આવી કસોટીનો ઉપયોગ કરવામાં આવે છે. અક્ષમ બાળકોનાં વ્યક્તિગત, સામાજિકતા અને વલણોની તપાસ માટે પણ આવી કસોટીનો ઉપયોગ કરી શકાય છે.

### 9.6.7 શિક્ષક રચિત કસોટી

જે કસોટી શિક્ષક દ્વારા તૈયાર કરવામાં આવે તેને શિક્ષક રચિત કસોટી કહે છે. અમુક શિક્ષકો, બાળકોની અધ્યયન નિષ્પત્તિ જાણવા માટે, સાપ્તાહિક અથવાં માસિક કસોટીઓ પણ લેતા હોય છે. શિક્ષક પોતાની રીતે આવી કસોટીઓની રચના કરે છે. સત્રાંત પરીક્ષા માટેની સિદ્ધિ કસોટીઓની રચના શિક્ષકો દ્વારા જ કરવામાં આવે છે. જો કે આવી કસોટીની રચના કરતી વખતે પણ અધ્યયનના હેતુઓ, વિષયવસ્તુના મુદ્દાઓ અને પ્રશ્નોના પ્રકારને ધ્યાનમાં રાખવામાં આવે છે. વર્ગખંડમાં બાળકોને અધ્યયન અનુભવો પૂરાં પાડવા માટેનું કામ શિક્ષક જ કરે છે, તેથી અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટે શિક્ષક રચિત કસોટી વધારે ઉપયોગી બની શકે છે.

### 9.6.8 પ્રમાણિત કસોટી

પૂર્વ સ્થાપિત સોપાનો અને ધોરણો પ્રમાણે જે કસોટીનું સંચાલન, સામૂહિક કે વ્યક્તિગત ધોરણે, જુદાં જુદાં સમયે અને સ્થળે એક સરખી રીતે થઈ શકે અને જેનાં પરિણામોની તુલના પૂર્વપ્રસ્થાપિત માનાંકો સાથે થઈ શકે તેને પ્રમાણિત કસોટી કહે છે. તેની રચના વૈજ્ઞાનિક રીતે અને ચોક્કસ સોપાનોને અનુસરીને કરવામાં આવે છે અને ગમે તે સ્થળે, ગમે તે સમયે અને ગમે તે વ્યક્તિ દ્વારા તેનું સંચાલન કરવામાં આવે તો પણ તેના સંચાલન, ગુણાંકન અને પરિણામોનાં અર્થઘટનમાં સાતત્ય અને એકસૂત્રતા જાળવી શકાય છે. સમાન પ્રકારની અક્ષમતા ધરાવતાં બાળકોનાં મૂલ્યાંકન માટે આવી કસોટીનો સરળતાથી અમલ કરી શકાય છે. એક વખત આવી કસોટીની રચના કર્યા બાદ લાંબા સમય સુધી તેનો ઉપયોગ કરી શકાય છે.

### 9.6.9 પ્રશ્નાવલિ

પ્રશ્નાવલિ એ પ્રશ્નોનો સમૂહ છે. જે પ્રશ્નપત્ર (Form) સ્વરૂપમાં હોય છે. તેમાં કોઇ વસ્તુ, ચલલક્ષણ, સ્થળ, પ્રણાલી, વ્યક્તિ કે અન્ય કોઇ બાબતને લગતા પ્રશ્નો આવેલાં હોય છે. જેના જવાબો બાળકે જાતે આપવાના હોય છે. તેમના ઉત્તરોને આધારે જે તે વસ્તુ, ચલલક્ષણ, સ્થળ, પ્રણાલી કે વ્યક્તિ અંગેના તેમના પ્રતિભાવો, મંતવ્યો અથવાં પ્રતિચારો જાણી શકાય છે. પ્રશ્નાવલિનો ઉપયોગ મોટાભાગે સંશોધનાત્મક કાર્ય માટે થાય છે પછી ભલે એ નાના પાયાનું સંશોધન હોય કે મોટા પાયાનું. અહીં અગત્યની વાત એ છે કે પ્રશ્નાવલિમાં બાળકે જાતે પ્રતિચાર આપવાના હોય છે. તેથી ફક્ત લેખન અને વાચન ક્ષમતા ધરાવતાં બાળકો પાસેથી જ પ્રશ્નાવલિમાં પ્રતિભાવો મેળવી શકાય છે. વાણી કે શ્રવણની અક્ષમતા ધરાવતાં બાળકોની અપેક્ષાઓ અને ચોક્કસ બાબત અંગેના પ્રતિભાવો જાણવા માટે આનો સારો ઉપયોગ કરી શકાય છે.

### 9.6.10 પત્રક

પ્રશ્નાવલિ જેવું બીજું અગત્યનું ઉપકરણ છે પત્રક. પ્રશ્નાવલિમાં આપવામાં આવેલા પ્રશ્નોના ઉત્તર બાળકે જાતે જ લખવાના હોય છે. તેથી અંધ અને લેખનની અક્ષમતા ધરાવતાં બાળકો માટે આનો ઉપયોગ કરી શકાતો નથી. આવાં બાળકો પાસેથી માહિતી મેળવવી હોય તો શું ? આવી જગ્યાએ પત્રકનો ઉપયોગ કરી શકાય છે. પ્રશ્નાવલિ અને પત્રક વચ્ચે ફક્ત માહિતી મેળવવાની રીતના સંદર્ભમાં તફાવત હોય છે.

પત્રક એ પ્રશ્નોનો સમૂહ છે. તે પ્રપત્ર સ્વરૂપમાં હોય છે. તેમાં કોઇ વસ્તુ, ચલલક્ષણ, સ્થળ, પ્રણાલી, વ્યક્તિ કે અન્ય કોઇ બાબતને લગતા પ્રશ્નો આવેલાં હોય છે. આ પ્રશ્નો શિક્ષક બાળકોને પૂછીને તેમના પ્રતિભાવોની જાતે જ પત્રકમાં નોંધ કરે છે. આમ પ્રશ્નાવલિ અને પત્રકમાં જવાબ નોંધવાની રીતમાં જ તફાવત જોવા મળે છે. દૃષ્ટિ કે લેખનની અક્ષમતા ધરાવતાં તથા સ્વલીનતા અને મગજના લકવાનો રોગ ધરાવતાં બાળકોની અપેક્ષાઓ અને ચોક્કસ બાબત અંગેના પ્રતિચારો જાણવા માટે આનો ઉપયોગ કરી શકાય છે.

### 9.6.11 સંશોધની

બાળકનાં વર્તનો, વ્યક્તિગત કે મનોવૈજ્ઞાનિક લક્ષણો અને રૂચિનો અભ્યાસ કરવા માટે રચવામાં આવેલી પ્રશ્નાવલિને સંશોધની તરીકે ઓળખવામાં આવે છે. અક્ષમ બાળકોની મનોવૈજ્ઞાનિક લાક્ષણિકતાઓ જાણવા માટે આનો ઉપયોગ કરી શકાય છે.

### 9.6.12 મુલાકાત

આ પદ્ધતિમાં શિક્ષક કે પરામર્શક બાળકની વ્યક્તિગત મુલાકાત લઇને તેનાં માનસિક અને અન્ય મનોવૈજ્ઞાનિક લક્ષણોને લગતાં જુદાં જુદાં પાસાં વિશે માહિતી મેળવે છે. માહિતી મેળવવા માટે તે બાળક સાથે ચર્ચા કરે છે અથવાં પ્રશ્નોત્તરી કરે છે. મળેલી માહિતીની સાવચેતીપૂર્વક નોંધ કરે છે. માહિતીનું વિશ્લેષણ કરે છે. તેના આધારે બાળકનાં વિવિધ લક્ષણોનું માપન કરે છે.

શ્રવણની અક્ષમતા ધરાવતાં બાળકો સિવાયનાં લગભગ તમામ પ્રકારનાં અક્ષમ બાળકોનું મૂલ્યાંકન આ રીતે કરી શખાય છે. બાળકનાં વર્તન દોષો, અનુકૂલન, વ્યક્તિત્વ, સાંવેગિક અને માનસિક વિકાસ જેવાં અનેક મનોવૈજ્ઞાનિક પાસાંઓનું મૂલ્યાંકન કરવા માટે મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

### 9.6.13 ક્રમ માપદંડ

આ એક એવું ઉપકરણ છે જે ગુણાત્મક અથવાં સંખ્યાત્મક રીતે કોઈ વસ્તુ કે બાળકનું મૂલ્યાંકન કરીને તેમની વિશિષ્ટતાઓ અને લક્ષણોની કક્ષાઓનો અંદાજ કાઢે છે. ઉપરાંત કોઇ બાબત પ્રત્યેનાં, બાળકોનાં વલણો કે અભિપ્રાયોની કક્ષા નિશ્ચિત કરવા માટે ક્રમમાપદંડનો ઉપયોગ કરી શકાય છે.

જે લક્ષણો, પરિસ્થિતિ કે વસ્તુનું મૂલ્યાંકન કરવાનું હોય તેના જુદાં-જુદાં માપ, ક્રમમાપદંડમાં, જુદાં-જુદાં બિંદુઓના ગણ સ્વરૂપે દર્શાવવામાં આવે છે.

દા.ત. કોઈ બાળક અન્ય વ્યક્તિઓના સારાં કાર્યોને બિરદાવે છે કે નહીં તે જાણવા માટે કદરનું પ્રમાણ નીચે જણાવ્યા પ્રમાણેના પાંચ બિંદુઓમાં નક્કી કરી શકીએ.

1. હંમેશા, 2. ક્યારેક, 3. સામેથી કદર મળે તો જ, 4. જવલ્લે, 5. કદી નહીં

બાળકનું વલણ જાણવા માટે ક્રમમાપદંડનો ઉપયોગ થાય તો તે વલણમાપદંડ તરીકે અને જો તેમનાં અભિપ્રાયો જાણવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે તો તે અભિપ્રાયાવલિ તરીકે ઓળખાય છે.

લક્ષણોની કક્ષા દર્શાવતાં બિંદુઓની સંખ્યા ત્રણ, પાંચ, સાત, નવ કે સંશોધક નક્કી કરે તેટલી હોઈ શકે છે. જો કે સામાન્ય સંજોગોમાં પાંચથી વધુ અને વિશિષ્ટ સંજોગોમાં અગિયારથી વધુ બિંદુઓ ન રાખવાં જોઈએ. તેમ છતાં સંશોધકનું અનુકૂળ આવે તો બિંદુઓની આ સંખ્યામાં છૂટછાટ લઈ શકાય છે.

જો લેખન, વાંચન અને દૃષ્ટિની અક્ષમતા ધરાવતાં બાળકોનું મૂલ્યાંકન કરવા માટે આનો ઉપયોગ કરી શકતો નથી.

### 9.6.14 ઓળખયાદી

અક્ષમ બાળકનાં વિવિધ લક્ષણોનું મૂલ્યાંકન કરવા માટેનો આ સૌથી સરળ ઉપાય છે. ઓળખયાદીમાં અક્ષમ બાળકનાં મનોવૈજ્ઞાનિક પાસાંઓને લગતાં વિવિધ ઘટકો, લક્ષણો કે વ્યક્તિગુણો (Traits) ની યાદી તૈયાર કરવામાં આવે છે. દરેક ઘટક કે લક્ષણ પછી ખાલી જગ્યા રાખવામાં આવે છે. બાળકમાં જે લક્ષણ જોવા મળે તે લક્ષણની સામે આપવામાં આવેલી ખાલી જગ્યામાં 'હા' અને જો લક્ષણ જોવા ન મળે તો 'ના' લખવામાં આવે છે. આમ ઓળખયાદી દ્વારા સાચી માહિતી મળે છે. કારણ કે બાળકમાં જે લક્ષણો જોવા મળે છે તેની સામે જ 'હા' લખવામાં આવે છે. ઓળખયાદી પ્રશ્નાવલિના સ્વરૂપમાં પણ તૈયાર કરી શકાય છે.

જ્યારે ફક્ત પ્રવર્તમાન તથ્યો કે હકીકતો (Facts) વિશે માહિતી મેળવવાની હોય અને કોઈ ચલલક્ષણ કે પ્રશ્નના સંદર્ભમાં પ્રતિચારની ફક્ત બે જ કક્ષાઓ હોય ત્યારે ઓળખયાદીનો ઉપયોગ કરવામાં આવે છે. 'ખરું' અથવાં 'ખોટું', 'હા' અથવાં 'ના', 'સત્ય' અથવાં 'અસત્ય', 'છે' અથવાં 'નથી' જેવા પ્રતિચારોની જોડ કોઇ પણ ચલલક્ષણ કે પ્રશ્નના પ્રતિચારોની બે કક્ષા દર્શાવે છે.

ઓળખયાદીમાં પ્રતિચારોની નોંધ બાળક અથવાં શિક્ષક એ બેમાંથી કોઇપણ કરી શકે છે.

તેમાં આપવામાં આવેલાં પ્રશ્નોના જવાબ ફક્ત હકારાત્મક કે નકારાત્મક સ્વરૂપે જ આપવાના હોય છે. ઘણી વખત ઓળખયાદીમાં બાળક સાથે સંકળાયેલાં વિવિધ ઘટકોની યાદી આપી દેવામાં આવે છે. તેમાંથી જે ઘટક બાળક સાથે જોડાયેલું હોય તેની સામે ખરા (✓)ની નિશાની અને જેની સાથે બાળકનો સંબંધ ન હોય તેની સામે ખોટા (×)ની નિશાની કરવામાં આવે છે.

ઓળખયાદીમાં મૂકવામાં આવેલી વિગતોને આધારે તેમાં પ્રતિચારોની નોંધ જુદી જુદી રીતે કરવામાં આવે છે. આવી વિગતોના કેટલાંક નમૂના અહીં આપવામાં આવેલાં છે.

**નમૂનો-1 :** નીચેનામાંથી જે બાબત વિદ્યાર્થી સાથે સુસંગત હોય તેની સામે આપવામાં આવેલાં કૌંસમાં ખરાની નિશાની કરો.

| | | |
|---|---|---|
| 1. | શાળામાં નિયમિત આવવું | (✓) |
| 2. | નિયમિત ગૃહકાર્ય કરવું | (✓) |
| 3. | વર્ગખંડમાં લેખન કાર્ય પૂર્ણ કરવું | ( ) |
| 4. | વર્ગખંડમાં પ્રશ્નો પૂછવા | ( ) |

5. વર્ગખંડમાં પ્રશ્નોના ઉત્તર આપવાનો પ્રયત્ન કરવો. ( )

6. સહ અભ્યાસ પ્રવૃત્તિઓમાં ભાગ લેવો (✓)

7. અધ્યયનમાં અન્ય વિદ્યાર્થીઓનો સહકાર મેળવવો. (✓)

8. અન્ય બાળકો સાથે જૂથમાં રહેવું (✓)

ઓળખયાદીમાં આવી વિગત આપવામાં આવેલી હોય તો જે બાબત લાગુ પડતી હોય તેની સામે આપવામાં આવેલી જગ્યામાં શિક્ષકે અથવાં મૂલ્યાકનકર્તાએ ખરાની નિશાની કરવાની હોય છે અને જે બાબત લાગુ ન પડતી હોય તેની સામે આપવામાં આવેલી જગ્યા ખાલી રાખવામાં આવે છે અથવાં આડી લીટી કરી દેવાની હોય છે.

**નમૂનો-2 :** નીચેનામાંથી જે બાબત વિદ્યાર્થી સાથે સુસંગત હોય તેની સામે આપવામાં આવેલાં કૌંસમાં 'હા' લખો અને બાકીના કૌંસમાં 'ના' લખો.

1. શાળામાં નિયમિત આવવું (હા)

2. નિયમિત ગૃહકાર્ય કરવું (હા)

3. વર્ગખંડમાં લેખન કાર્ય પૂર્ણ કરવું (ના)

4. વર્ગખંડમાં પ્રશ્નો પૂછવા (ના)

5. વર્ગખંડમાં પ્રશ્નોના ઉત્તર આપવાનો પ્રયત્ન કરવો. (ના)

6. સહ અભ્યાસ પ્રવૃત્તિઓમાં ભાગ લેવો (હા)

7. અધ્યયનમાં અન્ય વિદ્યાર્થીઓનો સહકાર મેળવવો. (હા)

8. અન્ય બાળકો સાથે જૂથમાં રહેવું (હા)

**નમૂનો-3 :** નીચેનામાંથી જે બાબત વિદ્યાર્થી સાથે સુસંગત હોય તેની સામે આપવામાં આવેલાં વિકલ્પોમાંથી 'હા' ને ફરતે વર્તુળ કરો અને જો તે લક્ષણ તે ન ધરાવતોં હોય તો તેની સામે 'ના'ને ફરતે વર્તુળ કરો.

1. શાળામાં નિયમિત આવવું (હા) / ના

2. નિયમિત ગૃહકાર્ય કરવું (હા) / ના

3. વર્ગખંડમાં લેખન કાર્ય પૂર્ણ કરવું હા / (ના)

4. વર્ગખંડમાં પ્રશ્નો પૂછવા હા / (ના)

5. વર્ગખંડમાં પ્રશ્નોના ઉત્તર આપવાનો પ્રયત્ન કરવો. હા / (ના)

6. સહ અભ્યાસ પ્રવૃત્તિઓમાં ભાગ લેવો હા / (ના)

7. અધ્યયનમાં અન્ય વિદ્યાર્થીઓનો સહકાર મેળવવો. (હા) / ના

8. અન્ય બાળકો સાથે જૂથમાં રહેવું (હા) / ના

**નમૂનો-4 :** નીચે આપવામાં આવેલાં પ્રશ્નોના ઉત્તર 'હા'માં હોય તો તેની સામે આપવામાં આવેલાં કૌંસમાં 'ખરા'ની નિશાની કરો અને જો તમારો ઉત્તર 'ના' હોય તો 'ખોટા' ની નિશાની કરો.

1. શું તમે નિયમિત ગૃહકાર્ય કરો છો ? (×)

2. શું તમે વર્ગખંડમાં લેખન કાર્ય પૂર્ણ કરો છો ? (✓)

3. શું તમે વર્ગખંડમાં શિક્ષકને પ્રશ્નો પૂછો છો ? (✓)

4. શું તમે વર્ગખંડમાં પ્રશ્નોના ઉત્તર આપવાનો પ્રયત્ન કરવો ? (✓)

**નમૂનો-5 :** નીચે આપવામાં આવેલાં પ્રશ્નોના ઉત્તર સ્વરૂપે ચાર વિકલ્પો આપવામાં આવ્યાં છે. પ્રશ્નના ઉત્તર સ્વરૂપે તમને જે વિકલ્પ સાચો લાગે તેની પહેલાં આપવામાં આવેલાં ચોરસમાં 'ખરા'ની નિશાની કરો.

1. તમે શાળાએ કઇ રીતે આવો છો ?

   ☐ પોતાનાં વાહન પર ☐ સ્કૂલ વાનમાં

   ☐ જાહેર વાહનમાં ☐ પગપાળાં

2. તમારા કુટુંબના સભ્યોની સંખ્યા કેટલી છે ?

   ☐ ચાર કે ચાર કરતાં ઓછી ☐ પાંચથી છ

   ☐ સાતથી આઠ ☐ આઠથી વધુ

3. તમારે કેટલા ભાઇઓ છે ?

   ☐ એક પણ નહીં ☐ એક

   ☐ બે ☐ ત્રણ કે તેથી વધુ

4. તમારે કેટલી બહેનો છે ?

   ☐ એક પણ નહીં ☐ એક

   ☐ બે ☐ ત્રણ કે તેથી વધુ

### 9.6.15 સામાજિકતા મિતિ

સામાજિકતા મિતિ એ જૂથનાં સભ્યો વચ્ચેના સંબંધોની તરાહ શોધીને તેનું વિશ્લેષણ કરવાની એક પદ્ધતિ છે. તે વર્ગખંડમાં પ્રવર્તમાન સામાજિક સંબંધોનો અભ્યાસ કરવા માટેની એક રીત છે. તે વિદ્યાર્થીઓ વચ્ચે થતાં મનોભાવોના વિનિમયની અસર તપાસે છે અને વર્ગખંડમાં જોવા મળતી વાર્તનિક સમસ્યાઓના કારણો શોધવામાં મદદરૂપ થાય છે. તે, માનવીય સંબંધોનો અભ્યાસ કરીને તેનો વિકાસ કરવાની માર્ગદર્શક રેખા સૂચવે છે. અક્ષમ બાળકોનાં, અન્ય બાળકો સાથેનાં સંબંધોની તરાહ જાણવા માટે આનો ઉપયોગ થઇ શકે છે. સામાજિકતા મિતિ દ્વિપરિણાણીય સારણી સ્વરૂપે તૈયાર કરવામાં આવે છે. જેમાં દરેક બાળક અન્ય કેટલાં બાળકોને પસંદ કરે છે અને તેને કેટલાં બાળકો પસંદ કરે છે તેની માહિતી આંકડા સ્વરૂપે આપવામાં આવે છે. સામાજિકતા મિતિનું વિશ્લેષણ કરીને બાળકોની સામાજિકતાનો વિકાસ કરવા માટેનાં માર્ગો વિચારી શકાય. ઉપરાંત સમાવેશક શિક્ષણમાં કયા બાળકને, અક્ષમ બાળકનાં અધ્યયનમાં સહાય કરવા માટેની જવાબદારી સોંપી શકાય તે નિશ્ચિત કરવામાં સામાજિકતા મિતિ ઉપયોગી થાય છે.

### 9.6.16 સામાજિકતા આલેખ

સામાજિકતા મિતિ માટે મેળવવામાં આવેલ પ્રદત્તની આલેખાત્મક (ચિત્રાત્મક) રજૂઆતને સામાજિકતા આલેખ કહે છે. એ જૂથનાં સભ્યો વચ્ચેનાં સંબંધોની તરાહ શોધીને તેનું વિશ્લેષણ કરવાની એક આલેખાત્મક પદ્ધતિ છે. તે વર્ગખંડમાં પ્રવર્તમાન સામાજિક સંબંધોનો અભ્યાસ કરવા માટેની એક રીત છે. તે વિદ્યાર્થીઓ વચ્ચે થતાં મનોભાવોના વિનિમયની અસર તપાસે છે અને વર્ગખંડમાં જોવા મળતી વાર્તનિક સમસ્યાઓના કારણો શોધવામાં મદદરૂપ થાય છે. તે, માનવીય સંબંધોનો અભ્યાસ કરીને તેનો વિકાસ કરવાની માર્ગદર્શક રેખા સૂચવે છે. અક્ષમ બાળકોનાં અન્ય બાળકો સાથેનાં સંબંધોની તરાહ જાણવા માટે આનો ઉપયોગ થઇ શકે છે. સામાજિકતા મિતિ ચિત્રાત્મક સ્વરૂપે તૈયાર કરવામાં આવે છે. જેમાં દરેક બાળક અન્ય કેટલાં બાળકોને પસંદ કરે છે અને તેને કેટલાં બાળકો પસંદ કરે છે તેની માહિતી આલેખાત્મક સ્વરૂપે આપવામાં આવે છે. સામાજિકતા આલેખનું વિશ્લેષણ કરીને બાળકોની સામાજિકતાનો વિકાસ કરવા માટેનાં માર્ગો વિચારી શકાય. ઉપરાંત સમાવેશક શિક્ષણમાં કયા બાળકને અક્ષમ બાળકનાં અધ્યયનમાં સહાય કરવા માટેની જવાબદારી સોંપી શકાય તે નિશ્ચિત કરવામાં સામાજિકતા આલેખ ઉપયોગી થાય છે.

### 9.6.17 અભિયોગ્યતા કસોટી

અક્ષમ બાળકની અભિયોગ્યતા જાણવા માટે અભિયોગ્યતા કસોટીનો ઉપયોગ કરી શકાય છે. આ લેખિત, મૌખિક કે ક્રિયાત્મક સ્વરૂપની હોઇ શકે છે. તે પ્રમાણિત કે મનોવૈજ્ઞાનિક હોય છે. તેની રચના કરવા માટે ચોક્કસ વૈજ્ઞાનિક સોપાનોનો ઉપયોગ કરવામાં આવે છે. અક્ષમ બાળકની કોઇ ચોક્કસ અભિયોગ્યતા જાણી લેવામાં આવે તો તેની તે અભિયોગ્યતાનો વિકાસ કરવા માટે તેને પૂરતું માર્ગદર્શન અને તાલીમ આપી શકાય છે. આ રીતે તેને તેની અભિયોગ્યતાનાં ક્ષેત્રમાં વિકાસની તકો પૂરી પાડી શકાય છે.

### 9.6.18 અવલોકન

નિશ્ચિત પરિસ્થિતિમાં બાળક દ્વારા થતાં વર્તનોની તરાહનો અભ્યાસ કરવા માટેની આ એક તક્નીક છે. જેમાં મૂલ્યાંકનકર્તા, બાળકનાં વર્તનોનું પ્રત્યક્ષીકરણ કરે છે. તેના આધારે વર્તનોની તરાહ અંગેની નોંધ તૈયાર કરે છે અને તેનું વિશ્લેષણ અને અર્થઘટન કરીને તેનાં વર્તનોનાં સંદર્ભમાં પરિણામો તારવે છે.

બીજાં શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે ચોક્કસ પરિસ્થિતિમાં બાળકોનાં વર્તનોને આધારે તેમનું મૂલ્યાંકન કરવાની તક્નિક એટલે અવલોકન.

અક્ષમ બાળકની ક્રિયાત્મક કસોટી દરમિયાન તેનાં વર્તનોનું સૂક્ષ્મ રીતે અવલોકન કરવામાં આવે છે. તેના આધારે તેનાં વર્તનોમાં આવેલાં પરિવર્તનોની નોંધ કરવામાં આવે છે. જે બાળકની પ્રગતિ અંગેનો અંદાજ કાઢવામાં ઉપયોગી થાય છે. ઉપરાંત અક્ષમ બાળકનું અનૌપચારિક મૂલ્યાંકન કરવામાં પણ અવલોકન તક્નિક ઉપયોગી સાબિત થાય છે.

ઉપર ચર્ચા કરવામાં આવેલ મૂલ્યાંકન ઉપકરણો સિવાય અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટે 'વ્યક્તિ અભ્યાસ' પદ્ધતિનો ઉપયોગ પણ કરી શકાય છે.

### 9.6.19 વ્યક્તિ અભ્યાસ

કોઇ પણ વ્યક્તિ, સામાજિક એકમ અથવાં વિશિષ્ટ એકમની વર્તમાન પરિસ્થિતિ, તેના ઇતિહાસ અને તેના વિકાસ સાથે સંકળાયેલાં તમામ પાસાંઓનો ઊંડાણપૂર્વક અને સાવધાની સાથે અભ્યાસ કરવો એટલે વ્યક્તિ અભ્યાસ. જેમાં આવા વિશિષ્ટ એકમ પર પ્રવર્તમાન પરિસ્થિતિ, 'તેના ભૂતકાળના બનાવો અથવાં અનુભવો' અને તેના પર્યાવરણની શી અસર છે તેની તપાસ કરવામાં આવે છે. તે માટે અભ્યાસ હેઠળના એકમ સાથે સંકળાયેલાં તમામ પરિબળો વચ્ચેનાં આંતરસંબંધોની તપાસ પણ કરવામાં આવે છે.

'વ્યક્તિ અભ્યાસ' શબ્દ મૂળભૂત રીતે તો તબીબી વિજ્ઞાન સાથે સંકળાયેલો છે. તબીબી વિજ્ઞાનમાં દર્દીના રોગનું નિદાન અને ઉપચાર કરતી વખતે તેની વર્તમાન શારીરિક પરિસ્થિતિની સાથે સાથે તેની દિનચર્યા, તેના ભૂતકાળ સાથે સંકળાયેલી બાબતો, તેની ટેવો, તેના ખાન-પાન, તેની રહેણી-કરણી જેવાં અનેક પરિબળો વિશે માહિતી મેળવવામાં આવે છે. ત્યાર બાદ તેનો ઈલાજ કરવામાં આવે છે, ઉપચારાત્મક કાર્ય કરવામાં આવે છે અને અનુકાર્ય કરવામાં આવે છે. આ રીતે નિદાન અને ઉપચાર કરતી વખતે દર્દી સાથે સંકળાયેલાં તમામ પરિબળો વચ્ચે પરસ્પર સંબંધ સ્થાપિત કરીને રોગનું મૂળ કારણ શોધવામાં આવે છે.

બસ આ રીતે જ મનોવિજ્ઞાન, શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં વ્યક્તિ, જૂથ સંસ્થા જેવાં સામાજિક એકમ કે ઘટનાઓ સાથે સંકળાયેલાં વિવિધ પાસાંઓનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરીને તેની વિશિષ્ટતાઓ પર વર્તમાન પરિસ્થિતિ તથા અન્ય સામાજિક, વ્યક્તિગત, ઐતિહાસિક અને પર્યાવરણીય પરિબળો વચ્ચેના આંતરસંબંધોની શી અસર પડી છે તેની તપાસ કરવામાં આવે છે. તેના આધારે અભ્યાસ હેઠળના એકમ માટે નિદાનાત્મક કાર્ય કરીને ઉપચાર સૂચવવામાં આવે છે અને અનુકાર્ય કરવામાં આવે છે.

વ્યક્તિ અભ્યાસ દરમિયાન એક કે વધુ મૂલ્યાંકન ઉપકરણોનો ઉપયોગ કરીને અક્ષમ બાળકનાં સંદર્ભમાં પ્રદત્ત એકત્ર કરીને તેના વિકાસની તરાહ જાણવામાં આવે છે. તેના આધારે તેની નબળાઇઓ અને ક્ષમતાઓની તલસ્પર્શી તપાસ કરવામાં આવે છે. આવી માહિતીનો ઉપયોગ કરીને તેના માટે અધ્યાપન વ્યૂહરચના, અધ્યયન હેતુઓ અને ઉપચારાત્મક શિક્ષણ માટેની યોજનાઓ નિશ્ચિત કરીને તેનો અમલ કરવામાં આવે છે.

## 9.10 સારાંશ

પ્રસ્તુત એકમમાં મૂલ્યાંકન અને શૈક્ષણિક મૂલ્યાંકનની વ્યાખ્યા અને અર્થ વિશે સ્પષ્ટતા કરવામાં આવી છે. તેના આધારે અક્ષમતા ધરાવતાં બાળકોનાં મૂલ્યાંકન માટેની રીતો અંગે ચર્ચા કરવામાં આવી છે. અક્ષમતા ધરાવતાં બાળકોનાં મૂલ્યાંકન માટેનાં સોપાનો વિશે અહીં વિસ્તૃત ચર્ચા કરીને તેના માટે ઉપયોગમાં લઇ શકાય તેવાં મૂલ્યાંકન ઉપકરણ અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે. મૂલ્યાંકન માટેનાં ઉપકરણોનો યોગ્ય સમયે, યોગ્ય રીતે અને હેતુઓને ધ્યાનમાં રાખીને ઉપયોગ કરવામાં આવે તો અક્ષમ બાળકોની નબળાઈઓ અને ક્ષમતાઓ વિશે સ્પષ્ટ માહિતી મેળવી શકાય છે. આવી માહિતીને આધારે તેમના શિક્ષણને અસરકારક બનાવવા માટે, પરિસ્થિતિ મુજબ, વધુ યોગ્ય પગલાં લઇ શકાય છે.

## 9.11 તમારી પ્રગતિ ચકાસો

**1. મૂલ્યાંકનની વ્યાખ્યા લખીને તેનો અર્થ સમજાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**2. શૈક્ષણિક મૂલ્યાંકની વ્યાખ્યા લખીને તેનો અર્થ સમજાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**3. ઔપચારિક અને અનૌપચારિક મૂલ્યાંકનનાં અર્થ સમજાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટેનાં સોપાનો સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટેનાં ઉપકરણો જણાવીને ક્રિયાત્મક કસોટી અને ઓળખયાદી વિશે ટૂંકનોંધ લખો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

6. નિદાન કસોટી અને સિદ્ધિ કસોટીના અર્થ સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

7. મનોવૈજ્ઞાનિક કસોટીનો અર્થ સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

8. લેખિત કસોટી અને મૌખિક કસોટીનાં અર્થ સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

9. શિક્ષક રચિત અને પ્રમાણિત કસોટીના અર્થ સમજાવો.

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

10. પ્રશ્નાવલિ, પત્રક અને સંશોધનીના અર્થ સમજાવો.

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

11. અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટેના સાધન કરીકે મુલાકાતની ઉપયોગિતા ચર્ચો.

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

12. ક્રમ માપદંડની સંકલ્પના સ્પષ્ટ કરો.

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

13. અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટેનાં ઉપકરણ તરીકે સામાજિકતા મિતિ અને સામાજિકતા આલેખની ઉપયોગિતા ચર્ચો.

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

14. અક્ષમ બાળકોનાં મૂલ્યાંકન માટે અભિયોગ્યતા કસોટીના ઉપયોગની યથાર્થતા ચર્ચો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

15. અક્ષમ બાળકોનાં મૂલ્યાંકનમાં અવલોકન અને વ્યક્તિ અભ્યાસની ઉપયોગિતા જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

એકમ 10

# અક્ષમ બાળકોનું પરામર્શન

## : રૂપરેખા :


**10.0 પ્રસ્તાવના**

**10.1 ઉદ્દેશો**

**10.2 પરામર્શનનો અર્થ**

**10.3 પરામર્શનના લક્ષણો**

**10.4 અક્ષમ બાળકોનાં પરામર્શનનાં હેતુઓ**

**10.5 અક્ષમ બાળકનાં માતા-પિતાની મુલાકાત**

**10.6 અક્ષમ બાળકોનાં પરામર્શનનાં સોપાનો**

**10.6.1 અનુસ્થાપન વાર્તાલાપ**

**10.6.2 પ્રાથમિક સાક્ષાત્કાર**

**10.6.3 માતા-પિતાની મુલાકાત**

**10.6.4 શિક્ષકની મુલાકાત**

**10.6.5 પાર્શ્વચિત્ર / પ્રોફાઈલની રચના**

**10.6.6 આત્મબોધ**

**10.6.7 પ્રોત્સાહન**

**10.6.8 અનુકાર્ય**


## 10.0 પ્રસ્તાવના

અક્ષમતા ધરાવતાં બાળકોને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સમાવેશક અને સંકલિત શિક્ષણની વ્યવસ્થા કરવા માટેના પ્રયત્ન થાય છે. સમાજમાં તેમની સ્વીકૃતિ વધે તે માટે લોકોને જાગૃત કરવામાં આવે છે. શારીરિક વિકલાંગતા ધરાવતાં લોકો માટે જાહેર મકાનોમાં રેંપ અથવાં લિફ્ટ જેવી વિશિષ્ટ સુવિધા ઊભી કરવામાં આવે છે. અંધ વ્યક્તિઓ સરળતાથી ઓળખી શકે તે માટે જુદાં જુદાં મૂલ્યની ચલણી નોટ્સના કદ જુદાં જુદાં રાખવામાં આવે છે, અમુક નોટ્સમાં અમુક જગ્યાએ લખાણ અથવાં આકૃતિ ઉપસાવવામાં આવે છે. આવી નાની નાની બાબતોનું ધ્યાન રાખીને અક્ષમ વ્યક્તિઓને મુશ્કેલી ન પડે અથવાં ઓછામાં ઓછી પડે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે. અક્ષમતાને કારણએ તેમને ક્ષોભનો અનુભવ ન થાય તે માટેના પ્રયત્નો સરકાર કરે છે અને લોકો પણ પોતાની રીતે અક્ષમ વ્યક્તિઓને મદદરૂપ થવાંનો પ્રયત્ન કરે છે. તમામ પ્રયત્નો અને કુટુંબીજનોનો સંપૂર્ણ સહકાર હોવા છતાં અનેક અક્ષમ વ્યક્તિઓ જીવન પ્રત્યેનો ઉત્સાહ ગુમાવી દે છે અને બિચારા બનીને જીવે છે. અક્ષમતાને અભિશાપને બદલે પડકાર માનીને બાળક આત્મવિશ્વાસ સાથે પોતાની આત્મનિર્ભરતા માટેના પ્રયત્નો કરે તે માટે તેમને સહકારની સાથે પૂરતું માર્ગદર્શન આપવું અને તેમનું પરામર્શન કરવું અનિવાર્ય બની જાય છે. માર્ગદર્શન અને પરામર્શનની હકારાત્મક અસર જોવા માટે તેના ઘરમાં તેનો ઉછેર યોગ્ય રીતે થવો જોઈએ. ઉછેર યોગ્ય રીતે થાય તે માટે તેના મા-બાપ સહિત અન્ય કુટુંબીજનોએ તેની પૂરતી કાળજી લેવાની થાય. અક્ષમ બાળકોનાં ઘણા કિસ્સામાં જોવા મળે છે કે તે પોતે તો પોતાની જાતને લાચાર માને છે પણ સાથે સાથે તેના મા-બાપ પણ લાચાર માની બેસે છે. અનેક કિસ્સાઓમાં જોવા મળે છે કે અક્ષમતાને કારણે બાળક પોતે હતાશ થાય તેના કરતાં તેનાં મા-બાપ

વધુ હતાશ થઈ જાય છે. પરિણામે તેઓ પોતાનાં અક્ષમ બાળકનો યોગ્ય રીતે ઉછેર કરી શકતા નથી. આવા મા-બાપ તેને આત્મનિર્ભર બનાવવાના પ્રયત્નો કરતા નથી. અમુક કિસ્સામાં મા-બાપ, બાળકની અક્ષમતાને પડકાર માનીને, પોતે હતાશ થયા વગર, બાળકનો યોગ્ય ઉછેર કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ અમુક વખતે આવાં બાળકનાં ઉછેર માટેની યોગ્ય સમજને અભાવે, મા-બાપ ઈચ્છે તો પણ તેના વિકાસમાં અપેક્ષિત કક્ષાએ પોતાનો ફાળો આપી શકતા નથી અથવાં તે માટેનાં પૂરતાં પ્રયત્નો કરી શકતા નથી. આવી પરિસ્થિતિમાં, અક્ષમ બાળકનાં ઉછેર માટે મા-બાપે સક્ષમ થવું હોય તો નિષ્ણાતોની સલાહ લેવી આવશ્યક બની જાય છે. આમ, અક્ષમ બાળકોના યોગ્ય ઉછેર માટે બાળકની સાથે તેના મા-બાપનું પરામર્શન કરવાની જરૂર પડે છે.

## 10.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે :-

- પરામર્શનનો અર્થ અને લક્ષણો સમજાવી શકશો.
- અક્ષમ બાળકોનાં પરામર્શનનાં હેતુઓની સ્પષ્ટતા કરી શકશો.
- અક્ષમ બાળકનાં મૂલ્યાંકન માટે તેના માતા-પિતાની મુલાકાતની ઉપયોગિતા સમજાવી શકશો.
- અક્ષમ બાળકોનાં પરામર્શનનાં સોપાનોનું વર્ણન કરી શકશો.

## 10.2 પરામર્શનનો અર્થ

'પરામર્શન'ને સલાહ પણ કહે છે. કોઈ વ્યક્તિ સાથે સીધો જ સંબંધ સ્થાપિત કરીને તેની પાસેથી સમસ્યા ઉકેલ માટેનું માર્ગદર્શન મેળવવાની પ્રક્રિયાને પરામર્શન મેળવવું કહે છે. તેમાં પરામર્શન આપનાર અને લેનાર એમ બે પક્ષકારો હોય છે. પરામર્શનની પ્રક્રિયા દરમિયાન તેમની વચ્ચે, બન્નેને સ્વીકૃત હોય, તેવા ચોક્કસ પ્રકારનો અને સંબંધ સ્થાપિત થાય છે. જેમાં એક પક્ષકાર બીજાં પક્ષકારની સમસ્યા દૂર કરવા માટેનાં ફક્ત માર્ગો સૂચવે છે. તેના આધારે પરામર્શન મેળવનાર પક્ષકાર સ્વયં પોતાની સાથે અને પોતાનાં વાતાવરણ સાથે અનુકૂલન સાધે છે અને પોતાની સમસ્યાઓ જાતે ઉકેલવાનો પ્રયત્ન કરે છે. આમ પરામર્શન દ્વારા વ્યક્તિને તેની સમસ્યાઓના ઉકેલ માટેના હકારાત્મક ઉપાયો સૂચવવામાં આવે છે. પરામર્શન આપવાનું કામ પ્રશિક્ષિત વ્યક્તિઓ દ્વારા અને અમુક કિસ્સામાં અનુભવી વ્યક્તિ દ્વારા પરામર્શન થાય છે. પરામર્શનનો મુખ્ય હેતુ સમસ્યાનો ઉકેલ લાવવાનો હોય છે.

## 10.3 પરામર્શનના લક્ષણો

પરામર્શનના લક્ષણો નીચે જણાવ્યા મુજબનાં છે :-

- પરામર્શન એક વાર્તનિક પ્રક્રિયા છે. જેમાં પરામર્શન મેળવનારની સમસ્યાઓનો નિકાલ લાવવા માટે, તેના વર્તન વ્યવહારમાં અપેક્ષિત પરિવર્તનો લાવવા માટેનું માર્ગદર્શન આપવામાં આવે છે.
- તે દ્વિ-ધ્રુવી પ્રક્રિયા છે.
- તેમાં પરામર્શક અને પરામર્શન મેળવનાર એમ બે પક્ષકારો હોય છે. આમ, બન્ને પક્ષકારો સતત એક બીજાંના સંપર્કમાં રહે છે.
- બન્નેને સ્વીકૃત હોય તેવો વિશ્વસનીય સંબંધ તેમની વચ્ચે સ્થાપિત થાય છે.
- પરામર્શન દરમિયાન બન્ને પક્ષકારો એક બીજાંને સમજવાની તૈયારી સાથે વિચાર વિનિમય કરે છે.
- બન્ને પક્ષકારો એક બીજાં પ્રત્યે સંપૂર્ણ ઈમાનદાર રહે છે.

- સમસ્યાનાં ઉકેલમાં અવરોધ પેદા કરી શકે એવી કોઇ પણ વાત બન્ને જણા એકબીજાંથી છુપાવતાં નથી.
- પરામર્યક પરામર્શન મેળવારને સમસ્યા ઉકેલ માટેના માર્ગો સૂચવે છે. ઉકેલ તો સમસ્યા અનુભવનાર વ્યક્તિએ જાતે લાવવાનો હોય છે.
- પરામર્શન દ્વારા, વ્યક્તિમાં સમસ્યા ઉકેલ માટેનો આત્મવિશ્વાસ પેદા કરીને તેને આત્મનિર્ભર બનાવવામાં આવે છે.
- પરામર્શન માટે જુદાં-જુદાં અભિગમોનો ઉપયોગ કરવામાં આવે છે.

## 10.4 અક્ષમ બાળકોનાં પરામર્શનનાં હેતુઓ

અક્ષમ બાળકોનાં પરામર્શનના હેતુઓ નીચે મુજબ જણાવી શકાય :-

- અક્ષમ બાળકોની, મનોવૈજ્ઞાનિક રીતે આત્મનિર્ભર બનવા માટેની ક્ષમતાનો વિકાસ કરવા માટે.
- અક્ષમ બાળક પોતાની ક્ષમતાઓ અને આવડતોને ધ્યાનમાં રાખીને પોતાનો આત્મવિશ્વાસ વિકસાવે તે માટે.
- અક્ષમતા હોવા છતાં પોતાની અન્ય ક્ષમતાઓની મદદથી પોતાની સ્વીકૃતિ ઊભી કરવાનો પ્રયત્ન કરે તે માટે.
- તેને પોતાની શારીરિક, માનસિક, સાંવેગિક, શૈક્ષણિક ક્ષમતાઓ અને કૌશલ્યોથી પરિચિત કરાવવા.
- તેનો આત્મબોધ કેળવવા માટે.
- અક્ષમ બાળક પોતાની ક્ષમતાઓ અને આવડતોના સંદર્ભમાં પોતાના માટે અને પોતાના જીવન માટે હકારાત્મક અભિગમ વિકસાવે તે માટે.
- તેની માનસિક, શારીરિક, શૈક્ષણિક, સાંવેગિક, કૌશલ્યાત્મક અને જાતિય સમસ્યાઓના ઉકેલ માટેની સલાહ આપવી અને ઉકેલ માટેના માર્ગો સૂચવવા.
- વાતાવરણ સાથે સમાયોજન (અનુકૂલન) સાધવામાં તેમને મદદરૂપ થવું.
- વ્યક્તિત્વનાં સંતુલિત વિકાસ માટેની અને તેમાં ઊભી થતી સમસ્યાઓ ઉકેલવા માટેની સમજ તેમને આપવી.
- તેમની, સમસ્યા ઉકેલવાની ક્ષમતાનો વિકાસ કરવો.
- હકારાત્મક રીતે જીવવા માટે અને તેના વર્તનોમાં અપેક્ષિત પરિવર્તન લાવવા માટેની તેની ક્ષમતા અને આવડતોનો વિકાસ કરવા માટે.
- તેઓ નિઃસંકોચ અને સહજ રીતે પોતાની લાગણીઓ વ્યક્ત કરવાની ક્ષમતા વિકસાવે તે માટે.
- તેઓ સ્વયંને અને અન્ય લોકોને ઓળખવા માટેની શક્તિઓ વિકસાવે તે માટે.
- તેઓ અન્ય લોકો સાથે સાર્થક અને તંદુરસ્ત સંબંધ વિકસાવી શકે તે માટે.

ઉપરોક્તમાંથી જુદાં જુદાં હેતુઓ પૂર્ણ કરવા માટે પરામર્શકે વિવિધ કાર્યો કરવા પડે છે. તેમાંથી એક કાર્ય છે અક્ષમ બાળકના માતા-પિતાની મુલાકાત.

## 10.5 અક્ષમ બાળકનાં માતા-પિતાની મુલાકાત

અક્ષમ બાળકનું પરામર્શન કરવા માટે તેની લાક્ષણિકતાઓ અને અક્ષમતા માટેનાં કારણો જાણવા, પરામર્શક માટે આવશ્યક બની જાય છે. તે માટેનો શ્રેષ્ઠ માર્ગ છે તેના માતા-પિતાની મુલાકાત. તેમની

મુલાકાત દ્વારા નીચે જણાવેલ બાબતો અંગેની વિસ્તૃત માહિતી મેળવીને તેનું અસરકારક રીતે પરામર્શન કરી શકાય છે.

- જન્મથી કે જન્મ પછી અક્ષમતા જોવા મળી તેની સ્પષ્ટતા માતા-પિતા પાસેથી મેળવી શકાય છે.
- અક્ષમ બાળક પ્રત્યે માતા-પિતાના વલણોનો સાચો અંદાજ મેળવવા માટે તેમની મુલાકાત લેવી આવશ્યક છે.
- અક્ષમ બાળકનાં યોગ્ય ઉછેર, ઇલાજ અને વિકાસ માતા-પિતાની તૈયારી અને દ્રઢતા જાણવા માટે તેમની મુલાકાત લેવી જરૂરી છે.
- જન્મ પછી જોવા મળેલી અક્ષમતાનાં સંભવિત કારણો અંગેની તપાસ કરવા માટે જે તે સમયની ઘટનાઓ અંગે માતા-પિતા પાસેથી માહિતી મેળવી શકાય છે. ખાસ કરીને માનસિક અક્ષમતાના ઇલાજ અને અક્ષમ બાળકોનાં પરામર્શનનાં સંદર્ભમાં આવી માહિતી ખૂબ ઉપયોગી થાય છે.
- અક્ષમ બાળકનાં સામાન્ય વર્તનો અને દિનચર્યા અંગેની માહિતી મેળવવા માટે માતા-પિતાની મુલાકાત લેવી આવશ્યક બને છે.
- માતા-પિતાના વ્યવહાર સામે અક્ષમ બાળક દ્વારા અપાતા પ્રતિચારો અંગેની સમજ મેળવવા માટે માતા-પિતાની મુલાકાત લેવી જરૂરી છે.
- અક્ષમ બાળકો પ્રત્યેનાં, કુટુંબનાં સભ્યો, સમાજનાં લોકો અને પાડોશીઓનાં વલણો જાણવા માટે માતા-પિતાની મુલાકાત ઉપયોગી બને છે.
- આ લોકો સાથેનાં અક્ષમ બાળકનાં વર્તનો અંગેનો ખ્યાલ મેળવવામાં તેના માતા-પિતા મદદરૂપ થઇ શકે છે.
- અક્ષમ બાળકનું પરામર્શન કરવા માટે તેની સામાજિક-આર્થિક સ્થિતિ જાણવી આવશ્યક છે. તેના વિશેની માહિતી માતા-પિતાની મુલાકાત લઇને મેળવી શકાય છે.
- ઘરમાં બાળકના અભ્યાસ માટે થતાં પ્રયત્નો માંહેની માહિતી માતા-પિતાની મુલાકાત દ્વારા મેળવી શકાય છે.

ઉપરોક્ત માહિતીને આધારે અક્ષમ બાળકનો ઇલાજ કરવા અને તેને સલાહ આપવા માટેની યોગ્ય દિશા નિશ્ચિત કરવામાં પરામર્શકને સરળતા રહે છે. આ માહિતીને આધારે પરામર્શક, નીચે જણાવેલ બાબતો અંગે માતા-પિતાને અસરકાર અને ઉપયોગી માર્ગદર્શન આપી શકે છે.

- અક્ષમ બાળક સાથે કેવો અને કઇ રીતે વ્યવહાર કરવો.
- તેની સુરક્ષા અને સંરક્ષણ માટે કયા પગલાં કરવા.
- તેને કયો, કેટલો અને ક્યારે ખોરાક આપવો.
- તેની સમસ્યાઓ અને અપેક્ષાઓ કઇ રીતે જાણવી.
- તેની પાયાની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે શું કરવું.
- તેની આવડતો અને ક્ષમતાઓ કઇ રીતે ઓળખવી.
- તેની આવડતો અને ક્ષમતાઓનો વિકાસ કરવા માટે કયા પ્રયત્નો કરવા.
- પોતાની ક્ષમતાઓ અને આવડતો અંગેની સમજ બાળકમાં કઇ રીતે વિકસાવવી.
- તેનો, જીવન પ્રત્યેનો અભિગમ કઇ રીતે હકારાત્મક બનાવવો.
- તેના આત્મવિશ્વાસનો વિકાસ કઇ રીતે કરવો.

- કુટુંબની અન્ય વ્યક્તિઓએ બાળકની હાજરીમાં કયા પ્રકારનું વર્તન કરવું.
- કુટુંબની અન્ય વ્યક્તિઓ સામે બાળકની સાથે કયા પ્રકારનું વર્તન કરવું.
- બાળક પાસે કઇ અપેક્ષાઓ રાખવી.
- બાળક પાસેની અપેક્ષાઓ તે પૂર્ણ કરી શકે તે માટે તેને કઇ રીતે મદદરૂપ થવું.
- કઇ રીતે તેનો ઉપચાર કરવો.
- બાળકને કયા પ્રકારની શાળામાં દાખલ કરવો.
- તેનાં સંદર્ભમાં શિક્ષકો સાથે કયા પ્રકારની માહિતીની આપ-લે કરવી.
- તેનાં અભ્યાસમાં કઇ રીતે મદદરૂપ થવું.
- તેને કઇ રમતો રમાડવી.
- બાળક જોડે કઇ પ્રવૃત્તિઓ કરાવવી.
- મા-બાપે, બાળકનાં મિત્ર વર્તુળ જોડે કેવો વ્યવહાર કરવો.
- તેના મિત્ર વર્તુળ સામે તેની જોડે કેવો વ્યવહાર કરવો.
- બાળક માટે કઇ ભૌતિક સુવિધાઓનો વિકાસ કરવો.
- કઇ સરકારી અને બિન સરકારી સંસ્થાઓ અક્ષમ બાળકોનાં વિકાસ અને પુનર્વસનના કાર્યક્રમોનું આયોજન કરે છે.
- આવી સંસ્થાઓ તરફથી કઇ સહાય ઉપલબ્ધ છે.
- કઇ રીતે આવી સંસ્થાઓનો સંપર્ક કરવો વગેરે.

ઉપરોક્ત બાબતો અંગે માર્ગદર્શન આપીને પરામર્શક, માતા-પિતાને બાળકના ઉછેર માટેની સાચી દિશા જણાવી શકે છે.

## 10.6 અક્ષમ બાળકોનાં પરામર્શનનાં સોપાનો

અક્ષમ બાળકોનાં પરામર્શન માટેનાં મુખ્ય સોપાનો નીચે જણાવ્યા મુજબ છે :-

### 10.6.1 અનુસ્થાપન વાર્તાલાપ

સર્વ પ્રથમ બાળકોને પરામર્શન માટે તૈયાર કરવાના હેતુથી તેમને પરામર્શનના હેતુઓ અને મહત્ત્વ અંગેની સમજ આપવામાં આવે છે. તે માટે અનુભવી અને પ્રશિક્ષિત પરામર્શક તેમની સાથે વાતચીત અને ચર્ચા કરે છે. તેને વિશ્વાસમાં લે છે. પરામર્શક મુક્ત વાતાવરણનું નિર્માણ કરે છે અને બાળકને પરામર્શન માટે માનસિક રીતે તૈયાર કરે છે.

### 10.6.2 પ્રાથમિક સાક્ષાત્કાર

એકવાર અક્ષમ બાળક તેની સમસ્યાના સંદર્ભમાં પરામર્શન મેળવવા માટે તૈયાર થઇ જાય પછી પરામર્શક, સાક્ષાત્કાર કરીને તેની અક્ષમતાની તીવ્રતા જાણવાનો પ્રયત્ન કરે છે. તેના કારણે ઊભી થતી વ્યક્તિગત સમસ્યાઓ જાણવાનો પ્રયત્ન કરે છે. તે મુક્ત વાતાવરણમાં બાળક સાથે અનૌપચારિક સંવાદ કરે છે. તે બાળકની ક્રિયાઓ, વર્તનો અને પ્રવૃત્તિઓનું અવલોકન કરે છે. પરામર્શક તેની અક્ષમતાની તીવ્રતા અને સમસ્યાઓની નોંધ કરે છે. બાળકની નબળાઇઓ સમજવાનો પ્રયત્ન કરે છે. પછી તે વિશ્લેષણ કરીને બાળકની મુખ્ય સમસ્યા સમજવાનો પ્રયત્ન કરે છે.

અહીં પરાવર્શક બાળકોની ક્ષમતાઓ અને વિશિષ્ટ આવડતોને પણ સમજવાનો પ્રયત્ન કરે છે. તેનાં રસનાં ક્ષેત્રો, તેની પસંદગીની રમતો, તેને મનગમતા વિષયો, તેને ગમતા લોકો, તેને ગમતી વસ્તુઓ, તેને ગમતા ટેલિવીઝન કાર્યક્રમો, તેની ઇચ્છાઓ, તેના પસંદગીના શિક્ષકો, મિત્રો અને કુટુંબીજનો,

તેની આકાંક્ષાઓ અને કુટુંબમાં તેની પરિસ્થિતિ અંગે માહિતી મેળવવાનો પ્રયત્ન પણ આ તબક્કે કરવામાં આવે છે. પરામર્શક આવી તમામ બાબતોની નોંધ રાખે છે.

### 10.6.3 અવલોકન

બાળક અંગેની સૂક્ષ્મ માહિતી મેળવવા માટે પરામર્શક બાળકનું તટસ્થ અવલોકન કરે છે. ઘરે, શાળામાં, મેદાન પર બાળકની પ્રવૃત્તિઓનું સૂક્ષ્મ અવલોકન કરે છે. તેના વર્તનો, ક્રિયાઓ અને અન્ય સાથેના વ્યવહારોની તે નોંધ કરે છે. સાક્ષાત્કાર દ્વારા મળેલી માહિતીને પૂરક માહિતી મેળવવાનો અહીં પ્રયત્ન કરવામાં આવે છે.

### 10.6.4 માતા-પિતાની મુલાકાત

આ તબક્કો પરામર્શક બાળકનાં માતા-પિતાની મુલાકાત લે છે. તેમની પાસેથી તે બાળક અંગેની નીચે જણાવેલી માહિતી મેળવે છે.

– અક્ષમતાની શરૂઆત ક્યારથી થઇ.
– મા-બાપનું બાળક પ્રત્યેનું વલણ
– બાળકનાં ઉછેરની રીત
– જન્મ પછી અક્ષમતા માટેનાં સંભવિત કારણો અંગેની તપાસ કરવા માટે જે તે સમયની ઘટનાઓ અંગેની માહિતી
– બાળકનાં સામાન્ય વર્તનો અંગેની માહિતી
– મા-બાપનો બાળક સાથેનો વ્યવહાર
– મા-બાપના વ્યવહાર સામેના બાળકના પ્રતિચારો
– કુટુંબીજનો, સમાજનાં લોકો અને પાડોશીઓનાં અક્ષમ બાળક પ્રત્યેનાં વલણો અને તેની સાથેના વર્તનો
– અક્ષમ બાળકનાં આ લોકો સાથેનાં વર્તનો
– બાળકની માતા-પિતા પાસેની અપેક્ષાઓ
– બાળકના મા-બાપની સામાજિક-આર્થિક સ્થિતિ
– બાળકની વિશિષ્ટ ટેવો
– બાળકને ઘરમાં મળતી સુવિધાઓ અને સહકાર
– બાળકની દિનચર્યા અને અભ્યાસ ટેવો

### 10.6.5 શિક્ષકની મુલાકાત

આ તબક્કે પરામર્શક બાળકનાં શિક્ષકની મુલાકાત લે છે. તેમની પાસેથી તે બાળક અંગેની નીચે જણાવેલી માહિતી મેળવે છે :-

– બાળક પ્રત્યે શિક્ષકનું વલણ
– શાળામાં અને વર્ગખંડમાં અક્ષમ બાળકનાં વર્તનો અંગેની માહિતી
– બાળક સાથે શિક્ષકનો વ્યવહાર
– શિક્ષક સાથે બાળકનો વ્યવહાર
– શાળાના કર્મચારીઓ અને અન્ય બાળકોનાં અક્ષમ બાળકો પ્રત્યેનાં વલણો
– આ લોકોનો બાળક સાથેનો વ્યવહાર

- અક્ષમ બાળકનો આ લોકો સાથેનો વ્યવહાર
- બાળકની રૂચિ અને વિશિષ્ટ ટેવો
- બાળકની શિક્ષક અને શાળા પાસેની અપેક્ષાઓ
- બાળકને શાળામાંથી મળતી સહાય અને સહકાર
- અક્ષમ બાળકો માટે શાળામાં ઉપલબ્ધ સુવિધા
- અધ્યયનમાં બાળકની રૂચિ, તેની અધ્યયન ક્ષમતા અને તેનો શૈક્ષણિક વિકાસ
- તેની સાંવેગિક પરિસ્થિતિ
- સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં બાળકની રૂચિ અને સહભાગીદારિતા
- બાળકની વિશિષ્ટ ક્ષમતા અને રૂચિ

**10.6.6 પાર્શ્વચિત્ર / પ્રોફાઈલની રચના**

બાળકનાં સાક્ષાત્કાર, અવલોકન તથા માતા-પિતા અને શિક્ષકની મુલાકાતને આધારે બાળકો અંગે મેળવવામાં આવેલી માહિતીનું વિશ્લેષણ કરીને પરામર્શક આ તબક્કે બાળકનું પ્રોફાઈલ તૈયાર કરે છે. જેમાં બાળકની ક્ષમતા, નબળાઈ, અપેક્ષા, રસનાં ક્ષેત્રો, તેને ગમતી અને ન ગમતી વસ્તુઓ, તેનાં સામાન્ય વલણો, ચોક્કસ પરિસ્થિતિમાં તેનાં વલણો, તેની દિનચર્યા, તેની અભ્યાસ ટેવો, તેનાં મિત્રો, તેની સામાજિકતા, સમસ્યાઓ વગેરેની વ્યવસ્થિત રીતે નોંધ કરવામાં આવે છે. ઉપરાંત પરામર્શક વિવિધ સ્રોતો દ્વારા મેળવાયેલી માહિતીનું સૂક્ષ્મ વિશ્લેષણ કરીને લોકો સાથેના બાળકના વ્યવહારોના તરાહની નોંધ પણ પ્રોફાઈલમાં કરે છે.

**10.6.7 આત્મબોધ**

આ તબક્કે પરામર્શક બાળક સાથે રૂબરૂમાં ચર્ચા કરે છે. જેમાં તેનાં હકારાત્મક પાસાંઓ વિશે તેને ખ્યાલ આપવામાં આવે છે. આવી ચર્ચામાં તેની અક્ષમતાને બાજુએ રાખીને તેની ક્ષમતાઓને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. તેની ક્ષમતાઓ વિશેના તેના મા-બાપ, શિક્ષકો અને અન્ય લોકોના પ્રતિભાવોની તેને જાણ કરવામાં આવે છે. અક્ષમતાને કારણે પડતી મુશ્કેલીઓને દૂર કરવા અથવાં ઓછી કરવા માટેના ઉપાયો સૂચવવામાં આવે છે. લોકો સાથેના તેના વ્યવહારો અંગેની સ્પષ્ટતા તેની સામે કરવામાં આવે છે. તેની અપેક્ષાઓના સંદર્ભમાં તેના વ્યવહારોની વિશ્લેષણાત્મક રજૂઆત તેની સામે કરવામાં આવે છે. તેને પડતી મુશ્કેલીઓમાંથી બહાર નીકળવાના માર્ગો સૂચવવામાં આવે છે. શિક્ષકો અને મા-બાપની તેની પાસેની અપેક્ષાઓ અંગે સ્પષ્ટતા કરીને બાળકને તે અપેક્ષાઓ પૂરી કરવા માટેના માર્ગો સૂચવવામાં આવે છે. તે માર્ગ પર કઇ રીતે આગળ વધવું તેના વિશેની સ્પષ્ટ સમજ આવીને તેના સંદર્ભમાં બાળકના મનમાં ઉદ્ભવતા કોઇ પણ પ્રશ્નની સ્પષ્ટતા કરવામાં આવે છે.

**10.6.8 પ્રોત્સાહન**

શાળા, માતા-પિતા, શિક્ષક અને સરકાર દ્વારા અક્ષમ બાળકોના શિક્ષણ અને સશક્તિકરણ માટે કરવામાં આવતાં પ્રયત્નો અને કાર્યક્રમો અંગેની સમજ બાળકને આપવામાં આવે છે. શાળા, સરકાર, સમાજ અને બિનસરકારી સંગઠનો દ્વારા અપાતી સહાય અંગે માહિતગાર કરીને બાળકને તેના ભાવિ જીવન માટે આયોજન કરવાની સમજ આપવામાં આવે છે. બાળકને તેના જીવનની મહત્ત્વની બાબતો અંગેનો ખ્યાલ પણ આ તબક્કે આપવામાં આવે છે. તેની હકારાત્મક બાબતો, ક્ષમતાઓ, આવડતો, અને ભાવિ તકો વિશે તેને સ્પષ્ટ ખ્યાલ આપીને હવે તેને અભ્યાસલક્ષી અને જીવનલક્ષી પ્રવૃત્તિઓ આત્મવિશ્વાસ સાથે કરવા માટેનું પ્રોત્સાહન આપવામાં આવે છે. ભૂતકાળમાં તેણે કરેલાં હકારાત્મક કાર્યો યાદ કરાવીને તે કાર્યો વધુ અસરકારકતાં સાથે કરવા માટે તેને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

તેના રસના વિષયોમાં રહેલી તકો વિશે તેને સમજ આપવામાં આવે છે. તેની અભ્યાસ સંબંધી મર્યાદાઓ દૂર કરવા માટેનાં રસ્તા સૂચવીને તેને તમામ પ્રકારની મદદ કરવાની ખાત્રી અપાય છે.

**10.6.9 અનુકાર્ય**

આ તબક્કે પરામર્શક તેના પરામર્શન કાર્યનું મૂલ્યાંકન કરે છે. તેના કાર્યમાં તેને મળેલી સરળતા અને નિષ્ફળતાનો અંદાજ મેળવે છે. તે તપાસ કરે છે કે બાળક કેટલી હદે તેના પરામર્શનનું અનુસરણ કરે, તેના આત્મવિશ્વાસ અને વર્તનોમાં પરિવર્તન જોવા મળે છે કે નહીં, તે પોતાની અક્ષમતાને અવગણીને હકારાત્મક કાર્યો કરવા માટેના પ્રયત્નો કરે છે કે નહીં, તેની સામાજિકતાનો વિકાસ થયો છે કે નહીં, તે અભ્યાસ પ્રત્યે વધુ જવાબદાર બન્યો છે કે નહીં, તે શાળાની પ્રવૃત્તિઓમાં વધુ રસ દાખવે છે કે નહીં. પરામર્શક, શાળામાં બાળકનાં વર્તનોનું અવલોકન કરે છે, સહઅધ્યાયીઓ અને મા-બાપની મુલાકાત લઇને બાળક વિશેની માહિતી મેળવે છે. બાળકનાં મિત્રો પાસેથી તેના વિશે માહિતી મેળવે છે. પરામર્શન પછી બાળકનાં વર્તનોમાં આવેલા પરિવર્તનો અંગેની માહિતી મેળવે છે. જો બાળકનાં વર્તનમાં ઉલ્લેખનીય પરિવર્તનો આવ્યા હોય તો પરામર્શકનું કામ અહીં પૂરું થાય છે. પરંતુ જો હજુ પણ બાળકમાં તેની અક્ષમતાને લઇને કોઇ લઘુતાગ્રંથિ દેખાતી હોય અથવાં તેના વર્તનમાં ખામી રહી ગઇ હોય તો તેને દૂર કરવા માટે પરામર્શક ફરીથી પરામર્શનના તમામ સોપાનોનું અનુસરણ કરે છે.

## 10.7 સારાંશ

આ એકમમાં પરામર્શનનો અર્થ અને તેના લક્ષણો સહિત અક્ષમ બાળકોનાં પરામર્શનનાં હેતુઓની સ્પષ્ટતા કરવામાં આવી છે. ઉપરાંત આવાં બાળકોના પરામર્શનમાં તેમનાં મા-બાપની મુલાકાતની ઉપયોગિતા અંગે ચર્ચા કરીને અક્ષમ બાળકોનાં પરામર્શનનાં સોપાનોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ સમગ્ર માહિતી અક્ષમ બાળકોનાં પરામર્શનમાં ઉપયોગી સાહિત થશે.

## 10.8 તમારી પ્રગતિ ચકાસો

**1. પરામર્શનનો અર્થ સમજાવો.**

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

**2. પરામર્શનનાં લક્ષણો સમજાવો.**

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

**3. અક્ષમ બાળકોનાં પરામર્શનનાં હેતુઓ સમજાવો.**

.................................................................................

.................................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

4. અક્ષમ બાળકનાં પરામર્શન માટે માતા-પિતાની મુલાકાતનું મહત્ત્વ જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

5. અક્ષમ બાળકોનાં પરામર્શનનાં સોપાનો સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

# એકમ 11 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં સહયોગ

## : રૂપરેખા :

**11.0 પ્રસ્તાવના**

**11.1 ઉદ્દેશો**

**11.2 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા**

**11.3 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં માતા-પિતાની ભૂમિકા**

**11.4 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં સહાધ્યાયીની ભૂમિકા**

**11.5 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં શાળાની ભૂમિકા**

**11.6 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં સમુદાયની ભૂમિકા**

**11.7 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં સરકારની ભૂમિકા**

**11.8 સારાંશ**

**11.9 તમારી પ્રગતિ ચકાસો**

### 11.0 પ્રસ્તાવના

ભારતમાં, પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધારવા માટે 'પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ'થી માંડીને 'શિક્ષણના અધિકાર', 'સર્વશિક્ષા અભિયાન', 'રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન', 'મધ્યાહન ભોજના યોજના' સહિતની અનેક યોજનાઓ, કાર્યક્રમો અને નીતિઓની જાહેરાત થતી રહી છે. આવી તમામ યોજનાઓ, કાર્યક્રમો અને નીતિઓના અમલ માટેના પ્રયત્નો સરકાર તરફથી થાય છે. તેમના અસરકારક અમલીકરણ માટેના માર્ગદર્શક સૂચનો પણ શાળાઓ અને શિક્ષણ સાથે સંકળાયેલી સંસ્થાઓ સહિત સમાજ અને વાલીઓને આપવામાં આવે છે. શિક્ષણ સાથે સંકળાયેલ વિવિધ સત્તા મંડળો, સ્થાનિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણનાં સાર્વત્રિકરણ માટે થતી પ્રવૃત્તિઓનું નિયમન અને સંકલન કરવાનું કામ કરે છે. જો ખરેખર શિક્ષણનો વ્યાપ વધારવો હોય તો અક્ષમ, શિક્ષણથી વંચિત તથા શિક્ષણની વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકોનાં શિક્ષણનો વ્યાપ વધારવો આવશ્યક બની જાય છે. આવાં તમામ બાળકોને પ્રાથમિક અને માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ, સમાવેશક શિક્ષણ વ્યવસ્થામાં મળી રહે અને તેમનો સર્વાંગીણ વિકાસ થાય, તે માટે શિક્ષકો અને વાલીઓ ખૂબ મોટી ભૂમિકા ભજવી શકે છે. કઇ રીતે ? તેના સંદર્ભમાં આપણે પ્રસ્તુત પ્રકરણમાં ચર્ચા કરીશું.

### 11.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે અક્ષમ બાળકોનાં શિક્ષણમાં શિક્ષક, માતા-પિતા, સહઅધ્યાયી, શાળા, સમુદાય અને સરકારની ભૂમિકા સૂચવી શકશો.

### 11.2 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા

આમ તો આપણે વિવિધ પ્રકારનાં બાળકોનાં શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા અંગે અગાઉના કેટલાંક પ્રકરણોમાં વિસ્તૃત ચર્ચા કરી છે. તેમ છતાં સમાવેશક શાળામાં તમામ પ્રકારના વિશિષ્ટ બાળકોનાં અસરકારક શિક્ષણમાં શિક્ષકની કેટલીક સામાન્ય ભૂમિકા નીચે મુજબ વર્ણવી શકાય.

– બાળકની અક્ષમતાના પ્રકાર અને તીવ્રતા અંગેની સંપૂર્ણ માહિતી શિક્ષક પાસે હોવી જોઈએ.

– શિક્ષકે વાલીઓ પાસેથી આવી માહિતી મેળવવી જોઈએ.

– જરૂર જણાય તો બાળકના ચિકિત્સક પાસેથી આવી માહિતી મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

- ખાસ કરીને માતા-પિતા પાસેથી અક્ષમ બાળકના સંદર્ભમાં નીચે જણાવેલ કેટલીક અગત્યની માહિતી મેળવી લેવી જોઈએ.
  - અક્ષમતા ક્યારથી છે ? જન્મથી કે જન્મ પછીથી ?
  - જન્મ પછી અક્ષમતાનો વિકાસ થયો હોય તો તેનાં કારણો. (જો વાલીને તેના વિશે ખબર હોય તો.)
  - અક્ષમ બાળક પ્રત્યેનું માતા-પિતાનું વલણ
  - અક્ષમ બાળકનાં યોગ્ય ઉછેર, ઇલાજ અને શૈક્ષણિક વિકાસ માટેની માતા-પિતાની તૈયારી
  - ઘરમાં અક્ષમ બાળકનો વ્યવહાર અને સામાન્ય વર્તનો
  - મા-બાપનો બાળક સાથેનો વ્યવહાર
  - મા-બાપના વ્યવહાર સામે અક્ષમ બાળક દ્વારા અપાતા પ્રતિચારો
  - કુટુંબીજનો અને પાડોશીઓનાં અક્ષમ બાળકો પ્રત્યેનાં વલણો
  - સગાં સંબંધીઓનાં અક્ષમ બાળકો પ્રત્યેનાં વલણો
  - અક્ષમ બાળકનાં આ લોકો સાથેનાં વર્તનો
  - કુટુંબની સામાજિક-આર્થિક સ્થિતિ
  - મા-બાપની શૈક્ષણિક લાયકાત અને વ્યવસાય
  - ઘરમાં બાળકના અભ્યાસ માટેની સુવિધાઓ અને સહકાર
  - જો બાળનો ઇલાજ ચાલતો હોય તો તેની સંપૂર્ણ માહિતી
- ઉપરોક્ત માહિતી મેળવીને શિક્ષકે અક્ષમ બાળક સાથે એક પરામર્શક અને માર્ગદર્શકની રીતે વ્યવહાર કરવો જોઈએ.
- બાળકની અક્ષમતાને ધ્યાનમાં રાખીને વર્ગખંડમાં તેને બેઠક ફાળવવી જોઈએ.
- અધ્યાપન દરમિયાન અક્ષમ બાળકો પર વિશેષ વ્યક્તિગત ધ્યાન આપવું જોઈએ.
- અક્ષમ બાળકની વિશિષ્ટ ક્ષમતાઓની તપાસ કરવી જોઈએ.
- બાળકની અભિયોગ્યતાની તપાસ કરવી જોઈએ.
- તેની અભિયોગ્યતા અને વિશિષ્ટ ક્ષમતાનો વિકાસ કરવા માટે યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.
- શાળા અને વર્ગખંડમાં અન્ય બાળકો વચ્ચે અક્ષમ બાળકની સ્વીકૃતિ વધે તે માટેનું પ્રેરક વાતાવરણ શિક્ષકે સર્જવું જોઈએ.
- વર્ગખંડમાં સહકારી અધ્યયન માટેનું પ્રેરક વાતાવરણ સર્જવું જોઈએ.
- દરેક અક્ષમ બાળકનાં અધ્યયનમાં મદદરૂપ થવાં માટેની જવાબદારી કોઈ સામાન્ય બાળકને સોંપવી
- સહયોગી સામાન્ય બાળક પાસેથી, નિશ્ચિત સમયાંતરે અક્ષમ બાળકનાં અભ્યાસ અંગેની માહિતી મેળવવી જોઈએ.
- સહયોગી બાળકને મદદરૂપ થવાં માટે, અક્ષમ બાળકને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.
- અધ્યાપન દરમિયાન અક્ષમ બાળકોને અનુરૂપ શૈક્ષણિક સાધનો અને શૈક્ષણિક ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઈએ.
- અક્ષમ બાળકોને ધ્યાનમાં રાખીને શૈક્ષણિક પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ.

– બાળકોની અક્ષમતાને ધ્યાનમાં રાખીને ગૃહકાર્ય આપવું જોઈએ.

– અક્ષમ બાળકની વ્યક્તિગત શાળાકીય અને શૈક્ષણિક સમસ્યાઓ વ્યક્તિગત ધોરણે જાણીને તે દૂર કરવા માટેના પ્રયત્નો કરવા જોઈએ.

– નિષ્ણાતોની સલાહ લઈને અક્ષમ બાળકો સાથે યોગ્ય વ્યવહાર કરવો જોઈએ.

– શાળાના તમામ શિક્ષકોએ ચર્ચા કરીને અક્ષમ બાળકોનાં શિક્ષણ માટેની યોગ્ય માર્ગદર્શિકા, શાળા કક્ષાએ તૈયાર કરવી જોઈએ.

– આ માર્ગદર્શિકા મુજબ અક્ષમ બાળકો સાથે વ્યવહાર કરવો જોઈએ.

– શાળાના તમામ શિક્ષકોએ નિશ્ચિત સમયાંતરે અક્ષમ બાળકોનાં શિક્ષણના સંદર્ભમાં વિચારોની આપ-લે કરવી જોઈએ.

– અક્ષમ બાળકોનાં શિક્ષણને અસરકારક બનાવવા માટે તમામ શિક્ષકોએ એકબીજાંને સંપૂર્ણ સહકાર આપવો જોઈએ.

– વિવિધ સમાવેશક શાળાના શિક્ષકોનું જૂથ બનાવવું જોઈએ. જૂથના તમામ શિક્ષકોએ નિશ્ચિત સમયાંતરે અક્ષમ બાળકોનાં શિક્ષણનાં સંદર્ભમાં ચર્ચા કરવા માટે એકઠા થવું જોઈએ. જેમાં અક્ષમ બાળકોનાં શિક્ષણના સંદર્ભમાં થયેલાં અનુભવો વહેંચવા જોઈએ. તેમણે અનુભવેલી સમસ્યાનો ઉકેલ મેળવવામાં એકબીજાંને મદદરૂપ થવું જોઈએ.

– વર્ગખંડમાં અક્ષમ બાળકોને પડતી વિશિષ્ટ મુશ્કેલીઓ અંગેની જાણ, શાળા વ્યવસ્થાપકોને યોગ્ય સમયે કરવી જોઈએ.

– અક્ષમ બાળકો સાથે વાતચીત કરવા માટે કોઈ વિશિષ્ટ સાંકેતિક ભાષાનો ઉપયોગ કરવો આવશ્યક હોય તો તેનું સામાન્ય જ્ઞાન શિક્ષકે મેળવી લેવું જોઈએ. (જેમ કે અંધ બાળકો માટેની બ્રેઈલ લિપિ, બહેરાં-મૂંગા બાળકો માટેની સાંકેતિક ભાષા)

– અક્ષમ બાળકોને ઉપચારાત્મક શિક્ષણ આપવા માટે વધારાનો સમય ફાળવવો જોઈએ. તે માટેની વ્યવસ્થા શાળા કક્ષાએ થવી જોઈએ.

– અક્ષમ બાળકો માટે સરકાર તરફથી જાહેર થતી સહાય અંગેની સંપૂર્ણ માહિતી શિક્ષકે મેળવવી જોઈએ.

– સમાવેશક અને અક્ષમ બાળકોનાં શિક્ષણ અંગે યોજાતા સરકારી પરિસંવાદો અને કાર્યશિબિરોમાં શિક્ષકે સક્રિય રીતે ભાગ લેવો જોઈએ.

– આવાં કારક્રમોમાં અક્ષમ બાળકોનાં શિક્ષણનાં સંદર્ભમાં હકારાત્મક સૂચનો રજૂ કરવા જોઈએ. ઉપરાંત તેમના શિક્ષણનાં સંદર્ભમાં અનુભવેલી સમસ્યાઓ પણ સ્પષ્ટ રીતે રજૂ કરવી જોઈએ.

– અક્ષમ બાળકોનાં શિક્ષણ અંગેની સરકારી નીતિઓનો અસરકારક અમલ કરવા માટે શાળા વ્યવસ્થાપકને મદદરૂપ થવું જોઈએ.

– શાળા વ્યવસ્થાપકો સરકારી નીતિઓનો અમલ કરવા પ્રત્યે ગંભીર ન જણાય તો તેની માહિતી ઉપલા અધિકારીઓ અને સરકાર સુધી પહોંચાડવા માટેના પ્રયત્નો કરવા જોઈએ.

– અક્ષમ બાળકનાં શિક્ષણમાં સહકાર મેળવવા માટે શિક્ષકે નીચે જણાવેલ બાબતોથી મા-બાપને વાકેફ રાખવા જોઈએ.

  ♦ અક્ષમ બાળકોનાં શિક્ષણ માટે શાળામાં કરવામાં આવેલાં આયોજન (સાપ્તાહિક, માસિક, અર્ધ વાર્ષિક અને વાર્ષિક) અંગેની માહિતી.

  ♦ અક્ષમ બાળકનાં શિક્ષણ માટે મા-બાપ પાસેથી કરવામાં આવેલી અપેક્ષાઓ.

- બાળકની વિશિષ્ટ ભૌતિક જરૂરિયાતો.
- બાળકની મા-બાપ પાસેથી અપેક્ષાઓ.
- અક્ષમ બાળકોનાં શિક્ષણ માટે શાળામાં ઉપલબ્ધ સગવડો.
- અક્ષમ બાળકનાં શિક્ષણ માટે સરકારની સહાયક યોજનાઓ.
- અક્ષમ બાળકોનાં શિક્ષણ માટેની સરકારી નીતિઓ.
- અક્ષમ બાળકોનાં શિક્ષણમાં મદદરૂપ થતી બિન સરકારી સંસ્થાઓ વિશેની વિગતો.
- સમાન પ્રકારની અક્ષમતા ધરાવતાં અન્ય બાળકોનાં વાલીઓનો સંપર્ક કરી શકાય તે માટેની આવશ્યક વિગતો.
- અક્ષમ બાળકની વિશિષ્ટ ક્ષમતા અને અભિયોગ્યતા.
- અક્ષમ બાળકની વિશિષ્ટ ક્ષમતાનો વિકાસ કરવા માટેની અને તેનો હકારાત્મક ઉપયોગ કરવા માટેની રીતે.

– સમાન પ્રકારની અક્ષમતા ધરાવતાં બાળકોનાં વાલીઓ નિયમિત સમયાંતરે એકબીજાંને મળે તે માટેનાં પ્રયત્નો શિક્ષકે, શાળા વ્યવસ્થાપકોની મદદથી કરવા જોઈએ.

– અક્ષમ બાળકોનાં અભ્યાસમાં મદદરૂપ થવાં માટે સ્થાનિક સમુદાયના લોકોને તૈયાર કરવા જોઈએ.

## 11.3 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં માતા-પિતાની ભૂમિકા

સમાવેશક શિક્ષણ વ્યવસ્થામાં અક્ષમ બાળકોનાં અસરકારક શિક્ષણ માટે વાલીએ નીચે જણાવેલ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.

– બાળકની અક્ષમતાના પ્રકાર અને તીવ્રતા અંગેની સંપૂર્ણ માહિતી શિક્ષકને આપવી જોઈએ.

– બાળકની દિનચર્યા અંગેની માહિતી શિક્ષકને આપવી જોઈએ.

– ઘરમાં બાળકનાં વ્યવહાર અને વર્તનો અંગેની માહિતી શાળા અને શિક્ષકોને પૂરી પાડવી જોઈએ.

– બાળકની અક્ષમતાને ધ્યાનમાં રાખીને તેની પાસેની અપેક્ષાઓ યોગ્ય સ્તરે નિશ્ચિત કરવી જોઈએ.

– બાળકની વિશિષ્ટ ભૌતિક જરૂરિયાતો પૂર્ણ કરવી જોઈએ.

– શિક્ષક પાસેથી બાળકની શૈક્ષણિક પ્રગતિ અંગેની માહિતી મેળવતા રહેવું જોઈએ.

– અક્ષમ બાળકોનાં શિક્ષણ માટે શાળાએ કરેલ આયોજન (સાપ્તાહિક, માસિક, અર્ધ વાર્ષિક અને વાર્ષિક) અંગેની માહિતી મેળવવી જોઈએ.

– અક્ષમ બાળકનાં શિક્ષણ માટે, શાળા અને શિક્ષકોની મા-બાપ પાસેની અપેક્ષાઓ જાણીને તે પૂરી કરવાનો પ્રયત્નો કરવો જોઈએ.

– મા-બાપે જે અપેક્ષાઓ પૂરી કરી શકે તેમ ન હોય તે અંગેની જાણ શિક્ષકોને કરવી જોઈએ.

– બાળકની મા-બાપ પાસેથી અપેક્ષાઓ જાણીને તે પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

– મા-બાપે ઘરમાં બાળકનાં અભ્યાસ માટે દરરોજ ચોક્કસ સમય ફાળવવો જોઈએ.

– અક્ષમ બાળકોનાં શિક્ષણ અંગે શાળામાં ઉપલબ્ધ સગવડો અંગેની માહિતી મા-બાપ પાસે હોવી જોઈએ.

- અક્ષમ બાળકનાં શિક્ષણ માટે સરકારની સહાયક યોજનાઓ અને નીતિઓ અંગેની માહિતી મા-બાપ પાસે હોવી જોઈએ.
- અક્ષમ બાળકોનાં શિક્ષણમાં મદદરૂપ થતી બિન સરકારી સંસ્થાઓ અંગેની માહિતી તેમની પાસે હોવી જોઈએ.
- અક્ષમ બાળકોનાં શિક્ષણ માટે સરકાર અને અન્ય સંસ્થાઓ પાસેથી મળતી સહાય મેળવવાનો યથાયોગ્ય પ્રયત્નો કરવા જોઈએ.
- સમાન પ્રકારની અક્ષમતા ધરાવતાં, અન્ય બાળકોનાં વાલીઓનાં સંપર્કમાં રહેવું જોઈએ.
- પોતાના બાળકની વિશિષ્ટ ક્ષમતા જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ.
- તેની વિશિષ્ટ ક્ષમતાનો હકારાત્મક ઉપયોગ અને વિકાસ કરવા માટેની રીતો જાણવા અને સમજવા માટે નિષ્ણાતોની સલાહ લેવી જોઈએ અને તેનો અમલ કરવો જોઈએ.
- શિક્ષણ માટે બાળકને સતત પ્રોત્સાહન આપવું જોઈએ.
- શાળામાં પોતાના બાળકની પ્રગતિ અંગેની માહિતી મેળવવા માટે તેને સહકાર આપતાં અન્ય બાળકનો સંપર્ક કરતા રહેવું જોઈએ.
- અક્ષમ બાળક સાથે વાત કરવા માટે કોઇ સાંકેતિક ભાષા વાપરવી પડે તેમ હોય તો તેનું સંપૂર્ણ જ્ઞાન માતા-પિતાએ મેળવી લેવું જોઈએ. (જેમ કે અંધ બાળકો માટેની બ્રેઇલ લિપિ, બહેરાં-મૂંગા બાળકો માટેની સાંકેતિક ભાષા)

## 11.4 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં સહાધ્યાયીની ભૂમિકા

સમાવેશક શિક્ષણ વ્યવસ્થામાં અક્ષમ બાળકોનાં શિક્ષણનાં સંદર્ભમાં તેમના સહઅધ્યાયીઓએ નીચે જણાવેલ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.

- સહઅધ્યાયીઓએ અક્ષમ બાળકો સાથે સહકારી અધ્યયન કરવું જોઈએ.
- સહકારી અધ્યયનમાં અક્ષમ બાળકોને તેમની ક્ષમતા મુજબનું કાર્ય સોંપવું જોઈએ. તે કાર્ય પૂર્ણ કરવામાં અન્ય બાળકોએ યથાયોગ્ય મદદ કરવી જોઈએ.
- સહઅધ્યાયીઓએ અક્ષમ બાળકોની વિષયવસ્તુ સંબંધી સમસ્યાઓ દૂર કરવામાં તેમને મદદ કરવી જોઈએ.
- અક્ષમ બાળકો સાથે આંતરક્રિયા કરવા માટે આવશ્યક કૌશલ્યો સહઅધ્યાયીઓએ વિકસાવવા જોઈએ. જેમ કે બ્રેઇલ લિપિ વાંચવા માટેનું કૌશલ્ય અને સાંકેતિક ભાષામાં વાત કરવા માટેનું કૌશલ્ય.
- અક્ષમ બાળકો માટે સ્વ-અધ્યયન સામગ્રી તૈયાર કરવામાં મદદરૂપ થવું જોઈએ. જેમ કે અંધ બાળકો માટે વિષયવસ્તુ આધારિત ઓડીઓનું સી.ડી. અથવાં અન્ય સાધનોમાં રેકોર્ડિંગ કરવું અથવાં બહેરાં બાળકો માટે વર્ગખંડમાં થતી ચર્ચાઓને સાંકળતી નોટ્સ તૈયાર કરવી.
- અક્ષમ બાળકનાં શિક્ષણમાં સહાયક કાર્ય કરવા માટે શિક્ષકો દ્વારા અપાતી સૂચનાઓનું ચુસ્ત પણે પાલન કરવું જોઈએ.
- અક્ષમ બાળકોનો અહમ ન ઘવાય તે રીતે અધ્યયન અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં તેમને મદદરૂપ થવું જોઈએ.
- અક્ષમ બાળકોને સામાજિક સ્વીકૃતિ મળે તે માટેના પ્રયત્નો સહઅધ્યાયીઓએ કરવા જોઈએ.
- શિક્ષકને ખબર ન હોય તેવી, અક્ષમ બાળકોની અધ્યયન સમસ્યાઓથી શિક્ષકને વાકેફ કરવા જોઈએ.

- સહઅધ્યાયી સામાન્ય બાળકોએ અક્ષમ બાળકો સાથે સ્પર્ધામાં ન ઉતરવું જોઈએ.
- અક્ષમ બાળકોની વિશિષ્ટ ક્ષમતાને બિરદાવી જોઈએ અને તેના વિકાસ કરવામાં તેમને મદદરૂપ થવું જોઈએ.
- સહઅધ્યાયીઓએ અક્ષમ બાળકોનું વર્ગકાર્ય પૂરું કરવામાં તેમને મદદરૂપ થવું જોઈએ.
- સહઅધ્યાયીઓએ, જરૂર જણાય તો, અક્ષમ બાળકોનું વર્ગકાર્ય પૂર્ણ કરવા માટે વિશેષ સમય ફાળવવો જોઈએ.

## 11.5 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં શાળાની ભૂમિકા

સમાવેશક શિક્ષણ વ્યવસ્થામાં અક્ષમ બાળકોનાં શિક્ષણ માટે શાળાએ નીચે જણાવેલ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.

- શાળાએ નહીં જતાં અક્ષમ બાળકોની તપાસ કરીને તેમને શાળાએ જવા માટે પ્રોત્સાહિત કરવાં જોઈએ.
- વાલીઓને આવાં બાળકોનાં શિક્ષણ માટે સમજાવવા જોઈએ અને તે માટે દરેક પ્રકારની મદદની ખાત્રી આપવી જોઈએ.
- અક્ષમ બાળકોનાં શિક્ષણ માટે વાલીઓનો સંપૂર્ણ સહયોગ મેળવવા માટેના પ્રયત્નો કરવા જોઈએ.
- શાળામાં નિયમિત સમયાંતરે અક્ષમ બાળકોની દાક્તરી તપાસ થાય તેવા પ્રયત્ન કરવા જોઈએ.
- અક્ષમ બાળકો સાંવેગિક રીતે મજબૂત બને તે માટેના પ્રયત્નો શાળામાં થવાં જોઈએ.
- અક્ષમ બાળકો સરળતાથી અવર-જવર કરી શકે તેવી વ્યવસ્થા શાળામાં ગોઠવવી જોઈએ.
- તેમનો અહમ્ ઘવાય તેવો કોઇપણ વ્યવહાર શાળામાં ન થવો જોઈએ.
- શાળાએ આવાં બાળકોને આર્થિક સહાય પૂરી પાડવી જોઈએ અથવાં તેમને ફીમાં રાહત આપવી જોઈએ.
- પોતાનાં ક્ષેત્રમાં ખૂબ સફળ થઇ હોય તેવી અક્ષમ વ્યક્તિઓની પ્રેરણાદાયક વાતો આવાં બાળકો સમક્ષ રજૂ કરવી જોઈએ.
- શક્ય હોય તો આવી વ્યક્તિઓની શાળામાં મુલાકાત ગોઠવીને તેમના અનુભવો તેમના મુખે જ બાળકો સમક્ષ રજૂ કરાવવા જોઈએ.
- અક્ષમ બાળકોનાં પરામર્શન માટેના કાર્યક્રમો શાળામાં નિયમિત અંતરે ગોઠવવા જોઈએ.
- અક્ષમ બાળકોનાં વાલીઓ માટે પણ નિયમિત સમયાંતરે માર્ગદર્શન અને પરામર્શનના કાર્યક્રમોનું આયોજન શાળામાં થવું જોઈએ.
- આવા બાળકોની વિશિષ્ટ શક્તિ અને અભિયોગ્યતા ઓળખીને તેના વિકાસ માટેની પ્રવૃત્તિઓનું આયોજન શાળામાં થવું જોઈએ.
- અક્ષમ બાળકોને આવી પ્રવૃત્તિઓમાં સાંકળવા માટેના ગંભીર પ્રયત્નો કરવા જોઈએ.
- અક્ષમ બાળકોને સામૂહિક સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં સાંકળીને તેમાં તેમને અનુકૂળ આવે તેવા કાર્યો સોંપવા જોઈએ. જેથી તેમની વિશિષ્ટ ક્ષમતાનો વિકાસ કરી શકાય.
- તેમને સામાજિક આંતરક્રિયા કરવા માટેની તક પૂરી પાડે તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. જેથી તેમને સામાજિક સ્વીકૃતિ મળે અને તેમનો સામાજિક વિકાસ યોગ્ય દિશામાં કરી શકાય.

- અક્ષમ બાળકો માટે મળતી સરકારી સહાય અંગેની સંપૂર્ણ માહિતી શાળાએ મેળવવી જોઈએ. આવી સહાય મેળવવી જોઈએ અને બાળકો સુધી પહોંચાડવી જોઈએ.
- અક્ષમ બાળકોનાં શિક્ષણ માટેની સરકારી નીતિઓનો અસરકારક અમલ કરવો જોઈએ.
- અક્ષમ બાળકોનાં શિક્ષણ માટે આવશ્યક ભૌતિક સુવિધાઓ શાળામાં ઉપલબ્ધ કરાવવી જોઈએ.
- અક્ષમ બાળકો સાથે વાત કરવા માટેનાં આવશ્યક કૌશલ્યો શિક્ષકો કેળવી શકે તે માટે તાલીમી કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ. (જેમ કે બ્રેઇલ લિપિ અને સાંકેતિક ભાષા શીખવા માટેના તાલીમી કાર્યક્રમો)
- અક્ષમ બાળકોનાં શિક્ષણ માટે જરૂરી કૌશલ્યોનાં વિકાસ માટે સરકાર દ્વારા આયોજિત થતાં કાર્યક્રમોમાં શિક્ષકોને મોકલવા જોઈએ. તે માટે તેમને પૂરતી રજા આપવી જોઈએ અને સરકારી નીતિ નિયમો મુજબ ભથ્થાં ચૂકવવા જોઈએ.
- અક્ષમ બાળકોનાં શિક્ષણ માટે જનજાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ. તે માટે શિક્ષકો, વાલીઓ અને શાળાનાં બાળકોને તૈયાર કરવા જોઈએ.
- નજીકની શાળાઓનાં શિક્ષકો અક્ષમ બાળકોનાં શિક્ષણનાં સંદર્ભમાં ચર્ચા કરવા માટે નિશ્ચિત સમયાંતરે એકઠાં થાય તે માટેનાં પ્રયત્નો શાળાએ કરવા જોઈએ.
- અક્ષમતા ન ધરાવતાં સહઅધ્યાયીઓના વાલીઓ તેમના બાળકોને અક્ષમ બાળકોને મદદરૂપ થવાં માટે સહકાર આપે તે માટે શાળાએ આવા વાલીઓને સમજાવવા જોઈએ.
- અક્ષમ બાળકોનાં અભ્યાસમાં મદદરૂપ થવાં માટે સ્થાનિક સમુદાયના લોકોને તૈયાર કરવા જોઈએ.
- સ્થાનિક સમુદાયના લોકોને શાળાની પ્રવૃત્તિઓમાં સાંકળવા જોઈએ.
- શાળાની નજીકના સમુદાયમાં થતી સામાજિક પ્રવૃત્તિઓમાં અક્ષમ બાળકોને સામેલ કરવા જોઈએ. આવા સામાજિક કાર્યક્રમોમાં અક્ષમ બાળકોને તેમની વિશિષ્ટ ક્ષમતા દર્શાવવાની તક મળે તે માટેનાં પ્રયત્નો કરવા જોઈએ. જેથી અક્ષમ બાળકો સામાજિક આંતરક્રિયા કરી શકે અને તેમને સામાજિક સ્વીકૃતિ મળે.
- અક્ષમ બાળકોનાં શિક્ષણ માટે શાળા દ્વારા થતી પ્રવૃત્તિઓ અંગેની જાણ સમુદાયને કરવી જોઈએ અને તેમાં સહભાગી થવાં માટે તેમને પ્રોત્સાહિત અને આમંત્રિત કરવા જોઈએ.
- અક્ષમ બાળકોનાં શિક્ષણ માટે લોકો પાસેથી મળતી સહાયનો સ્પષ્ટ હિસાબ રાખવો જોઈએ અને તેમને તેની જાણ કરવી જોઈએ. જેથી શાળા પ્રત્યે લોકોમાં વિશ્વાસ પેદા થાય અને સમાવેશક શાળાના વિકાસમાં મદદરૂપ થવાં માટે વધુમાં વધુ લોકો આગળ આવે.

## 11.6 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં સમુદાયની ભૂમિકા

સમાજના તમામ બાળકોને શિક્ષણ પૂરું પાડવાની જવાબદારી સરકારની છે. સરકાર તે માટે નીતિઓ ઘડે છે અને તેનો અસરકારક અમલ થાય તે માટેના પ્રયત્નો કરે છે. સરકારના આ કાર્યમાં મદદરૂપ થવાં માટે અનેક ખાનગી સંસ્થાઓ અને સામાજિક સંગઠનો સ્વયંભૂ રીતે આગળ આવે છે. બાળકોને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ આપવા માટે શાળાઓ પણ પ્રયત્ન કરે છે. ઉપરાંત સ્થાનિક સમુદાયના લોકોનો સહકાર શિક્ષણ વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવામાં ઉપયોગી સાબિત થાય છે. અક્ષમ બાળકોના શિક્ષણમાં સ્થાનિક સમુદાયનો સહકાર વધુ ઉપયોગી થઇ શકે છે. તે માટે સમુદાયે નીચે જણાવેલ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- અક્ષમ બાળકોનાં શિક્ષણ માટે નાણાંકીય સહાય પૂરી પાડવી જોઈએ.
- શાળાની પ્રવૃત્તિઓમાં સમુદાયના લોકોએ ભાગ લેવો જોઈએ.

- સામાજિક કાર્યક્રમોમાં શાળાના અક્ષમ બાળકોને આમંત્રવા જોઈએ.
- સમાજની આગેવાન વ્યક્તિઓએ શાળાની મુલાકાત લેવી જોઈએ અને શાળાની પ્રવૃત્તિઓમાં મદદ કરવી જોઈએ.
- અક્ષમ બાળકોનાં વાલીઓને નૈતિક સહકાર આપવો જોઈએ.
- અક્ષમ બાળકોનું પરામર્શન કરી શકે તેવી સમુદાયની વ્યક્તિઓએ શાળાને મદદરૂપ થવું જોઈએ.
- આવી વ્યક્તિઓએ, અક્ષમ બાળકોનાં વાલીઓ માટે શાળા દ્વારા યોજાતા સલાહ અને માર્ગદર્શન માટેના કાર્યક્રમોમાં સક્રિય સહકાર આપવો જોઈએ.
- અક્ષમ બાળકો માટે સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે સમુદાયના સાર્વજનિક મકાન અને સ્થળોનો ઉપયોગ કરવા માટેની મંજૂરી આપવી જોઈએ.
- અક્ષમ બાળકોને સામાજિક સ્વીકૃતિ મળે તે માટેના પ્રયત્નો કરવા જોઈએ.
- અક્ષમ બાળકોનો અહમ્ ઘવાય તેવા કોઇ પણ વ્યવહાર સમુદાયના લોકોએ ન કરવો જોઈએ.
- શાળા વ્યવસ્થાપન સમિતિમાં સામેલ સમુદાયના સભ્યોએ તેની તમામ પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવો જોઈએ.
- જાહેર સ્થળોએ અક્ષમ બાળકોને કોઇ મુશ્કેલી ન પડે તે માટે સમુદાયના લોકોએ ધ્યાન રાખવું જોઈએ.

## 11.7 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં સરકારની ભૂમિકા

દેશના બાળકોને યોગ્ય સમયે ગુણવત્તાવાળું શિક્ષણ મળી રહે તેની જવાબદારી સરકારની છે. સરકાર તે માટેના પ્રયત્નો કરે છે. શક્ય હોય ત્યાં સુધી સરકાર તમામ બાળકોને શિક્ષણની સુવિધા મળી રહે તેના માટે પ્રયત્નશીલ રહે છે. પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણથી માંડીને પ્રૌઢ શિક્ષણ માટેની વિવિધ યોજનાઓ સરકાર તરફથી મૂકાતી હોય છે અને તેમનો અમલ પણ કરવામાં આવે છે. તેમ છતાં અક્ષમ અને વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો માટે સરકારે નીચે જણાવેલ પગલાં ગંભીરતા સાથે લેવાં જોઈએ.

- સમાજમાંથી અક્ષમ બાળકોને શોધીને તેમનો ડેટાબેઝ તાત્કાલિક મળી રહે તે તૈયાર કરવો જોઈએ.
- અક્ષમતાના પ્રકારને આધારે બાળકોની સંખ્યા અને તેમના રહેણાંક વિસ્તાર અંગેની યાદી તૈયાર કરવી જોઈએ.
- અક્ષમતા ધરાવતાં બાળકોને સમાવેશક શાળામાં સમાવવા જોઈએ.
- તે માટે શિક્ષકોને પૂરતા પ્રમાણમાં તાલીમ મળી રહે તે માટેની વ્યવસ્થા કરવી જોઈએ.
- સમાવેશક શાળાઓમાં ઉપચારાત્મક કાર્ય કરવા માટે વધારાના શિક્ષકો ફાળવવા જોઈએ. આવા શિક્ષકો શાળા સમય પહેલાં કે પછી અભ્યાસમાં નબળાં અને અક્ષમ બાળકોને ઉપચારાત્મક શિક્ષણ આપે જેથી અન્ય બાળકોનો સમય ખોટી રીતે વેડફાય નહીં.
- વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકોની વિશિષ્ટ ક્ષમતા અથવાં વિશેષતા શોધીને તેનો વિકાસ કરવા માટેની વ્યવસ્થા શાળા કક્ષાએ ગોઠવાય તે માટેના પ્રયત્નો સરકારે કરવા જોઈએ. આ કાર્ય કરવા માટે જરૂર જણાય તેવી ભૌતિક જરૂરિયાતો અને નિષ્ણાતોની સેવા મેળવવામાં સરકારે સંપૂર્ણ આર્થિક સહાય પૂરી પાડવી જોઈએ.
- નિયમિત સમયાંતરે મનોચિકિત્સક શાળાનાં બાળકોની મુલાકાત લે અને તેમની માનસિક

પરિસ્થિતિની તપાસ કરે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આવી તપાસ થયા બાદ બાળકોનો યોગ્ય રીતે ઉપચાર થાય તેની તકેદારી પણ સરકારે રાખવી જોઈએ.

– શાળામાં બાળકોની નિયમિત સમયાંતરે દાક્તરી તપાસ થાય તે માટેની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

– શાળામાં અભ્યાસ કરતાં બાળકોને તમામ પ્રકારની તબીબી સહાય નિ:શુલ્ક ધોરણે ફાળવવી જોઈએ.

– તમામ પ્રકારના બાળકોને તમામ કક્ષાનું શિક્ષણ નિઃશુલ્ક ધોરણે મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

– અક્ષમ બાળકો માટે જરૂરી હોય તેવી સહાયક સેવાઓ અને સુવિધાઓ સરકારે પૂરી પાડવી જોઈએ.

– સંરક્ષણની જેમ શિક્ષણ સાથે સંકળાયેલી તમામ વ્યવસ્થા સરકાર હસ્તક હોવી જોઈએ.

– અક્ષમ બાળકો અને તેમના વાલીઓનું પરામર્શન કરવા માટે શાળામાં નિયમિત સમયાંતરે વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

– અક્ષમ બાળકોનાં શિક્ષણમાં આર્થિક મદદ કરનાર વ્યક્તિઓ અને સંસ્થાઓને કર રાહતો આપવી જોઈએ.

– કટોકટીની પરિસ્થિતિ સિવાય શિક્ષકોને બિનશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં જોડવા જોઈએ નહીં.

– આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા અક્ષમ બાળકોનાં શિક્ષણ અને વિકાસ માટે યોજાતા કાર્યક્રમોમાં પોતાના પ્રતિનિધિઓ મોકલાવા જોઈએ.

– આવા કાર્યક્રમોમાં થતી ચર્ચાઓમાં સરકારના પ્રતિનિધિઓએ સક્રિય રીતે ભાગ લેવો જોઈએ.

– અક્ષમ બાળકોને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા અપાતી સહાય યોગ્ય સમયે મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

– રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ, આવાં બાળકો માટે જાહેર થતી સહાય, તેમને યોગ્ય રીતે મળી રહે અને તેમાં કોઇ ભ્રષ્ટાચાર ન થાય તે માટે, સહાયની વહેંચણી માટે થતી સમગ્ર કાર્યવાહીનું પૂરતી તકેદારી સાથે અનુશ્રવણ કરવું જોઈએ.

– બાળકોને મળતી સહાયની અસરકારકતા જણાવા માટે સતત સંશોધન કરાવવું જોઈએ. તેના પરિણામોને આધારે વિષય માટેની સહાય ફાળવવા અંગેનું આયોજન કરવું જોઈએ.

– અક્ષમ બાળકોને સામાજિક સ્વીકૃતિ મળી રહે તે માટે લોકોને જાગૃત કરવાના હેતુથી જન જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.

– જાહેર સ્થળોએ, અક્ષમ વ્યક્તિઓ માટેની આવશ્યક સુવિધાઓ પૂરી પાડવી જોઈએ અને તેની જાળવણી કરવી જોઈએ.

## 11.8 સારાંશ

આ એકમના અભ્યાસને અંતે તમે અક્ષમ બાળકોનાં શિક્ષણમાં શિક્ષક, માતા-પિતા, સહઅધ્યાયી, શાળા, સમુદાય અને સરકારની ભૂમિકા અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે. જેનાં આધારે અક્ષમ બાળકોનાં શિક્ષણ સાથે સંકળાયેલી સંસ્થા અને વ્યક્તિઓ તથા સમાજને સમાવેશક શિક્ષણની સફળતા માટેના હકારાત્મક સૂચનો કરી શકાશે.

## 11.9 તમારી પ્રગતિ ચકાસો

1. **અક્ષમ બાળકોના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા સમજાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. **અક્ષમ બાળકોના શિક્ષણમાં માતા-પિતાની ભૂમિકા સમજાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

3. **અક્ષમ બાળકોના શિક્ષણમાં સહાધ્યાયીની ભૂમિકા સમજાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

4. **અક્ષમ બાળકોના શિક્ષણમાં શાળાની ભૂમિકા સમજાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

એકમ 12

# સમાવેશક શિક્ષણમાં બિન સરકારી સંગઠનો

## : રૂપરેખા :


**12.0 પ્રસ્તાવના**

**12.1 ઉદ્દેશો**

**12.2 પ્રથમ**

**12.2.1 ધી એન્યુઅલ સ્ટેટસ ઑફ એજ્યુકેશન રિપોર્ટ-અસર**

**12.2.2 પ્રારંભિક વર્ષ કાર્યક્રમ**

**12.2.3 વાંચે ભારત**

**12.2.4 બીજી તક**

**12.2.5 શહેરી કાર્યક્રમો**

**12.2.6 વ્યાવસાયિક તાલીમ**

**12.3 મેક એ ડિફરન્સ**

**12.4 ચાઈલ્ડ રાઈટ્સ એન્ડ યુ - ક્રાય**

**12.5 બેરફૂટ કૉલેજ - ઈન્ડિયા**

**12.6 ટીચ ફોર ઈન્ડિયા**

**12.7 સારાંશ**

**12.8 તમારી પ્રગતિ ચકાસો**


## 12.0 પ્રસ્તાવના

સમાવેશક શિક્ષણના વિકાસ અને અસરકાર અમલીકરણ માટે મોટા પાયે પ્રયત્નો થઇ રહ્યાં છે. સંયુક્ત રાષ્ટ્ર, યુનેસ્કો, વિવિધ દેશોની સરકારો, શિક્ષણશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, વાલીઓ અને શિક્ષકોએ તેનું મહત્ત્વ સ્વીકાર્યું છે. જયાં તેની સફળતા વિશે સંશય છે ત્યાં લોકોને તેની સાચી સમજ આપવાના પ્રયત્નો થઇ રહ્યાં છે. ભવિષ્યમાં આ યોજના સફળ જાય કે નિષ્ફળ, પણ આજે તેનો હેતુ તો સ્પષ્ટ છે અને તે છે વિશ્વનું એક પણ બાળક તેની કોઇ પણ પ્રકારની સામાજિક, આર્થિક, શારીરિક કે માનસિક મર્યાદાને કારણે શિક્ષણ વિહિન ન રહી જાય. બસ આ ઉમદા હેતુને કારણે સરકારની સાથે અનેક સેવાભાવી સામાજિક અને ધાર્મિક સંગઠનોએ તથા અનેક વ્યક્તિઓએ તેના વિકાસ અને અસરકારક અમલીકરણ માટેના પ્રયત્નો શરૂ કરી દીધાં છે. શિક્ષણનાં સાર્વત્રિકરણ માટે અને સમાવેશક શિક્ષણને અસરકારક બનાવવા માટે અનેક ખાનગી સંગઠનો પણ તેમની રીતે પ્રયત્નો કરી રહ્યાં છે. તેમાં નવા સંગઠનો અને વ્યક્તિઓનો ઉમેરો થઇ રહ્યો છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે સામાજિક ક્ષેત્રે કામ કરતાં આવાં કેટલાંક સંગઠનો વિશે ચર્ચા કરીશું.

## 12.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે :-

– સમાવેશક શિક્ષણ ક્ષેત્રે કામ કરતાં કેટલાંક અગત્યનાં બિનસરકારી સંગઠનોનાં નામ જણાવી શકશો.

– સમાવેશક શિક્ષણ ક્ષેત્રે કામ કરતાં સંગઠનો જેવાં કે પ્રથમ, મેક અ ડિફરન્સ, ચાઇલ્ડ રાઇટ્સ એન્ડ યુ - ક્રાય, બેરફૂટ કૉલેજ - ઇન્ડિયા અને ટીચ ફોર ઇન્ડિયાના કાર્યોનું વર્ણન કરી શકશો.

## 12.2 પ્રથમ

'પ્રથમ' એવું બિનસરકારી સંગઠન છે જે શિક્ષણના ક્ષેત્રમાં કામ કરે છે અને દેશના, શિક્ષણથી વંચિત બાળકો, કિશોરો અને યુવાઓ માટે શિક્ષણની તકો પૂરી પાડે છે. આ ભારતનું, શિક્ષણક્ષેત્રે કામ કરતું સૌથી મોટું સંગઠન છે. તે શિક્ષણના વિકાસ માટે દેશના વધુમાં વધુ વિસ્તારો સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે.

મુંબઇની ઝૂંપડપટ્ટીમાં રહેતાં શિક્ષણથી વંચિત બાળકોને શિક્ષણ આપવા માટે 1995માં પ્રથમની શરૂઆત થઇ હતી. તેની પાસે સ્વયં સેવકોની એક મોટી ફોજ છે. જેમની મદદથી આ સંગઠને સમગ્ર દેશમાં શિક્ષણનો પ્રકાશ ફેલાવવાનો પ્રયત્ન કરે છે. લોકોના ઘેર, ગલી, શેરી, મંદિર, મસ્જિદ વગેરેમાંથી જ્યાં પણ બાળકો સરળતાથી પહોંચી શકે એવા વિસ્તારોમાં જઇને તેના સ્વયં સેવકો વંચિત બાળકોને શિક્ષણ આપે છે. આ સંગઠનની સાથે અનેક સનદી અધિકારીઓ, શિક્ષણશાસ્ત્રીઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, પીએચ.ડી. સ્કોલર્સ, કોર્પોરેટ જગતના ઉચ્ચ કક્ષાના કર્મચારીઓ, ફિલ્મ કલાકારો, વગેરે જોડાયેલાં છે. આ લોકો પ્રથમ દ્વારા આયોજિત શૈક્ષણિક કાર્યક્રમોમાં શિક્ષણ કાર્ય કરે છે અને પોતાના અનુભવો વહેંચે છે. શિક્ષણના વિકાસ માટે પ્રથમ અનેક પ્રવૃત્તિઓ કરે છે. જેમાંની કેટલીક પ્રવૃત્તિઓ અંગે અહીં ચર્ચા કરવામાં આવી છે.

### 12.2.1 ધી એન્યુઅલ સ્ટેટસ ઑફ એજ્યુકેશન રિપોર્ટ-અસર

ટૂંકમાં 'અસર'ને નામે ઓળખાતો આ ભારતનો સૌથી મોટો બિનસરકારી સર્વેક્ષણ કાર્યક્રમ છે. જેનું સંચાલન પ્રથમ કરે છે. આ કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય વિસ્તારનાં 3 થી 16 વર્ષનાં બાળકોનો અભ્યાસ કરવા માટે ઘેર ઘેર જઇને સર્વેક્ષણ કરવામાં આવે છે. સમગ્ર ભારતમાં 100 દિવસમાં આ સર્વેક્ષણ પૂરું થાય છે. દર વર્ષે જાન્યુઆરી માસમાં તેનો અહેવાલ રજૂ કરવામાં આવે છે. આ અહેવાલને ધ્યાનમાં રાખીને કેન્દ્ર અને રાજ્ય સરકારો પ્રાથમિક શિક્ષણ અંગેની નીતિઓ ઘડે છે.

### 12.2.2 પ્રારંભિક વર્ષ કાર્યક્રમ

બાળકનાં જન્મ પછી પ્રારંભિક ઉછેર અંગે માતાઓને માર્ગદર્શન આપતો આ કાર્યક્રમ છે. જેમાં બાળકના જન્મથી તે શાળાએ જવા લાગે ત્યાં સુધીના સમયગાળામાં તેનો ઉછેર કરવા માટેનું માર્ગદર્શન માતાઓને આપવામાં આવે છે. ખાસ કરીને શાળામાં દાખલ કરતાં પહેલાં બાળકને પ્રાથમિક શિક્ષણ મેળવવા માટે માનસિક રીતે તૈયાર કરવા અંગેનું માર્ગદર્શન માતાને આપવામાં આવે છે. જેથી શાળામાં ખરેખર દાખલ કરવામાં આવે તે પહેલાં બાળક તેના માટે સંપૂર્ણ રીતે તૈયાર થઇ જાય. હવે આ કાર્યક્રમનો વ્યાપ વધારવામાં આવ્યો છે. હવે આ કાર્યક્રમ હેઠળ ધોરણ-2 સુધીના બાળકોની સારસંભાળ અને શિક્ષણ માટેનાં કાર્યો કરવામાં આવે છે.

### 12.2.3 વાંચે ભારત

કદીએ શાળામાં ન ગયા હોય તેવા, 6 થી 14 વર્ષનાં બાળકો માટે, પ્રથમ દ્વારા 'વાંચે ભારત' કાર્યક્રમનો અમલ કરવામાં આવ્યો છે. આવાં બાળકોને અનૌપચારિક કે ઔપચારિક શિક્ષણ આપવાની વ્યવસ્થા, આ કાર્યક્રમ હેઠળ કરવામાં આવે છે.

### 12.2.4 બીજી તક

માધ્યમિક શિક્ષણ પૂરું કર્યા વિના અધવચ્ચેથી અભ્યાસ છોડી દેનાર એવી 16 થી 25 વર્ષની બહેનો માટે આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત, આવી બહેનોને માધ્યમિક શિક્ષણ પૂરું કરવા માટેની બીજી તક આપવામાં આવતી હતી. હવે, પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પહેલાં અધવચ્ચેથી અભ્યાસ છોડી દેનાર બાળકોને પણ આ કાર્યક્રમ હેઠળ આવરી લેવાયાં છે.

### 12.2.5 શહેરી કાર્યક્રમો

શાળાઓ જતાં અને નહીં જતાં શહેરી બાળકોને શૈક્ષણિક સહાય પૂરી પાડવા પ્રથમે કેટલાંક કાર્યક્રમો ચાલુ કર્યા હતા. પ્રથમે તેની શરૂઆત 1995માં મુંબઈમાં કરી હતી. આજે આ કાર્યક્રમ હેઠળ પ્રથમ દ્વારા નીચે જણાવેલ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

- **બાલવાડી :**

  3 થી 5 વર્ષની ઉંમરનાં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવા માટે બાલવાડીની સ્થાપના કરવામાં આવી છે. જેમાં બાળકોને ઔપચારિક શિક્ષણ માટે તૈયાર કરવામાં આવે છે.

- **સહાયક વર્ગો :**

  ઔપચારિક શિક્ષણ વ્યવસ્થામાં ધોરણ-1 થી 5માં અભ્યાસ કરતાં બાળકોનાં વાચન કૌશલ્ય અને ગાણિતિક ક્ષમતાનો વિકાસ કરવા માટે સહાયક વર્ગો ચલાવવામાં આવે છે. જેમાં, બાળકોને શિક્ષણ આપવા માટે, રસ ધરાવતી કોઇ પણ વ્યક્તિ પોતાની સેવા આપી શકે છે. સહાયક વર્ગોમાં સેવા આપતા શિક્ષકોને કોઇ પણ પ્રકારનું માનદ્ વેતન ચુકવવામાં આવતું નથી. અમદાવાદના મેમનગર વિસ્તારમાં આવેલી સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં હાલમાં આવાં વર્ગો ચાલી રહ્યાં છે.

- **પુસ્તકાલયો :**

  બાળકોની વાચન ટેવો વિકસાવવા માટે આ કાર્યક્રમ ચલાવવામાં આવે છે. જેમાં તેમની કક્ષાને ધ્યાનમાં રાખીને તેમને પુસ્તકો ફાળવવામાં આવે છે. બાળકો નિયમિત રીતે પુસ્તકાલયની મુલાકાત લે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે.

- **અધ્યયન શિબિર :**

  બાળકોની કક્ષા મુજબ તેમની વાચન, લેખન અને ગાણિતિક ક્ષમતા વધારવા માટે અધ્યયન શિબિરો ચલાવવામાં આવે છે.

  ઉપર જણાવેલી પ્રવૃત્તિઓ સરકારી અને અનુદાનિત શાળાઓમાં કરવામાં આવે છે. ઉપરોક્ત પ્રવૃત્તિઓ કરવા માટે, મોટા ભાગે કોઇ પણ પ્રકારના ભાડા વગર શાળાનો ઉપયોગ કરવાની છૂટ અપાય છે. જો વગર ભાડે કોઇ શાળા ન મળે તો ભાડું ચૂકવીને આવાં વર્ગો ચલાવવામાં આવે છે.

### 12.2.6 વ્યાવસાયિક તાલીમ

યુવકોના વ્યાવહારિક કૌશલ્યોનો વિકાસ કરવા માટે વ્યાવસાયિક તાલીમ કાર્યક્રમ ચલાવવામાં આવે છે. જેમાં કોઇ નોકરી, વ્યવસાય અથવાં વેપાર ધંધા માટેનાં આવશ્યક કૌશલ્યોનો વિકાસ કરવા માટે યુવકોને તાલીમ આપવામાં આવે છે.

આ સિવાયના પણ બીજાં અનેક કાર્યક્રમો 'પ્રથમ' દ્વારા ચલાવવામાં આવે છે. જેના વિશેની વિશેષ માહિતી તેની વેબસાઇટ www.pratham.org પરથી મળી રહેશે.

## 12.3 મેક એ ડિફરન્સ

અનાથાશ્રમ અને આશ્રયસ્થાનોમાં રહેતાં બાળકો અને પછાત બાળકોનાં વિકાસ માટેનો આ કાર્યક્રમ છે. આ કાર્યક્રમ સમગ્ર ભારતમાં ચાલે છે. જિતિન નેદુમાલા અને સુજિત વર્કે ના પ્રયત્નોથી નફો નહીં કમાવવાના હેતુ સાથે 2006માં 'મેક અ ડિફરન્સ' સોસાયટીની રચના કરવામાં આવી હતી. સોસાયટીની રચના કરવામાં તેમના ચાર મિત્રોએ તેમને સહકાર આપ્યો હતો.

કોચીનમાં, 30 સ્વયંસેવકો સાથે શરૂ થયેલી આ સંસ્થા આજે સમગ્ર ભારતમાં 12000 સ્વયંસેવકો ધરાવે છે. આ કાર્યક્રમ શહેર કેન્દ્રિત છે અને હાલમાં ભારતના 25 જેટલાં શહેરોમાં ચાલી રહ્યો છે. ઘર

વિહોણા કે ભૌતિક સગવડો નહીં ધરાવતાં બાળકો અને જેમના વિકાસ માટે વાલીઓ તરફથી કોઈ પ્રયત્નો કરવામાં નથી આવતાં, તેવાં બાળકો પાસેથી વધુમાં વધુ સારાં પરિણામો મેળવવાના હેતુથી, તેમને તૈયાર કરવા માટે આ સોસાયટીની સ્થાપના કરવામાં આવી છે. બાળકોની શૈક્ષણિક અને વિવિધ વ્યાવસાયિક ક્ષમતાઓનો વિકાસ કરવા માટેના કાર્યક્રમોનું આયોજન, આ સોસાયટી કરે છે. વંચિત બાળકોની તમામ આંતરિક શક્તિઓનો વિકાસ કરીને તેમનું જીવન ધોરણ ઊંચું લાવવું, તેમની વિશેષ કાળજી લેવી અને તેમને ઉચિત શિક્ષણ આપવું તે આ સંસ્થાનો મુખ્ય હેતુ છે. આ રીતે શોષણમુક્ત જીવન જીવવા માટેની અને આર્થિક તથા સાંવેગિક મુશ્કેલીઓનો સામનો કરવા માટેની ક્ષમતાઓનો વિકાસ કરીને તેમને સ્વાશ્રયી બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

## 12.4 ચાઈલ્ડ રાઈટ્સ એન્ડ યુ - ક્રાય

1979માં રિપ્પન કપૂરે તેમના મિત્રો સાથે મળીને 50 રૂપિયાની મૂડી સાથે ક્રાયની શરૂઆત કરી હતી. તમામ બાળકો માટે ખુશહાલ, સ્વસ્થ અને સર્જનાત્મક બચપણના હેતુ સાથે આ અભિયાન શરૂ થયું હતું. વંચિત અને સક્ષમ બાળકો વચ્ચેના તમામ પ્રકારના તફાવતો દૂર કરીને ક્રાય આ હેતુ સિદ્ધ કરવા માંગે છે. તે માટે ક્રાય સંગઠને નીચે જણાવેલ પાંચ બાબતો પર વધુ ભાર મૂક્યો છે :-

– બાળ-કુપોષણનો દર ઘટાડવો.
– વંચિત બાળકોને મફત અને ગુણવત્તાવાળું શિક્ષણ પૂરું પાડવું.
– હિંસા, શોષણ અને તેમના દુરુપયોગ સામે તેમને રક્ષણ આપવું.
– આવાં બાળકોની કોઈ પણ સમસ્યાના સમાધાન માટે ઊભાં થતા અવાજને સાંભળીને તે સમસ્યાઓ દૂર કરવા માટે તમામ મદદ કરવી.
– તેમના પ્રાથમિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

આ પાંચ કાર્યો પૂર્ણ કરવા માટે ક્રાય નીચે જણાવેલ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

– લોકો, પોતાના અને પોતાના બાળકોનાં સારા જીવન માટે સરકાર સામે યોગ્ય રીતે રજૂઆત કરી શકે તે માટે તેમને સક્ષમ કરવા માટે કાર્યશિબિરો અને તાલીમી કાર્યક્રમોનું આયોજન કરવું. જેમાં તેમની સાથે આંતરક્રિયા કરીને તેમની સમસ્યાઓ જાણીને સમસ્યાના ઉકેલ માટે સરકાર સામે રજૂઆત કરવાં અંગેનું માર્ગદર્શન આપવામાં આવે છે.
– વંચિત બાળકોનાં કલ્યાણ માટે પાયાનાં સ્તરે કામ કરતી બિનસરકારી સંસ્થાઓને સલાહ અને નાણાંકીય સહાય પૂરી પાડવી.
– આવી સંસ્થાઓનાં કાર્યો પર દેખરેખ રાખવી અને તેમના કર્મચારીઓને સક્ષમ બનાવવા માટેના કાર્યક્રમોનું આયોજન કરવું.
– બાળકો પર અસર કરે અને તેમના અધિકારોનું ઉલ્લંઘન કરે તેવા પ્રશ્નો સામે, સંચાર માધ્યમોનો ઉપયોગ કરીને, લોકોને જાગૃત કરવા.
– બાળકોનાં મૂળભૂત અધિકારોનું રક્ષણ થાય તેવાં વાતાવરણનું સર્જન કરવા માટે લોકોનો સહકાર મેળવવો.
– સરકાર બાળકોને અનુકૂળ નીતિઓ બનાવે તે માટે યોગ્ય રજૂઆત કરવી.
– બાળકોનાં વિકાસ અને હક્કોના રક્ષણ માટેની પ્રવૃત્તિઓ કરવા માટે લોકો અને સામાજિક સંસ્થાઓ પાસેથી ભંડોળ એકત્ર કરવું.
– ઉપરોક્ત કાર્યો કરવા માટે લોકોના કૌશલ્યો અને સમયનો ઉપયોગ કરવો.

## 12.5 બેરફૂટ કૉલેજ - ઇન્ડિયા

1972માં સુજિત રોય ઉર્ફે બંકર રોયે, પાણી સિંચાઈનાં ક્ષેત્રમાં કામ કરવા માટે રાજસ્થાનના તિલોનિયા ગામે 'સામાજિક કાર્ય અને સંશોધન કેન્દ્ર (The Social Work and Research Center)'ના નામે એક સ્વયંસેવી સંગઠનની શરૂઆત કરી હતી. પાછળથી માનવ સંશાધન સશક્તિકરણ અને ટકાઉ ગ્રામીણ વિકાસના ક્ષેત્રે કામ કરવા લાગ્યું અને બેરફૂટ કૉલેજના નામે ઓળખાયું. આજે આ સંગઠન, કઠપૂતળીનો ઉપયોગ કરીને ગ્રામીણ લોકોને શિક્ષણ, સ્વાસ્થ્ય અને માનવ અધિકારો અંગેની માહિતી આપવાનું કામ પણ કરે છે.

આ સંગઠન, ખેતીના ઓજારો, ખેત-ઉપયોગ માટેનાં વીજળીના સાધનો વગેરેની જાળવણી અને મરામત કરવા માટેના આવશ્યક કૌશલ્યોનો વિકાસ કરવા માટે અશિક્ષિત ગ્રામીણોને તાલીમ આપે છે. આ રીતે સંગઠન લોકોને અનુજીવન માટે સ્વરોજગારીની તકો પૂરી પાડે છે અને ગ્રામીણ લોકોની સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં સમાનતા લાવવાના પ્રયત્નો કરે છે. ઉપરાંત તે, સામાન્ય રીતે પુરુષોનું વર્ચસ્વ ધરાવતાં કામોમાં સ્ત્રીઓને રોજગારલક્ષી તાલીમ આપીને તેમને પુરુષ સમોવડી બનાવવાનાં પ્રયત્નો કરે છે. આ રીતે સંગઠન, ગ્રામીણ સ્ત્રીઓને સ્વાવલંબી બનાવે છે અને ગરીબી અને અસમાનતાના દૂષણને દૂર કરવાના પ્રયત્નો કરે છે. ડૉક્ટર્સ, એન્જિનિયર્સ, અર્થશાસ્ત્રીઓ, ભૂસ્તરશાસ્ત્રીઓ, સામાજિક કાર્યકર્તાઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, સ્નાતકો અને અનુસ્નાતકો સ્વયંભૂ રીતે સંગઠનનાં કાર્યમાં સહકાર આપે છે. આ રીતે સંગઠન, લોકોને પોતાના સમુદાયને મદદ કરવા માટેની તક પૂરી પાડે છે.

## 12.6 ટીચ ફોર ઇન્ડિયા

શૈક્ષણિક ક્ષેત્રમાં થતાં પક્ષપાત અને જોવા મળતી અસમાનતા દૂર કરવાના હેતુથી શાહિન મિસ્ત્રી દ્વારા 2008માં સ્થાપિત 'ટીચ ફોર ઇન્ડિયા' સંગઠન મુંબઇમાં મુખ્ય મથક ધરાવે છે. હાલમાં તે નવી દિલ્લી, મુંબઇ, પૂણે, ચેન્નાઇ, હૈદરાબાદ, અમદાવાદ અને બેંગ્લુરુમાં કાર્ય કરે છે. તેનો મુખ્ય હેતુ, શિક્ષણનો સમર્પિત અને પોતોના કામ માટે પ્રતિબદ્ધ એવાં શિક્ષકો દ્વારા પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધારવાનો અને સમાજનાં અંતિમ બાળક સુધી તેનું વિસ્તરણ કરીને શિક્ષણમાં રહેલી અસમાનતા દૂર કરવાનો છે.

## 12.7 સારાંશ

આ એકમમાં આપણે સમાવેશક શિક્ષણ ક્ષેત્રે કામ કરતાં કેટલાંક અગત્યનાં બિનસરકારી સંગઠનોનો સામાન્ય પરિચય મેળવ્યો અને સમાવેશક શિક્ષણ ક્ષેત્રે કામ કરતાં સંગઠનો જેવાં કે પ્રથમ, મેક અ ડિફરન્સ, ચાઇલ્ડ રાઇટ્સ એન્ડ યુ - ક્રાય, બેરફૂટ કૉલેજ - ઇન્ડિયા અને ટીચ ફોર ઇન્ડિયાના ફાળા અંગે ચર્ચા કરી છે.

## 12.8 તમારી પ્રગતિ ચકાસો

**1. 'પ્રથમ' નો ટૂંકમાં પરિચય આપીને તેના કાર્યો જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

2. ‘મેક અ ડિફરન્સ’ નો ટૂંકમાં પરિચય આપીને તેના કાર્યો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

3. ‘ચાઈલ્ડ રાઈટ્સ એન્ડ યુ - ક્રાય’ નો ટૂંકમાં પરિચય આપીને તેના કાર્યો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. ‘બેરફૂટ કૉલેજ - ઈન્ડિયા’ નો ટૂંકમાં પરિચય આપીને તેના કાર્યો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. ‘ટીચ ફોર ઈન્ડિયા’ નો ટૂંકમાં પરિચય આપીને તેના કાર્યો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

### સંદર્ભ ગ્રંથ


- Alston, Philip & Robinson, Mary (2009). **Human Rights & Development: Towards Mutul Reinforcement.** Oxford: Oxford University Press.
- Baglieri, S., & Shapiro, A. (2012). **Disability Studies and the Inclusive Classroom.** New York, NY: Routledge.
- Davis, L. J. (2010). **Constructing normalcy. In L. J. Davis (Ed.), The Disability Studies Reader. (3rd ed.).** New York: Routledge.
- Friere, Paulo (1985) **An Invitation to Conscientization and Deschooling,** The Politics of Education. Massachusetts: Bergin & Garvery Publishers Inc.
- Ministry of Law and Justice, (2009). **The Right of Children to Free and Compulsory Education Act, 2009, No. 35 of 2009,** New Delhi: Government of India.
- Mondal, A. & Mete, J. (2012). **Inclusive Education: Paradigm Shift in Education for Children with Special Needs in India. In Kumar. T. Pradeep (Eds.), Innovative Trends in Education.** New Delhi : APH Publishing Corporation.
- Porter, L., & Smith, D. (Eds.) (2011). **Exploring inclusive educational practices through professional inquiry.** Boston, MA: Sense Publishers.
- Putnam, J. W. (1993). **Cooperative Learning and Strategies for Inclusion: Celebrating Diversity in the Classroom.** Baltimore, MD: Paul H. Brookes.
- Shukla, Satishprakash, (2011) **સમાવેશક શિક્ષણ** Ahmedabad: Kshiti Publications.
- Stainback, S. & Stainback, W. (1996). **Inclusion: Guide for Educators.** Baltimore, MD: Paul H. Brookes.
- UNESCO (2014). **Teaching and Learning: Achieving quality for all. EFA Global Monitoring Report 2013-2014.** Paris, UNESCO.
- UNESCO (1994). **The Salamanca Statement and Framework for Action – 1994,** Geneva: UNESCO Special Education, Division of Basic Education

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-135
# સમાવેશક શાળા
# Inclusive School

વિભાગ

# 4

## અક્ષમ બાળકોનાં સંદર્ભમાં કેટલીક નીતિઓ (Some Policies for Children with Disability)


એકમ-13 સમાવેશક શિક્ષણ માટેની કેટલીક નીતિઓ (Some Policies for Inclusive Education)

એકમ-14 સમાવેશક સૂચિ (Inclusive Index)

એકમ-15 શિક્ષણમાં સમાવેશન માટેની નીતિ વિષયક માર્ગદર્શિકા (Policy Guidelines on Inclusion in Education)

એકમ-16 વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર (Convention of Rights of Persons with Disabilities)

# ES-135, સમાવેશક શાળા (વિભાગ-4)


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. સતીશપ્રકાશ એસ. શુક્લ** | ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. અમૃતભાઈ જે. ભરવાડ** | ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. મૌનસ જી. ઠાકર** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-201-8**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

**વિભાગ-1 સમાવેશક શાળા અને અક્ષમતાના પ્રકાર**

એકમ-1 સમાવેશક શિક્ષણ અને શાળા-પરિચય

એકમ-2 સમાવેશક, સંકલિત અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચે તુલના

એકમ-3 અક્ષમતા

એકમ-4 માનસિક અક્ષમતા

**વિભાગ-2 વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં અન્ય બાળકો**

એકમ-1 શ્રવણ, વાણી અને ભાષાની અક્ષમતા

એકમ-2 દૃષ્ટિની અક્ષમતા

એકમ-3 અધ્યયનની અક્ષમતા

એકમ-4 પ્રતિભાશાળી બાળકો

**વિભાગ-3 અક્ષમ બાળકોનું મૂલ્યાંકન અને સહાય**

એકમ-1 અક્ષમ બાળકોનું મૂલ્યાંકન

એકમ-2 અક્ષમ બાળકોનું પરામર્શન

એકમ-3 અક્ષમ બાળકોનાં શિક્ષણમાં સહયોગ

એકમ-4 સમાવેશક શિક્ષણમાં બિનસરકારી સંગઠનો

**વિભાગ-4 અક્ષમ બાળકોનાં સંદર્ભમાં કેટલીક નીતિઓ**

એકમ-1 સમાવેશક શિક્ષણ માટેની કેટલીક નીતિઓ

એકમ-2 સમાવેશક સૂચિ

એકમ-3 શિક્ષણમાં સમાવેશન માટેની નીતિ વિષયક માર્ગદર્શિકા

એકમ-4 વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાંથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

## અક્ષમ બાળકોનાં સંદર્ભમાં કેટલીક નીતિઓ (Some Polocies for Children with Disability)

### વિભાગીય પ્રસ્તાવના :

શારીરિક કે માનસિક અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ તથા મોટી ઉંમરના નાગરિકોના અધિકારોના રક્ષણ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ પ્રયત્નો સફળ થાય તે માટે સંયુક્ત રાષ્ટ્ર, યુનેસ્કો અને આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર પંચ ગંભીરતાપૂર્વક લોકોને તેમનો ફાળો આપવા માટે તૈયાર કરી રહી છે. તેનાં સંદર્ભમાં જનજાગૃતિના કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ થતાં આવા પ્રયત્નોને પરિણામે કેટલીક આંતરરાષ્ટ્રીય નીતિઓની રચના કરવામાં આવી છે. ભારતમાં પણ અક્ષમ અને વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોને શિક્ષણ મળી રહે તે માટે શિક્ષણનાં અધિકારનાં સંદર્ભમાં અધિનિયમની રચના કરવામાં આવી છે. ચુસ્તપણે તેનો અમલ થાય તે માટેના પ્રયત્નો પણ સરકાર દ્વારા કરવામાં આવે છે. એ અલગ વાત છે કે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઘડાતી નીતિઓ અને કાયદાઓ અંગેની સંપૂર્ણ માહિતી મેળવવાનો પ્રયત્ન આમ જનતા કરતી નથી. મુશ્કેલી ત્યારે વધે છે જ્યારે શિક્ષકો પણ આવી નીતિઓ અને કાયદાઓથી અજાણ હોય છે.

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને આ વિભાગમાં વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકો અને વિકલાંગ વ્યક્તિઓના અધિકારોના રક્ષણ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ કરવામાં આવતા પ્રયત્નો અને તે અંગે ઘડાયેલી કેટલીક નીતિઓ અંગે ચર્ચા કરવામાં આવી છે.

આ વિભાગમાં એકમ-13 થી 16 સુધી કુલ ચાર એકમો છે.

એકમ-13 માં શિક્ષણના અધિકાર અધિનિયમની જોગવાઇઓ જણાવવામાં આવી છે અને ગુજરાતમાં તેના અમલ માટેની માર્ગદર્શક માહિતી આપવામાં આવી છે. શિક્ષણનાં સાર્વત્રિકરણ માટે શરૂ કરવામાં આવેલ સર્વ શિક્ષા અભિયાન અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. ઉપરાંત મધ્યાહ્ન ભોજન યોજના અને તેના ઇતિહાસ વિશે સ્પષ્ટતા કરવામાં આવી છે.

એકમ-14 માં સમાવેશક સૂચિનો પ્રાથમિક પરિચય આપીને તેની વિશિષ્ટતાઓ ચર્ચવામાં આવી છે. સમાવેશક સૂચિને આધારે સમાવેશક શાળાની સ્થાપના, વિકાસ અને મૂલ્યાંકન માટેના સૂચકોનું વર્ણન પણ આ એકમમાં કરવામાં આવ્યું છે.

એકમ-15 માં યુનેસ્કો દ્વારા પ્રકાશિત સમાવેશન માટેની નીતિવિષયક માર્ગદર્શિકા અંગે પરિચય આપીને, સમાવેશક શિક્ષણનાં અમલના માર્ગમાં આવતા અવરોધો દૂર કરવા માટે માર્ગદર્શિકા કઇ રીતે ઉપયોગી થાય તેના વિશે ચર્ચા કરવામાં આવી છે. ઉપરાંત આ એકમમાં સમાવેશક શિક્ષણ માટેની નીતિઓ તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

એકમ-16 માં સંયુક્ત રાષ્ટ્ર અને યુનેસ્કોના પ્રયત્નોથી તૈયાર કરવામાં આવેલ 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર' અંગે ચર્ચા કરવામાં આવી છે. જેમાં તેની રચના પાછળની પૂર્વભૂમિકા, રચનાની પ્રક્રિયા તેમાં સમાવવામાં આવેલી અગત્યની કલમો વિશે રજૂઆત કરવામાં આવી છે.

આ વિભાગનાં અભ્યાસને અંતે તમે :-

- શિક્ષણનાં અધિકાર અધિનિયમ, સર્વ શિક્ષા અભિયાન, માધ્યમિક શિક્ષા અભિયાન અને મધ્યાહ્ન ભોજન યોજનાનો શિક્ષણના સાર્વત્રિકરણ અને સમાવેશનની સફળતામાં ફાળો વર્ણવી શકશો.
- સમાવેશક સૂચિનો પ્રાથમિક પરિચય આપી શકશો અને સમાવેશક સૂચિને આધારે સમાવેશક શાળાની સ્થાપના, વિકાસ અને મૂલ્યાંકન માટેના સૂચકોનું વર્ણન કરી શકશો.
- યુનેસ્કો દ્વારા પ્રકાશિત સમાવેશન માટેની નીતિવિષયક માર્ગદર્શિકાનો પરિચય આપી શકશો અને સમાવેશક શિક્ષણની સફળતામાં નીતિવિષયક માર્ગદર્શિકાની ઉપયોગિતા વર્ણવી શકશો.
- સંયુક્ત રાષ્ટ્ર અને યુનેસ્કોના પ્રયત્નોથી તૈયાર કરવામાં આવેલ 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર' અંગે માહિતી આપી શકશો અને તેની રચના પાછળની પૂર્વભૂમિકા, રચનાની પ્રક્રિયા તેમાં સમાવવામાં આવેલી અગત્યની કલમો વિશે સ્પષ્ટતા કરી શકશો.

એકમ 13

# સમાવેશક શિક્ષણ માટેની કેટલીક નીતિઓ

## : રૂપરેખા :

**13.0 પ્રસ્તાવના**

**13.1 ઉદ્દેશો**

**13.2 શિક્ષણનો અધિકાર**

**13.3 'શિક્ષણનો અધિકાર' અધિનિયમની મહત્ત્વની જોગવાઈઓ**

**13.4 ગુજરાતમાં 'શિક્ષણનો અધિકાર' અધિનિયમ**

**13.5 શાળા વ્યવસ્થાપન સમિતિ**

**13.6 સર્વ શિક્ષા અભિયાન**

**13.6.1 સર્વ શિક્ષા અભિયાનના મુખ્ય ધ્યેયો**

**13.6.2 સર્વ શિક્ષા અભિયાનના મુખ્ય હેતુઓ**

**13.6.3 સર્વ શિક્ષા અભિયાનના હસ્તક્ષેપ**

**13.7 રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા-2005 અને અક્ષમ બાળકોનું શિક્ષણ**

**13.8 મધ્યાહ્ન ભોજન યોજના**

**13.8.1 મધ્યાહ્ન ભોજન યોજનાનો ઈતિહાસ**

**13.9 રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન**

**13.9.1 રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનના હેતુઓ**

**13.10 સારાંશ**

**13.11 તમારી પ્રગતિ ચકાસો**

## 13.0 પ્રસ્તાવના

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સમાવેશક શિક્ષણ અંગે વ્યાપક ધોરણે પ્રયત્નો થઈ રહ્યાં છે. સંયુક્ત રાષ્ટ્રનાં શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંગઠન (United Nations Educational Scientific a nd Cultural Organization - UNESCO) દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાએ અને ભારતમાં રાષ્ટ્રીય કક્ષાએ માનવ સંશાધન વિકાસ મંત્રાલય (Ministry of Human Resource Development - MHRD) દ્વારા વિશિષ્ટ જરૂરિયાત વાળાં બાળકોનાં શિક્ષણ માટેનાં પ્રયત્નો થઈ રહ્યાં છે. ગુજરાત રાજ્યમાં સરકાર દ્વારા ગુણોત્સવ અને પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમોનું આયોજન કરીને પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધારવાનો અને તેમાં ગુણાત્મક સુધારા લાવવા માટેના પ્રયત્નો થાય છએ. સમાવેશક શિક્ષણને અસરકાર બનાવવા માટે ભારત સરકારે કેટલીક નીતિઓ ઘડી છે અને કેટલાંક કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કર્યું છે. જેમ કે ભારત સરકારે શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009 રજૂ કર્યો અને તેનો અમલ કરાવ્યો છે. ઉપરાંત સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમનું આયોજન અને અમલીકરણ કર્યું છે. જો કે આ કાર્યક્રમો જાહેર થયાં તે પહેલાં 1950માં ભારતીય બંધારણની કલમ 45માં જોગવાઈ કરવામાં આવી હતી કે બંધારણનો અમલ થાય તે દિવસથી દસ વર્ષ સુધાના સમયગાળામાં ભારતમાં 6 થી 14 વર્ષની વયજૂથના તમામ બાળકોને મફત, સાર્વત્રિક અને ફરજિયાત ધોરણે પ્રાથમિક શિક્ષણ આપવાનું કામ પૂરું કરવામાં આવશે. તેના અનુસંધાનમાં આજ સુધીમાં ભારતની કેન્દ્ર અને રાજ્ય સરકારોએ જુદી જુદી રીતે આ અભિયાન પૂર્ણ કરવાના પ્રયત્નો

કર્યાં છે. જો કે આ સમયગાળા દરમિયાન અનેક શિક્ષણ પંચો અને સમિતિઓ દ્વારા પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવા માટે અનેક ભલામણો કરવામાં આવી છે અને તે ભલામણોનો અમલ કરવાનો પ્રયત્ન પણ સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે આવી કેટલીક નીતિઓ અને કાર્યક્રમો અંગે ચર્ચા કરીશું.

## 13.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે :-

- સમાવેશક શિક્ષણ માટેની કેટલીક નીતિઓ જણાવી શકશો.
- 'શિક્ષણનો અધિકાર' અધિનિયમની મહત્ત્વની જોગવાઈઓ સ્પષ્ટ કરી શકશો.
- ગુજરાતમાં 'શિક્ષણનો અધિકાર' અધિનિયમના અમલ અંગે કરવામાં આવેલી જોગવાઈઓ વર્ણવી શકશો.
- શાળા વ્યવસ્થાપન સમિતિનું બંધારણ અને તેના કાર્યો સમજાવી શકશો.
- સર્વ શિક્ષા અભિયાનના મુખ્ય ધ્યેયો, હેતુઓ અને સર્વ શિક્ષા અભિયાનના હસ્તક્ષેપોનું વર્ણન કરી શકશો.
- રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા - 2005માં અક્ષમ બાળકોનાં શિક્ષણ અંગે જણાવવામાં બાબતો જણાવી શકશો.
- મધ્યાહ્ન ભોજન યોજનાનો અર્થ અને તેનો ઇતિહાસ જણાવી શકશો.
- રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનની ઉપયોગિતા સ્પષ્ટ કરી શકશો.

## 13.2 શિક્ષણનો અધિકાર

ભારતનાં બંધારણમાં 86 મો સુધારો કરીને શિક્ષણના અધિકાર માટેની કલમ 21-એ ઉમેરવામાં આવી છે. જે શિક્ષણનાં અધિકારનો અધિનિયમ - 2009 (Right to Education Act - 2009) તરીકે ઓળખાય છે. તેનો અમલ 1 એપ્રિલ 2010ના રોજથી શરૂ થયો હતો.

આ અધિનિયમ, 6 થી 14 વર્ષનાં તમામ બાળકોને તેમના ઘરની નજીકની શાળામાં સંતોષકારક રીતે અને નિષ્પક્ષ ધોરણે ગુણવત્તાવાળું પ્રાથમિક શિક્ષણ નિઃશુલ્ક ધોરણે અને ફરજિયાતપણે મેળવવાનો અધિકાર આપે છે.

'નિઃશુલ્ક શિક્ષણ' ની સ્પષ્ટતા કરતા આ અધિનિયમમાં જણાવાયું છે કે, જે વાલીઓએ તેમના બાળકને યોગ્ય સરકારની સહાય વગર ચાલતી શાળામાં શિક્ષણ માટે દાખલ કર્યા હોય તે સિવાયના તમામ બાળકોએ એવો કોઇ ખર્ચ કરવાની અને ફી ચૂકવવાની જરૂર નથી જે તેમને પ્રાથમિક શિક્ષણ મેળવતા અને પૂરું કરતાં રોકે.

'ફરજિયાત શિક્ષણ' ની સ્પષ્ટતા કરતાં આ અધિનિયમ જણાવે છે કે 6 થી 14 વર્ષના બાળકો માટે પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ આપવાની, તેમને હાજર રાખવાની અને તેમનું પ્રાથમિક શિક્ષણ પૂરું કરાવવા માટેની જોગવાઇ કરવા માટેની ખાત્રી આપવાની જવાબદારી યોગ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજની સંસ્થાની છે.

આમ શિક્ષણના અધિકારના અધિનિયમે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને 6 થી 14 વર્ષનાં બાળકોના પ્કાથમિક શિક્ષણની જવાબદારી સોંપી છે.

## 13.3 'શિક્ષણનો અધિકાર' અધિનિયમની મહત્ત્વની જોગવાઈઓ

શિક્ષણના અધિકારની અગત્યની જોગવાઈઓ નીચે મુજબ છે :-

- જ્યાં સુધી બાળક પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરે ત્યાં સુધી તેને તેની નજીકની શાળામાં મફત અને ફરજિયાત રીતે શિક્ષણ મેળવવાનો અધિકાર છે.
- જે બાળકોએ શાળામાં પ્રવેશ ન મેળવ્યો હોય તે બાળકને તેની વયકક્ષાને અનુરૂપ ધોરણમાં પ્રવેશ આપવો.
- આ અધિનિયમ જણાવે છે કે 'નિઃશુલ્ક શિક્ષણ' એટલે, જે વાલીઓએ તેમના બાળકને યોગ્ય સરકારની સહાય વગર ચાલતી શાળામાં શિક્ષણ માટે દાખલ કર્યા હોય તે સિવાયના તમામ બાળકોએ એવો કોઇ ખર્ચ કરવાની અને ફી ચૂકવવાની જરૂર નથી જે તેમને પ્રાથમિક શિક્ષણ મેળવતાં અને પૂરું કરતાં રોકે.
- આ અધિનિયમ વધુમાં જણાવે કે 'ફરજિયાત શિક્ષણ' એટલે યોગ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજની સંસ્થાની એ જવાબદારી છે કે તે 6 થી 14 વર્ષના બાળકો માટે પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ આપવાની, તેમને હાજર રાખવાની અને તેમનું પ્રાથમિક શિક્ષણ પૂરું કરાવવા માટેની જોગવાઈ કરે અને તે માટેની ખાત્રી આપે.
- આ રીતે બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવાની ફરજ અને જવાબદારી યોગ્ય સરકારની, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની અને મા-બાપની છે.
- આ માટેની તમામ આર્થિક અને અન્ય જવાબદારી કેન્દ્ર અને રાજ્ય સરકારોએ વહેંચી લેવાની રહેશે.
- જે તે સરકારે અને રાજ્ય સરકારે તેમની પ્રાથમિક શાળામાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો ગુણોત્તર જાળવવાનો રહેશે.
- વસ્તી ગણતરી, આપત્તિ વ્યવસ્થાપન અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, વિધાનસભા અથવાં લોકસભાની ચૂંટણીની કામગીરી સિવાય અન્ય કોઈપણ પ્રકારની બિનશૈક્ષણિક કામગીરી શિક્ષકોને સોંપવી નહીં.
- ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળાઓ વચ્ચે કોઇપણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વગર બન્ને વિસ્તારની શાળાઓમાં પૂરતાં પ્રમાણમાં શિક્ષકોની નિમણૂક કરવી.
- ફક્ત તાલીમ પામેલાં અને પૂર્ણ લાયકાત ધરાવતાં શિક્ષકોને જ શાળામાં નિમણૂક આપવી.
- પ્રાથમિક શાળા માટે ધારા ધોરણ મુજબ યોગ્ય મકાનનું નિર્માણ કરવું.
- સ્થાપિત ધોરણો અને માનાંકો મુજબ શાળાના કામના દિવસો અને શિક્ષકના કામના કલાકો નિશ્ચિત કરવા.
- ભારતનાં બંધારણમાં પ્રતિસ્થાપિત મૂલ્યોને ધ્યાનમાં રાખીને, બાળકનાં સર્વાંગીણ વિકાસની ખાત્રી આપે તેવાં અભ્યાસક્રમની રચના કરવી.
- બાળકની પ્રતિભા અને અભિયોગ્યતાનો વિકાસ કરી શકે તેવી બાળકેન્દ્રી, બાળકને સહાયક, ભયમુક્ત, ચિંતામુક્ત અને તાણમુક્ત શિક્ષણ પ્રણાલીનો વિકાસ કરવો.
- બાળકોને શાળામાં પૂરતું સંરક્ષણ અને સુરક્ષા પૂરી પાડવી.
- ઉપરોક્ત જોગવાઈઓ ઉપરાંત આ અધિનિયમ નીચે જણાવેલ બાબતો પર પ્રતિબંધ મૂકે છે.
  - બાળકને શારીરિક સજા અને માનસિક પજવણી.
  - પ્રવેશ દરમિયાન બાળકોની તપાસ કરવી એટલે કે પરીક્ષા લેવી.
  - પ્રવેશ સમયે પ્રતિ બાળક વધારાની ફી લેવી.
  - શિક્ષકો દ્વારા કરવામાં આવતાં ખાનગી ટ્યૂશન.

- સરકારની માન્યતા વગર શાળા ખોલવી અને ચલાવવી.

## 13.4 ગુજરાતમાં 'શિક્ષણનો અધિકાર' અધિનિયમ

ભારતનાં બંધારણમાં શિક્ષણના અધિકાર માટે કરવામાં આવેલ જોગવાઈઓને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે તેના અમલ માટેના નિયમો ઘડ્યાં છે. જેમાંનાં કેટલાંક અગત્યનાં નિયમો નીચે મુજબ છે.

- 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત ધોરણે પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવું.
- જે તે વર્ષે, 1 લી જૂને પાંચ વર્ષ પૂરાં કરનાર બાળકને પ્રાથમિક શાળામાં પ્રવેશ આપવો.
- જે તે વર્ષે, 1 લી જૂને ત્રણ વર્ષ પૂરાં કરનાર બાળકને જ પૂર્વ પ્રાથમિક શાળામાં પ્રવેશ આપવો.
- બાળકનાં પ્રવેશ સમયે મા-બાપના ઇન્ટરવ્યુ લેવા નહીં, બાળકની તપાસ કરવી નહીં કે તેમની પરીક્ષા લેવી નહીં. ઉપરાંત પ્રવેશ સમયે કોઇ વધારાની ફી કે દાન પેટે કોઇ રકમ લેવી નહીં.
- જન્મના દાખલા માટે જન્મ પ્રમાણપત્ર જોવું. જો આવું પ્રમાણપત્ર ન હોય તો દવાખાના કે આંગણવાડીના રેકોર્ડને માન્ય રાખવો અથવાં વાલી પાસેથી જન્મ તારીખ અંગે સોગંદનામું લેવું.
- ધોરણ 1 થી 5 ના બાળકો માટે, તેમના નિવાસસ્થાનેથી 1 કિલોમીટરની અંદરના વિસ્તારમાં અને ધોરણ 6 થી 8ના બાળકો માટે 3 કિલોમીટરની અંદરના વિસ્તારમાં સરકારે શાળાની વ્યવસ્થા કરવી.
- રાજ્ય સરકારે અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓએ તેમના વિસ્તારમાં રહેતાં 6 થી 14 વર્ષની વયજૂથના બાળકોને શોધી કાઢવા માટે ઘેર ઘેર જઇને તપાસ કરવી તથા તેમના માટે જરૂર પ્રમાણે શાળાની સ્થાપના કરવી.
- આવાં બાળકો 14 વર્ષના થાય ત્યાં સુધી રાજ્ય સરકારે અથવાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાએ તેમના રેકોર્ડની જાળવણી કરવી.
- જાતિ, ધર્મ, સામાજિક-આર્થિક સ્થિતિ, સંસ્કૃતિ, ભાષા, પ્રાદેશિકતા વગેરેનાં સંદર્ભમાં કોઇ પણ જાતના ભેદભાવ વગર અક્ષમતા ધરાવતાં અને ન ધરાવતાં તથા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં તમામ બાળકો માટે ઉપર જણાવ્યા મુજબની તમામ વ્યવસ્થા કરવી.
- આવાં બાળકોને કોઇ પણ જાતના ભેદભાવ વગર શાળાની તમામ સુવિધાઓનો ઉપયોગ કરવાની તક પૂરી પાડવી.
- જરૂર જણાય તો, સામાન્ય બાળકો સાથે સમાવવા માટે, શાળાએ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકોને વિશિષ્ટ તાલીમ આપવા માટેની વ્યવસ્થા કરવી.
- આ અધિનિયમનો અમલ થાય ત્યારે લાયકાત ધરાવતાં શિક્ષકોની જે ઘટ હોય તેની આગામી પાંચ વર્ષમાં પૂર્તિ કરવા માટે શિક્ષક-પ્રશિક્ષણની પૂરતી જોગવાઇ કરવી.
- સરકાર દ્વારા સ્થાપિત, સંચાલિત અથવાં અનુદાનિત શાળાનાં નિયમિત અને વિદ્યાસહાયક શિક્ષકોના વેતન અને ભથ્થા અંગેની શરતો અને નીતિઓની રચના અને અમલ સરકાર કરશે.
- શિક્ષકો તેમની શાળાની 'શાળા વ્યવસ્થાપન સમિતિ'ને જવાબદાર રહેશે.
- શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાસહાયકો તાલીમ કાર્યક્રમોમાં અને અભ્યાસક્રમ વિકાસ માટેના કાર્યક્રમોમાં હાજરી આપશે.
- શાળાઓ દરેક વર્ગનાં હાજરી પત્રકો, સમયપત્રક, અગત્યના રેકોર્ડ અને પત્રવ્યવહારની જાળવણી કરશે.

- શિક્ષકો અને વિદ્યાસહાયકો માટે શાળા કક્ષાએ, તકરાર નિવારણ માટેની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.
- અભ્યાસક્રમ રચના, મૂલ્યાંકન પ્રણાલી અને વિદ્યાર્થીઓની અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિ અંગેના અંતિમ નિર્ણયો લેવાનો અધિકાર ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદનો રહેશે.
- શાળાની શૈક્ષણિક ગુણવત્તાની ચકાસણી કરવા માટે સમિતિની રચના સરકાર કરી શકશે.
- પૂર્વ શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓના અનુશ્રવણ (Monitoring) માટેની વ્યવસ્થા સરકાર ગોઠવી શકશે અને શિક્ષક પ્રશિક્ષણની રાષ્ટ્રીય પરિષદ દ્વારા પ્રસ્થાપિત ધોરણોનું પાલન ન કરતી હોય તેવી સંસ્થાઓ બંધ કરવા સુધીની કાર્યવાહી કરી શકશે.
- ટીચર એલીજીબીલિટી ટેસ્ટનું આયોજન અને અમલીકરણ સરકાર કરશે અને તેમાં પાસ થનાર શિક્ષક જ નોકરી માટે લાયક ગણાશે.
- પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી બાળકોને તે અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- શિક્ષણના અધિકારના સંરક્ષણ માટે સત્તામંડળ (Right to Education Protection Authority-REPA)ની સ્થાપના કરવામાં આવશે. જે અધિનિયમની જોગવાઈઓના અમલ અંગેનું અનુશ્રવણ કરશે અને કાયદાના ભંગ સામે પગલાં લેશે.
- બિનઅનુદાનિત સિવાયની તમામ શાળાએ, 'શિક્ષણનો અધિકાર' અધિનિયમનો અસરકારક અમલ થાય તે માટે શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવાની રહેશે.

## 13.5 શાળા વ્યવસ્થાપન સમિતિ

શાળા વ્યવસ્થાપન સમિતિના સંદર્ભમાં ગુજરાત સરકારે નીચે જણાવ્યા મુજબની જોગવાઈઓ કરી છે.

- બિનઅનુદાનિત સિવાયની તમામ શાળાએ 'શાળા વ્યવસ્થાપન સમિતિ'ની રચના કરવી.
- આ સમિતિમાં 50% મહિલાઓ સહિત કુલ 12 સભ્યો હોવાં જોઈએ.
- સમિતિમાં 75 ટકા સભ્યો બાળકોનાં વાલીઓ હોવા જોઈએ. જેમાં પછાત વર્ગના અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકોના વાલીઓને પ્રમાણસરનું મહત્ત્વ મળવું જોઈએ.
- સરકારી શાળાઓમાં આ સમિતિના બાકીના 25 ટકા સભ્યોમાંથી 1/3 સભ્યો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટાયેલા સભ્યો હોવાં જોઈએ. અનુદાનિત શાળાઓમાં ટ્રસ્ટમાંથી અથવાં સંચાલકોમાંથી આવા સભ્યોની નિમણૂક કરવી.
- ઉપરોક્ત 25 ટકા સભ્યોમાંથી 1/3 સભ્યો શાળાના શિક્ષકો હોવાં જોઈએ.
- 25 ટકા સભ્યોમાંથી શેષ 1/3 સભ્યો સ્થાનિક શિક્ષણવિદો અથવાં શાળાના વિદ્યાર્થીઓ હોવા જોઈએ. તેમની પસંદગી વાલીઓ દ્વારા થવી જોઈએ.
- એક સ્થાનિક કડિયો સમિતિનો સભ્ય હશે. જો સ્થાનિક કક્ષાએ કડિયો ઉપલબ્ધ ન હોય તો નજીકના ગામમાંથી કડિયાની સભ્ય તરીકે પસંદગી થશે. બન્ને કિસ્સામાં કડિયાની વરણી સમિતિના અધ્યક્ષ કરશે.
- વાલીમાંથી કોઇ એક સભ્યને સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવશે. શાળાના વડાશિક્ષક અથવાં મુખ્ય શિક્ષક હોદ્દાની રૂએ સમિતિના કન્વીનર તરીકે કાર્ય કરશે.
- ત્રણ માસમાં એક વખત સમિતિની મીટીંગ થશે અને મીટીંગની તમામ કાર્યવાહીની નોંધ કરવામાં આવશે.

– આ સમિતિ શાળાના વિકાસ માટે આયોજન તૈયાર કરશે અને તેનો અમલ કરાવશે.

– સમિતિ 'શિક્ષણનો અધિકાર' અધિનિયમનો અસરકારક અમલ કરવા માટે નીચે જણાવેલ કાર્યો કરશે.

(a) શાળાની નજીકમાં વસતા લોકોને શિક્ષણના અધિકાર અંગેની સમજ આપવી. તેમને શિક્ષણના અધિકાર અન્વયે સરકાર, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, શાળા, શિક્ષકો, વાલીઓ વગેરેની ફરજો અને જવાબદારીઓ અંગેની માહિતી આપવી.

(b) અધિનિયમમાં જણાવેલ જોગવાઈઓનો અસરકારક અમલ કરાવવો.

(c) અધિનિયમમાં જણાવ્યા સિવાયનાં બિનશૈક્ષણિક કાર્યો શિક્ષકોને સોંપવામાં ન આવે તેનું ધ્યાન રાખવું.

(d) શાળાની નજીકના વિસ્તારમાં તમામ બાળકોને શાળામાં પ્રવેશ મળે અને તેઓ શાળામાં હાજર રહે તે માટે યોગ્ય કાર્યવાહી કરવી.

(e) અધિનિયમની કોઇ પણ જોગવાઇનો શાળા દ્વારા ભંગ થાય તો તેની જાણ સ્થાનિક સત્તાધિકારી સંસ્થા અથવાં સરકારને કરવી.

(f) અધિનિયમના વિભાગ-4માં જણાવવામાં આવેલ જરૂરિયાતો ઓળખવી, તે પૂરી કરવા માટેનું આયોજન કરવું, તેનો અમલ કરાવવો અને અમલીકરણનું નિરીક્ષણ કરવું.

(g) અક્ષમતા ધરાવતાં બાળકોને ઓળખવા અને તેમને શાળામાં દાખલ કરવા માટેની કાર્યવાહીનું અનુશ્રવણ (Monitoring) કરવું, તેમને શિક્ષણ અપાવવા અને પૂરું કરાવવા માટેની ખાત્રી કરવી.

(i) મધ્યાહ્ન ભોજન યોજના સાથે સંકળાયેલાં કાર્યોનું અનુશ્રવણ કરવું.

(j) વર્ષને અંતે સમિતિએ પોતાના અને શાળાનાં કાર્યો અંગેનો અહેવાલ તૈયાર કરવો અને કલસ્ટર રિસોર્સ સેન્ટર અને ગ્રામસભાને સુપ્રત કરવો.

## 13.6 સર્વ શિક્ષા અભિયાન

પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. તે એક સમયબદ્ધ કાર્યક્રમ છે. ભારતના બંધારણમાં 86 માં સુધારા દ્વારા આ કાર્યક્રમની જાહેરતા કરવામાં આવી હતી. જે 6 થી 14 વર્ષના બાળકને તેના મૂળભૂત અધિકાર તરીકે મફત, ફરજિયાત અને સાર્વત્રિક ધોરણે પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવા માટેનું સમયબદ્ધ માળખું પૂરું પાડે છે. 6 થી 14 વર્ષના તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર તરીકે લિંગ (Gender) કે સામાજિક જાતિગત વર્ગો (Social Category)ના ભેદભાવ વગર ગુણવત્તાવાળું પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવું એ સર્વ શિક્ષા અભિયાનનો મુખ્ય હેતુ છે.

સર્વશિક્ષા અભિયાન કાર્યક્રમનો અમલ 2000-2001માં શરૂ થયો હતો.

### 13.6.1 સર્વ શિક્ષા અભિયાનના મુખ્ય ધ્યેયો

સર્વ શિક્ષા અભિયાનના મુખ્ય ધ્યેયો નીચે જણાવ્યા મુજબના છે :-

– 6 થી 14 વર્ષનાં તમામ બાળકોને 2010 સુધીમાં ઉપયોગી અને ઉચિત પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવું.

– જાતિ, પ્રદેશ અને સમાજનાં સંદર્ભમાં બાળકો વચ્ચે રહેલી ખાઈ પૂરવી. એટલે કે લિંગ, પ્રદેશ અને સામાજિક સ્થિતિના સંદર્ભમાં કોઇ પણ જાતનો ભેદભાવ રાખ્યા વગર તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણ સમાન ધોરણે પૂરું પાડવું.

- બાળકો વચ્ચેના આવા ભેદભાવને દૂર કરવા માટે સ્થાનિક સમુદાયના લોકોને શાળા વ્યવસ્થાપનમાં સામેલ કરવા.
- બાળકોને મૂલ્ય આધારિત શિક્ષણ આપવું જેથી તેઓ ફક્ત પોતાના સ્વાર્થ માટે નહીં પરતું એકબીજાંનાં કલ્યાણ અને ભલાઈ માટે જીવતાં શીખે.
- આધ્યાત્મિક અને વાસ્તવિક એમ બન્ને રીતે પોતાની ક્ષમતાઓનો વિકાસ કરી શકે તે માટે બાળકોને તેમના સ્વાભાવિક પર્યાવરણ અંગે જ્ઞાન મેળવવા અને પોતાના પર્યાવરણ પર પ્રભુત્વ મેળવવા માટેની તક પૂરી પાડવી.
- સર્વશિક્ષા અભિયાન 'પ્રારંભિક બચપણ સંભાળ અને શિક્ષણ (Early Childhood Care and Education)' ના મહત્ત્વને સ્વીકારીને 0 થી 14 વર્ષના બાળકનાં વિકાસને એક સતત પ્રક્રિયા તરીકે જુએ છે.
- પૂર્વ પ્રાથમિક શિક્ષણને 'સ્ત્રી અને બાળ વિકાસ વિભાગ' દ્વારા અપાતી સહાય ઉપરાંત સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પૂરક સહાય આપવામાં આવશે.
- 'સંકલિત બાળ વિકાસ સેવા (Integrated Child Development Service - ICDS)' યોજનાના પૂર્વ પ્રાથમિક શિક્ષણ કેન્દ્રોને આવી સહાય આપવામાં આવશે. આવાં સેવા કેન્દ્રો ન હોય તેવા ક્ષેત્રમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ પૂરું પાડતી સંસ્થાઓને સીધી જ આવી સહાય પૂરી પાડવામાં આવશે.

### 13.6.2 સર્વ શિક્ષા અભિયાનના મુખ્ય હેતુઓ

સર્વ શિક્ષા અભિયાનના લાંબા ગાળાના મુખ્ય ધ્યેયોની સાથે સાથે કેટલાંક હેતુઓ પણ નિશ્ચિત કરવામાં આવ્યા હતા. જે નીચે જણાવ્યા મુજબના છે :-

- શિક્ષણ બાંયધરી કેન્દ્ર (Education Guarantee Centre), વૈકલ્પિક શાળા (Alternate School) વ્યવસ્થા અને 'શાળામાં પરત (Back to School)' યોજનાને કારણે 2003 સુધીમાં 6 થી 14 વર્ષના તમામ બાળકો શાળામાં હશે.
- 2007 સુધીમાં તમામ બાળકોએ પ્રાથમિક શાળામાં ઓછામાં ઓછા પાંચ વર્ષ પૂરાં કર્યા હશે.
- 2010 સુધીમાં તમામ બાળકોએ આઠ વર્ષનું પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યું હશે.
- 'જીવન માટે શિક્ષણ' ને ધ્યાનમાં રાખીને સંતોષકારક ગુણવત્તા વાળું પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવામાં આવશે.
- 2007 સુધીમાં પ્રારંભિક શિક્ષણમાંથી અને 2010 સુધીમાં પ્રાથમિક શિક્ષણમાંથી લૈંગિક સામાજિક તફાવત દૂર કરી દેવામાં આવશે.

### 13.6.3 સર્વ શિક્ષા અભિયાનના હસ્તક્ષેપ

અગાઉ ચર્ચવામાં આવેલા ધ્યેયો અને હેતુઓ સિવાય પણ સર્વ શિક્ષા અભિયાન દ્વારા નીચે જણાવેલ કાર્યોમાં હસ્તક્ષેપ કરવામાં આવશે :-

- નવી શાળાઓની સ્થાપના કરવી.
- શાળામાં પૂરતાં પ્રમાણમાં શિક્ષકોની નિમણૂક કરવી.
- બાળકોને મફત પાઠ્યપુસ્તકો અને ગણવેશ પૂરાં પાડવાં.
- વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા પૂરી પાડવી.
- બાળકોની અધ્યયન નિષ્પત્તિ વધે તે માટેના પ્રયત્નો કરવા.
- પીવાના પાણીની પૂરતી સુવિધા પૂરી પાડવી.

- શાળા માટેના નવા મકાનો અને શૌચાલયોનું નિર્માણ કરવું.
- સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમોનું આયોજન કરવું.
- મધ્યાહ્ન ભોજન યોજના શરૂ કરવી કે જેથી બાળકો શાળામાં હાજર રહે.

શિક્ષણનો અધિકાર અધિનિયમની જાહેરાત બાદ સર્વ શિક્ષા અભિયાનના અભિગમમાં ફેરફારો થયા. તેમાંની કેટલીક અગત્યની બાબતો નીચે જણાવ્યા મુજબની છે.

- રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું - 2005 ને ધ્યાનમાં રાખીને શિક્ષણની પૂર્ણતાવાદી રીતનો ઉપયોગ કરવો.
- તે માટે અભ્યાસક્રમ, વિષયવસ્તુ, શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો અને શૈક્ષણિક આયોજન તથા વ્યવસ્થાપનમાં સાર્થક ફેરફારો કરવા.
- પક્ષપાત રહિત શિક્ષણ પૂરું પાડવું. એટલે કે વિશિષ્ટ જરૂરિયાતવાળાં બાળકો, અનુસૂચિત જાતિ અને જનજાતિનાં બાળકો, મુસ્લિમ લઘુમતિ સમાજનાં બાળકો, જમીન વિહોણા ખેત મજૂરોનાં બાળકો જેવાં વંચિત બાળકો શિક્ષણની સમાન તકનો ખરેખર લાભ મેળવે અને કોઈપણ જાતના ભેદભાવ વગર ખરેખર શિક્ષણ મેળવે તે માટેની વ્યવસ્થા કરવી.
- તમામ પ્રકારનાં બાળકોની પહોંચની અંદર શાળાઓ હોય તેટલું જ પૂરતું નથી, પરંતુ પરંપરાગત રીતે શિક્ષણથી વંચિત રહેલાં વર્ગો જેવાં કે અનુસૂચિત જાતિ અને જનજાતિ તથા મુસ્લિમ લઘુમતિઓનાં બાળકો, છોકરીઓ, વિશિષ્ટ જરૂરિયાતવાળાં બાળકો અને અતિ પછાત બાળકોની શૈક્ષણિક જરૂરિયાતો અને તેમની અવદશા સમજીને તેમને શિક્ષણની સુવિધા પૂરી પાડવી.
- છોકરીઓને છોકરાઓની જેમ આગળ વધવા માટે સમર્થ બનાવવી એટલું જ પૂરતું નથી પરંતુ સ્ત્રીઓના મોભામાં પાયાનું પરિવર્તન લાવવાની જરૂર છે. તે માટે 1986 અને 1992ની શૈક્ષણિક નીતિઓને ધ્યાનમાં રાખીને છોકરીઓના શૈક્ષણિક વિકાસ માટેના પ્રયત્નો કરવા.
- શિક્ષકોને કેન્દ્રીકૃત કરવા એટલે કે તેમને સ્થિર કરવા. જેથી તેઓ વર્ગખંડની અંદર અને બહાર એવી નવી સંસ્કૃતિનું નિર્માણ કરે કે જેમાં બાળકોને, ખાસ કરીને દલિત અને હાંસિયા પર રહેતા સમાજની છોકરીઓને, સમાવેશક વાતાવરણ મળી રહે.
- શિક્ષણનો અધિકાર અધિનિયમ દ્વારા પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટેની નૈતિક જવાબદારી વાલીઓ, શિક્ષકો, શાળા સંચાલકો તથા અન્ય હિત ધરાવતાં લોકોની છે એવું નક્કી કરવામાં આવ્યું છે. આ તેમની નૈતિક જવાબદારી છે, તેના ભંગ બદલ તેમની સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં નહીં આવે. આ હેતુના સંદર્ભમાં શિક્ષણનો અધિકાર અધિનિયમનો અસરકારક અમલ કરવા માટેની પૂર્વશરત છે કેન્દ્રાભિસારી અને સંકલિત શૈક્ષણિક વ્યવસ્થાપન.
- દરેક રાજ્યોએ શક્ય તેટલી વધુ ઝડપે ઉપરોક્ત કાર્યો પૂર્ણ કરવાં જોઈએ.

## 13.7 રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા-2005 અને અક્ષમ બાળકોનું શિક્ષણ

રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા - 2005માં અક્ષમ બાળકોના શિક્ષણ અંગે નીચે જણાવ્યા મુજબ ચર્ચા કરવામાં આવી છે.

- હાંસિયા પરના બાળકો જેવાં કે અક્ષમતા ધરાવતાં બાળકો માટે સમાવેશક વાતાવરણની રચના કરવાનું કામ મહત્ત્વનું છે.
- કોઈ પણ વિદ્યાર્થી કે વિદ્યાર્થીઓના જૂથને અધ્યયન અક્ષમતા ધરાવતાં બાળકો તરીકે જોવાથી તેમનામાં લાચારી અને લઘુતાગ્રંથિની ભાવના પેદા થાય છે.
- વર્ગખંડમાં અયોગ્ય શિક્ષણશાસ્ત્રીય અભિગમનો ઉપયોગ કરવામાં આવે તો વિવધ સામાજિક-

સાંસ્કૃતિક પરિવેશ ધરાવતાં બાળકો મુશ્કેલી અનુભવે છે.

- અક્ષમતા ધરાવતાં બાળકોને અન્ય બાળકોની જેમ જ તેમના જૂથનાં સભ્ય બનવાનો અધિકાર છે.
- બાળકો વચ્ચે રહેલ તફાવતોને સમસ્યા તરીકે જોવાને બદલે તેનો અધ્યયનનાં સહાયક સ્ત્રોત તરીકે સ્વીકાર થવો જોઈએ.
- શાળામાં આવાં બાળકોનું સમાવેશન, સમાજમાં તેમનું સમાવેશન કરવા માટેનો માર્ગ ખોલી આપે છે.
- તમામ પ્રકારના બાળકોને અનુકૂળ આવે તેવો લવચિકતા ધરાવતો અભ્યાસક્રમ ઘડવાનું કામ શાળાનું છે.
- આ દસ્તાવેજ (રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા - 2005) એ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં કોઈ એક વિદ્યાર્થી અથવાં વિદ્યાર્થીઓના જૂથની જરૂરિયાતને પહોંચી વળવા માટેનો પ્રારંભિક બિંદુ છે.
- દરેક વિદ્યાર્થીને તેની ક્ષમતા મુજબ પડકારજનક કાર્ય મળી રહે તથા તેમને તેમની ક્ષમતા મુજબ અધ્યયન કરવાની તથા સિદ્ધિ મેળવવાની તક મળે તેવી જોગવાઇ અભ્યાસક્રમમાં હોવી જ જોઈએ.
- વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરી શકાય તે રીતે અધ્યાપન અધ્યયન પ્રક્રિયાનું આયોજન અને અમલીકરણ થવું જોઈએ.
- અક્ષમતા ધરાવતાં બાળકો સહિત તમામ પ્રકારનાં બાળકોને શિક્ષણ પૂરું પાડવા માટે શિક્ષક હકારાત્મક વ્યૂહરચનાનો ઉપયોગ કરી શકે છે.
- અન્ય શિક્ષકો અથવાં બાહ્ય સંગઠનોની સહાયથી શિક્ષકો પોતાના દરેક કાર્ય કરી શકે છે.

## 13.8 મધ્યાહ્ન ભોજન યોજના

બાળકો પ્રાથમિક શાળામાં પ્રવેશ લે, શાળામાં હાજર રહે અને પ્રાથમિક શિક્ષણ પૂરું કરે ત્યાં સુધી ટકી રહે તે હેતુઓને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને દિવસમાં એક વખત નિશ્ચિત પ્રમાણમાં અને નિશ્ચિત પ્રકારનો પોષણક્ષમ આહાર પૂરો પાડવાની યોજનાને મધ્યાહ્ન ભોજન યોજના તરીકે ઓળખવામાં આવે છે. આ ભારત સરકારની યોજના છે. પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવા માટે આ યોજનાની શરૂઆત કરવામાં આવી છે. પ્રાથમિક શાળાના બાળકોને વર્ષમાં ઓછામાં ઓછાં 200 દિવસ આ રીતે ખોરાક પૂરો પાડવાની જોગવાઇ આ યોજનામાં કરવામાં આવી છે.

### 13.8.1 મધ્યાહ્ન ભોજન યોજનાનો ઈતિહાસ

અંગ્રેજો દ્વારા 1925 માં મદ્રાસ કોર્પોરેશનમાં મધ્યાહ્ન ભોજન યોજના શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ ફ્રેંચ વહીવટદારોએ 1930માં પોંડિચેરીમાં આ યોજના શરૂ કરી હતી.

1962-’63 માં ચેન્નાઈમાં પ્રાથમિક શાળાનાં બાળકો માટે આ યોજના શરૂ કરવામાં આવી. પાછળથી તામિલનાડુની તમામ પ્રાથમિક શાળાનાં બાળકોને આ યોજનામાં સાંકળી લેવામાં આવ્યા હતા.

ગુજરાતમાં 1980માં અને કેરાલામાં 1984માં મધ્યાહ્ન ભોજન યોજના શરૂ કરવામાં આવી. 1991-92 સુધીમાં આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની મદદથી આ બે રાજ્યો સહિત ગોવા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, તામિલનાડુ, ઉત્તર પ્રદેશ, કર્નાટક, પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સા એમ કુલ 12 રાજ્યોમાં આ યોજના શરૂ કરવામાં આવી. આ સમયગાળા દરમિયાન જ આંધ્રપ્રદેશ અને રાજસ્થાનમાં પણ વિદેશી સહાયથી મધ્યાહ્ન ભોજન યોજનાનો અમલ શરૂ થયો.

ભારત સરકારે નેશનલ પ્રોગ્રામ ઓફ ન્યુટ્રીશનલ સપોર્ટ ટૂ પ્રાઈમરી એજ્યુકેશનને નામે દેશના કુલ

2480 બ્લોક્સમાં સરકારી, અનુદાનિત અને સ્થાનિક સ્વરાજની પ્રાથમિક શાળાઓમાં 15 ઓગસ્ટ 1995 થી મધ્યાહ્ન ભોજન આપવાનું શરૂ કર્યું. 1997-98 સુધીમાં સમગ્ર દેશની પ્રાથમિક શાળાઓના ધોરણ-1 થી 5ના બાળકો માટે આ યોજના લાગુ કરવામાં આવી. 2007માં ઉચ્ચ પ્રાથમિક શાળાના બાળકોને પણ આ યોજનામાં સાંકળી લેવામાં આવ્યા. ભારત સરકારે 2007માં આ યોજનાને 'મધ્યાહ્ન ભોજન યોજનાનો રાષ્ટ્રીય કાર્યક્રમ' નામ આપ્યું. હાલમાં આ યોજનામાં સમગ્ર દેશની તમામ સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા સંચાલિત પ્રાથમિક શાળાઓ સહિત મદરેસાઓ, શૈક્ષણિક બાંહેધરી યોજનાના કેન્દ્રો અને અલ્ટરનેટિવ એન્ડ ઇનોવેટિવ એજ્યુકેશનનાં કેન્દ્રોને આવરી લેવામાં આવ્યાં છે.

## 13.9 રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન

માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા, તેનું સાર્વત્રિકરણ કરવા અને તમામ બાળકોને માધ્યમિક શિક્ષણ સુલભ થાય તે હેતુથી શૈક્ષણિક વર્ષ 2009-10 થી ભારત સરકારે અમલમાં મૂકેલી યોજનાને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન તરીકે ઓળખવામાં આવે છે.

આ યોજનાનો અમલ થાય તે પહેલા ભારત સરકારે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના સુધારા માટે અમુક પગલાં લીધા હતા. જેમ કે નવી શિક્ષણ નીતિ-1986 અને કાર્ય યોજના 1992ની ભલામણોને ધ્યાનમાં રાખીને ભારત સરકારે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાં બાળકો માટે તથા અક્ષમ બાળકો માટે સંકલિત શિક્ષણ (Integrated Education for the Disabled Children - IEDC), છોકરીઓ માટે છાત્રાવાસ, વ્યાવસાયિક શિક્ષણ અને શાળામાં ICT જેવી યોજનાઓ શરૂ કરી હતી.

(IEDC હાલમાં Inclusive Education for Disabled at Secondary Stage તરીકે ઓળખાય છે.)

ઉચ્ચ ગુણવત્તાવાળું, ઉપયોગી, પ્રાસંગિક અને સુલભ માધ્યમિક શિક્ષણ પૂરું પાડવું, એ તમામ યોજનાઓનો મુખ્ય હેતુ હતો.

રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનને ભારત સરકારે માર્ચ 2009 માં અંતિમ સ્વરૂપ આપ્યું હતું. માધ્યમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવા માટે ભારતીય કેન્દ્ર સરકારે માનવ સંશાધન વિકાસ મંત્રાલયના માધ્યમથી શૈક્ષણિક વર્ષ 2009-10થી સમગ્ર દેશમાં આ અભિયાનનો અમલ શરૂ કર્યો હતો.

### 13.9.1 રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનના હેતુઓ

તમામ બાળકો માટે ગુણવત્તા સભર માધ્યમિક શિક્ષણ સુલભ બનાવીને તેનું સાર્વત્રિકરણ કરવું એ રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનનો મુખ્ય હેતુ છે. આ હેતુને નીચે જણાવેલ પેટા હેતુઓમાં વિભાજિત કરવામાં આવ્યો છે.

– અભિયાનનાં અમલના દિવસથી પાંચ વર્ષની અંદર માધ્યમિક શાળાઓમાં પ્રવેશનું પ્રમાણ 75 ટકા કરવું. એટલે કે માધ્યમિક શિક્ષણ મેળવવાને લાયક તમામ બાળકોમાંથી ઓછામાં ઓછા 75 ટકા બાળકો માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવી લે તે માટેના પ્રયત્નો કરવા. આ લક્ષ પાંચ વર્ષની અંદર પૂરું કરવું. 2005-2006માં આ પ્રમાણ 52.26 ટકા હતું.

– ઘરથી અનુકૂળ અંતરે બાળકોને માધ્યમિક શાળા સુલભ થાય તેવા પ્રયત્નો કરવા. તે માટે નવી શાળાઓ શરૂ કરવી.

– તમામ બાળકોને ઉચ્ચ ગુણવત્તાવાળું માધ્યમિક શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા કરવી. તે માટે બારમી પંચવર્ષીય યોજનાના અંત સુધીમાં એટલે કે 2017 સુધીમાં નીચે જણાવેલ લક્ષ હાંસલ કરવા.

- ગુણવત્તાવાળા શિક્ષણ માટેનાં સ્થાપિત નિયમો અને કાયદાઓનો ચુસ્તપણે અમલ કરીને તમામ શાળાઓએ ગુણવત્તાનાં નિશ્ચિત ધોરણો અને માનાંકો સુધી પહોંચવું.
- લિંગ, સામાજિક આર્થિક સ્થિતિ અને અક્ષમતાને આધારે કોઇ પણ પ્રકારનાં ભેદભાવ વગર તમામ બાળકોને સમાન સ્તરનું અને ઉચ્ચ ગુણવત્તાવાળું માધ્યમિક શિક્ષણ પૂરું પાડવું.
- માધ્યમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવું

– 2020 સુધીમાં માધ્યમિક શિક્ષણમાં સાર્વત્રિક પ્રતિધારણ (Universal Retention)નું લક્ષ હાંસલ કરવું. એટલે કે 2020 સુધીમાં માધ્યમિક શાળામાંથી અપવ્યયનું પ્રમાણ શૂન્ય કરવું.

– માધ્યમિક શાળાઓમાં નીચે જણાવેલ ભૌતિક સુવિધાઓ ન હોય તો તેની વ્યવસ્થા કરવી.

- શૌચાલય
- પ્રયોગશાળાઓ
- વધારાના વર્ગખંડો
- પુસ્તકાલય
- અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષક માટે હોસ્ટેલની વ્યવસ્થા
- કલા અને હસ્તકલા ખંડ
- પીવાનાં પાણીની સુવિધા

– માધ્યમિક શિક્ષણની ગુણવત્તા વધારવા માટે RMSA માં નીચે જણાવેલી જોગવાઇઓ કરવામાં આવી છે.

- ખૂટતા શિક્ષકોની નિમણૂક કરીને વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેનો ગુણોત્તર ઘટાડીને 30:1 સુધી લઇ જવો.
- શિક્ષકોની સેવાકાલીન તાલીમ વધુ સઘન બનાવવી.
- વિજ્ઞાન પ્રયોગશાળાઓની વ્યવસ્થા કરવી.
- વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજીના શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- અધ્યાપન અધ્યયન પ્રક્રિયામાં સુધારા કરવા.
- અભ્યાસક્રમ સુધારણા માટેના પગલાં લેવા.

– પક્ષપાત વગરના માધ્યમિક શિક્ષણ માટે RMSA માં નીચે જણાવેલી જોગવાઇઓ કરવામાં આવી છે.

- આશ્રમ શાળાઓના ઉન્નયન (Upgradation) ને અગ્રિમતા આપવી.
- સૂક્ષ્મ આયોજન પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- છોકરીઓ માટે અલગ શૌચાલયની સુવિધા પૂરી પાડવી.
- શાળાઓમાં શિક્ષિકાઓની સંખ્યા વધારવી.
- નબળા વર્ગ માટે વિશિષ્ટ પ્રવેશ ઝુંબેશ ચલાવવી.
- નવી શાળાઓ શરૂ કરવા માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને લઘુમતીઓના વિસ્તારને અગ્રિમતા આપવી.

– આ અભિયાનના અમલીકરણ માટેનું તંત્ર નીચે જણાવ્યા મુજબ ગોઠવવામાં આવ્યું છે.

- RMSA નું સંકલન કરવા માટે બુનિયાદી મંત્રાલય તરીકે, કેન્દ્ર સરકારનું માનવ સંસાધન વિકાસ મંત્રાલય (MHRD) કાર્ય કરે છે.
- તે માટે મંત્રાલય, દરેક રાજ્યની 'રાજ્ય અમલીકરણ સોસાયટીઝ (State Implementation Societies - SIS))' ની મદદ લે છે.
- તે સિવાય RMSA ના અમલીકરણ માટે નીચે જણાવેલ વ્યવસ્થા ગોઠવાઈ છે.
  - ❖ અધ્યાપન અધ્યયયન પ્રક્રિયા, અભ્યાસક્રમ, અધ્યાપન અધ્યયન સામગ્રી અને શિક્ષણમાં ICT વગેરેમાં સુધારા કરવા માટે તથા RMSA અને મૂલ્યાંકન માટેનાં તંત્ર પર દેખરેખ રાખવા માટે નેશનલ રિસોર્સ ગ્રુપ (NRG) માર્ગદર્શન આપે છે.
  - ❖ RMSA માટે કામ કરતી રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની સંસ્થાઓને MHRD દ્વારા સમર્થિત ટેક્નિકલ સપોર્ટ ગ્રુપ (TSG) તક્નિકી અને વિશેષજ્ઞતા સહાય કરે છે. RMSA નો તમામ અહેવાલ મંત્રાલયને પહોંચાડવાની જવાબદારી TSG ની છે.
  - ❖ વિવિધ પેટા સમિતિઓ, NRG ના નિયંત્રણમાં RMSA માટે કામ કરે છે. અભ્યાસક્રમ સુધારણા માટેની પેટા સમિતિ, શિક્ષક અને શિક્ષક વિકાસ માટેની પેટા સમિતિ, ICT ની પેટા સમિતિ, આયોજન અને વ્યવસ્થાપન માટેની પેટા સમિતિ વગેરેનો સમાવેશ પેટા સમિતિઓમાં થાય છે.
  - ❖ TSG ના સભ્યો આ પેટા સમિતિઓના સભ્યો હોય છે.
  - ❖ RMSA દ્વારા નિશ્ચિત ધ્યેયો કેટલી હદે સિદ્ધ થયા છે તેની જાણ કરવા માટે વર્ષમાં ત્રણ વખત આ પેટા સમિતિઓની બેઠક મળે છે.
  - ❖ RMSA ને સમર્પિત એકમોને NECRT અને 'રાષ્ટ્રીય શૈક્ષણિક આયોજન અને વ્યવસ્થાપન વિશ્વવિદ્યાલય' (National University of Educational Planning and Administration - NUEPA) પણ મદદ કરે છે.
  - ❖ RMSA ના અસરકારક અમલીકરણ માટેની ક્ષમતા નિર્માણ માટે 'આંતરરાષ્ટ્રીય વિકાસ વિભાગ (Department for International Development - DFID) ની મદદથી RMSA - TCA (Technical Cooperation Agency) રચના કરવામાં આવી છે.
  - ❖ કેન્દ્ર સરકાર, RMSA માટેનો 75 ટકા ખર્ચ ભોગવે છે. તે RMSA નો અમલ કરતી તમામ સંસ્થાઓને સીધા જ આ નાણાં ફાળવે છે. બાકીના 25 ટકા નાણાં જે તે રાજ્યની સંસ્થાઓને જે તે રાજ્યની સરકાર સીધા જ આપે છે.

## 13.10 સારાંશ

તમામ બાળકો માટે ગુણવત્તા સભર માધ્યમિક શિક્ષણ સુલભ બનાવીને તેનું સાર્વત્રિકરણ કરવું એ રાષ્ટ્રીય માધ્યમિક.

## 13.11 તમારી પ્રગતિ ચકાસો

**1. 'શિક્ષણનો અધિકાર' અધિનિયમની મહત્ત્વની જોગવાઈઓ જણાવો.**

....................................................................

....................................................................

....................................................................

....................................................................

…………………………………………………………………

…………………………………………………………………

2. ગુજરાતમાં 'શિક્ષણનો અધિકાર' અધિનિયમ અંતર્ગત ઘડવામાં આવેલાં અગત્યના નિયમો જણાવો.

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

3. શાળા વ્યવસ્થાપન સમિતિનો ટૂંકમાં પરિચય આપો.

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

4. સર્વ શિક્ષા અભિયાનના મુખ્ય હેતુઓ જણાવો.

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

5. સર્વ શિક્ષા અભિયાનના મુખ્યે ધ્યેયો જણાવો.

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

6. સર્વ શિક્ષા અભિયાનના હસ્તક્ષેપો જણાવો.

…………………………………………………………………

…………………………………………………………………

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

7. રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા - 2005 માં અક્ષમ બાળકોનાં શિક્ષણ અંગે કરવામાં આવેલી ચર્ચા જણાવો.

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

8. મધ્યાહ્ન ભોજન યોજના શું છે ?

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

9. મધ્યાહ્ન ભોજન યોજનાનો ઈતિહાસ ટૂંકમાં જણાવો.

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

10. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનનો ટૂંકમાં પરિચય આપો.

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

11. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનના હેતુઓ જણાવો.

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

એકમ 14

# સમાવેશક સૂચિ

## : રૂપરેખા :

14.0 પ્રસ્તાવના

14.1 ઉદ્દેશો

14.2 સમાવેશક સૂચિનો પ્રાથમિક પરિચય

14.3 સમાવેશક સૂચિની વિશિષ્ટતાઓ

14.4 સમાવેશક સૂચિના પરિમાણો

14.5 પરિમાણ : A : સમાવેશક સંસ્કૃતિનું સર્જન

14.5.1 $A_1$ - સમુદાયનું નિર્માણ

14.5.2 $A_2$ - સમાવેશક મૂલ્યોનું પ્રસ્થાપન

14.6 પરિમાણ : B : સમાવેશક નીતિઓનો અમલ

14.6.1 $B_1$ - સર્વે માટે શાળાનો વિકાસ

14.6.2 $B_2$ - વૈવિધ્યને સહાયક થાય તેવાં તંત્રનું સંગઠન

14.7 પરિમાણ : C: સમાવેશક પ્રથાનો વિકાસ

14.7.1 $C_1$ - અધ્યયનનું આયોજન

14.7.2 $C_2$ - સ્ત્રોતો ગતિશીલ કરવા

14.8 સારાંશ

14.9 તમારી પ્રગતિ ચકાસો

## 14.0 પ્રસ્તાવના

20મી સદીના અંતમાં વૈશ્વિકરણનો ખ્યાલ ખૂબ ઝડપથી વિકસ્યો. અનેક દેશોએ આ ખ્યાલ સ્વીકાર્યો. આવા દેશોએ વૈશ્વિકરણના ખ્યાલનો અસરકારક અમલ કરવા માટે તેમની વિત્તીય, ઔદ્યોગિક, શૈક્ષણિક અને વિદેશ નીતિઓમાં ફેરફાર કર્યા. આજે, વિશ્વના બુદ્ધિજીવીઓ, તત્ત્વચિંતકો, સમાજશાસ્ત્રીઓ, શિક્ષણશાસ્ત્રીઓ અને વિકસિત સમાજના લોકો વિશ્વશાંતિ અને વૈશ્વિક એકતા પ્રત્યે લોકોને જાગૃત કરવા માટેના પ્રયત્નો કરી રહ્યા છે. આર્થિક અને સામાજિક રીતે મજબૂત રાષ્ટ્ર આવા પ્રયત્નોને સફળ બનાવવામાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી શકે છે. રાષ્ટ્ર ત્યારે જ મજબૂત બને છે કે જ્યારે લોકો વચ્ચે સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક સમાનતા હોય. પરંતુ આપણને આવી પરિસ્થિતિ જોવા મળતી નથી. ધર્મ, જાતિ-જ્ઞાતિ, આર્થિક પરિસ્થિતિ, સંસ્કૃતિ ભાષા, બોલી, રીત-રિવાજો, શિક્ષણ, સામાજિક સ્વીકૃતિ વગેરે જેવાં અનેક પરિબળોનાં સંદર્ભમાં લોકો વચ્ચે સ્થાનિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય કક્ષાએ ખાસ્સો તફાવત ત્યારે જ દૂર થઇ શકે કે જ્યારે દેશના તમામ લોકોને સ્થાનિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય કક્ષાએ વિકાસની સમાન તક મળી રહે. તે માટે વિવિધ પ્રકારની સામાજિક આર્થિક સ્થિતિ ધરાવતાં લોકોને સમાન શૈક્ષણિક તક પૂરી પાડવી જરૂરી બની જાય છે. આ ઉમદા હેતુને પૂર્ણ કરવા માટે જ સમાવેશક શિક્ષણની સંકલ્પનાનો વિકાસ થયો છે. અનેક દેશોએ સમાવેશક શિક્ષણ માટે અનુકૂળ શિક્ષણ વ્યવસ્થા ગોઠવવા માટે શૈક્ષણિક નીતિઓમાં જરૂરી ફેરફારો કર્યા છે. અનેક દેશોમાં સમાવેશક શિક્ષણ વ્યવસ્થાનો વિકાસ કરવામાં આવ્યો છે અને સમાવેશક શાળાઓ શરૂ કરવામાં આવી છે. જો નિશ્ચિત માપદંડોને ધ્યાનમાં રાખીને સમાવેશક શાળાની રચના

કરવામાં આવે તો તેની સફળતાની સંભાવના વધી જાય છે. ઉપરાંત જો આવા કોઈ માપદંડો ઉપલબ્ધ હોય તો કાર્યરત સમાવેશક શાળાનું મૂલ્યાંકન સરળતાથી કરી શકાય છે અને તેના આધારે તેની કાર્યપ્રણાલીમાં અપેક્ષિત સુધારા કરી શકાય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને જ સમાવેશક સૂચિનો વિકાસ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે સમાવેશકસૂચિ વિશે સામાન્ય માહિતી મેળવવાનો પ્રયત્ન કરીશું.

## 14.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે :-

- સમાવેશક સૂચિનો પ્રાથમિક પરિચય આપી શકશો.
- સમાવેશક સૂચિની વિશિષ્ટતાઓ.
- સમાવેશક સૂચિના પરિમાણો અને સૂચકોની સ્પષ્ટતા કરી શકશો.
- સમાવેશક સૂચિને આધારે સમાવેશક શાળાની સ્થાપના અને વિકાસ માટેનું માર્ગદર્શન આપી શકશો.

## 14.2 સમાવેશક સૂચિનો પ્રાથમિક પરિચય

સમાવેશક સૂચિવી રચના અને પ્રકાશન સૌથી પહેલા ઇંગ્લૅન્ડના મેલ એન્સ્કૉ (Mel Ainscow) અને ટોની બૂથ (Tony Booth) 2000માં કરી હતી. સમાવેશક સૂચિ એ સમાવેશક શિક્ષણના વિકાસ માટેની એક માર્ગદર્શિકા અને સમાવેશક માળખાની સમીક્ષા કરવા માટેનું ઉપકરણ (Tool) છે. તે સમાવેશક શૈક્ષણિક માળખા અને સમાવેશક શાળાની રચના, વિકાસ અને સમીક્ષા કરવા માટેનો માર્ગદર્શક સ્ત્રોત છે.

તે સમાવેશક શૈક્ષણિક માળખામાં, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વયસ્કો, વાલીઓ, સ્થાનિક સમાના લોકો અને શાળાના સંચાલકોના સમાવેશન અને તેમની વચ્ચેનાં અપેક્ષિત સંબંધની સ્પષ્ટતા કરે છે. સંસ્થા કક્ષાએ અને આંતરસંસ્થાકીય કક્ષાએ આ લોકો વચ્ચેના સંબંધની અપેક્ષિત તરાહ વિશેની સ્પષ્ટતા તેમાં કરવામાં આવી છે. તેના આધારે તેમની વચ્ચેના પ્રવર્તમાન સંબંધની સમીક્ષા પણ કરી શકાય છે. તેમની વચ્ચેના અપેક્ષિત સંબંધ અને સમાવેશક શાળાની સમીક્ષા માટેનાં માર્ગદર્શક સૂચકો (Indicators) સમાવેશક સૂચિમાં આપવામાં આવ્યા છે. સમાવેશક શાળાના વર્ગખંડ, સ્ટાફરૂમ અને રમતના મેદાન પર રચાતા આંતરવૈયક્તિક સંબંધો અને તેની સાથે સંકળાયેલાં તમામ પાસાંઓની સમીક્ષા કરવામાં અને તેમના મૂલ્ય આધારિત વિકાસ કરવામાં આ સૂચકો મદદરૂપ થાય છે. શિક્ષણ પ્રક્રિયામાં જોડાયેલા તમામ લોકો, શિક્ષણના વ્યાપક ધ્યેયો અને અધ્યાપન-અધ્યયનનાં સામાન્ય તથા વિશિષ્ટ હેતુઓ, સક્રિય સહભાગીદારિતા સાથે અને સહકારી ધોરણે સિદ્ધ કરી શકે, તેવો તખ્તો સમાવેશક શિક્ષણમાં તૈયાર કરવામાં આવે છે. લોકો આ કાર્યમાં, જવાબદારીપૂર્વક અને પરસ્પરાવલંબનની ભાવના સાથે સહકારી ધોરણે, પોતાનું શ્રેષ્ઠ યોગદાન કઇ રીતે આપી શકે તે માટેનાં સૂચકો સમાવેશક સૂચિમાં આપવામાં આવ્યાં છે.

આ સૂચિમાં આપવામાં આવેલાં સૂચકોને આધારે કાર્યવાહી કરીને એક આદર્શ સમાવેશક શાળાની રચના કરી શકાય છે. તે માટે સૂચકોમાં દર્શાવવામાં આવેલ ભૌતિક સુવિધાઓનો વિકાસ શાળામાં કરવો પડે. ઉપરાંત શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, સંચાલકો, કર્મચારીઓ અને સમાજના લોકો શાળાના વિકાસમાં કેવું અને કેટલું યોગદાન, કઇ રીતે આપી શકે તે માટેનું માર્ગદર્શન આ સૂચિમાં સૂચકોના સ્વરૂપે આપવામાં આવ્યું છે. આ સૂચકોને ધ્યાનમાં રાખીને શાળાની રચના કરવામાં આવે તો સમાવેશક શાળાના હેતુઓ સિદ્ધ કરવામાં સરળતા રહે છે.

ઉપરાંત, આ સૂચકોનો ઉપયોગ કરીને કાર્યરત સમાવેશક શાળાની કાર્યપ્રણાલીનું મૂલ્યાંકન અથવાં સમીક્ષા પણ કરી શકાય છે.

ઈંગ્લેન્ડની શાળાઓને ધ્યાનમાં રાખીને સમાવેશક સૂચિની મૂળ આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી હતી. ત્યારથી આજ સુધીમાં, વિશ્વની જુદી-જુદી 50 જેટલી ભાષાઓમાં તેનો અનુવાદ કરવામાં આવ્યો છે. તે સિવાય, આજ સુધીમાં, મૂળ સમાવેશક સૂચિની ત્રણ જેટલી નવી આવૃત્તિઓ પ્રકાશિત થઇ ચૂકી છે.

શરૂઆતમાં, શાળેય શિક્ષણ કક્ષાએ સમાવેશ (Inclusion)ના સંદર્ભમાં આ સૂચિની રચના કરવામાં આવી હતી. ત્યાર બાદ, બાળકનાં પ્રારંભિક કાળ અને શિશુ-સંભાળ (Early Child care)ના સંદર્ભમાં સમાવેશક સૂચિની એક જુદી આવૃત્તિ 2004માં બહાર પાડવામાં આવી હતી.

આ સૂચિની વિશિષ્ટતાઓનો અભ્યાસ કરવાથી તેના વિશે વધુ સ્પષ્ટતા મેળવી શકાશે.

## 14.3 સમાવેશક સૂચિની વિશિષ્ટતાઓ

સમાવેશક સૂચિની વિશિષ્ટતાઓ નીચે જણાવ્યા મુજબ વર્ણવી શકાય.

- મૂળ સમાવેશક સૂચિ અંગ્રેજી ભાષામાં તૈયાર થઇ હતી.
- તે પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવી છે.
- તે બાળકોનાં વિકાસ માટેની 'સહભાગી વિકાસાત્મક પ્રક્રિયા'ને પ્રોત્સાહિત કરે છે.
- સમાવેશક શિક્ષણ વ્યવસ્થાનો વિકાસ કરવા કે સમાવેશક શાળાની રચના કરવા માટે, માર્ગદર્શિકા તરીકે તેનો ઉપયોગ કરી શકાય છે.
- સ્થાપિત અને ચાલુ સમાવેશક શાળાઓની કાર્ય પ્રણાલીની સમીક્ષા કરવા માટે, એક ઉપકરણ (Tool) તરીકે તેનો ઉપયોગ થઇ શકે છે.
- સ્પર્ધાત્મક ધોરણે શાળાનો વિકાસ કરવા માટેની નીતિને તે અસ્વીકૃત કરે છે.
- તે નિશ્ચિત સમયગાળામાં લક્ષ સુધી પહોંચવાને બદલે સ્વ-નિર્દેશન, સંઘભાવના તથા અધ્યાપન-અધ્યયન અને રમત-ગમત માટેના ફળદ્રુપ વાતાવરણને શાળાના વિકાસ માટેની આધારશીલા તરીકે સ્વીકારે છે.
- તે સમાવેશક શિક્ષણ માટે મૂલ્ય આધારિત વ્યવસ્થા વિકસાવવા માટે સૂચન કરે છે.
- અન્ય રાષ્ટ્રમાં અને અન્ય ભાષામાં આ સૂચિનો ઉપયોગ કરવો હોય તો, જે તે રાષ્ટ્રની સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેનું રૂપાંતરણ (Adaptation) કરવાની ભલામણ સૂચિમાં કરવામાં આવી છે. અન્ય ભાષામાં સીધો જ અનુવાદ કરીને તેનો ઉપયોગ કરવાથી શાળાની સમીક્ષા કરવામાં આવે તો, ખામીવાળા પરિણામો આવવાની સંભાવના રહે છે.
- તેમાં સમાવેશક શિક્ષણ વ્યવસ્થાની રચના અને સમીક્ષા માટે ત્રણ પરિમાણો (Dimensions) દર્શાવવામાં આવ્યા છે. આ ત્રણ પરિમાણો જુદાં જુદાં સૂચકો (Indicators)માં વહેંચાયેલ છે. દરેક સૂચક, નિશ્ચિત સંખ્યામાં માર્ગદર્શક વિધાનો ધરાવે છે.

## 14.4 સમાવેશક સૂચિના પરિમાણો

સમાવેશક સૂચિમાં સમાવેશક શિક્ષણ સાથે સંકળાયેલાં ત્રણ પરિમાણો અને તેમના પેટા વિભાગો (સૂચકો) આપવામાં આવ્યા છે. જે નીચે જણાવ્યા મુજબના છે.

**પરિમાણ : A : સમાવેશક સંસ્કૃતિનું સર્જન (Creating Inclusive Cultures)**

$A_1$ - સમુદાયનું નિર્માણ (Building Community)

$A_2$ - સમાવેશક મૂલ્યોનું પ્રસ્થાપન (Establishing Inclusive Values)

પરિમાણ : B : સમાવેશક નીતિઓનો અમલ (Producing Inclusive Policies)

$B_1$ - સર્વે માટે શાળાનો વિકાસ (Developing the School for all)

$B_2$ - વૈવિધ્યને સહાયક થાય તેવાં તંત્રનું સંગઠન (Organising support for diversity)

પરિમાણ : C: સમાવેશક પ્રથાનો વિકાસ (Evloving Inclusive Practices)

$C_1$ - અધ્યયનનું આયોજન (Orchestring learning)

$C_2$ - સ્ત્રોતો ગતિશીલ કરવા (Mobilising Resources)

સમાવેશક સૂચિમાં, ઉપર જણાવ્યા મુજબ ત્રણેય પરિમાણોના બે-બે વિભાગો આપવામાં આવ્યા છે. દરેક વિભાગમાં અમુક સૂચકો આપવામાં આવ્યા છે. આ સૂચકોને ધ્યાનમાં રાખીને, સમાવેશક શાળાની રચના કરવામાં આવે છે અથવાં તો પ્રસ્થાપિત સમાવેશક શાળાની સમીક્ષા કરવામાં આવે છે. રૂપે દરેક સૂચકોની સાથે ચોક્કસ પ્રશ્નો આપવામાં આવ્યા છે. પ્રશ્નો માર્ગદર્શક વિધાનો સ્વરૂપે આપવામાં આવ્યા છે. આ પ્રશ્નોનો ઉપયોગ કરીને પ્રવર્તમાન સમાવેશક શાળાની સમીક્ષા કરી શકાય છે અને નવી સમાવેશક શાળાની રચના કરવા માટેનું માર્ગદર્શન મેળવી શકાય છે. એટલે કે આ પ્રશ્નો નવા સમાવેશક વાતાવરણની રચના માટેના અથવાં પ્રવર્તમાન સમાવેશક માળખાની સમીક્ષા માટેના આધાર પૂરા પાડે છે. દરેક પરિણામના સૂચકોમાં કયા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે, તેના વિશે હવે આપણે ચર્ચા કરીશું.

## 14.5 પરિમાણ : A : સમાવેશક સંસ્કૃતિનું સર્જન

આ પરિમાણનાં સૂચકો બે ભાગમાં વહેંચવામાં આવ્યાં છે.

### 14.5.1 $A_1$ - સમુદાયનું નિર્માણ

સમાવેશક શાળાની રચના અને અસરકારક સંચાલન માટે શાળાના કર્મચારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, સંચાલકો, વાલીઓ અને સમાજની અન્ય વ્યક્તિઓ વચ્ચેના અપેક્ષિત પારસ્પરિક સંબંધો, તેમની ફરજો, તેમની અપેક્ષાઓ અને તેમના અપેક્ષિત વ્યવહારો અંગેનો ઉલ્લેખ આ પરિણાણમાં કરવામાં આવ્યો છે. સમાવેશક સૂચિના $A_1$ પરિમાણમાં શાળા પાસેથી અપેક્ષાઓ સૂચકો સ્વરૂપે આપવામાં આવી છે. દરેક અપેક્ષા કઇ રીતે પૂર્ણ કરવી તે માટેનું માર્ગદર્શન અથવાં માપદંડ, વિધાનો સ્વરૂપે આપવામાં આવેલ છે. આ વિધાનોનાં સંદર્ભમાં જેટલાં વધુ હકારાત્મક ઉત્તરો મળે તેટલાં પ્રમાણમાં સમાવેશક શાળા વ્યવસ્થા સફળ થઇ છે તેમ કહેવાય.

A.1.1 દરેકને આવકારનો અહેસાસ કરાવવામાં આવે છે.

A.1.2 વિદ્યાર્થીઓ એકબીજાંને મદદરૂપ થાય છે.

A.1.3 કર્મચારીઓ એકબીજાંને સહકાર આપે છે.

A.1.4 વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ એકબીજાં સાથે સન્માનપૂર્વક વર્તે છે.

A.1.5 કર્મચારીઓ અને વાલીઓ / અભિભાવકો વચ્ચે સહભાગિદારિતા છે.

A.1.6 કર્મચારીઓ અને પ્રબંધકો એક સાથે સારી રીતે કાર્ય કરે છે.

A.1.7 તમામ સ્થાનિક સમુદાયોને શાળામાં સાંકળવામાં આવે છે.

### 14.5.2 $A_2$ - સમાવેશક મૂલ્યોનું પ્રસ્થાપન

અસરકારક સમાવેશન માટે શાળા પાસે અમુક મૂલ્યોની અપેક્ષા રાખવામાં આવે છે. સમાવેશક સૂચિના $A_2$ પરિમાણમાં શાળા પાસેની આ અપેક્ષા સૂચકો સ્વરૂપે આપવામાં આવી છે. દરેક અપેક્ષા કઇ રીતે પૂર્ણ કરવી તે માટેનું માર્ગદર્શન અથવાં માપદંડ દરેક સૂચકની સાથે વિધાનો સ્વરૂપે આપવામાં આવેલ છે. આ સૂચકો નીચે જણાવ્યા મુજબના છે.

A.2.1 તમામ વિદ્યાર્થીઓ માટે (શાળા પાસેથી) ઉચ્ચ અપેક્ષાઓ છે.

A.2.2 કર્મચારીઓ, પ્રબંધકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ / અભિભાવકો / પાલકો શિક્ષણનાં તત્ત્વજ્ઞાનને એક બીજાં સાથે વહેંચે છે.

A.2.3 તમામ વિદ્યાર્થીઓને સરખું મહત્ત્વ આપવામાં આવે છે.

A.2.4 કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ એકબીજાંની ભૂમિકાને ધ્યાનમાં રાખીને એકબીજાં સાથે માનવતાપૂર્ણ રીતે વર્તે છે.

A.2.5 અધ્યયન સામેના અને શાળાનાં તમામ પાસાંઓમાં સહભાગિતા સામેના અવરોધોને, કર્મચારીઓ દૂર કરવા માગે છે.

A.2.6 શાળા દરેક પ્રકારના ભેદભાવને દૂર કરવાનો પ્રયત્ન કરે છે.

### 14.6 પરિમાણ : B : સમાવેશક નીતિઓનો અમલ

આ પરિમાણનાં સૂચકો બે પેટા પરિમાણોમાં વહેંચવામાં આવ્યાં છે.

#### 14.6.1 $B_1$ - સર્વે માટે શાળાનો વિકાસ

શાળાની તમામ પ્રકારની ભૌતિક સુવિધાઓ અને શિક્ષણનો લાભ તમામ પ્રકારના વિદ્યાર્થીઓને તેમના વિસ્તારમાં મળી રહે તે સમાવેશક શાળાનો એક અતિ મહત્ત્વનો હેતુ છે. શાળા, આ હેતુ કઇ રીતે પૂર્ણ કરી શકે તેના સૂચકો સમાવેશક સૂચિનાં $B_1$ પરિમાણમાં સમાવાયા છે. આ સૂચકોનો અમલ કઇ રીતે કરવો તે માટેનું માર્ગદર્શન અથવાં માપદંડ દરેક સૂચકની સાથે વિધાનો સ્વરૂપે આપવામાં આવેલ છે. આ સૂચકો નીચે જણાવ્યા મુજબના છે :-

B.1.1 સ્ટાફની નિમણૂક પક્ષપાત રહિત થાય છે.

B.1.2 તમામ નવા સ્ટાફને શાળામાં સ્થાયી થવાંમાં મદદ કરવામાં આવે છે.

B.1.3 શાળા, તેના લત્તા (વિસ્તાર)ના તમામ વિદ્યાર્થીઓને શોધીને તેમને પ્રવેશ આપે છે.

B.1.4 શાળા, તેનું મકાન તમામ લોકો માટે સુલભ બનાવે છે.

B.1.5 તમામ નવા વિદ્યાર્થીઓને શાળામાં સ્થિર થવાંમાં મદદ કરવામાં આવે છે.

B.1.6 તમામ વિદ્યાર્થીઓને મહત્ત્વ મળે તે માટે શાળા અધ્યાપન જૂથ બનાવે છે.

#### 14.6.2 $B_2$ - વૈવિધ્યને સહાયક થાય તેવાં તંત્રનું સંગઠન

સમાવેશક શાળામાં, વિવિધ પ્રકારની શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોને સમાવવામાં આવે છે. જુદી જુદી શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં બાળકોને જુદાં જુદાં પ્રકારની અધ્યયમ સહાય પૂરી પાડવી પડે છે. તેથી કોઇ એક પ્રકારનાં બાળકોને અપાતી સહાય અન્ય પ્રકારનાં બાળકોને અપાતી અધ્યયન સહાયમાં અવરોધક ના બને તેનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી બની જાય છે. આવી સંભાળ રાખવા માટેનાં સૂચકો સમાવેશક સૂચનાં $B_2$ પરિમાણમાં સમાવાયા છે. આ સૂચકોનો અમલ કઇ રીતે કરવો તે માટેનું માર્ગદર્શન અથવાં માપદંડ દરેક સૂચકની સાથે વિધાનો સ્વરૂપે આપવામાં આવેલ છે. આ સૂચકો નીચે જણાવ્યા મુજબના છે :-

B.2.1 તમામ પ્રકારની સહાયનું સંકલન કરવામાં આવે છે.

B.2.2 કર્મચારી વિકાસ માટે થતી પ્રવૃત્તિઓ કર્મચારીઓને, વિવિધતા ધરાવતાં વિદ્યાર્થીઓને પ્રતિચાર આપવામાં મદદરૂપ થાય છે.

B.2.3 'વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાત' વાળી નીતિઓ એ સમાવેશન માટેની નીતિઓ છે.

B.2.4 તમામ વિદ્યાર્થીઓનાં અધ્યયન અને સહભાગીદારિતા સામેના અવરોધો દૂર કરવા માટે 'વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાતની કાર્ય સંહિતા' નો ઉપયોગ કરવામાં આવે છે.

B.2.5 વધારાની ભાષા તરીકે અંગ્રેજી શીખનારાને અપાતી અધ્યયન-સહાયનું સંકલન, તમામ વિદ્યાર્થીઓને અપાતી અધ્યયન-સહાય સાથે કરવામાં આવે છે.

B.2.6 જડ વર્તનો દૂર કરવામાં સહાયક થતી નીતિઓને, અભ્યાસક્રમ વિકાસ અને અધ્યયન સહાયક નીતિઓ સાથે સાંકળવામાં આવે છે.

B.2.7 અનુશાસનાત્મક (શિસ્ત આધારિત) બહિસ્કારનું દબાણ ઘટાડવામાં આવે છે.

B.2.8 હાજરી સામેના અવરોધો ઘટાડવામાં આવે છે.

### 14.7 પરિમાણ : C: સમાવેશક પ્રથાનો વિકાસ

આ પરિમાણનાં સૂચકો બે પેટા પરિમાણોમાં વહેંચવામાં આવ્યાં છે.

### 14.7.1 $C_1$ - અધ્યયનનું આયોજન

વિદ્યાર્થીઓ સહકારી અધ્યયન કરે અને એકબીજાંની સમજશક્તિ પ્રત્યે વિધાયક વલણ અપનાવે તે પણ સમાવેશક શાળાનો એક અતિ અગત્યનો હેતુ છે. શાળા આ હેતુ કઇ રીતે પૂર્ણ કરી શકે અને શિક્ષકો તે માટેનું આયોજન અને અમલીકરણ કઇ રીતે કરી શકે તેના સૂચકો સમાવેશક સૂચિનાં $C_1$ પરિમાણમાં સમાવાયા છે. આ સૂચકોનો અમલ કઇ રીતે કરવો તે માટેનું માર્ગદર્શન અથવાં માપદંડ દરેક સૂચકની સાથે વિધાનો સ્વરૂપે આપવામાં આવેલ છે. આ સૂચકો નીચે જણાવ્યા મુજબના છે.

C.1.1 તમામ વિદ્યાર્થીઓની ભાગીદારિતાને અધ્યાપન (પાઠ) પ્રોત્સાહિત કરે છે.

C.1.2 અધ્યાપન (પાઠ), વિષયવસ્તુની સમજ પ્રત્યે વિદ્યાર્થીઓ વચ્ચે રહેલ તફાવતની સમજ વિકસાવે છે.

C.1.3 અધ્યાપન (પાઠ), વિષયવસ્તુના અર્થઘટન અંગે વિદ્યાર્થીઓ વચ્ચે રહેલ તફાવતની સમજ વિકસાવે છે.

C.1.4 વિદ્યાર્થીઓને તેમના પોતાનાં અધ્યયનમાં સક્રિય રીતે સાંકળવામાં આવે છે.

C.1.5 વિદ્યાર્થીઓ સહકારી અધ્યયન કરે છે.

C.1.6 મૂલ્યાંકન, વિદ્યાર્થીઓની સિદ્ધિમાં ફાળો આપે છે.

C.1.7 વર્ગખંડ-શિસ્ત પારસ્પારિક આમન્યા પર આધારિત છે.

C.1.8 શિક્ષકો સહભાગીદારિતા સાથે આયોજન, અધ્યાપન અને સમીક્ષા કરે છે.

C.1.9 અધ્યાપન સહાયકો વિદ્યાર્થીઓના અધ્યયન અને ભાગીદારિતાને સહાય કરે છે.

C.1.10 તમામ વિદ્યાર્થીઓ વર્ગખંડ બહારની પ્રવૃત્તિઓમાં ભાગ લે છે.

### 14.7.2 $C_2$ - સ્ત્રોતો ગતિશીલ કરવા

સમાવેશક શાળાની રચના અને સફળ સંચાલન માટેનાં સ્ત્રોતો શાળામાં વિકસાવવામાં આવે છે. આ સ્ત્રોતોનો ઉપયોગ તમામ લોકો કરી શકે તે માટેની વ્યવસ્થા પણ શાળામાં કરવામાં આવે છે. ઉપરાંત શાળાની આસપાસના સમુદાયમાં ઉપલબ્ધ સ્ત્રોતો ઓળખીને તેમનો ઉપયોગ પણ અધ્યાપન-અધ્યયન પ્રક્રિયામાં કરવામાં આવે છે. સમાવેશક શાળા આ કાર્ય કઇ રીતે કરે છે અથવાં કરી શકે છે તેના સૂચકો સમાવેશક સૂચિનાં $C_2$ પરિણાણમાં સમાવાયા છે. આ સૂચકોનો અમલ કઇ રીતે કરવો તે માટેનું માર્ગદર્શન અથવાં માપદંડ દરેક સૂચકની સાથે વિધાનો સ્વરૂપે આપવામાં આવેલ છે. આ સૂચકો નીચે જણાવ્યા મુજબના છે.

C.2.1 વિદ્યાર્થીઓ વચ્ચેના તફાવતનો ઉપયોગ, અધ્યાપન અને અધ્યયનના સ્ત્રોત તરીકે કરવામાં આવે છે.

C.2.2 કર્મચારીઓની વિશેષજ્ઞતાનો સંપૂર્ણ ઉપયોગ કરવામાં આવે છે.

C.2.3 કર્મચારીઓ, અધ્યયન અને ભાગીદારિતાને સહાયક સ્ત્રોતો વિકસાવે છે.

C.1.4 સમુદાયમાં પ્રાપ્ય સ્ત્રોતોની જાણ છે અને તેમનો ઉપયોગ થાય છે.

C.1.5 શાળાના સ્ત્રોતોની વહેંચણી પક્ષપાત રહિત થાય છે, જેથી તે સમાવેશનને સહાય કરે છે.

સમાવેશક સૂચિમાં દર્શાવામાં ઉપરોક્ત માપદંડોને આધારે એક સારી સમાવેશક શાળાની રચના કરી શકાય છે અને પ્રવર્તમાન શાળાની તટસ્થ સમીક્ષા કરી શકાય છે. સમાવેશક સૂચિમાં અંતે, સૂચકોનાં સંદર્ભમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રબંધકો, વાલીઓ વગેરેના અભિપ્રાયો જાણવા માટે એક માપદંડ આપવામાં આવ્યું છે. જેનો ઉપયોગ કરીને સમાવેશક શાળાની સમીક્ષા કરી શકાય છે. ઉપરાંત પ્રાથમિક અને માધ્યમિક શાળા અંગે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓના પ્રતિભાવો જાણવા માટે જુદાં જુદાં માપદંડો પણ સમાવેશક સૂચિને અંતે આપવામાં આવે છે. તેમના પ્રતિભાવો મેળવીને પણ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની સમાવેશનના સંદર્ભમાં સમીક્ષા કરી શકાય છે.

## 14.8 સારાંશ

આ એકમમાં સમાવેશક સૂચિનો પ્રાથમિક પરિચય આપીને તેની વિશિષ્ટતાઓ ચર્ચવામાં આવી છે. સમાવેશક સૂચિને આધારે સમાવેશક શાળાની સ્થાપના, વિકાસ અને મૂલ્યાંકન માટેના સૂચકોનું વર્ણન પણ આ એકમમાં કરવામાં આવ્યું છે. આ સૂચકોને આધારે કોઇ પણ વ્યક્તિ અથવાં સંસ્થા સફળતા પૂર્વક સમાવેશક શાળાનું સંચાલન કરી શકે છે.

## 14.9 તમારી પ્રગતિ ચકાસો

**1. સમાવેશક સૂચિનો ટૂંકમાં પરિચય આપો.**

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**2. સમાવેશક સૂચિની વિશિષ્ટતાઓ જણાવો.**

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**3. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણો જણાવો.**

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

4. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - 'A : સમાવેશક સંસ્કૃતિનું સર્જન' ના પેટા પરિમાણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - '$A_1$ : સમુદાયનું નિર્માણ' નો હેતુ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

6. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - '$A_1$ : સમુદાયનું નિર્માણ' નાં સૂચકો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

7. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - '$A_2$ : સમાવેશક મૂલ્યોનું પ્રસ્થાપન' નો હેતુ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

8. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - '$A_2$ : સમાવેશક મૂલ્યોનું પ્રસ્થાપન' નાં સૂચકો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

.......................................................................

.......................................................................

9. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - '**B : સમાવેશક નીતિઓનો અમલ**' ના પેટા પરિમાણો જણાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

10. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - '$B_1$ : સર્વે માટે શાળાનો વિકાસ' નો હેતુ જણાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

11. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - '$B_1$ : સર્વે માટે શાળાનો વિકાસ' નાં સૂચકો જણાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

12. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - '$B_2$ : વૈવિધ્યને સહાયક થાય તેવાં તંત્રનું સંગઠન' નો હેતુ જણાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

13. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - '$B_2$ : વૈવિધ્યને સહાયક થાય તેવાં તંત્રનું સંગઠન' નાં સૂચકો જણાવો.

.......................................................................

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

14. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - ‘C : સમાવેશક પ્રથાનો વિકાસ’ ના પેટા પરિમાણો જણાવો.

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

15. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - ‘$C_1$ : અધ્યયનનું આયોજન’ નો હેતુ જણાવો.

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

16. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - ‘$C_1$ : અધ્યયનનું આયોજન’ નાં સૂચકો જણાવો.

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

17. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - ‘$C_2$ : સ્ત્રોતો ગતિશીલ કરવા’ નો હેતુ જણાવો.

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

18. સમાવેશક સૂચિમાં સમાવિષ્ટ પરિમાણ - '$C_2$ : સ્ત્રોતો ગતિશીલ કરવા' નાં સૂચકો જણાવો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

# એકમ 15 શિક્ષણમાં સમાવેશન માટેની નીતિ વિષયક માર્ગદર્શિકા

## : રૂપરેખા :


15.0 પ્રસ્તાવના

15.1 ઉદ્દેશો

15.2 સમાવેશક શિક્ષણનો અર્થ

15.3 સમાવેશન અને શિક્ષણની ગુણવત્તા

15.4 સમાવેશક શિક્ષણ અને ખર્ચ અસરકારતા

15.5 સમાવેશક શિક્ષણ પ્રણાલીનો વિકાસ

15.6 નીતિ નિર્ધારકો માટેના પડકારો

15.7 અસરકારક નીતિના વિકાસ માટેની પૂર્વ શરત તરીકે વલણ પરિવર્તન

15.8 સમાવેશક અભ્યાસક્રમની રચના

15.9 શિક્ષકો અને અધ્યયન માટેનું વાતાવરણ

15.10 નીતિ ચક્રને ટેકો

15.11 સારાંશ

15.12 તમારી પ્રગતિ ચકાસો


### 15.0 પ્રસ્તાવના

યુનેસ્કોએ 2009માં શિક્ષણમાં સમાવેશન માટેની નીતિવિષયક માર્ગદર્શિકાનું પ્રકાશન કર્યું છે. જે, બે વિભાગોમાં વહેંચાયેલી છે. તેના પહેલા ભાગમાં સમાવેશક શિક્ષણ માટેના તાર્કિક આધારો અને તેના વિકાસ અંગે ચર્ચા કરવામાં આવી છે. બીજાં ભાગમાં સમાવેશક શિક્ષણના વિકાસની દિશામાં આગળ વધવા માટેના રસ્તા સૂચવ્યા છે, જેમાં અસરકારક સમાવેશનમાં શિક્ષક સહિત વાલી, બિન શૈક્ષણિક કર્મચારીઓ, સમુદાય, શિક્ષણ વિદો અને અભ્યાસક્રમની ભૂમિકા સ્પષ્ટ કરવામાં આવી છે અને અન્ય પાયાની જરૂરિયાતો અંગે ચર્ચા કરવામાં આવી છે. પ્રસ્તુત પ્રકરણમાં, આપણે તેના કેટલાંક અંશો વિશે ચર્ચા કરીશું.

### 15.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે :-

- યુનેસ્કો દ્વારા પ્રકાશિત સમાવેશન માટેની નીતિવિષયક માર્ગદર્શિકાનો પ્રાથમિક પરિચય આપી શકશો.
- સમાવેશક શિક્ષણનાં અમલના માર્ગમાં આવતા અવરોધો દૂર કરવાના ઉપાયો માર્ગદર્શિકાના આધારે સૂચવી શકશો.
- સમાવેશક શિક્ષણ માટે અભ્યાસક્રમનો વિકાસ કરવાના કાર્યમાં પોતાનો ફાળો આપી શકશો.

### 15.2 સમાવેશક શિક્ષણનો અર્થ

બાળ મજૂરી અંગેના કાયદાઓ, અક્ષમ બાળકોના અધિકાર તથા શિક્ષણ, મહિલાઓના વિકાસ અને શિક્ષણ વગેરે અંગે સંયુક્ત રાષ્ટ્ર અને યુનેસ્કો દ્વારા 1948 થી 2007 સુધીના સમયગાળામાં અનેક પ્રયત્નો કર્યા. તે પ્રયત્નોને ધ્યાનમાં રાખીને યુનેસ્કોએ સમાવેશક શિક્ષણ અંગે વિચાર કર્યો અને

સમાવેશક શિક્ષણની સંકલ્પના સ્પષ્ટ કરી. તેના આધારે સમાવેશક શિક્ષણની વ્યાખ્યા આપતા માર્ગદર્શિકામાં જણાવ્યું છે કે :-

સમાવેશક શિક્ષણ એ તમામ અધ્યેતા સુધી પહોંચવાના હેતુને પૂર્ણ કરવા માટે, શિક્ષણ પ્રણાલીને મજબૂત બનાવવા માટેની પ્રક્રિયા છે. આમ, 'બધા માટે શિક્ષણ (Education for All)' ના હેતુને સિદ્ધ કરવા માટેની મુખ્ય વ્યૂહરચના તરીકે સમાવેશક શિક્ષણને ઓળખી શકાય.

શિક્ષણ, એ મૂળભૂત માનવ અધિકાર છે તથા ભેદભાવ રહિતના સમાન સમાજની આધારશિલા છે.

આ હકીકતને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત માર્ગદર્શિકા કહે છે કે સમાવેશક શિક્ષણે, સાર્વત્રિક સિદ્ધાંત તરીકે, તમામ શૈક્ષણિક નીતિઓ અને વ્યવહારોની દિશા નિશ્ચિત કરવા માટેનું માર્ગદર્શન આપવું જોઈએ.

## 15.3 સમાવેશન અને શિક્ષણની ગુણવત્તા

સમાવેશન માટેની નીતિવિષયક માર્ગદર્શિકામાં સમાવેશન અને શિક્ષણની ગુણવત્તાના સંદર્ભમાં ચર્ચા કરવામાં આવી છે.

સમાવેશક શિક્ષણમાં તમામ પ્રકારના બાળકોને, એટલે કે અક્ષમ, સામાન્ય અને શિક્ષણથી વંચિત બાળકોને કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર એક સાથે, એક જ શાળામાં, સમાન ભૌતિક સુવિધાઓ સાથે, સમાન વાતાવરણમાં શિક્ષણ આપવામાં આવે છે. આમ કરવાથી, શિક્ષણની ગુણવત્તા પર અસર પડે છે. આ અસરના સંદર્ભમાં માર્ગદર્શિકામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે :

જ્યારે અધ્યેતાઓની સંખ્યા વધે છે ત્યારે શરૂઆતમાં શિક્ષણની ગુણવત્તા નીચે ઉતરે છે. પરંતુ જો અધ્યેતાની અધ્યયન પ્રક્રિયાને સુધારવા માટેની લાંબાગાળાની વ્યૂહરચના ઘડવામાં આવે તો આ પરિસ્થિતિમાં સુધારો આવે છે અને શિક્ષણની ગુણવત્તા સુધરે છે. તેથી સમાવેશક શિક્ષણની સફળતા અને ગુણવત્તા વધારવા માટે લાંબા ગાળાનું આયોજન કરવું જોઈએ.

## 15.4 સમાવેશક શિક્ષણ અને ખર્ચ અસરકારતા

સમાવેશનને કારણે શિક્ષણના ક્ષેત્રમાં ખર્ચ વધે છે. કારણ કે સમાવેશક શિક્ષણ વ્યવસ્થામાં શારીરિક, માનસિક કે અધ્યયન અક્ષમતા ધરાવતાં બાળકો સહિત સામાન્ય બાળકો એક જ વર્ગખંડમાં અભ્યાસ કરે છે. જેમાંથી અક્ષમતા ધરાવતાં બાળકો અધ્યયનમાં પ્રમાણમાં નબળો દેખાવ કરે છે. આવાં બાળકો એક જ વર્ગમાં એક કરતાં વધુ વર્ષ સુધી અભ્યાસ કરે તો સ્વાભાવિક રીતે જ શિક્ષણના ખર્ચમાં વધારો થાય છે. આ ખર્ચ ભોગવવા માટે મોટાભાગના વાલીઓ તૈયાર હોતા નથી. તેથી આ ખર્ચ શિક્ષણ પ્રણાલીએ એટલે કે સરકારે ભોગવવા માટે મોટાભાગના વાલીઓ તૈયાર હોતા નથી. તેથી આ ખર્ચ શિક્ષણ પ્રમાણીએ એટલે કે સરકારે ભોગવવો પડે છે. પ્રસ્તુત માર્ગદર્શિકામાં તેના વિશે ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને સાથે સાથે આ પડકારનો સામનો કરવા માટેનો માર્ગ પણ સૂચવવામાં આવ્યો છે. માર્ગદર્શિકા કહે છે કે જ્યાં શિક્ષણમાં જાહેર નાણાનો ઉપયોગ થતો હોય ત્યાં શૈક્ષણિક સંસ્થાઓએ ઉપલબ્ધ સગવડો અને સ્ત્રોતોનો મહત્તમ ઉપયોગ કરવા માટેનું ચીવટપૂર્વકનું આયોજન અને અમલીકરણ કરવું જોઈએ. એક જ વર્ગમાં એકથી વધુ વર્ષ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો કરવામાં આવે તો, તેમની પાછળ વપરાઇ જતા વધારાના નાણાની બચત કરી શકાય છે. આ નાણાનો ઉપયોગ શિક્ષણ પ્રણાલી સાથે સંકળાયેલાં અન્ય ક્ષેત્રમાં કરીને શિક્ષણની ગુણવત્તા વધારી શકાય છે. તેથી શિક્ષણ વ્યવસ્થાએ સ્થગિતતાની સમસ્યા દૂર કરવા માટેના પ્રયત્નો કરવા જોઈએ અને શાળા, શિક્ષક અને વાલીએ તેમાં સંપૂર્ણ સહકાર આપવો જોઈએ.

## 15.5 સમાવેશક શિક્ષણ પ્રણાલીનો વિકાસ

સમાવેશક શિક્ષણના ચશ્માથી શિક્ષણ પ્રણાલીને જોઈએ તો, કોઇ પણ બાળકને સમસ્યા માનવાને બદલે શિક્ષણ પ્રણાલીને સમસ્યા તરીકે જોવી જોઈએ. એટલે કે શિક્ષણ પ્રણાલીમાં કંઇક ખૂટે છે, જે

શિક્ષણના, ખાસ કરીને સમાવેશક શિક્ષણના હેતુઓની સિદ્ધિમાં અવરોધ પેદા કરે છે. તેથી સમાવેશક શિક્ષણ સહિત કોઈ પણ શિક્ષણ વ્યવસ્થાને સફળ બનાવવા માટે શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવું જરૂરી બને છે.

સમાવેશક શિક્ષણ પ્રણાલીને સફળ બનાવવાના સંદર્ભમાં પ્રસ્તુત માર્ગદર્શિકા કહે છે કે, પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (Early Child Care and Education - ECCE)ને વધુ અસરકારક બનાવો. જો ત્યાંથી બાળક સારી રીતે તૈયાર થઈને આવશે તો, સામાન્ય શિક્ષણ પ્રણાલી અને સમાવેશક શિક્ષણ પ્રણાલી બન્નેનો વિકાસ યોગ્ય રીતે થશે. આમ, ECCE એ શિક્ષણમાં સમાવેશનની સફળતા માટેનું એક અગત્યનું પગથિયું છે. વધુમાં માર્ગદર્શિકામાં જણાવે છે કે, સમાવેશક સમાજનું નિર્માણ કરવામાં ECCE ખૂબ ઉપયોગી છે. સંશોધનો કહે છે કે બાળકનાં મગજના યોગ્ય અને પૂરતા વિકાસ માટે બાળપણમાં તેને પૌષ્ટિક આહાર પૂરો પાડવો જોઈએ, તેને સર્જનાત્મક રમતો રમાડવી, શારીરિક પ્રવૃત્તિઓ કરાવવી અને ગીત સંગીતની પ્રવૃત્તિઓ કરાવવી આવશ્ય છે. ECCE દ્વારા હેતુપૂર્વક આ બધી પ્રવૃત્તિઓ કરાવી શકાય છે. આમ કરવાથી સરવાળે તો સમાવેશક શિક્ષણ પ્રણાલીને જ લાભ થશે.

વધુમાં, સમાવેશક શિક્ષણમાં, સમગ્ર શિક્ષણ અને અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાનો અસરકારક અમલ કરવા માટે પ્રસ્તુત માર્ગદર્શિકા નીચે જણાવ્યા પ્રમાણેના ક્રમિક અને માર્ગદર્શક સૂચનો કરે છે.

1. શિક્ષણ પ્રણાલીએ શિક્ષણના અધિકાર અંગેની સંપૂર્ણ જવાબદારી ઉપાડવી જોઈએ.
2. શિક્ષણ પ્રણાલી બાળકોની વિવિધતાને પહોંચી વળવા માટે તૈયાર અને સુસજ્જ હોવી જોઈએ. તે માટે નીચે જણાવેલ પગલાં લેવાવા જોઈએ.

– બાળકોની વિવિધ જરૂરિયાતો અને તેમની વિવિધ પ્રકારની અધ્યયન શૈલીને અનુકૂળ આવે તેવી લવચિકતા ધરાવતી અધ્યાપન-અધ્યયન પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.
– શિક્ષક પ્રશિક્ષણની દિશા બદલવી જોઈએ. તેમાં નવપ્રવર્તનની પ્રક્રિયા થવી જોઈએ.
– બાળકોની જરૂરિયાતોમાં રહેલી વિવિધતાને અનુકૂળ આવે તેવા અભ્યાસક્રમની રચના કરવી જોઈએ. તેમાં અતિ પ્રમાણમાં શૈક્ષણિક વિષયવસ્તુની ભરમાર ન હોવી જોઈએ.
– બાળકો વચ્ચે રહેલ તફાવતોને હકારાત્મક રીતે આવકારવા જોઈએ.
– વાલીઓ અને સમુદાયને શિક્ષણ પ્રણાલી અને શાળા સાથે જોડવા જોઈએ.
– બાળકોની નબળાઇ કે નિષ્ફળતાના કારણો પહેલાંથી ઓળખી લેવા જોઈએ અને તે દૂર કરવા માટે ઉપચારાત્મક કાર્યો કરવા જોઈએ.

3. શિક્ષણમાં ICT ના ઉપયોગની સાથે સાથે શૈક્ષણિક સાધનો અને ઉપકરણો પ્રત્યે નવીન અને સંશોધનાત્મક અભિગમ રાખીને લવચિક અધ્યાપન પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.
4. શાળામાં બાળકને અનુકૂળ આવે તેવા અને અનુક્રિયાશીલ (Responsive) વાતાવરણનું સર્જન કરવું જોઈએ.
5. બધાની સમાવેશન પ્રત્યેની ભાવનાને પ્રોત્સાહન આપી શકે અને જે સંપૂર્ણ સક્રિય રીતે તે માટે કાર્ય કરી શકે તેવાં વ્યાવસાયિક વાતાવરણનું શાળામાં સર્જન કરવું જોઈએ.

## 15.6 નીતિ નિર્ધારકો માટેના પડકારો

સમાવેશક શિક્ષણની નીતિ વિષયક માર્ગદર્શિકાના બીજાં વિભાગમાં સમાવેશક શિક્ષણ માટેની નીતિઓના નિર્ધારકો અને દેશના અન્ય નીતિ નિર્ધારકોએ ધ્યાનમાં રાખવાની બાબતો જણાવવામાં આવી છે. હકીકતમાં, જુદાં જુદાં દેશામાં સમાવેશક શિક્ષણની સંકલ્પનાની સમજ અંગે જુદાં જુદાં મત પ્રવર્તે છે. તેથી સમાવેશક શિક્ષણ અંગે લોકો વચ્ચે એકમત પ્રવર્તે તે માટે યુનેસ્કોએ કેટલાંક પ્રયત્નો

કર્યા હતા. સમાવેશક શિક્ષણ અંગેની સમજના સંદર્ભમાં જોવા મળતા તફાવતોનો અભ્યાસ કરવા માટે યુનેસ્કોએ સભા અને કાર્યશાળાનું આયોજન કર્યું હતું. તેના આધારે જાણવા મળ્યું કે જુદાં જુદાં દેશો અને પ્રદેશો વચ્ચે સમાવેશક શિક્ષણની સંકલ્પનાના સંદર્ભમાં અનેક ગૂઢ અને અનેક પ્રગટ તફાવતો જોવા મળે છે. સમાવેશક શિક્ષણના અસરકારક અમલમાં આવા તફાવતો અવરોધ ઊભો ન કરે તે માટે પ્રસ્તુત માર્ગદર્શિકામાં કેટલાંક સૂચનો આપવામાં આવ્યા છે. આ સૂચનો નીતિ નિર્ધારણ દરમિયાન ઊભા થતાં પડકારોનો સામનો કરવામાં સહાયક સિદ્ધ થાય છે. આવાં પાંચ પડકારો અને તેનો સામનો કરવા માટેના સૂચનો પ્રસ્તુત માર્ગદર્શિકામાં આપવામાં આવ્યા છે. જે નીચે જણાવ્યા મુજબના છે.

**A. વલણમાં પરિવર્તન અને નીતિઓનો વિકાસ**

– ફરીથી સમાવેશક શિક્ષણની સંકલ્પના સ્પષ્ટ કરવાની જરૂર છે અને શિક્ષણવિદો, સરકારી અને બિનસરકારી સંસ્થાઓએ તથા સામાજિક કાર્યકર્તાઓએ તેનો સ્વીકાર કરવાની જરૂર છે.

– સમાવેશક શિક્ષણ અંગે સમાજમાં જાગૃતિ, સમજ અને સહકારનો અભાવ જોવા મળે છે. તે દૂર કરવા માટે સ્થાનિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય કક્ષાએ સંવાદ અને ચર્ચાનું આયોજન કરવું જોઈએ.

– આર્થિક અને સામાજિક વિકાસ માટે લાંબા ગાળાની ટકાઉ નીતિઓની રચના કરતી વખતે સમાવેશક શિક્ષણને ધ્યાનમાં રાખવું જોઈએ.

– શિક્ષણના અધિકારના અમલ અને તેની ખાત્રી આપવા માટે સંપૂર્ણ અને સહકારી અભિગમની જરૂર છે.

– નીતિઓના સંદર્ભમાં જાહેર સમજ, જાગૃતિ અને સહકારની ખાત્રી મેળવવા માટે સ્થાનિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સંવાદની જરૂર છે.

**B. પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ દ્વારા સમાવેશનની ખાત્રી**

– તમામ બાળકો માટે શરૂઆતથી શિક્ષણના અધિકારનો અમલ કરવા માટેનો સ્થિર રસ્તો છે પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણનો વિકાસ.

**C. સમાવેશક અભ્યાસક્રમ**

– પ્રારંભિક, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કક્ષાએ બાળકો અધવચ્ચેથી શાળા ન છોડે અને ટકી રહે તે માટે એક કક્ષાથી બીજી કક્ષાએ અભ્યાસક્રમનું સંક્રમણ સંયોજિત રીતે થવું જોઈએ.

– લવચિક અધ્યયન અને મૂલ્યાંકન પ્રક્રિયા માટે અભ્યાસક્રમમાં પરિવર્તનો કરવા જરૂરી છે.

– અભ્યાસક્રમમાં ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ માટેની તકોનો સમાવેશ કરવો જોઈએ.

– વિષયોનો ખૂબ શૈક્ષણિક ભાર ધરાવતો હોય તેવો અને અતિભારિત અભ્યાસક્રમ સમાવેશક શિક્ષણ માટે અવરોધક અને અનુત્પાદક છે. તેમા લવચિકતા અને હળવાશ હોવી જરૂરી છે.

– અભ્યાસક્રની રચના કરતી વખતે હિત ધરાવતાં તમામ લોકોને સહભાગી બનાવવા જોઈએ અને સહભાગી બનાવવા માટે તેમને પ્રોત્સાહન આપવું જોઈએ.

**D. શિક્ષક અને શિક્ષક પ્રશિક્ષણ**

– પૂર્વ સેવા કાલીન અને સેવા કાલીન બન્ને પ્રકારના શિક્ષણ પ્રશિક્ષણ કાર્યક્રમોને સમાવેશક શિક્ષણને અનુકૂળ બનાવવા જોઈએ. તે માટે તેમનું પુનઃ સંસ્કરણ થવું જોઈએ. જેથી વર્ગખંડમાં જોવા મળતી વિવિધતાને પહોંચી વળવા માટેની તથા સમાવેશક શિક્ષણના અભ્યાસક્રને અનુકૂળ થવાં માટેની, શિક્ષકોની શિક્ષણશાસ્ત્રીય ક્ષમતાનો વિકાસ કરી શકાય.

– સમાવેશક શિક્ષણના અસરકાર અમલ કરવાના હેતુથી, શિક્ષણ સાથે સંકળાયેલ તમામ

વ્યવસાયીઓ અને સમુદાયના સભ્યો સમાવેશક શિક્ષણને સહાયક બને તે માટે, તેમની તાલીમ આપવી જરૂરી છે.

– શિક્ષકોને તેમની ભૂમિકાનું વ્યાવસાયીકરણ કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ, તેમની જીવન શૈલીમાં સુધારો થવો જોઈએ અને એમનો સામાજિક મોભો વધારવો જોઈએ. જેથી તેઓ સમાવેશક શિક્ષણને યોગ્ય ન્યાય આપી શકે. તે માટે તેમનું વેતન વધારવું જોઈએ, તેમને રહેવા માટે સારા ક્વાટર્સ ફાળવવા જોઈએ, તેમને વતન જવા માટે રજાઓ આપવી જોઈએ તથા તેમના કામનું માન વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**E. સ્ત્રોતો અને કાયદા**

– સમાવેશક શિક્ષણ વ્યવસ્થાનો યોગ્ય રીતે વિકાસ થાય તે માટે રાષ્ટ્રીય કાયદા બદલવા જોઈએ અથવાં તેમના વિશે પુનર્વિચારણા થવી જોઈએ.

– દરેક દેશે, વિકલાંગ બાળકોનાં શિક્ષણનાં અધિકાર પરના આંતરરાષ્ટ્રીય કરારપત્ર પર સહી કરવી જોઈએ અને તેને બહાલી આપવી જોઈએ. ઉપરાંત, કરારપત્રમાં જણાવેલી કલમોને રાષ્ટ્રીય કાયદામાં સામેલ કરવી જોઈએ.

– સમાવેશક શિક્ષણ સાથે સંકળાયેલી નીતિઓ અને કાયદાઓના સારી રીતે અમલ થાય તે માટે પ્રોત્સાહન આપવું જોઈએ.

– સમાવેશક શિક્ષણ માટે અંદાજપત્રમાં પૂરતા પ્રમાણમાં અને ન્યાયસંગત તથા પારદર્શક રીતે નાણાંની ફાળવણી થવી જોઈએ.

## 15.7 અસરકારક નીતિના વિકાસ માટેની પૂર્વ શરત તરીકે વલણ પરિવર્તન

સમાવેશક શિક્ષણની અસરકારક નીતિઓના વિકાસ માટેની પૂર્વશરત તરીકે લોકોના વલણોમાં પરિવર્તન લાવવા માટેની વાત, સમાવેશક શિક્ષણ માટેની નીતિ વિષયક માર્ગદર્શિકાના બીજાં વિભાગમાં કરવામાં આવી છે. તેના સંદર્ભમાં માર્ગદર્શિકા નીચે જણાવેલ બાબતો સૂચવે છે.

– શિક્ષણમાં સમાવેશન માટે સૌથી પહેલા લોકોના વલણો અને મૂલ્યો બદલાવાં જોઈએ એટલે કે તેમાં પરિવર્તન આવવું જોઈએ. પરિવર્તનનું આ કાર્ય સમય માગી છે. કારણ કે આ કાર્ય કરવા માટે, સમાવેશન અંગેની લોકોની સમજ અને વ્યવહારોનો અભ્યાસ કરવો પડે છે.

– શિક્ષણમાં સમાવેશન પ્રત્યે લોકોની જાગૃતિ વધાવા માટે બે બાબતો અનિવાય છે. એક તો લોકોમાં સમાવેશક શિક્ષણ માટેની સ્પષ્ટ સમજ હોય અને બીજું સમાજ વધુ સહિષ્ણુ તથા સમજુ બને.

– સમાવેશનના વિકાસના સંદર્ભમાં આવશ્યક પગલાં લેવા માટે, યોગ્ય રાષ્ટ્રીય નીતિઓ, સ્થાનિક કક્ષાની સહાયક પ્રણાલી, યોગ્ય અભ્યાસક્રમ અને યોગ્ય મૂલ્યાંકન પ્રણાલીનું હોવું જરૂરી છે.

– ઘણી શૈક્ષણિક સંસ્થાઓ એટલે કે તેના વ્યવસ્થાપકો પોતાને જ એકમાત્ર શિક્ષણના નિષ્ણાત તરીકે જુએ છે. દરેક શાળામાં શિક્ષણનાં તમામ પાસાંઓને સમજી શકે તેની નિષ્ણાત વ્યક્તિઓ હોય જ એવું શક્ય નથી. તેથી શાળાઓએ જરૂર જણાય ત્યાં નિષ્ણાત વ્યક્તિઓની મદદ લેવી જોઈએ. ઘણા દેશોમાં જોવા મળ્યું છે કે વિશિષ્ટ શાળાઓ, ધીમે ધીમે અને ક્રમિક રીતે સામાન્ય શાળાઓ માટે સ્રોતકેન્દ્ર બની રહી છે. આવી શાળાઓ વાલીઓને અને સામાન્ય શાળાઓને, તેમના બાળકોને મદદરૂપ થવાંમાં સહાયક બને છે.

– શિક્ષકો, શિક્ષણવિદો, બિનશૈક્ષણિક સહાયક કર્મચારીઓ, વાલીઓ, સમુદાયો, શાળા સંચાલકો, શાળા પ્રાધિકારી, અભ્યાસક્રમ વિકાસકર્તાઓ, શૈક્ષણિક આયોજનકારો, ખાનગી ક્ષેત્ર અને પ્રશિક્ષણ સંસ્થાઓ વગેરે, એવાં કર્તાઓ અને કાર્યકર્તાઓ છે, જે સમાવેશન માટેના અમૂલ્ય સ્ત્રોતો તરીકે મહત્ત્વની સેવા આપી શકે છે.

– આ તમામ સ્ત્રોતોમાંથી શિક્ષકો, વાલીઓ અને સમુદાયો અમૂલ્ય સ્ત્રોત કરતાં કાંઇક વિશેષ દરજ્જો ધરાવે છે. જે સમાવેશનની પ્રક્રિયાનાં તમામ પાસાંઓને ચાવીરૂપ સહાય પૂરી પાડી શકે છે.

– આ બધું ત્યારે જ શક્ય બની શકે છે કે જ્યારે બાળકોમાં રહેલ વૈવિધ્યને સ્વીકારીને, શાળાની અંદર અને બહાર તેમને આવકારવામાં આવે તથા તેમના જીવનમાં સક્રિય ભૂમિકા ભજવવામાં આવે.

– અસરકારક નીતિના વિકાસ માટેની પૂર્વશરત તરીકે વલણ પરિવર્તન અંગે ચર્ચા કર્યા બાદ, માર્ગદર્શિકામાં એક ઓળખયાદી આપવામાં આવી છે. જેનો ઉપયોગ કરીને જાણી શકાય છે કે કોઇ સંસ્થા આ પૂર્વશરત પૂરી કરવામાં સફળ રહી છે કે નહીં અને જો સફળ રહી હોય તો કેટલાં પ્રમાણમાં ?

## 15.8 સમાવેશક અભ્યાસક્રમની રચના

પ્રસ્તુત માર્ગદર્શિકા અભ્યાસક્રમના સંદર્ભમાં સ્પષ્ટતા કરે છે કે સમાવેશક શિક્ષણ માટેનો અભ્યાસક્રમ ચાર પાયાઓ, જેવાં કે 'જાણવા માટે (To know), કરવા માટે (To do), બનવા માટે (To be) તથા સહજીવન માટે (To live together) અધ્યયન કરવું' પર આધારિત છે. તે બાળકોનાં જ્ઞાનાત્મક, સાંવેગિક, સામાજિક અને સર્જનાત્મક વિકાસને મહત્ત્વ આપે છે. સાંસ્કૃતિક, ધાર્મિક, લૈંગિક અને અન્ય તફાવતોને કારણે બાળકો વચ્ચે જોવાં મળતી ખાઇ પૂરવા માટેનું ખૂબ જ અગત્યનું સાધન અભ્યાસક્રમ છે. સમાવેશક શિક્ષણ માટેનો અભ્યાસક્રમ આ તફાવતો દૂર કરવાની સાથે સાથે આ તમામ બાબતોના સંદર્ભમાં પાઠ્યપુસ્તકોમાં જોવા મળતી નકારાત્મકતા દૂર કરવામાં અને શિક્ષકોની અપેક્ષા તથા વલણો બદલવામાં મદદરૂપ થાય છે.

શિક્ષણની ભાષાના સંદર્ભમાં પ્રસ્તુત માર્ગદર્શિકા જણાવે છે કે, બહુભાષાકીય માધ્યમનો ઉપયોગ કરીને શાળામાં શિક્ષણ આપવું જોઈએ. આવું કરવાથી, બાળકની સાંસ્કૃતિક ઓળખ ઊભી કરવામાં સરળતા રહે છે. બહુભાષાકીય અભિગમ સમાવેશનને સહાયક બને છે. ઉપરાંત માર્ગદર્શિકા જણાવે છે કે, પ્રારંભિક કક્ષાએ બાળકોને માતૃભાષામાં જ શિક્ષણ આપવા માટેની વ્યવસ્થા કરવી જોઈએ, જેથી તેમની અધ્યયન નિષ્પત્તિ વધુ સારી થઇ શકે.

માર્ગદર્શિકા વધુમાં કહે છે કે, પાયાના મુળભૂત અને સામાન્ય ધ્યેયોની સાથે અભ્યાસક્રમમાં લવચિકતા પણ હોવી જોઈએ. જેથી વિવિધ પ્રકારની જરૂરિયાત ધરાવતાં બાળકો, સામાન્ય ધ્યેયોની સાથે તેમની ક્ષમતાને આધારે વિશિષ્ટ ધ્યેયો હાંસલ કરી શકે. આ રીતે તેમની વચ્ચે રહેલાં તફાવતને સંતોષી શકાશે અને સમાવેશક શિક્ષણને વધુ અસરકારક બનાવી શકાશે.

શાળા કક્ષાએ એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ કે જેથી જુદી જુદી ક્ષમતા ધરાવતાં બાળકો, એક જ સમયે, એક જ રીતે, એક જ શિક્ષક દ્વારા, એક જ પદ્ધતિએ અધ્યયન કરવાને બદલે, એક જ વર્ગખંડમાં અમુક વખતે જુદી જુદી રીતે અધ્યયન કરી શકે. તમામ બાળકો અમુક સામાન્ય ધ્યેયનાં સંદર્ભમાં સમાન રીતે શિક્ષણ મેળવે અને સાથે સાથે તેમની ક્ષમતા મુજબ વિશિષ્ટ ધ્યેયો સિદ્ધ કરવા માટેનું વિશિષ્ટ શિક્ષણ પણ મેળવે. અભ્યાસક્રમની રચના કરતી વખતે આ બાબત, અને બાળકોમાં જોવા મળતી સાંસ્કૃતિ વિવિધતાને પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

ઉપરોક્ત સમગ્ર ચર્ચાને આધારે કહી શકાય કે તમામ પ્રકારના બાળકો માટે, એક જ પ્રકારના જડ અભ્યાસક્રમની રચના કરવાને બદલે બાળકોમાં રહેલા વૈવિધ્યને ધ્યાનમાં રાખીને તેમાં લવચિકતા રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ઉપરોક્ત સમગ્ર ચર્ચાને આધારે કહી શકાય કે તમામ પ્રકારના બાળકો માટે, એક જ પ્રકારના જડ અભ્યાસક્રમની રચના કરવાને બદલે બાળકોમાં રહેલા વૈવિધ્યને ધ્યાનમાં રાખીને તેમાં લવચિકતા રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## 15.9 શિક્ષકો અને અધ્યયન માટેનું વાતાવરણ

સમાવેશક શિક્ષણનાં સંદર્ભમાં શિક્ષક અને અધ્યાપન-અધ્યયન માટે ઉચિત વાતાવરણ અંગે ચર્ચા કરતાં માર્ગદર્શિકા નીચે જણાવેલ બાબતો સ્પષ્ટ કરે છે.

– શિક્ષકે અધ્યાપન દરમિયાન ખાત્રી કરવી જોઈએ કે તમામ બાળકો તેની રજૂઆતને સમજે છે કે નહીં.

– અધ્યાપન દરમિયાન શિક્ષકે બાળકોનાં પ્રતિભાવોને ધ્યાનમાં લેવાં જોઈએ.

– શિક્ષણ સાથે સંકળાયેલા અગ્રણીઓ અને શિક્ષકોને નિયત સમયાંતરે અધ્યાપન-અધ્યયનની પદ્ધતિઓ અને સમાવેશક શિક્ષણના વિકાસ અંગે ચર્ચા કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

– વર્ગખંડમાં ઉપયોગમાં લેવાતી અધ્યાપન-અધ્યયન પદ્ધતિઓ અને તેની અસરકારકતા અંગે એકબીજાંના અનુભવો વહેંચવા માટે તમામ શિક્ષકોએ ચર્ચા કરવી જોઈએ.

– શિક્ષકો નવા અભ્યાસક્રમોથી પરિચિત હોવા જોઈએ અને નવો અભ્યાસક્રમ સારી રીતે શીખવી શકે તથા બાળકોનાં દેખાવ પર હકારાત્મક અસર કરી શકે તે માટેની તાલીમ તેમને આપવી જોઈએ.

– બાળકોને ગોખણપટ્ટીથી દૂર લઇ જવા માટે શિક્ષકે તેમને વધુમાં વધુ પ્રત્યક્ષ અનુભવો પૂરા પાડવાં જોઈએ તથા સક્રિય અને સહકારી અધ્યયન પર ભાર મૂકવો જોઈએ.

– સમસ્યાગ્રસ્ત અને પડકારજનક અધ્યેતાઓ સાથે થયેલાં અનુભવોને આધારે શિક્ષકોનાં સમાવેશક શિક્ષણ પ્રત્યેનાં હકારાત્મક વલણો ઘડાતાં હોય છે. તેથી શિક્ષકે છોકરીઓ, મંદ ગતિના અધ્યેતા, વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકો અને વંશીય, જ્ઞાનાત્મક તથા સામાજિક આર્થિક પરિસ્થિતિનાં સંદર્ભમાં જુદાં પડતાં બાળકોના શિક્ષણ પર વધુ ધ્યાન આપવું જોઈએ. તેમના પ્રત્યેના વ્યવહારો અને વલણોમાં શિક્ષકોએ હકારાત્મક પરિવર્તન લાવવું જોઈએ.

– આચાર્ય, મુખ્યશિક્ષક, અધિક્ષક, શિક્ષક, વાલી અને બાળકોનાં કુટુંબીજનોના નકારાત્મક વલણો, સમાવેશક શિક્ષણ વ્યવસ્થા માટે અવરોધક સાબિત થાય છે. તેથી તેમનું સશક્તિકરણ કરવા માટેના પ્રયત્નો કરવા જોઈએ. આમ કરવાથી તેમનો આત્મવિશ્વાસ વધારી શકાય છે અને તેઓ સમાવેશક શિક્ષણ વ્યવસ્થામાં મદદરૂપ થઇ શકે છે. ઉપરાંત આવા પ્રયત્નોને પરિણામે શિક્ષકોના વલણો અને દેખાવ બદલાય છે.

– બાળકો, તેમનાં કુટુંબનાં સભ્યો અને વાલીઓને માર્ગદર્શન આપવા માટેની તથા તેમને સહાય પૂરી પાડવા માટેની તાલીમ શિક્ષક, શિક્ષણકારો અને બિનશૈક્ષણિક સહાયક કર્મીઓને આપવી જોઈએ. જેથી તેઓ આ તમામ લોકોને મદદરૂપ થઇ શકે. આમ કરવાથી સમાવેશક શિક્ષણની અસરકારકતા વધારવામાં સરળતા રહેશે.

– શિક્ષકોને લવચિકતા ધરાવતી અધ્યાપન-અધ્યયન પદ્ધતિઓની અસરકારક તાલીમ આપવા માટે, પૂર્વ સેવાકાલીન તાલીમને બદલે સેવાકાલીન તાલીમને વધુ મહત્ત્વ આપવું જોઈએ.

– દરેક વ્યક્તિએ તમામ પ્રકારનું જ્ઞાન એક સરખી રીતે વિકાસ કરી શકાતો નથી, દરેક વ્યક્તિ તમામ પ્રકારનું જ્ઞાન મેળવી શકતી નથી અને દરેક વ્યક્તિને જાતે પણ તમામ ક્ષમતાઓ વિકસાવી શકતી નથી. આ તમામ વાસ્તવિકતા છે. તેથી શાળાના કર્મચારીઓને તેમની વિવિધ ક્ષમતાઓનો વિકાસ કરવામાં મદદરૂપ થવાં માટે જુદી જુદી વિશિષ્ટતા ધરાવતાં એકથી વધુ નિષ્ણાતોના સહકાર અને મદદની જરૂર પડે છે. શિક્ષકો તથા અન્ય કર્મીઓને આવા નિષ્ણાતોની મદદ મળી રહે તે માટેના પ્રયત્નો શાળા કક્ષાએ થવાં જોઈએ. તેમાં પણ શિક્ષકોની વિશિષ્ટતાઓનો વિકાસ કરવા માટેના વિશેષ પ્રયત્નો  થવાં જોઈએ.

– શાળામાં અધ્યયન માટેના ઉચ્ચ કક્ષાનાં વાતાવરણનું નિર્માણ થવું જોઈએ. જેથી બાળકો તેમની તમામ વિદ્યમાન ક્ષમતાઓનો સ્વાભાવિક રીતે અને સરળતાથી વિકાસ કરી શકે.

– બાળકોની ક્ષમતાઓનો વિકાસ કરવા માટે અધ્યેતા કેન્દ્રી અધ્યાપન પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ તથા તમામ પ્રકારના બાળકોને અનુકૂળ આવે તેવી સુયોગ્ય અધ્યયન સામગ્રીનું નિર્માણ થવું જોઈએ.

– આજે સમાજ, ICT અને નવી તક્નિકોથી ખૂબ જ પ્રભાવિત છે. તેથી શક્ય હોય ત્યાં અને જરૂર જણાય ત્યારે અધ્યાપન-અધ્યયન પ્રક્રિયામાં ICT નો ઉપયોગ થવો જોઈએ. તે માટેની પૂરતી ભૌતિક સગવડો શાળામાં હોવી જોઈએ અને ICT ના ઉપયોગ માટે અનુકૂળ આવે તેવું વાતાવરણ શાળાએ વિકસાવવું જોઈએ. ICT નો યોગ્ય ઉપયોગ કરી શકે તે માટે શિક્ષકોને તાલીમ આપવી જોઈએ.

– શાળા અને તેના વાતાવરણને વધુ અસરકારક બનાવવા માટે, શાળામાં નીચે જણાવેલ પ્રવૃત્તિઓ થવી જોઈએ.

  - ધોરણ-1ના બાળકો માટે, ઘરથી શાળા સુધી આવવા જવા માટેની પૂરતી વ્યવસ્થા શાળા કક્ષાએ હોવી જોઈએ.
  - બાળક કેન્દ્રી શિક્ષક પ્રશિક્ષણની પ્રવૃત્તિઓ શાળા કક્ષાએ થવી જોઈએ.
  - શ્રેષ્ઠ શિક્ષકો દ્વારા પ્રારંભિક કક્ષાનું શિક્ષણ અપાવું જોઈએ. જેથી બાળકોનાં ભાવિ શિક્ષણને મજબૂત આધાર મળે.
  - બાળકોની નબળાઈઓ દૂર કરવા માટે તથા તેમની નિષ્ફળતાના જોખમને દૂર કરવા માટે ઉપચારાત્મક પ્રવૃત્તિઓ શાળા કક્ષાએ થવી જોઈએ.
  - વર્ગખંડ અધ્યાપન અને વ્યવસ્થાપનની ગુણવત્તા સુધારવી જોઈએ.
  - તે માટે બાળકોની સમજ શક્તિને અનુકૂળ આવે તેવી ભાષાનો વર્ગખંડમાં ઉપયોગ થવો જોઈએ.
  - બાળકોને તેમની માતૃભાષામાં પ્રારંભિક શિક્ષણ આપવું જોઈએ.
  - બાળકો પોતાને શોષણમાંથી બચાવી શકે અને સ્વસ્થ રહે તે માટેના જ્ઞાન અને કૌશલ્યના વિકાસ માટેની પ્રવૃત્તિઓ શાળામાં થવી જોઈએ.
  - તે માટે શાળામાં બાળકોને જીવન કૌશલ્ય વિકસાવવા માટેનું શિક્ષણ, આરોગ્ય શિક્ષણ અને શિસ્ત અંગેનું શિક્ષણ આપવાની વ્યવસ્થા થવી જોઈએ.
  - શાળા અને સમુદાયમાં સ્વચ્છતા માટેની પ્રવૃત્તિઓ અસરકારક રીતે થવી જોઈએ.

## 15.10 નીતિ ચક્રને ટેકો

આ મુદ્દાની ચર્ચા દરમિયાન માર્ગદર્શિકામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જો સરકાર સમસ્યાના સ્વરૂપ પ્રત્યે જાગૃત હશે તો જ સમાવેશક શિક્ષણ વ્યવસ્થા અને સમાવેશક સમાજની સ્થાપના થઈ શકશે. આ વાતને સ્પષ્ટ કરવા માટે માર્ગદર્શિકામાં નીચે જણાવેલ સૂચનો કરવામાં આવ્યા છે.

– શાળાએ નહીં જતાં બાળકો શોધી કાઢવા જોઈએ. તેમની સંખ્યા અને તેમના લક્ષણોનું વિસ્તૃત રીતે વિશ્લેષણ કરવું જોઈએ અને તેમને ગુણવત્તાવાળી શાળાઓ, અન્ય કોઇ શૈક્ષણિક સંસ્થા કે કોઇ તાલીમી કાર્યક્રમમાં સામેલ કરવા માટેની ખાત્રી આપવી જોઈએ. આ કાર્ય કરવા માટે પ્રદત્ત એકત્રીકરણ અને વિશ્લેષણ માટેની છેલ્લામાં છેલ્લી અને આધુનિક પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.

– સરકારે સમાવેશક શિક્ષણ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવા માટે આંતરરાષ્ટ્રીય કરારપત્ર અને અન્ય ભલામણોને સુસંગત કાયદાકીય માળખું રચવું જોઈએ. શિક્ષણ અંગે નીતિઓ ઘડતી વખતે અને કાયદા બનાવતી વખતે, સરકારે ખાત્રી કરી લેવી જોઈએ કે તેણે ‘શિક્ષણના અધિકાર’ સાથે સંકળાયેલ પ્રશ્ન તરીકે સમાવેશક શિક્ષણનું યોગ્ય રીતે અર્થઘટન કર્યું છે અને તેના અર્થ અંગે સ્પષ્ટ સમજ કેળવી છે.

– આયોજન અને અમલીકરણમાં સમાવેશક શિક્ષણને અગ્રતા આપવી જોઈએ, તેના માટે અંદાજપત્રમાં પ્રમાણસરની ફાળવણી કરવી જોઈએ અને સમાવેશક શિક્ષણનાં વિકાસ માટે, આંતરરાષ્ટ્રીય ભાગીદારો તથા ખાનગી ક્ષેત્રને સહાય માટે કરવામાં આવેલી વિનંતીમાં રાષ્ટ્રીય નીતિઓ પ્રગટ થવી જોઈએ.

– અધ્યેતા, શિક્ષણ પ્રણાલી અને વ્યાપક સામાજિક વિકાસનાં સંદર્ભમાં સમાવેશક શિક્ષણ નીતિઓની અસરનું મૂલ્યાંકન કરવા માટે યોગ્ય મૂલ્યાંકન પ્રણાલી વિકસાવવી જોઈએ. શિક્ષણ વ્યવસ્થાના અનુશ્રવણ માટે યોગ્ય પ્રણાલીનો ઉપયોગ કરવો જોઈએ. સમાવેશન તરફ સરળતાથી લઇ જાય તેવા મૂલ્યાંકન અભિગમનો ઉપયોગ કરવો જોઈએ.

છેલ્લે માર્ગદર્શિકામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સમાવેશક શિક્ષણના અમલ, વિકાસ તથા તેને અસરકારક બનાવવા માટે અનેક કાર્યો સૂચવી શકાય છે. પરંતુ અગત્યનું એ છે કે સરકાર તેની ક્ષમતા અને નાણાકીય શક્તિને ધ્યાનમાં રાખીને સમાવેશક શિક્ષણના વિકાસ માટેની પ્રવૃત્તિઓ ઓળખે અને તેનો અમલ કરે. દેશની વાસ્તવિક જરૂરિયાતો અને ભૌતિક વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને આવી પ્રવૃત્તિઓ ઓળખવી કે પસંદ કરવી જોઈએ. ઉપરાંત આવી પસંદગી કરતી વખતે સરકારે નજીકના ભાવિ આયોજનને પણ ધ્યાનમાં રાખવું જોઈએ. આ રીતે પસંદ કરવામાં આવેલી પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણના ક્ષેત્રમાં ઉલ્લેખનીય અને જબરદસ્ત પરિવર્તન લાવી શકાય છે. જો કે આવું કાર્ય કરવા માટે અનેક સહાયક સંસ્થાઓ, સમુદાય, હિત ધરાવતી વ્યક્તિઓ, સરકાર, ખાનગી ક્ષેત્ર અને આંતરરાષ્ટ્રીય મિત્ર દેશની મદદ લેવાની જરૂર પડે છે. અંતે માર્ગદર્શિકા જણાવે છે કે કોઇ પણ શિક્ષણ વ્યવસ્થાને સમાવેશક શિક્ષણ વ્યવસ્થામાં ફેરવવાનું કામ ખરેખર ખૂબ અસરકારક આયોજન અને અમલીકરણ માગી લે છે.

## 15.11 સારાંશ

આ એકમમાં યુનેસ્કો દ્વારા પ્રકાશિત સમાવેશન માટેની નીતિવિષયક માર્ગદર્શિકા અંગે પરિચય આપવામાં આવ્યો છે. સમાવેશક શિક્ષણનાં અમલના માર્ગમાં આવતા અવરોધો દૂર કરવા માટે માર્ગદર્શિકા કઇ રીતે ઉપયોગી થાય તેના વિશે ચર્ચા કરવામાં આવી છે. સમાવેશક શિક્ષણ માટેની નીતિઓ તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

## 15.12 તમારી પ્રગતિ ચકાસો

**1. સમાવેશક શિક્ષણ અંગેની નીતિ વિષયક માર્ગદર્શિકા મુજબ સમાવેશક શિક્ષણનો અર્થ જાણવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

2. નીતિ વિષયક માર્ગદર્શિકા મુજબ સમાવેશક શિક્ષણની ગુણવત્તા અંગેના સૂચનો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

3. નીતિ વિષયક માર્ગદર્શિકા મુજબ સમાવેશક શિક્ષણમાં ખર્ચ અસરકારકતા અંગેના સૂચનો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

4. નીતિ વિષયક માર્ગદર્શિકા મુજબ સમાવેશક શિક્ષણ પ્રણાલીના વિકાસ અંગેના સૂચનો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

5. નીતિ વિષયક માર્ગદર્શિકા મુજબ સમાવેશક શિક્ષણમાં નીતિ નિર્ધારકો માટેના પડકારો અંગેના સૂચનો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

6. નીતિ વિષયક માર્ગદર્શિકા મુજબ સમાવેશક શિક્ષણમાં અસરકારક નીતિના વિકાસ માટેની પૂર્વશરત તરીકે વલણ પરિવર્તન અંગેના સૂચનો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

.................................................................

.................................................................

.................................................................

7. નીતિ વિષયક માર્ગદર્શિકા મુજબ સમાવેશક અભ્યાસક્રમની રચના અંગેના સૂચનો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

8. નીતિ વિષયક માર્ગદર્શિકા મુજબ શિક્ષકો અને અધ્યયન માટેનાં વાતાવરણ અંગેના સૂચનો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

9. નીતિ વિષયક માર્ગદર્શિકા મુજબ સહાયક નીતિ ચક્ર અંગેના સૂચનો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

# એકમ 16 વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર

## : રૂપરેખા :

**16.0 પ્રસ્તાવના**

**16.1 ઉદ્દેશો**

**16.2 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'ની પૂર્વભૂમિકા**

**16.3 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'ની રચના**

**16.4 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'નો પ્રાથમિક પરિચય**

**16.5 કલમ-4 : સામાન્ય જવાબદારીઓ**

**16.6 કલમ-9 : ઉપલબ્ધતા / સુલભતા**

## 16.0 પ્રસ્તાવના

આપણે અગાઉ ચર્ચા કરી ગયા છીએ કે, સમાવેશક અને સંકલિત શિક્ષણ માટેના યોગ્ય, ઝડપી અને ફળદાયી પગલાં સમગ્ર વિશ્વમાં લેવામાં આવે તે માટે યુનેસ્કોએ તમામ દેશોને જાગૃત કરવાના પ્રયત્નો કર્યા છે. યુનેસ્કો એ પેરિસમાં વડું મથક ધરાવતી સંયુક્ત રાષ્ટ્ર (United Nations)ની એક સંસ્થા છે. તેણે સંકલિત અને સમાવેશક શિક્ષણ માટે કરેલા પ્રયત્નોના મૂળમાં સંયુક્ત રાષ્ટ્રના વિકલાંગો માટેના અધિકાર માટેનું અભિયાન છે. વિકલાંગોને વિવિધ અધિકારો અપાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘ ગંભીર પ્રયત્નો કરે છે. તે માટે સંયુક્ત રાષ્ટ્રે વિકલાંગોના અધિકાર માટે એક વૈશ્વિક સંમતિ પત્ર તૈયાર કર્યો હતો. જે 'વિકલાંગોના અધિકાર પર આંતરરાષ્ટ્રીય કરાર પત્ર' તરીકે ઓળખાય છે. જેમાં વિકલાંગોનાં અધિકારો વિશે માર્ગદર્શક સૂચનો આપવામાં આવ્યા છે અને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે તેના વિશે ટૂંકમાં ચર્ચા કરવાનો પ્રયત્ન કરીશું.

## 16.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસને અંતે તમે ....

- 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'ની પૂર્વભૂમિકા રજૂ કરી શકશો.
- 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'ની રચનાની પ્રક્રિયા સમજાવી શકશો.
- 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'નો પ્રાથમિક પરિચય આપી શકશો.
- 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'ની અગત્યની કલમોનું વર્ણન કરી શકશો.

## 16.2 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'ની પૂર્વભૂમિકા

1981 થી 1992નો સમયગાળો 'વિકલાંગ વ્યક્તિઓના દશકા (Decade of Disabled)' તરીકે જાહેર થયો હતો. આ જાહેરાત સંયુક્ત રાષ્ટ્રે (United Nations) કરી હતી. જે સમગ્ર વિશ્વે સ્વીકારી હતી. ત્યારબાદ 1987માં જાહેરાતના અમલના સંદર્ભમાં વિશ્વના નિષ્ણાતોની એક બેઠક મળી હતી. જેમાં આ દાયકામાં વિકલાંગોની પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી અને સંયુક્ત રાષ્ટ્રને ભલામણ કરવામાં આવી હતી કે વિકલાંગોની પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી અને સંયુક્ત રાષ્ટ્રને ભલામણ કરવામાં આવી હતી કે વિકલાંગો જોડે કરવામાં આવતાં ભેદભાવને જડમૂળથી દૂર કરવા માટે એક આંતરરાષ્ટ્રીય કરાર કરવો જોઈએ. આવો કરારપત્ર તૈયાર કરવા માટેના મુસદ્દાની એક રૂપરેખા ઇટાલીએ અને એક સ્વીડને તૈયાર કરી હતી. પરંતુ અનેક દેશોએ આ ભલામણ અને મુસદ્દાનો અસ્વીકાર કર્યો. મુસદ્દાનો અસ્વીકાર કરનારા દેશોના પ્રતિનિધિઓએ એવી દલીલ કરી કે માનવ

અધિકારો માટેનો તત્કાલીન દસ્તાવેજ વિકલાંગોને તેમના અધિકાર અપાવવા માટે સક્ષમ છે. ત્યારબાદ 1993માં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ મરજિયાત એવા 'વિકલાંગ વ્યક્તિઓને સમાન તક માટેના પ્રમાણિત નિયમો'નો સ્વીકાર કર્યો. પછી 2000માં આંતરરાષ્ટ્રીય કક્ષાની પાંચ બિનસરકારી સંસ્થાએએ એક જાહેર વિજ્ઞપ્તિ બહાર પાડી. તેમાં આ ભલામણનો સ્વીકાર કરવા માટે તથા વિકલાંગ વ્યક્તિઓના લાભાર્થે એક કરાર પત્ર તૈયાર કરવા માટેની અપીલ વિશ્વના તમામ દેશોને કરવામાં આવી હતી. પછી મેક્સિકોએ વિકલાંગોના અધિકારના સંદર્ભમાં એક પ્રસ્તાવ જાહેર કર્યો. જેને અનુસરીને 2001માં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ, વિકલાંગોના અધિકારોના રક્ષણ માટે અને તેમને પ્રોત્સાહન આપવા માટે યોગ્ય પગલાં લેવા અંગેની સંમતિ દર્શાવતો એક વ્યાપક અને સર્વગ્રાહી કરાર પત્ર તૈયાર કરવાનું સૂચવ્યું. આવું કરારપત્ર તૈયાર કરવા માટે સંયુક્ત રાષ્ટ્રે એક તદર્થ (Ad Hoc) સમિતિની રચના કરી. આ કરારપત્રની રચના કરવા માટે સાકલ્યવાદી (Holistic-સમગ્રતાવાદી) અભિગમ અપનાવવા માટેનું સૂચન પણ સંયુક્ત રાષ્ટ્રે કર્યું. તે સૂચના મુજબનો મુસદ્દો તૈયાર કરવાના કામમાં આંતરરાષ્ટ્રીય વિકલાંગતા ગઠબંધન (International Disability Alliance) સહિત વિકલાંગોના અધિકારોના રક્ષણ માટે વૈશ્વિક કક્ષાએ અનેક રાષ્ટ્રો વચ્ચે સંમતિ સધાઈ. આ રાષ્ટ્રોએ વિકલાંગોના અધિકારોના રક્ષણ માટે કરારપત્ર તૈયાર કર્યો. જેને આપણે 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરારપત્ર' તરીકે ઓળખીએ છીએ. વિશ્વના તમામ દેશોએ આ કરારપત્ર સ્વીકારવો એવી અપેક્ષા રાખીને તેની જાહેરાત કરવામાં આવી.

## 16.3 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'ની રચના

મેક્સિકોને કરારપત્ર તૈયાર કરવા માટેની જવાબદારી ઉપાડી હતી. મેક્સિકો જ્યારે આ કરારપત્રની રચના કરવા માટેના પ્રયત્નો કરી રહ્યું હતું તે દરમિયાન અનેક દેશોએ તેના વિરોધ કર્યો હતો. તેમ છતાં લેટિન અમેરિકન અને કેરેબીઅન ગ્રુપનાં સક્રિય સહકારને કારણે મેક્સિકોએ આ દિશામાં તેના પ્રયત્નો ચાલુ રાખ્યા. તો બીજી બાજુએ, પશ્ચિમ યુરોપીયન અને અન્ય દેશોએ આનો વિરોધ ચાલુ રાખ્યો. તેમના વિરોધ વચ્ચે ન્યૂઝિલેન્ડે કરારપત્ર તૈયાર કરવાના કાર્યમાં મહત્ત્વની ભૂમિકા ભજવી. તેણે જોર્ડન, કોસ્ટારિકા, ચેક રિપબ્લિક, દક્ષિણ આફ્રિકા, કોરીયા અને મેક્સિકો જેવાં તદર્થ સિમતિના સભ્ય દેશો સાથે મળીને ઓગસ્ટ 2006માં વિકલાંગોના અધિકારોના રક્ષણના સંદર્ભમાં એક સર્વસંમત કરારપત્ર તૈયાર કર્યો. 13 ડિસેમ્બર 2006ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં આ કરારપત્રનો 'વિકલાંગોના અધિકાર પર કરાર પત્ર'ના અંતિમ મુસદ્દા તરીકે સ્વીકાર થયો. 30 માર્ચ 2007ના રોજ તેના પર વિવિધ દેશોની સહીઓ લેવા માટે તેને ખુલ્લો મુકવામાં આવ્યો. કરારપત્રનો સ્વીકાર કરવા માટે તેની ઉપર સહી કરવી એવું નક્કી કરવામાં આવ્યું હતું. 20 પક્ષકાર દેશોએ તેની ઉપર સહી કરીને તેને બહાલી આપતાં જ 3 મે 2008ના રોજથી તેનો અમલ શરૂ થયો. ડિસેમ્બર 2016 સુધીમાં કુલ 160 પક્ષકાર દેશોએ તેની ઉપર હસ્તાક્ષર કર્યા છે અને 172 પક્ષકાર દેશોએ તેના અમલ કરી દીધો છે. વિકલાંગ વ્યક્તિઓના અધિકાર માટેની સમિતિ દ્વારા, કરારપત્રના અમલ અંગેનું અનુસરણ (Monitoring) થાય છે. એરેબિક, ચાઈનિઝ, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન અને સ્પેનિશ જેવી ભાષાઓમાં આ આંતરરાષ્ટ્રીય કરાર પત્ર તૈયાર કરવામાં આવ્યો છે.

## 16.4 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'નો પ્રાથમિક પરિચય

આ કરારપત્ર એક એકરારનામું છે. જેમાં અનેક રાષ્ટ્રોએ, વૈશ્વિક કક્ષાએ વિકલાંગ વ્યક્તિઓના અધિકારોનું રક્ષણ કરવા માટે કરેલ સમજૂતી દર્શાવવામાં આવી છે. આ દસ્તાવેજ એરેબિક, ચાઈનિઝ, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન અને સ્પેનિશ એમ કુલ છ ભાષામાં તૈયાર કરવામાં આવ્યો છે. જેમ કાયદામાં અને બંધારણમાં કલમો આપવામાં આવે છે તેમ આ દસ્તાવેજમાં કુલ 50 કલમો આપવામાં આવી છે. તેમાં સહી કરનાર અથવાં તેનો સ્વીકાર કરનાર તમામ પક્ષકાર દેશોએ તેમાં દર્શાવેલ કલમોનો ફરજીયાતપણે અમલ કરવાનો છે. કોઈપણ પક્ષકાર દેશ તેમાં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરે તો સંયુક્ત રાષ્ટ્ર તેની સામે કાયદેસર રીતે પગલાં લઈ શકે છે.

તેની વિવિધ કલમોમાં નીચે જણાવ્યા મુજબની માહિતી આપવામાં આવી છે.

**કલમ-1 : હેતુ (Article - 1 : Purpose)**

કલમ-1માં કરારપત્રનો મુખ્ય હેતુ જણાવવામાં આવેલ છે.

કરારના મુખ્ય હેતુના સંદર્ભમાં તેમાં જણાવવામાં આવ્યું છે કે, વિકલાંગતા ધરાવતી તમામ વ્યક્તિઓને, મૂળભૂત સ્વતંત્રતા સાથે તેમના તમામ માનવ અધિકારો ભોગવવા માટે પ્રોત્સાહિત કરવા, તેમના આ અધિકારોનું રક્ષણ કરવું અને તે મુજબની વ્યવસ્થાની ખાત્રી આપવી અને તેમના સહજ ગૌરવને પ્રોત્સાહન આપવું.

**કલમ-2 : વ્યાખ્યા (Article - 2 : Definition)**

કરાર પત્રમાં વપરાયેલ, કેટલાંક પારિભાષિક શબ્દોની, આ કલમમાં વ્યાખ્યા સ્વરૂપે સ્પષ્ટતા કરવામાં આવી છે. જે નીચે મુજબ છે.

**સંપ્રેષણ (Communication)**

સંપ્રેષણમાં નીચે જણાવેલ બાબતોનો સમાવેશ થાય છે :-

ભાષા, લખાણની રજૂઆત, બ્રેઇલ લિપિ, વ્યૂહાત્મક સંપ્રેષણ, મોટા અક્ષરોમાં મુદ્રણ, સુલભ બહુમાધ્યમ તેમન લેખિત કે શ્રાવ્ય માધ્યમ, માનવ-વાચક અથવાં સંપ્રેષણ પ્રક્રિયાને સ્પષ્ટ તથા સુલભ બનાવે તેવા કોઇ પણ અન્ય વૈકલ્પિક સાધનો, રીતો તથા માહિતી અને સંપ્રેષણ પ્રૌદ્યોગિકીની સુલભતા સહિત સંપ્રેષણ માટેનું કોઇ પણ માળખું.

**ભાષા (Language)**

ભાષામાં બોલચાલની કોઇ પણ ભાષા, સાંકેતિક ભાષા અને બોલચાલ સિવાયની ભાષાના કોઈપણ સ્વરૂપનો સમાવેશ થાય છે. (આ સ્વરૂપોમાં રંગ, ચિત્ર, આકૃતિ, ચિન્હો વગેરેનો સમાવેશ થાય છે.)

**વિકલાંગતાને આધારે ભેદભાવ (Discrimination on the Basis of Disability)**

વિકલાંગતાને કારણે કોઇ વ્યક્તિને રાજકીય, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, નાગરિક અથવાં અન્ય કોઇ પણ ક્ષેત્રમાં અન્ય લોકો સાથે સમાન રીતે તમામ માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતા ભોગવતા પૂર્ણ અથવાં આંશિક રીતે રોકે તેવા કોઈપણ પ્રકારના ભેદભાવ, નિષેધ અથવાં પ્રતિબંધને 'વિકલાંગતાને આધારે ભેદભાવ' કહે છે. જેમાં તેમના વાજબી સમાવેશનના અસ્વીકાર સહિત તમામ પ્રકારના ભેદભાવનો સમાવેશ થાય છે.

**વાજબી સમાવેશ (Reaonable Accomodation)**

વાજબી સમાવેશ એટલે વ્યક્તિ પર અપ્રમાણસરનો અથવાં અનુચિત બોજો ન આવે તે માટેના સુધારા અને અનુકૂલન. જ્યાં જરૂર જણાય ત્યાં વિકલાંગ વ્યક્તિને તેના તમામ માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતા સમાનતાના આધારે ભોગવવાની ખાત્રી આપવી.

**સાર્વત્રિક રૂપરેખા (Universal Design)**

સાર્વત્રિક રૂપરેખામાં તમામ લોકોને ઉપયોગી થાય તેવી વસ્તુઓ, પર્યાવરણ, કાર્યક્રમો અને સેવાઓનું આયોજન અને તેના અમલીકરણની રીતનો સમાવેશ થાય છે. આ માટેનું આયોજન અને અમલીકરણ એવું હોવું જોઈએ કે શક્ય હોય ત્યાં સુધી ઉપરોક્ત તમામ બાબતોનો ઉપયોગ કરવા માટે અનુકૂલન ન સાધવું પડે અથવાં કોઇ વિશિષ્ટ પગલાં ન લેવા પડે. જો કે જરૂર જણાય તો ચોક્કસ પ્રકારની વિકલાંગ વ્યક્તિઓ માટે વિશિષ્ટ સાધનોનું નિર્માણ કરી શકાય અને આવાં વિશિષ્ટ સાધનોનો ઉપયોગ કરવા માટે તેમણે અનુકૂલન સાધવું પડે.

**કલમ-3 : સામાન્ય સિદ્ધાંતો (Article - 3 : General Principles)**

પ્રસ્તુત કરારપત્રમાં નિહિત કેટલાંક સિદ્ધાંતો કલમ-3માં આપવામાં આવ્યા છે. જે નીચે જણાવ્યા મુજબના છે.

(a) વ્યક્તિની સ્વતંત્રતા, તેની સ્વાયત્તતા, તેની પોતાની પસંદ અંગેની સ્વતંત્રતા અને તેના સહજ ગૌરવને આદર આપવો.

(b) વિકલાંગો જોડે ભેદભાવ ન કરવો.

(c) સમાજમાં સંપૂર્ણ અને અસરકાર સહભાગિતા અને સમાવેશન.

(d) માનવતા અને માનવમાં રહેલી વિવિધતાને સ્વીકારીને તફાવતને માન આપવું અને વ્યક્તિઓનો સ્વીકાર કરવો.

(e) તેમને સમાન તક પૂરી પાડવી.

(f) સુલભતા

(g) પુરુષ અને સ્ત્રી વચ્ચે સમાનતા.

(h) અક્ષમતા ધરાવતાં બાળકોની ઓળખના રક્ષણ માટે તેમના અધિકારોને માન આપવું તથા આવાં બાળકોની વિકસતી શક્તિઓને માન આપવું.

**કલમ-4 થી 32 : (Article - 4 to 32)**

કલમ 4 થી 32 માં વિકલાંગ વ્યક્તિઓના અધિકારો અને સરકારની જવાબદારીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**કલમ-33 થી 39 : (Article - 33 to 39)**

કલમ 33 થી 39 માં કરારપત્રના અમલ પર દેખરેખ રાખવા માટેની જોગવાઈઓ અને દેખરેખ રાખનાર સમિતિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**કલમ-40 થી 50 : (Article - 40 to 50)**

કલમ 40 થી 50 માં કરારપત્રની બહાલી, તેમા થતા સુધારાઓ અને તેની સુલભતા અંગેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

હવે આપણે આ કરારપત્રની કેટલીક મહત્ત્વની કલમો અંગે ચર્ચા કરીશું.

### 16.5 કલમ-4 : સામાન્ય જવાબદારીઓ

પ્રસ્તુત કરારપત્રની કલન-4માં પક્ષકાર દેશની સરકારની જવાબદારીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

1. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમની મૂળભૂત સ્વતંત્રતા અને માનવ અધિકારો ભોગવી શકે તે માટેની ખાત્રી સરકારે આપવાની રહેશે. તે માટે સરકારે નીચે જણાવેલ કાર્યો અંગેની બાંહેધરી આપવાની રહેશે.

   (a) પ્રસ્તુત કરારપત્રમાં જણાવેલ અધિકારોના અમલ માટે જરૂરી હોય તેવા કાયદાકીય, વહીવટી અને અન્ય પગલાં યોગ્ય અને નિષ્પક્ષ રીતે લેવા.

   (b) વિકલાંગ વ્યક્તિઓ પ્રત્યે ભેદભાવ પેદા કરે તેવા કોઇ પણ પ્રવર્તમાન કાયદા, નિયમો, રિવાજો અને વ્યવહારોને સુધારવા અથવાં નિર્મૂળ કરવા માટે યોગ્ય સુધારાત્મક કાયદાકીય પગલાં લેવાં.

   (c) તમામ પ્રકારની નીતિઓનું ઘડતર અને કાર્યક્રમોનું આયોજન કરતી વખતે વિકલાંગ વ્યક્તિઓના માનવ અધિકારોના રક્ષણ અને પ્રવર્તનને ધ્યાનમાં રાખવા.

(d) પ્રસ્તુત કરારપત્રને અસંગત હોય તેવી કોઇ પણ પ્રવૃત્તિ અને વ્યવહારોથી દૂર રહીને જાહેર સત્તામંડળો અને સંસ્થાઓ આ કરારપત્રને સુસંગત પ્રવૃત્તિઓ કરશે તેની ખાત્રી આપવી.

(e) કોઈપણ વ્યક્તિ, સંગઠન કે ખાનગી સંસ્થાનો દ્વારા, વિકલાંગતાને આધારે કોઈપણ વ્યક્તિ સાથે થતાં કોઇ પણ પ્રકારના ભેદભાવને દૂર કરવા માટે તમામ આવશ્યક પગલાં યોગ્ય રીતે લેવા.

(f) પ્રસ્તુત કરારપત્રની કલમ-2 માં જણાવેલ એવી વસ્તુ, સેવા, સાધન કે સુવિધાનો વિકાસ કરવા માટે સંશોધનને પ્રોત્સાહન આપવું કે જેનો ઉપયોગ કરવા માટે ઓછામાં ઓછું અનુકૂલન સાધવું પડે, જે વિકલાંગ વ્યક્તિઓની જરૂરિયાતો પૂર્ણ કરવામાં ઉપયોગી હોય અને અને જે તેમને પોષાય તેવી લઘુત્તમ કિંમતે મળી રહે. સરકારે આવી વસ્તુઓ ઉપલબ્ધ કરાવવી અને તેના ઉપયોગ માટે તેમને પ્રોત્સાહન આપવું.

(g) વિકલાંગ વ્યક્તિઓને અવર-જવર માટેનાં ઉપયોગી સાધનો, સહાયક સાધનો, માહિતી અને સંપ્રેષણ તક્નિકી સહિત નવી તક્નિકોનો વિકાસમાં થાય, તે સરળતાથી ઉપલબ્ધ થાય અને તેમનો ઉપયોગ થાય તે માટેનું પ્રોત્સાહન આપવું. ઉપરાંત આ તમામ કાર્યો શક્ય અને સરળ બને તે માટેના સંશોધનને પ્રોત્સાહન આપવું. વિકલાંગોને પોષાય તેવી સસ્તી કિંમતે આવી તક્નિકો મળી રહે તે માટેની વ્યવસ્થા ગોઠવવાના કાર્યને અગ્રતા આપવી.

(h) વિકલાંગ વ્યક્તિઓને ઉપયોગી હોય તેવાં અવર-જવર માટેનાં સાધનો, સહાયક સાધનો અને તક્નિકો, નવી તક્નિકો સહિત અન્ય તમામ પ્રકારની સહાય, સહાયક સેવાઓ અને સુવિધાઓ અંગેની માહિતી તેમને પૂરી પાડવી અને આ તમામ વસ્તુઓ સુલભ બનાવવી.

(i) પ્રસ્તુત કરારપત્રમાં જણાવવામાં આવેલ અધિકારો ભોગવી શકે તે હેતુથી વિકલાંગ વ્યક્તિઓને સક્ષમ બનાવવા માટે તેમની સાથે કામ કરતાં વ્યાવસાયિકો અને કર્મચારીઓને તાલીમ આપવાના કામને પ્રોત્સાહન આપવું. જેથી તેઓ વધુ સારી રીતે વિકલાંગ વ્યક્તિઓને મદદ કરી શકે.

2. દરેક પક્ષકાર દેશે તેની પાસે ઉપલબ્ધ તમામ સ્ત્રોતોનો મહત્તમ ઉપયોગ કરીને વિકલાંગ વ્યક્તિઓના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોનું જતન કરવું. તેમને સંપૂર્ણ રીતે તમામ અધિકારો મળે તે માટે તબક્કાવાર રીતે આગળ વધવું. કરારપત્રમાં જણાવવામાં આવેલી તમામ જવાબદારીઓ આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ અને નિષ્પક્ષ રીતે પૂર્ણ કરવી.

3. પ્રસ્તુત કરારપત્રનો અમલ કરવાના હેતુથી કાયદા અને નીતિઓના નિર્ધારણ માટેની પ્રક્રિયામાં અને વિકલાંગ વ્યક્તિઓ સાથે સંકળાયેલ અન્ય નિર્ણયો લેવાની પ્રક્રિયામાં, દરેક પક્ષકાર દેશે, વિકલાંગ વ્યક્તિઓ સાથે સક્રિય રીતે જોડાયેલી વ્યક્તિઓનો સંપર્ક કરવો. તે માટે વિકલાંગ વ્યક્તિઓનાં સંગઠનોની મદદ લેવી.

4. કોઈપણ દેશના કાયદામાં પ્રવર્તમાન એવી જોગવાઇઓ અને પ્રવર્તમાન એવા આંતરરાષ્ટ્રીય કાયદાઓ, કે જે વિકલાંગ વ્યક્તિઓના અધિકારોનું રક્ષણ વધુ સારી રીતે કરે છે, તેની ઉપર પ્રસ્તુત કરારપત્ર અસર નહીં કરે. ઉપરાંત વિકલાંગ વ્યક્તિઓના અધિકારો અને તેમની મૂળભૂત સ્વતંત્રતાના રક્ષણ માટેનાં, કોઇ પણ દેશના, પ્રમાણમાં સારા હોય તેવા પ્રવર્તમાન કાયદાઓનો તેમાં ઓછું મહત્ત્વ આપવાનું કારણ આગળ મૂકીને કોઈપણ દેશ પોતાના આવાં પ્રવર્તમાન કાયદાઓ દૂર કરી શકશે નહીં.

5. કોઈપણ જાતની મર્યાદા કે અપેક્ષા વિના કોઈપણ સંઘીય દેશના તમામ ભાગોમાં આ કાયદાનો સંપૂર્ણ રીતે અમલ કરવાનો રહેશે.

### 16.6 કલમ-9 : ઉપલબ્ધતા / સુલભતા

પ્રસ્તુત કરારપત્રની કલમ-9માં સુલભતાના સંદર્ભમાં નીચે જણાવેલ બાબતો દર્શાવવામાં આવી છે.

1. વિકલાંગ વ્યક્તિ જીવનનાં તમામ ક્ષેત્રમાં સહભાગી થઇ શકે અને સ્વતંત્ર રીતે જીવી શકે તે માટે અન્ય લોકોની સાથે, સમાનતાને ધોરણે સરકારે તેમને નીચે જણાવેલ સુવિધાઓ પૂરી પાડવાની રહેશે.

   – અનુકૂળ ભૌતિક વાતાવરણ

   – માહિતી અને સંપ્રેષણનાં સાધનો

   – પરિવહનનાં સાધનો

   – માહિતી અને સંપ્રેષણની તક્નિકી અને પ્રણાલી અને

   – ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં સામાન્ય જનતાને ઉપલબ્ધ થતી તમામ સગવડો.

   ઉપરોક્ત સગવડોની સાથે, તેમના અધિકારોના રક્ષણ સામે અવરોધક બની શકે તેવાં તમામ પરિબળોને દૂર કરવા માટે તેમને નીચે જણાવેલ સગવડો પણ પૂરી પાડવી.

   (a) શાળાઓ, રહેણાંક, તબીબી સુવિધા, કામનું સ્થળ, માર્ગ, પરિવહન અને મકાનની અંદરની તથા બહારની અન્ય સુવિધાઓ.

   (b) વિજાણું સેવાઓ, આપાતકાલીન સેવાઓ, સંપ્રેષણ અને અન્ય સેવાઓ.

2. સરકારે નીચે જણાવેલ પગલાં પણ લેવા :-

   (a) લોકો માટે ઉપલબ્ધ હોય અથવાં લોકો માટે જેની જોગવાઇ કરાઇ હોય, તેવી સુવિધા અને સેવાઓની સુલભતા માટેના લઘુત્તમ ધોરણો અને નીતિઓનો વિકાસ કરવો. આવી નીતિઓ જાહેર કરવી તથા તેના અમલીકરણ પર દેખરેખ રાખવી.

   (b) જે ખાનગી સંસ્થાઓ જાહેર જનતા માટે સગવડો પૂરી પાડે છે તે, વિકલાંગ વ્યક્તિઓનું ધ્યાન રાખે છે કે નહીં તેની ખાત્રી કરવી.

   (c) આવી સગવડો ભોગવવામાં વિકલાંગ વ્યક્તિઓને મુશ્કેલી પડતી હોય તો તેમની સાથે જોડાયેલા લોકોને તાલીમ આપવી.

   (d) મકાનોમાં અથવાં જાહેર સ્થળોએ જાહેર જનતા માટે મૂકાતી લેખિત સૂચનાઓ, બ્રેઇલ લિપિમાં અથવાં સમજી શકાય તેવા અન્ય કોઇ સ્વરૂપે પણ મૂકવી.

   (e) જાહેર લોકો માટે ખુલ્લા મૂકવામાં આવેલાં મકાનો અને ફાળવવામાં આવેલી અન્ય સગવડો, વિકલાંગ વ્યક્તિઓને પણ સરળતાથી ઉપલબ્ધ થાય અને તેઓ સરળતાથી તેનો ઉપયોગ કે અર્થઘટન કરી શકે તે માટે, તેમને ગાઇડ, વાચકો અને સાંકેતિક ભાષાનું અર્થઘટન કરી શકે તેવા દુભાષિયા સહિત અન્ય સહાયકો પૂરા પાડવા.

   (f) વિકલાંગ વ્યક્તિઓ સરળતાથી માહિતી મેળવી શકે તે માટે તેમને યોગ્ય સ્વરૂપમાં સહાય પૂરી પાડવાનાં કાર્યને પ્રોત્સાહન આપવું.

   (g) ઈન્ટરનેટ સહિત માહિત અને સંપ્રેષણ સાથે સંકળાયેલી નવીન પ્રૌદ્યોગિકી તથા પ્રણાલીનો વિકલાંગ વ્યક્તિઓ ઉપયોગ કરી શકે તે માટેની પોષક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું.

   (h) માહિતી અને સંપ્રેષણ પ્રૌદ્યોગિકી અને પ્રણાલીનાં માળખાં, તેના વિકાસ અને તેની સાથે જોડાયેલાં ઉત્પાદનોને શરૂઆતથી જ પ્રોત્સાહન આપવું. જેથી તે ઓછામાં ઓછી કિંમતે લોકોને સુલભ થઇ શકે.

પ્રસ્તુત પ્રકરણમાં કરારપત્રની કેટલીક એવી અગત્યની કલમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેના વિશે વિકલાંગ વ્યક્તિઓ સહિત તમામ લોકો પાસે માહિતી હોવી જ જોઈએ. તે સિવાયની અન્ય કલમો અંગેની માહિતી મેળવવા માટે www.un.org/disabilities/documents/convention/convoptprot-e.pdf વેબસાઇટનો સંપર્ક કરવો.

## 16.7 સારાંશ

આ એકમમાં સંયુક્ત રાષ્ટ્ર અને યુનેસ્કોના પ્રયત્નોથી તૈયાર કરવામાં આવેલ 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર' અંગે ચર્ચા કરવામાં આવી છે. જેમાં તેની રચના પાછળની પૂર્વભૂમિકા, રચનાની પ્રક્રિયા તેમાં સમાવવામાં આવેલી અગત્યની કલમો વિશે રજૂઆત કરવામાં આવી છે.

## 16.8 તમારી પ્રગતિ ચકાસો

1. **'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'ની પૂર્વભૂમિકા ચર્ચો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

2. **'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'ની રચના કઇ રીતે થઈ ? સ્પષ્ટ કરો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

3. **'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'નો પ્રાથમિક પરિચય આપો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

4. **'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'ની કમલ-4 સમજાવો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

...............................................................

5. 'વિકલાંગ વ્યક્તિઓના અધિકાર પર કરાર પત્ર'ની કલમ-9 સમજાવો.

...............................................................

...............................................................

...............................................................

...............................................................

...............................................................

...............................................................

**સંદર્ભ ગ્રંથ**


- Alston, Philip & Robinson, Mary (2009). **Human Rights & Development: Towards Mutul Reinforcement.** Oxford: Oxford University Press.
- Baglieri, S., & Shapiro, A. (2012). **Disability Studies and the Inclusive Classroom.** New York, NY: Routledge.
- Davis, L. J. (2010). **Constructing normalcy. In L. J. Davis (Ed.), The Disability Studies Reader. (3rd ed.).** New York: Routledge.
- Friere, Paulo (1985) **An Invitation to Conscientization and Deschooling,** The Politics of Education. Massachusetts: Bergin & Garvery Publishers Inc.
- Ministry of Law and Justice, (2009). **The Right of Children to Free and Compulsory Education Act, 2009, No. 35 of 2009,** New Delhi: Government of India.
- Mondal, A. & Mete, J. (2012). **Inclusive Education: Paradigm Shift in Education for Children with Special Needs in India. In Kumar. T. Pradeep (Eds.), Innovative Trends in Education.** New Delhi : APH Publishing Corporation.
- Porter, L., & Smith, D. (Eds.) (2011). **Exploring inclusive educational practices through professional inquiry.** Boston, MA: Sense Publishers.
- Putnam, J. W. (1993). **Cooperative Learning and Strategies for Inclusion: Celebrating Diversity in the Classroom.** Baltimore, MD: Paul H. Brookes.
- Shukla, Satishprakash, (2011) **સમાવેશક શિક્ષણ** Ahmedabad: Kshiti Publications.
- Stainback, S. & Stainback, W. (1996). **Inclusion: Guide for Educators.** Baltimore, MD: Paul H. Brookes.
- UNESCO (2014). **Teaching and Learning: Achieving quality for all. EFA Global Monitoring Report 2013-2014.** Paris, UNESCO.
- UNESCO (1994). **The Salamanca Statement and Framework for Action – 1994,** Geneva: UNESCO Special Education, Division of Basic Education